
# સૌમ્ય પ્રતિભા



ડૉ. સોમભાઈ સી. પટેલનું

## વ્યક્તિત્વ દર્શન

સંપાદક
અંજના પી. બારોટ

## સંપાદક



અંજના પી. બારોટ

# સૌમ્ય પ્રતિભા

ડૉ. સોમભાઈ સી. પટેલનું

## વ્યક્તિત્વ દર્શન

**સંપાદક**

**અંજના પી. બારોટ**

'રામનિવાસ', પ્લૉટ નં. ૪૫૦/૨, સૅક્ટર-૧૨-બી, ગાંધીનગર.

મો. ૮૧૪૦૬૩૬૮૪૪

**પ્રકાશક**

**પ્રા. હરિત સોમભાઈ પટેલ**


પ્લૉટ નં. ૩૭૪/૧, સૅક્ટર-૧૨-સી, ગાંધીનગર.

મો. ૯૪૨૭૭૦૩૯૭૩ (રહે.) ૦૭૯-૨૩૨૪૪૧૨૦

| | |
|---|---|
| Book | Saumya Pratibha :<br>Dr. Sombhai C. Patel Nu Vyaktitva Darshan |
| સંપાદક | અંજના પી. બારોટ<br>‘રામનિવાસ’, પ્લૉટ નં. ૪૫૦/૨,<br>સૅક્ટર-૧૨-બી, ગાંધીનગર.<br>મો. ૮૧૪૦૬૩૬૮૪૪ |
| કૉપીરાઈટ | પુસ્તકના ઉપયોગ માટે સંપાદકની સંમતિ જરૂરી નથી. |
| પ્રકાશક | હરિત સોમભાઈ સી. પટેલ<br>પ્લૉટ નં. ૩૭૪/૧, સૅક્ટર-૧૨-સી, ગાંધીનગર<br>(રહે.) ૦૭૯-૨૩૨૪૪૧૨૦, (મો.) ૯૪૨૭૭૦૩૯૭૩ |
| આવૃત્તિ | પહેલી ● એપ્રિલ, ૨૦૧૩ |
| પ્રત | ૫૦૦ |
| કિંમત | ૨૫૦ રૂપિયા |
| મુદ્રક | શ્રી ભગવતી પ્રિન્ટીંગ પ્રેસ<br>૧૦, શૉપીંગ સૅન્ટર, ઈન્કવાયરી (સુવિધા કચેરીની) સામે,<br>સૅક્ટર-૨૩, ગાંધીનગર.<br>ટે.નં. ૨૩૨૨૦૮૧૫, મો. ૯૮૨૫૫૫૬૯૯૮ |

## અર્પણ

જગતના સહુ શ્રેષ્ઠ ગુરુજનોને
ભાવપૂર્વક



## આભારદર્શન

આ પુસ્તકની રચનામાં સહયોગ આપનાર
સહુ કોઈનો



## જીવનભર જેની આરાધના કરી તે.....



..... વિદ્યાની દેવી સરસ્વતી


# પાંચ સોપાન પ્રગતિનાં

## પહેલું સોપાન : શિક્ષક કારકિર્દીનો શુભારંભ : ઈ.સ. ૧૯૬૧
## શ્રી બી. એન. હાઈસ્કૂલ, વડનગર




## બીજું સોપાન : શિક્ષક : ઈ.સ. ૧૯૬૩
## ના. મ. નૂતન સર્વ વિદ્યાલય, વિસનગર






ત્રીજું સોપાન : પ્રોફેસર : ઈ.સ. ૧૯૬૪ થી ૧૯૯૧
શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજ, પાટણ

## ચોથું સોપાન : પ્રિન્સિપાલ : ઈ.સ. ૧૯૯૧ થી ૧૯૯૮
## ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર



પાંચમું સોપાન : કૅમ્પસ ડાયરેક્ટર : ઈ.સ. ૧૯૮૮ થી .....
સર્વ વિદ્યાલય (કડી) કૅમ્પસ, સૅક્ટર-૨૩, ગાંધીનગર



## અનુક્રમણિકા


| ક્રમ | લેખનું શીર્ષક | લેખકનું નામ | પાન નં. |
|---|---|---|---|
| ● | નિર્માણ કથા | સંપાદક | xi |
| ૧. | ગુરુજી દ્વારા ઘડતર | અંજના બારોટ | ૧ |
| ૨. | ઋણાનુબંધ | ઈશ્વરભાઈ ભાવસાર | ૨૭ |
| ૩. | ગુરુ-શિષ્યનો સંબંધ | મુકુંદભાઈ ઉપાધ્યાય | ૩૧ |
| ૪. | ચુંબકીય વ્યક્તિત્વ | અસગરઅલી વૉરા | ૩૩ |
| ૫. | દ્રષ્ટિવાન શિક્ષક | રાસવિહારી મણિયાર | ૩૫ |
| ૬. | નૉખી માટીની મૂર્તિ | ડૉ. મણિભાઈ પટેલ | ૩૮ |
| ૭. | શ્રેષ્ઠ સોમભાઈ | બિપિનભાઈ બારોટ | ૪૧ |
| ૮. | સોમભાઈ પટેલ :<br>જેવા મેં જોયા જાણ્યા | રવીન્દ્ર કા. પટેલ | ૪૪ |
| ૯. | મારા વ્યક્તિત્વના ઘડવૈયા | ભરતભાઈ જી. જાની | ૪૮ |
| ૧૦. | પ્રાચીનકાળના આચાર્ય | હરદેવભાઈ ઍચ. જોશી | ૫૦ |
| ૧૧. | ....અને મને બોલતો કર્યો | ડૉ. વિમલેશ બી. ખમાર | ૫૨ |
| ૧૨. | મને આબાદ ઉગારી લીધો | ડૉ. પ્રદીપકુમાર ઍસ.જોશી | ૫૬ |
| ૧૩. | લિ. સોમભાઈના આશીર્વાદ | ડૉ. મહેન્દ્ર. કે. નાયી | ૬૦ |
| ૧૪. | ડૉ. સોમભાઈ પટેલ : સહૃદય,<br>સાદગી અને જ્ઞાનનો ત્રિવેણી સંગમ | ડૉ. ભરતભાઈ સોલંકી | ૬૭ |
| ૧૫. | ગુરુમૂર્તિ | ભાવનાબા એ. વાઘેલા | ૬૯ |
| ૧૬. | ગુરુણાં ગુરુ | સોનલ અજય પુરોહિત | ૭૨ |
| ૧૭. | એક અનોખું વ્યક્તિત્વ | ડૉ. ગીતાબા ચાવડા | ૭૫ |
| ૧૮. | કારકિર્દીના દરેક પગથિયે મદદ | પરેશા પી. પટેલ | ૭૯ |
| ૧૯. | શ્રી સોમભાઈ પટેલ સર : મારા ગુરુ | ઈશા વિક્રમ પાઠક | ૮૧ |

| ક્રમ | લેખનું શીર્ષક | લેખકનું નામ | પાન નં. |
|---|---|---|---|
| ૨૦. | આત્મસૂઝ અને સાહજિક જીવન | પ્રો. કે. કે. સોની | ૮૫ |
| ૨૧. | સોમઃ મમ મિત્ર | પ્રો. રમણભાઈ બી. પટેલ | ૮૮ |
| ૨૨. | શ્રી સોમભાઈ પટેલ સાહેબ : એક સરળ વ્યક્તિત્વ | કૌશલ્યાબૅન ઍચ. પરીખ | ૯૧ |
| ૨૩. | ડૉ. સોમભાઈ પટેલ : સદ્‌ગુણ સંહિતા | ડૉ. વીણાબૅન પટેલ | ૯૪ |
| ૨૪. | સુકર્મ એ જ ધર્મ | ડૉ. વર્ષા પારેખ | ૯૭ |
| ૨૫. | સાન્નિધ્યનાં સંભારણાં અને વ્યક્તિત્વ દર્શન | ડૉ. યોગિની હિમાંશુ વ્યાસ | ૧૦૦ |
| ૨૬. | ગાંધી જીવનમૂલ્યો મુજબ જીવનારા | ડૉ. સુનિતા લીલાણી | ૧૦૫ |
| ૨૭. | સર્વ વિધાલયનો ધ્રુવ તારો : ડૉ. સોમભાઈ પટેલ | પ્રા. નરેન્દ્ર નાયી | ૧૦૮ |
| ૨૮. | શીતળ છાંયડી ધરાવતું વટવૃક્ષ | ભરતકુમાર બી. ચૌધરી | ૧૦૯ |
| ૨૯. | સાદગી અને સંયમનું સૌમ્ય મિશ્રણ | પ્રયતકર કે. કાનડિયા | ૧૧૨ |
| ૩૦. | પૂરા વિદ્યાવ્યાસંગી અને સ્વાશ્રયી | પ્રા. જયંત મોદી | ૧૧૩ |
| ૩૧. | ડૉ. સોમ (ચંદ્ર) ની એક ચિરસ્મરણીય યાદ | ડૉ. આર. જે. વ્યાસ | ૧૧૫ |
| ૩૨. | આ રહ્યા અમારા સોમભાઈ સાહેબ ! | ડૉ. રાજેન્દ્રસિંહ ડી. વાઘેલા | ૧૧૯ |
| ૩૩. | સોમ ! સૌમ્યોઽસ્તિ સર્વદા । | લાલભાઈ ઉપાધ્યાય | ૧૨૩ |
| | પત્રો | | ૧૨૪ |
| | ફોટા | | ૧૫૮ |
| | કારકિર્દી પરિચય | ટાઈટલ પેજ | ૩ |

# 'નિર્માણ કથા'

## સંપાદકનું નિવેદન

ઈ.સ. ૧૯૯૭ના વર્ષમાં મારાં લગ્ન થયાં અને બીજા વર્ષે મારા સાસરે ગાંધીનગરમાં હું આવી.

એસ.વાય.બી.એ. સુધીનો કૉલેજનો અભ્યાસ મેં ઊંઝાની બ્રહ્મભટ્ટ આર્ટ્સ કૉલેજમાં કર્યો. પણ લગ્નના કારણે અભ્યાસમાં વિઘ્ન આવ્યું. હું ઊંઝાની કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. રાજેન્દ્ર દવે સાહેબને મળી અને કહ્યું : 'સર, મારાં લગ્ન થઈ ગયાં છે. મારે હવે ગાંધીનગર જવાનું છે. મારે અભ્યાસ પૂરો કરવો છે. ગાંધીનગરમાં કોઈ સારી કૉલેજ હોય તો બતાવો.' તેઓ તરત જ ઉત્સાહમાં આવીને બોલ્યા : 'હા, છે. તું સોમભાઈની કૉલેજમાં દાખલ થજે.'

પછી અમે ગાંધીનગરમાં 'સોમભાઈની કૉલેજ' ની તપાસમાં નીકળ્યાં. ત્યાં પહોંચીને ખબર પડી કે કૉલેજનું નામ તો 'ઉમા મહિલા કૉલેજ' છે. પણ તેના પ્રિન્સિપાલ ડૉ. સોમભાઈ સી. પટેલ છે. તેઓ તેમના અનોખા વ્યક્તિત્વથી કૉલેજના સમગ્ર વાતાવરણમાં એવા વ્યાપી ગયેલા હતા અને દૂર દૂર સુધી તેની ખ્યાતિ પહોંચી ગઈ હતી કે તે 'સોમભાઈની કૉલેજ' તરીકે જાણીતી બની ગઈ હતી.

પ્રવેશ વખતે પ્રિન્સિપાલ સાહેબ સાથેનો મારો પ્રથમ પરિચય આનંદમય રહ્યો. હું અજાણી છતાં આ કૉલેજમાં મને આત્મીયતા લાગી.

ટી.વાય.બી.એ.નું વર્ષ જોતજોતામાં પૂરું થવા આવ્યું હતું અને મારા આદરણીય ગુરુજી ડૉ. સોમભાઈ સાહેબનો નિવૃત્તિ સમય પણ અહીં જ આવી ગયો. મને ઘણો જ અફસોસ થયો કે આ કૉલેજમાં મને એક જ વર્ષ ભણવા મળ્યું. આ અનુભવ એમ કહેતો હતો કે વધારે વર્ષ ભણવા મળ્યું હોત તો કેવું સારું ! વસવસો અને વાસના રહી ગઈ !

શ્રી સોમભાઈ સાહેબ નિવૃત્તિ પછી આ સંસ્થામાં કેમ્પસ ડાયરેકટર તરીકેની જવાબદારીઓ સંભાળતા હતા. મારી દિકરી કોશાંગીને મેં આ સંસ્થાના કન્યા બાલમંદિરમાં દાખલ કરી હતી. તેથી વર્ષમાં એક-બે વખત કોઈને કોઈ કાર્યક્રમ નિમિત્તે સોમભાઈ સાહેબને અચાનક મળવાનું થઈ જતું. તેમને જોઈને મને ખૂબ જ આનંદ થતો. અને મને મળીને તેમનો ચહેરો પણ પ્રસન્નતાથી છલકાતો. મારો પરિચય ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે દર વખતે તેઓશ્રી અચૂક આજુબાજુના માણસોને તેમ જ સંસ્થાના આચાર્યોને કરાવતા. તે આખો દિવસ મારો આનંદના સંસ્મરણોમાં પસાર થતો.

થોડાંક વર્ષો પછી અચાનક તેમનો ફોન મારા ઘેર આવ્યો. તેઓ બોલ્યા, ‘અંજના. આપણા કેમ્પસના આઈ.એ.ઍસ. સૅન્ટરમાં ગ્રંથપાલની એક જગ્યા ભરવાની છે. પગાર તો ઓછો છે. પણ ‘સર્વ વિદ્યાલય’ નામ અને કામ મોટું છે. તથા આઈ.એ.ઍસ. એ ટ્રેનિંગની ઉચ્ચ સંસ્થા છે. વિચાર કરી મને જણાવજે.’ મને થયું આવડી મોટી સંસ્થામાં હું કઈ રીતે કામ કરી શકીશ ! મને આવડશે ? પણ સાથે મારા ગુરુજીની સાથે કામ કરવાની તક મળશે એ વિચારે મેં તરત હા પાડી.

બીજા દિવસે તેમણે મને બોલાવી. આઈ.એ.ઍસ. સૅન્ટરના કયા કયા કામો મારે કરવાના અને દરેક કામ કઈ રીતે કરવાનું તે વિગતવાર સમજાવવા લાગ્યા. અને ઝીણી ઝીણી બાબતો પણ કહેવા લાગ્યા. આમ ચાર-પાંચ દિવસ ચાલ્યું. તેમણે મારી પાસે કામની શરૂઆત કરાવી. તેમની પદ્ધતિ ટ્રેનિંગની હતી. જે કામ માટે જેવા માણસો જોઈએ તેમને કેળવવા. તેમણે આ રીતે મને કેળવી. અને મારો ડર નીકળી ગયો. આત્મવિશ્વાસ આવ્યો અને કામમાં રસ પડતો ગયો. આટલી તાલીમ બાદ મારી નિમણૂક કરવામાં આવી.

મારા શરૂઆતના દિવસો સાથે આજના દિવસો સરખાવું છું ત્યારે મને થાય છે કે હું કેટલું બધું શીખી ! આજે મારો આત્મવિશ્વાસ ઘણો જ વધ્યો છે. કામમાં સારી ફાવટ આવી ગઈ છે. કામનો આનંદ આવે છે. મને અનેક નવા વિચારો આવે છે. મને નવી કાર્યપદ્ધતિ અહીં શીખવા મળી તેનો યશ હું મારા ગુરુજીને આપું છું. તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના કેટલાક પત્રો તેઓ મને બતાવતા તેના પરથી તેમના આવા વિદ્યાર્થી પ્રિય વ્યક્તિત્વનો મને ખ્યાલ આવતો ગયો. તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો તેમના પ્રત્યેનો ભાવ અવાર-નવાર મને જાણવા મળતો. તેમણે અનેક વિદ્યાર્થીઓને અનેક પ્રસંગે, અનેક રીતે મદદ કરેલી તે બધી વાતો જાણવા મળતી હતી. તેમાંથી તેમના શિક્ષક વ્યક્તિત્વ વિશે પુસ્તક લખવાનો વિચાર મારા મનમાં આવ્યો.

'વ્યક્તિત્વદર્શન' પુસ્તક તૈયાર કરતાં પહેલાં મેં સોમભાઈ સાહેબ પાસે પુસ્તક તૈયાર કરવાની રજા માગી. મેં તેમને કહ્યું કે સાહેબ, તમારા વ્યક્તિત્વ વિશે મારે એક પુસ્તક તૈયાર કરવું છે. ત્યારે તેઓ બોલ્યા કે પુસ્તક તારે તૈયાર કરવું હોય તો કરજે પણ આ પુસ્તકમાં મારા વિશે અતિશયોક્તિ થવી ન જોઈએ. તેં જે મારું વ્યક્તિત્વ જોયું છે તે વિશે જ લખવાનું. પરંતુ કયાંય અતિશયોક્તિ ભર્યા શબ્દો ન હોવા જોઈએ.

તેમની સંમતિ મળ્યા પછી, તેમના નિકટ પરિચયમાં આવી ગયેલા તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં નામ-સરનામાં તેમની જ પાસેથી મેળવીને, તેમને પત્રો લખીને, તો કેટલાક નજીકનાને રૂબરૂ મળીને, ગરુજીના વ્યક્તિત્વ વિશે લખાણો મેળવ્યાં. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપરાંત ગુરુજી પ્રત્યે આદરભાવ, પૂજ્યભાવ ધરાવતા કેટલાક અન્ય પરિચિતોનાં લખાણો પણ મેળવી આ ગ્રંથમાં મૂક્યાં છે. ભૂતપૂર્વ વિદ્યાર્થી ન હોય તેવી કેટલીક વ્યક્તિઓને પણ મેં ગુરુજી પ્રત્યે શિષ્યભાવ બતાવતી જોઈ છે, તે પરથી જણાય છે કે તેઓનું વ્યક્તિત્વ સાચે જ 'ગુરુ' વ્યક્તિત્વ છે.

ગુરુજીના પત્રસંગ્રહમાં હજારોની સંખ્યામાં પત્રો છે. ૧૯૫૭ની સાલથી આજ દિન સુધી (ઈ.સ. ૨૦૧૩) આ પત્રો સંગ્રહાયા છે. તેમાંથી કેટલાક પત્રોની ફોટો પ્રિન્ટ આ ગ્રંથમાં મૂકી છે. તદુપરાંત તેઓશ્રીના વ્યક્તિત્વને તાદૃશ કરે તેવા કેટલાક પ્રસંગોચિત ફોટા પણ અહીં મૂક્યા છે.

ગુરુજીનું સમગ્ર જીવન આ ગ્રંથમાં લીધું નથી, માત્ર 'વ્યક્તિત્વ દર્શન' અને તે પણ ખાસ કરીને તેમના વિદ્યાર્થીઓની અને પરિચિતોની નજરે, આ ગ્રંથમાં છે. જીવનનાં અન્ય પાસાંઓ માટે તેમનું પુસ્તક 'શિક્ષણસુધા' તથા 'બાળપણના અનુભવો' (હસ્તલિખિત) તથા 'રહસ્યતર્ક' (આધ્યાત્મિક રહસ્યોના તર્કસંગત ખુલાસા : હસ્તલિખિત) તથા 'ક્યાં છે નાગરીક ? ' (હસ્તલિખિત) ઈત્યાદિ વાચન સામગ્રી વાંચવી રહી.

ઉપર લખ્યું તે મુજબ આ નાનકડું પુસ્તક તૈયાર કરીને હું ઋણભાવ અનુભવી, સાત્વિક આનંદ પામી છું.

આવો જ આનંદ વાચકો પણ અનુભવશે એવી આશા સાથે આ ગ્રંથનો મંગલ પ્રારંભ કરું છું.

**અંજના પી. બારોટ**
પ્લૉટ નં. ૪૫૦/૨, 'રામનિવાસ'
સૅકટર-૧૨/બી, ગાંધીનગર
(મો) ૮૧૪૦૬૩૬૮૪૪

# ૧ ગુરુજી દ્વારા ઘડતર



**અંજના બારોટ**
ભૂતપૂર્વ વિદ્યાર્થિની
પૂર્વ ઓ.ઍસ. કમ લાઈબ્રેરિયન કમ ફેકલ્ટી,
મમતા આઈ.એ.ઍસ. ટ્રેઈનિંગ સૅન્ટર, ગાંધીનગર
ગ્રંથપાલ,
સી. ઍમ. પટેલ નર્સિંગ કૉલેજ, ગાંધીનગર

## ઑફિસના કામકાજનો આનંદ

હું મારી સ્કૂટી ઉપર ઘેરથી ઑફિસે જવા નીકળું છું. સમય સવારનો હોય છે. ઑફિસ એટલે મમતા આઈ.એ.ઍસ. ટ્રેઈનિંગ સૅન્ટરની ઑફિસ. ઘેરથી નીકળું એટલે મન પ્રસન્નતા અનુભવવા માંડે. કૅમ્પસમાં પ્રવેશું એટલે મન આનંદથી ઉભરાઈ જાય અને ઑફિસમાં પ્રવેશ કરું કે ગુરુજીને જોઈ મન સાત્વિક આનંદના ભાવોથી છલકાવા માંડે અને પછી કામની શરૂઆત કરું.

બહુ ઓછા લોકોને ઑફિસ કામનો આનંદ માણતા મેં જોયા છે. મોટે ભાગે તો ઑફિસના કામને નીરસ અને કંટાળાજનક ગણતા લોકો મેં બહુ જોયા છે. મારી બાબતમાં આવા સુખદ અનુભવોનું કારણ મારા ગુરુજી જ છે.

તેમની કામ કરવાની અને તેમની સાથે કામ કરનારા લોકો સાથે વ્યવહાર વર્તન દાખવવાની તેમની રીત કંઈક જુદી જ છે. મારા સાત્વિક આનંદનાં મૂળ તેમની કાર્યશૈલીમાં પડેલાં છે.

તેમનો આગળ તરી આવતો ગુણ એટલે માનવીય સંબંધો. સારા માનવીય સંબંધો બાંધવા, વિકસાવવા અને જાળવી રાખવા, તેમાં તેઓ અજોડ

છે. કોઈ પણ વ્યક્તિનો ગુણ તેઓ તરત પારખી લે અને તેને આગળ કરે. કોઈકની થોડીક પણ સફળતાને બીજા લોકોના દેખતાં કહી સંભળાવે અને બિરદાવે. આ રીતે વ્યક્તિમાં પડેલા નાનકડા ગુણ કે કાર્યશક્તિને બહાર ખેંચી લાવી તેને વિકસાવવાની કુનેહ તેઓ ધરાવે છે. દોષ હોય તો તેમના ધ્યાનમાં તરત આવી જ જાય. પણ તે કહેવાની ઉતાવળ તેઓ કદી કરે નહીં.

દોષોને પણ સર્જનાત્મકતાની દિશામાં વાળવાની તેમની આવડત મેં અનેકવાર અનુભવી છે. મમતા આઈ.એ.ઍસ. માં હું ગ્રંથપાલ તરીકે અને કાર્યાલયના કામકાજ માટે જોડાઈ ત્યારે મારે કામ અંગેના બધા જ નવા અનુભવોમાંથી પસાર થવાનું હતું. પોતાની સાથે કામ કરનારા માણસો પાસે કામ લેવાની તેમની પદ્ધતિ 'ટ્રેઈનિંગ' ની છે. આ બાબતમાં તેઓશ્રી ઉત્તમ 'ટ્રેઈનર' મને જણાયા.

એક લખાણ તેમણે મને કાગળ ઉપર લખાવ્યું. મેં હાંસિયો પાડ્યા વિના જ કાગળની ધારથી શરૂ કરીને લખવાની શરૂઆત કરી. તેઓ બોલ્યા : 'અંજનાબહેન, કોઈ પણ કાગળ છેવટે તો કોઈક ફાઈલમાં ભરાવી દેવાનો હોય છે. માટે પહેલાં હાંસિયો પાડવો, હાંસિયાની જગા છોડીને લખવાની શરૂઆત કરવી. તેમ ન કરીએ તો ફાઈલમાં ભરાવવા પંચથી કાણાં પાડતી વખતે લખાણના અક્ષરો પર કાણાં પડી જાય અને ફાઈલની પટ્ટી નીચે લખાણના શબ્દોની પહેલી લાઈન દબાઈ જાય, માટે તેનું ધ્યાન રાખવું.'

તેઓ પોતે જ્યારે લખે ત્યારે લખાણ સીધી લીટીમાં જ જાય, પણ હું લખું એટલે લીટી જેમ જેમ આગળ જાય તેમ તેમ ઊંચી ચડતી જાય, તેઓ કહે : 'અંજનાબહેન, કોઈ પણ લખાણ સીધી લીટીમાં જ જવું જોઈએ, લખાણની શિસ્ત ઉપરથી લખનારનું વ્યક્તિત્વ પરખાય છે. વાક્યો સીધી લીટીમાં ન જાય તો સામી વ્યક્તિ ઉપર કર્મચારીની સારી છાપ પડતી નથી, માટે સીધી લીટીમાં લખવાની પ્રૅકટીસ રાખો.'

કાર્યક્રમોના ફોટા કાચના નોટીસ બૉર્ડમાં ભરાવવાના હતા. તેમણે મને ફોટા આપ્યા. મેં પીનોથી ભરાવ્યા. પછી આવીને તેમણે જોયા. બોલ્યા, 'અંજનાબહેન, ફોટા સીધી લીટીમાં નથી, લીટી ત્રાંસી જાય છે. આ સારું ન દેખાય, કાઢીને ફરીથી ભરાવો. ધારેધાર મળવી જોઈએ.' મેં તેમ કર્યું અને ફોટા સીધી લીટીમાં ધારેધાર મેળવીને ગોઠવ્યા. આખું દૃશ્ય એકદમ સુંદર બની ગયું ! આ જોઈને મને પોતાને ખૂબ જ આનંદ થયો.

## 'આવડો મોટો હિમાલય પણ રજકણોનો બનેલો છે.'

સાવ નાની નાની બાબતોમાં પણ આટલી બધી કાળજી લેવાની તેમની રીત મને ખૂબ ગમી. તેઓ ઘણી વાર કહે : 'કોઈ બાબત કે વસ્તુ કદી મોટી હોતી જ નથી. નાની નાની બાબતોનો સમૂહ હોય છે. આ સમૂહ આપણને મોટો દેખાય છે.' પછી એક સરસ દૃષ્ટાંત તેમણે મને કહ્યું 'અંજનાબહેન, આવડો મોટો હિમાલય પણ રજકણોનો બનેલો છે. નાની-નાની બાબતોની શ્રેષ્ઠતાનો સમૂહ જ મોટી સિધ્ધિ રૂપે દેખાતો હોય છે. માટે કોઈ જરા સરખી બાબતની પણ અવગણના ન કરવી. કાળજી અને ચોકસાઈથી તેની વ્યવસ્થા ગોઠવવી.'

તેમની ટ્રેઈનિંગની પદ્ધતિનો અમલ મેં પટાવાળા અને સ્વીપર સાથેના વ્યવહારમાં પણ જોયો. રૂમ, ફર્નિચર, લૉબી વગેરેની સાફસૂફી કઈ રીતે કરીએ તો શ્રમ બચે અને ઝડપથી સારું કામ થાય, તે શીખવવા માટે તેમણે પોતે નેતરની સોટીના છેડે કપડું બાંધી તેની ચમરી બનાવી અને જાતે સાફસૂફી કરી બતાવીને પેલા કર્મચારીઓને સમજાવ્યું કે આમ કરવાથી સ્વચ્છતા સારી થાય, કામ ઝડપી થાય અને સમય બચે. અમારી ઓફિસ, વર્ગો લૉબી બધું જ સ્વચ્છ અને સુવ્યવસ્થિત રહે છે તેનું રહસ્ય કામ કરાવવાની તેમની પદ્ધતિમાં અને માનવીય અભિગમમાં રહેલું છે.

કોઈ કર્મચારીને ઊંચે સાદે બોલતાં, કડવો ઠપકો આપતાં, લડતાં કે અપમાન કરતાં કદી પણ મેં તેમને જોયા નથી. હંમેશાં શાંતિથી સ્વસ્થ ચિત્તે વાતચીત કરતા હોય, સમજાવતા હોય અને અમુક રીતે કામ કરવાથી કે વર્તવાથી આપણને શું લાભ થાય છે તે ફાયદો પણ તેને સમજાવતા હોય તેવા સ્વરૂપે જ મેં તેમને જોયા છે.

શ્રી સોમભાઈ સાહેબ એટલે સ્વચ્છ સુઘડ, સુવ્યવસ્થિત અને કલાત્મકતાની મૂર્તિ જ જોઈ લો. તેમનાં કપડાં સુવ્યવસ્થિત જ હોય, મેચિંગ (મેળવાળાં) હોય, કયાંય પણ કરચલી વિનાનાં હોય, પગમાં ચંપલ, સૅન્ડલ, કે બૂટ હોય તો તે સ્વચ્છ અને ચમકતાં જ હોય. માથાનો એક વાળ પણ ઉંચો થયેલો કે ઉડતો ન હોય. આખું શરીર તદ્દન સ્વચ્છ, કોઈ ચિત્રકારે દોરેલા સુઘડ ચિત્ર જેવું જ હોય. તેઓ કલાનો જીવ ખરા પણ ખર્ચાળ બિલકુલ નહીં. તેમનું સૌંદર્ય એટલે સાદગીનું સૌંદર્ય. તેમની અંગત વપરાશની તમામ ચીજવસ્તુઓ ઓછી કિંમતની પણ કલાત્મક જ હોય અને તેમની ઑફિસની સજાવટ તો બહારથી કોઈ આવે તો જોઈને પ્રસન્ન થઈ જાય તેવી રીતની હોય, પણ તેમાં મોટી કિંમતની કોઈ વસ્તુ કે વ્યવસ્થા હોય જ નહીં. વસ્તુ વસ્તુની જગ્યાએ હોય તો તેમાંથી સૌંદર્ય પ્રગટ થાય છે. અને સુવ્યવસ્થા જણાય છે. એવું ઘણી વાર તેઓ મને દૃષ્ટાંતો આપીને સમજાવે છે. તેમની ઑફિસમાં સૌંદર્ય, સુવ્યવસ્થા ઊભી કરવાના સાધનો એટલે જૂના રંગીન ફોટાવાળાં છાપાં, જૂના કૅલેન્ડરોમાંથી કાઢી લીધેલા ફોટા. બજારમાંથી સસ્તા ભાવે ખરીદેલાં મનમોહક પ્રકૃતિદૃશ્યોનાં પોસ્ટરો... આવું બધું જ હોય, પણ તેમની ગોઠવણી એટલી સરસ હોય કે તેમાંથી સૌંદર્ય-સુવ્યવસ્થાની એક મોટી ઝલક ઊભી થાય.

શીઘ્રવકતૃત્વની સ્પર્ધા માટે વિષયોની ચિઠ્ઠીઓ ભરવા માટે કુંભારના ત્યાંથી, કાળા રંગની બેઠાઘાટની પણ કલાત્મક એક નાની હાંલ્લી તેઓ લાવ્યા હતા. આ હાંલ્લી તેમણે સ્ટૂલ ઉપર એવી રીતે ગોઠવી કે તે સહુના કુતૂહલનું

કેન્દ્ર બની ગઈ. આ કાળી હાંલ્લી કેમ ? શા માટે ? શું છે તેમાં ? વગેરે જેવા કુતૂહલ પ્રશ્નો ઉભા થયા, પછી ખબર પડી કે તેમાં વકતૃત્વના વિષયોની ચિઠ્ઠીઓ ભરેલી છે !

'ફોટો ઓળખ સ્પર્ધા' માટે જાડા કાગળ ઉપર ફોટા ચોંટાડવાના હતા. પ્રેસમાંથી જુદા જુદા રંગના કાગળો પસંદ કરી, ફાઈલમાં સમાય તેવડા તેના એક સરખા ટુકડા બનાવડાવ્યા. પછી તેના ઉપર અમે બંનેએ છાપામાંથી કાપેલા ફોટા ચોંટાડવાનું કામ સાથે મળીને શરૂ કર્યું. તેઓ બોલતા જાય 'અંજનાબહેન, આ કામ સહેલું નથી. ધારેધાર મળવી જોઈએ. ફોટો કાગળના મધ્ય ભાગમાં આવે. ચારેબાજુ એક સરખી જગા છૂટે તે રીતે ચોંટાડવાનો છે. અને કાગળની પાછલી બાજુ ફોટા અંગેનું લખાણ ચોંટાડવાનું છે. વિદ્યાર્થીને ફોટો બતાવીએ એટલે ફોટો વિદ્યાર્થીની આંખો સામે હોય અને આપણી સામે તે ફોટા અંગેનું લખાણ રહે. જેથી આપણે પોતે તે ફોટો શેનો છે, કોનો છે તે જો ભૂલી ગયા હોઈએ તો પેલું લખાણ વાંચીને તરત જ યાદ આવી જાય.'

## 'સંઘર્યો સાપ પણ કામનો'

તેમના ટેબલના ખાનાંઓમાં ઘણી બધી જરૂરી વસ્તુઓ મૂકેલી હોય દા.ત. હથોડી, ખીલીઓ, સ્ક્રૂ ડ્રાઈવર, કરવત, માપપટ્ટી વગેરે... સુથાર, લુહાર, કડિયો વગેરેના કામકાજનાં કેટલાંક ઓજારો હોય જ. કહે : 'ગમે ત્યારે જરૂર પડે અને કારીગરને બોલાવીએ તો પહેલાં તો તે આવા નાના કામ માટે આવે જ નહીં. અને આવે તો ૧૦ રૂપિયાના કામના ૩૦૦-૪૦૦ રૂપિયા લઈ જાય. એવું શા માટે કરવું ? નાનું કામ તો આપણે જાતે જ કરી લેવું. કારીગરની ૩૦૦-૪૦૦ ની દાનગી બચાવીએ તો તેમાંથી કેટલાં બધાં ઓજારો આવે ! અને તે જિંદગીભર ચાલે. અને વળી જાતે કામ કરવાથી આપણી હોંશિયારી પણ વધે.'

તેમના ટેબલના ખાનાંઓમાં બિનજરૂરી કોઈ વસ્તુ પડી રહેલી ન હોય, પરંતુ એક ખાનું તમને એવું જોવા મળે કે જેમાં તમામ બિનજરૂરી, જેને કચરો કહી શકાય તેવી વસ્તુઓ ભરેલી હોય, તેમાં જાડી પાતળી દોરીના ટુકડાઓનાં ગૂંચળાં વાળેલાં, રબર બેન્ડ, ખીલીઓ, વાઈસર, સ્ક્રૂ, વાયરના ટુકડા, બંડલ બાંધવાની પટ્ટીઓ, તારના ટુકડા, તૂટેલી સ્વીચોના ટુકડા, શીશીઓનાં ઢાંકણાં વગેરે જાતજાતની વસ્તુઓ જોવા મળે. તે બતાવીને મને કહે : 'અંજના, આમાંની કોઈ વસ્તુ નકામી નથી. સંઘર્યો સાપ પણ કામમાં આવે. ગમે ત્યારે ગમે તે વસ્તુની જરૂર પડે, દોરીની જરૂર પડે ને દોરી ન હોય, તારની જરૂર પડે અને તાર ન હોય તો તમારું કામ અટકીને ઊભું રહે. માટે આવી બધી વસ્તુઓનું એક અલગ ખાનું રાખવું સારું. તરત જ આપણું કામ થઈ જાય.' કોઈ વાર તો નાઈલોનની દોરીનો ટુકડો કે વાયર કે વાહનની બ્રેકનો વાયર રસ્તામાં પડેલો હોય તો લઈ લે. અને પેલા 'અટાળા' વાળા ખાનામાં વ્યવસ્થિત ગૂંચળું વાળીને મૂકી દે. અમારી ઑફિસમાં જ્યારે પણ આવી કોઈ વસ્તુની જરૂર પડી છે ત્યારે મને તે ખાનામાંથી મળી ગઈ છે. અને અમારું કામ તરત થઈ ગયું છે.

તેમના ટેબલ ઉપર કોઈ નકામી વસ્તુ લાંબો સમય પડી ન રહે. તરત તેનો નિકાલ થઈ જાય. વસ્તુ વસ્તુની જગાએ મુકાઈ જાય. તેમની ઑફિસમાં જમીન ઉપર ટાંકણી કે યુ-પીન કે રબ્બર કે પેન્સિલ એવું કશું ગમે ત્યાં પડેલું હોય જ નહીં. ટાંકણી ટાંકણીના બૉક્સમાં જ હોય, ટાંકણી જોઈતી હોય તો બીજી કોઈ જગાએથી મળે નહીં. ટાંકણીના બૉક્સમાંથી જ તે મળે. તેવી જ રીતે બધી વસ્તુ પોતપોતાના સ્થાને જ હોય. તેમાં બ્લેડ પણ હોય, છરી, ચપ્પુ કે કાતર પણ હોય, ગુંદર, ફેવીકોલ અને સેલોટૅપ... આ બધું પોતપોતાની જગાએ જ હોય, બીજે ખોળનારને એ કદી ન મળે. આવી તેમની વ્યવસ્થા અને વ્યવસ્થાશક્તિએ મારામાં ઘણું પરિવર્તન લાવી દીધું છે.

## કાઉન્સેલીંગ

સમય મળે ત્યારે 'સફળ જીવન' અંગેની ફિલસૂફી ભરી વાતો મારી સાથે કરતા. કહેતા, 'અંજના, કોઈ પણ મુશ્કેલી આવે તો ડરી જવું કે ગભરાઈ જવું નહીં પણ તરત તેનો ઉપાય ખોળવામાં લાગી જવું. દરેક મુશ્કેલીનો ઉપાય હોય છે. પણ તે સંતાયેલો હોય છે. શોધીએ તો જરૂર મળે છે.' આ માટે તેઓ વૈજ્ઞાનિકો અને ટૅકનિશીયનોની શોધોનાં ઉદાહરણો આપતાં કહેતા, 'જ્યારે જ્યારે મુશ્કેલીઓ આવી ત્યારે વૈજ્ઞાનિકોએ તેમની પ્રયોગશાળાઓમાં એ મુશ્કેલીઓના ઉપાયો ખોળવામાં મગજને લગાડી દીધું અને તેમાંથી જ આ બધી શોધો થઈ છે. અને આપણું વ્યવહાર જીવન, આરામદાયક અને સગવડ ભર્યું બન્યું છે.'

ગૃહજીવનની અંગત મુશ્કેલીઓમાં પણ તેમણે મને અનેક વાર માર્ગદર્શન આપ્યું છે. તેઓ એક સારા 'કાઉન્સેલર' છે. તેમણે મને કહેલું કે 'જો ચિંતા કરીએ તો તન મન બંનેને ઘસારો લાગે છે. અને મન નબળું પડે છે, તો ચિંતા કરીને શા માટે મનને ઘસી નાખવું ? તેના કરતાં ઉપાય ન ખોળીએ ! અને જ્યારે ઉપાય જડે ત્યારે આપણને સિધ્ધિ મળ્યા જેટલો આનંદ થાય છે,' વળી તેમણે કહેલું એક વાક્ય મને યાદ આવે છે. તેમણે કહ્યું હતું, 'દરેક વસ્તુનું આયુષ્ય હોય છે. આયુષ્ય પૂરું થાય એટલે તે ચાલી નીકળે છે. મુશ્કેલીઓનું પણ તેવું જ છે. દરેક મુશ્કેલી પોતાનું આયુષ્ય લઈને આવે છે. અને આયુષ્ય પૂરું થતાં તરત ચાલી નીકળે છે. માટે મુશ્કેલી આવે ત્યારે ધીરજ રાખવી અને મગજને 'લેબોરેટરી' બનાવી તેનો ઉપાય ખોળવો. જિંદગી જીવવાની આ જ સરસ રીત છે.'

અમારા આઈ.એ.ઍસ. ના વિદ્યાર્થીઓ સમક્ષ 'કાઉન્સેલીંગ' કરતાં તેઓ ઘણી વાર ફિલસૂફી ભરી વાતો કરતા. આઈ.એ.ઍસ. ના વિદ્યાર્થીઓ એટલે મહત્ત્વાકાંક્ષી વિદ્યાર્થીઓ. ધારી સફળતા ન મળે એટલે નિરાશ હતાશ થઈ જાય. સાહેબ તેમને કાઉન્સેલીંગ માટે બોલાવે અને આવી મહત્ત્વની તમામ બાબતોમાં મને સાથે રાખે, એટલે મારું પણ ઘડતર થતું જાય, તેઓ કહેતા,

‘જુઓ, કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધી શકાય છે. અમુકમાં સફળતા ન મળે તો બીજામાં પ્રયત્ન કરો. તમારે જીવનમાં આગળ વધવા માટે જુદા જુદા ક્ષેત્રોનાં ૧૦૦ બારણાં છે, તેમાનાં ૯૯ બારણાં બંધ હોય, પણ એક બારણું તો ભગવાને તમારા માટે ખુલ્લું રાખ્યું જ છે, પણ તમને ખબર નથી કે એ કયું બારણું છે. પ્રયત્ન કરશો તો એ બારણું મળી જશે. અને તેમાં થઈ તમે આગળ વધી શકશો. માટે નિરાશ ન થવું. પ્રયત્ન ચાલુ રાખવો. આપણી ઈચ્છા પ્રમાણેનું કાર્યક્ષેત્ર કે હોદ્દો ન મળે એવું બને, કારણ કે એ આપણા હાથની વાત નથી. પણ આપણે સારા માણસ તો બની શકીએ ને ! એ તો આપણા હાથની વાત છે ને !’ આમ કહી તેઓ આશ્વાસન, પ્રેરણા અને પ્રોત્સાહન આપતા. મેં તેમની વાતોમાંથી ઘણું મનોબળ મેળવ્યું છે. પહેલાં મારું મન ઘણું જ પોચું હતું પણ તેમની વાતો અને કાર્યરીતિથી તે ઘણું જ મજબૂત બની ગયું છે. મારામાં આત્મવિશ્વાસ છલકાય છે. કોઈ મુશ્કેલીથી મારું મન ગભરાતું નથી. તરત તે ઉપાય ખોળવા મંડી પડે છે અને ઉપાય જડે એટલે મારો ઉત્સાહ વધે છે. મારી જીવન યાત્રામાં હવે હું મક્કમ પગલાં માંડી શકું છું. કેમકે તેમના કહ્યા મુજબ મારા મનને મેં ‘લેબોરેટરી’ બનાવી દીધી છે. આજે હું આનંદ અને આત્મવિશ્વાસથી ઉભરાઉં છું તેનાં રહસ્યો તેમની ફિલસૂફી ભરેલી વાતોમાં પડેલાં છે.

ઑફિસને લગતા કામકાજમાં તેઓ મને બહુવચનમાં જ સંબોધતા, પણ તે સિવાયની બાબતોમાં અને હળવાશની વાતોમાં દીકરી તુલ્ય ‘અંજના’ સંબોધન જ કરતા. હું તેમની કૉલેજમાં ભણતી હતી ત્યારથી જ મારા પ્રત્યે દીકરી તુલ્ય ભાવ રાખતા હતા. જે હંમેશાં જળવાયો છે. અને મારા મનમાં પણ તેમના પ્રત્યે પિતાતુલ્ય ભાવ શરૂઆતથી જ રહ્યો છે. અમારા બંનેનો પરસ્પરનો આ ભાવ દિવસે દિવસે ગાઢ બનતો ગયો છે.

## કાળજી અને વ્યવસ્થા

તેઓ પુસ્તક વાચનના શોખીન. લેખકો તેમને પોતાનાં પુસ્તકો ભેટ મોકલે અને અભિપ્રાયની આશા રાખે. આવું દરેક પુસ્તક તેઓ મને બતાવતા

અને પુસ્તકનું વિષયવસ્તુ ટૂંકમાં સમજાવતા અને કહેતા, ‘આ પુસ્તક તારે વાંચવા જેવું છે, પણ તારી પાસે સમય ક્યાં છે ?’ પુસ્તક આવે એટલે વાંચીને તેના વિશેનો ટૂંકો અભિપ્રાય તેમની નોટબુકમાં લખી નાખે, અત્યાર સુધીમાં વાંચેલાં સેંકડો (હજારો) પુસ્તકોની ટૂંકી નોંધોની નોટબુકો તેમણે મને બતાવી છે. એક મૂલ્યવાન સંગ્રહ થઈ ગયો છે. પછી કહે : ‘પુસ્તક વાંચ્યા પછી તેના વિશેનો ટૂંકો અભિપ્રાય પોસ્ટકાર્ડથી લેખક પર મોકલવાનો નિયમ મેં રાખ્યો છે. આવી ટેવ તારે પણ પાડવા જેવી ખરી.’ આવું દરેક પોસ્ટકાર્ડ તેમણે મને બતાવ્યું ને પછી જ ટપાલમાં નાખ્યું છે. પોસ્ટકાર્ડ પણ કેવું ? રંગેરૂપે સાચવી રાખવા જેવું ! ચારે બાજુ બોર્ડર બનાવે પછી પોતાના સરનામાવાળું સ્ટીકર ચોંટાડે. સ્ટીકરની ધારેધાર પોસ્ટકાર્ડની ધાર સાથે મેળવેલી જ હોય ! પછી પોસ્ટકાર્ડના ચાર ખૂણાની ધારો કાતરથી કાપીને પોસ્ટકાર્ડને કલાત્મક ઘાટ આપે ! આટલી મોટી ઉંમરે (૭૫ વર્ષ) પણ તેમના આ શૉખમાં કોઈ ઓટ આવી નથી. પોસ્ટકાર્ડ સારા અક્ષરે લખે અને પંક્તિઓ સીધી લીટીમાં જ જતી હોય, વળી તેમાં લેખકની સિધ્ધિઓની કદરની વાત તો હોય જ ! આવું પોસ્ટકાર્ડ કોને સાચવી રાખવાનું મન ન થાય ?

તેમના ઉપર લગ્ન સમારંભોમાં જવાની કંકોત્રીઓ પણ ઘણી આવે. તેમાંથી કેટલીક તો મને બતાવે. કહે, ‘અંજના, હવે લગ્ન પ્રસંગોમાં જવાનું ઉંમરના કારણે મેં ઓછું કરી નાખ્યું છે. અંગત અનિવાર્ય હોય તો જાઉં છું પણ મેં એક નિયમ રાખ્યો છે. કંકોત્રી આવે એટલે આશીર્વાદનો કાગળ હું અવશ્ય લખી દઉં છું. પછી જવાય કે ન જવાય.’ આશીર્વાદમાં ફક્ત બે લીટી જ હોય પણ આ બે લીટીઓ ઘણું બધું કહી દેતી હોય ! આશીર્વાદનું આ પોસ્ટકાર્ડ તો પેલા લેખકવાળા પોસ્ટકાર્ડથી પણ ચડિયાતું બનાવ્યું હોય અને તેમાં ઝરીવાળી લાલ - ગુલાબી શાહીવાળી બોલપેનોનો ઉપયોગ પણ કર્યો હોય !

તેમનાં લખાણો મને બતાવતા હોય ત્યારે ઘણી વાર કહે, ‘અંજના, મારા અક્ષરો હવે બગડી ગયા છે. ઉંમરની અસર થઈ છે. હું તેમને કહું : ‘ના, સર, નથી બગડ્યા. તમારા અક્ષરો સારા છે. એટલે કહે, ‘ના, ના

આ અક્ષરો સારા નથી. પહેલાં મારા અક્ષરો બહુ સારા હતા. એટલા બધા સારા અને કલાત્મક કે મારા વિદ્યાર્થીઓ અને મિત્રો તેનું અનુકરણ કરવા પ્રેરાતા' પછી કેટલાંક નામ તે બોલતા (૧) પ્રા. જયંતભાઈ મોદી (૨) શ્રી ઈશ્વરભાઈ ભાવસાર (૩) ડૉ. મહેન્દ્ર નાયી, આ ત્રણેયે મારા અક્ષરો અપનાવ્યા છે. અને એ ત્રણેના પત્રો મને બતાવતા અને કહેતા, 'જો અક્ષરો મારા જેવા જ છે ને !'

સોમભાઈ સાહેબ એટલે નખશીખ કાળજી અને કલા. પછી તે વસ્તુ હોય કે વ્યક્તિ હોય. તેમની કાળજીનું આવરણ તેની ચારેબાજુ રચાઈ જાય. અત્યારે તો મારું મન મજબૂત અને સર્જનાત્મક બની ગયું છે. પણ તે પહેલાં તે ઘણું જ અશાંત રહ્યા કરતું હતું. હું સાવ ભાંગી પડી હતી. તેની અસર મારા મન અને તન બંને ઉપર થઈ હતી. મારું મન ઉદાસ રહેતું અને શરીર ઊતરી ગયું હતું. તેનો અણસાર તેમને આવી ગયો હતો. અને મનમાં થયું હતું, 'આ છોકરી સાવ ભાંગી પડી છે, તેને બેઠી કરવી પડશે' પછી તેમણે મારા મનની વાત જાણી લીધી અને પરિસ્થિતિને સમજી લીધી. મારો પ્રશ્ન તેમણે હાથ ઉપર લીધો અને સંકલ્પ કર્યો કે 'આ છોકરીને હું બેઠી કરીશ જ' ત્યાર પછી તેમણે મારા મનને કેળવવાનું શરૂ કર્યું.

તેમણે મને એક કાગળ આપ્યો. કહ્યું. : 'આ કાગળના બે ઊભા ભાગ પાડો. વચ્ચે લીટી દોરો એક ભાગના મથાળે લખો Positive બીજા ભાગના મથાળે લખો Negative.' પછી શરૂઆત કરાવી કહ્યું : 'તારા જીવનની સૌથી સુખદાયક બાબત અત્યારે હાલ કઈ છે ?' મેં કહ્યું : 'મારા બાબાનો જન્મ થયો તે.' (તે વખતે બાબો ત્રણ મહિનાનો હતો) તેમણે પૂછયું : 'આ બાબતને ૧૦૦ માંથી ગુણ આપવા હોય તો તું કેટલા આપે ?' મેં કહ્યું : '૧૦૦ ગુણ'. તેમણે Positive ખાનામાં ૧૦૦ ગુણ લખાવ્યા, પછી કહ્યું : 'કડી સંસ્થામાં તને નોકરી મળી તેના કેટલા ગુણ ?' મેં કહ્યું : '૧૦૦'. પછી બોલ્યા : 'તારા આદરણીય ગુરુજીની ઑફિસમાં તેમના સંપર્કમાં રહી કામ કરવાની તને તક

મળી તેના કેટલા ગુણ ?' મેં કહ્યું '૧૦૦'. 'તારા ઘરમાં વડીલ તારા કાકાજી છે અને તે તને ઘણું સારું રાખે છે. તેના કેટલા ગુણ ?' મેં કહ્યું : '૮૦'. પછી પૂછયું : 'તારા મિસ્ટરને GEB માં નોકરી છે તેના કેટલા ગુણ ?' મેં કહ્યું : '૭૦'. 'ગાંધીનગરમાં તમારા પોતાના ઘરમાં રહો છો તેના કેટલા ગુણ ?' મેં કહ્યું : '૫૦ ગુણ'. આવી અન્ય બાબતો પણ તેમણે ગણાવી અને સરવાળો કરાવ્યો તો ૯૦૦ એ પહોંચ્યો.

પછી Negative નું શરૂ કરાવ્યું. તેમાં માઈનસ ગુણ મૂકવાના હતા. મનની અશાંતિના માઈનસ ૫૦. મારી બગડેલી તબિયતના માઈનસ ૪૦. અન્ય નાની-નાની બાબતોમાં મન દુઃખના બનતા બનાવોના માઈનસ ૩૦. આવા માઈનસ ગુણ ૧૫૦ જેટલા થતા હતા.

તેઓ બોલ્યા : '૯૦૦માંથી ૧૫૦ બાદ કરો. કેટલા જમા રહે છે ?' મેં કહ્યું : '૭૫૦'. તરત જ તેઓ આશ્ચર્ય અને અહોભાવ પામી આનંદિત સ્વરે મને કહેવા લાગ્યા. 'તારી પાસે ૭૫૦ જેટલા પ્લસ ગુણ છે. તો તેને સંભારીને રાજી કેમ ન રહેવું ? માઈનસને યાદ કરી કરીને પ્લસનો આનંદ શા માટે ગુમાવવો ?'

મારા મનમાં કંઈક ઝબકારો થયો હોય તેવું મને લાગ્યું. વીજળી ચમકી અને અંધકાર હટવા લાગ્યો. જિંદગી જીવવાની કોઈક નવી જ રીત તેઓ મારા મનમાં પેદા કરી રહ્યા હતા. મારું મન એકાએક Positive બાજુ વળ્યું અને ભાંગી પડવામાંથી બેઠા થવાની શરૂઆત થઈ ગઈ.

તેમણે કહ્યું : 'જો અંજના, જીવનના સુખોનો આધાર શરીર ઉપર પણ છે. શરીર સારું હોય તો જ આપણે જિંદગી સારી જીવી શકીએ'. અત્યાર સુધી એવું બન્યા કરતું કે ઘરમાં અશાંતિ ઊભી થયા પછી મારું મન ઉદાસ થઈ જતું. ખાવાનું મેં ઘટાડી નાખ્યું હતું. તેમણે મને સમજાવ્યું. તારે નાનો બાબો છે તેના માટે પણ તારે શરીર સારું રાખવું જોઈએ. અને પૂરતા પ્રમાણમાં ખાવું જોઈએ. તારું શરીર સારું હશે તો જ તારા બાબાની સારી કાળજી તું લઈ શકીશ અને ઘરનાં કામકાજ સારી રીતે કરી શકીશ. કંઈ નહીં તો તારા

બાબા ખાતર તારે શરીર સારું બનાવવું જોઈએ.' તેમની આ વાતની મારા મન પર અસર થઈ ગઈ. મેં નક્કી કર્યુ 'પૂરતા પ્રમાણમાં પેટ ભરીને ખાઈશ' તેઓ બોલ્યાઃ 'આપણું આખું શરીર ખોરાકનું બનેલું છે અને ખોરાક દ્વારા જ શરીરને આપણે ધારીએ તેવું બનાવી શકીએ માટે દરેક સીઝન પ્રમાણેનો ખોરાક લેવો. દૂધ, છાશ, શાકભાજી, ફળફળાદિ વગેરેનો ભરપૂર ઉપયોગ કરવો. આ કંઈ આપણા પોતાના માટે નથી. આખા ઘરના હિત માટે છે. તેમની આ વાતોથી મારા મનમાં નવો પ્રકાશ પડવા માંડ્યો. મેં પૂરતા પ્રમાણમાં ખાવાનું શરૂ કર્યું. અને એક મહિનામાં જ તેનું પરિણામ દેખાવા માંડ્યું.

ખાવા પીવાની બાબતમાં એક ખાસ વાત મને જણાવતાં તેઓ બોલ્યા : 'આપણા સામાજિક વાતાવરણ મુજબ કોઈ પુત્રવધૂ વડીલ સાસરિયાંના દેખતાં ફળફળાદિ વગેરે ખાઈ શકતી નથી. વળી મા તરીકે બાળકોના દેખતા પણ ન ખાય, તો શું કરવું ? અને ખાવું તો જરૂરી છે. તો પછી તેઓ હાજર ન હોય તેવા સમયે ખાવું. આમાં આપણે કશું ખોટું કરતા નથી. પણ જે કરવું જરૂરી છે તે કરીએ છીએ. તેમ કહી મનને મનાવી લેવું.' તેમની આવી બધી વાતોથી આજે મારું શરીર તંદુરસ્ત અને નીરોગી છે. મનની અને તનની એમ બંને પ્રકારની કેળવણી મારા ગુરુજીએ મને આપી છે. તેનો આભાર હું શબ્દોમાં વ્યક્ત કરી શકતી નથી. પણ ભાવની અભિવ્યક્તિને શબ્દોની કદી જરૂર જ પડી નથી. તેમના પ્રત્યેનો મારો ભાવ નિઃશબ્દ રીતે વ્યક્ત થતો જ રહ્યો છે.

અમારે આઈ.એ.ઍસ. માં નવા વિદ્યાર્થીઓનું કાઉન્સેલીંગ એ અત્યંત મહત્ત્વની બાબત ગણાય છે. કાઉન્સેલીંગની કળાના તેઓ સારા જાણકાર છે. તેઓ સંસ્થાના ડાયરૅક્ટર એટલે કાઉન્સેલીંગ જેવી મહત્ત્વની બાબત તેઓ જ સંભાળે. ગ્રંથપાલ કે ઓ.એસ.ને તેમાં પડવાનું ન હોય. પરંતુ તેઓએ તો મને કાઉન્સેલીંગની પણ તાલીમ આપવા માંડી. નવા વિદ્યાર્થીઓ આવે એટલે મને બોલાવે. તેઓ કાઉન્સેલીંગ કરતા હોય તે મારે પણ સાંભળવાનું. ત્યાર પછી મારી પાસે કાઉન્સેલીંગની પ્રેકટીસ કરાવવા માંડી. વાતનો પ્રારંભ ક્યાંથી કઈ રીતે કરવો, કઈ કઈ બાબતો જણાવવી. કયા ક્રમમાં જણાવવી, કઈ બાબત

હમણાં ન કહેવી, કયા શબ્દો વાપરવા, કયા શબ્દો ન વાપરવા. અવાજ અને ટોન કેવો રાખવો. વિદ્યાર્થી પૂછે તો તેનો કેવી રીતે જવાબ આપવો, વગેરે કાઉન્સેલીંગની બધી જ ખૂબીઓ મને સમજાવી, શીખવાડી અને પ્રેકટીસ કરાવી. અત્યારે હું ખૂબ જ આત્મવિશ્વાસપૂર્વક અને ખૂબીપૂર્વક કાઉન્સેલીંગ કરી શકું છું.

આઈ.એ.ઍસ.ના વિદ્યાર્થીઓનો ગ્રુપ ડીસ્કશનનો સેશન પણ ડાયરૅક્ટરના કાર્યક્ષેત્રમાં જ આવે. છતાં આ કામમાં મને સાથે રાખી અને ગ્રુપ ડીસ્કશનના સેશનનું સંચાલન શીખવાડી દીધું, આજે ગ્રુપ ડીસ્કશનનું સંચાલન હું સરસ રીતે કરી શકું છું.

જયારે અમે જી.પી.ઍસ.સી.ની બૅચ બનાવી ત્યારે ફરજિયાત ગુજરાતીનો વિષય હતો. વિદ્યાર્થીઓને ગુજરાતીનો અભ્યાસક્રમ મારે શીખવાડવો એવી ઈચ્છા તેમણે વ્યક્ત કરી. મારી માસ્ટર ડીગ્રી છે અને વિષય ગુજરાતી છે. મેં હા પાડી કે તરત જ તેમણે ટ્રેઈનિંગ પદ્ધતિથી તેની પ્રૅક્ટિસ શરૂ કરાવી. ખાલી વર્ગમાં હું ભણાવતી હોઉં અને તેઓ સાંભળતા હોય અને જરૂરી સૂચનો કરતા હોય, આવી પ્રૅક્ટિસ વારંવાર કરાવ્યા બાદ અને મારામાં આત્મવિશ્વાસ આવી ગયા બાદ જ વિદ્યાર્થીઓ સમક્ષ મારો કોચીંગ સેશન શરૂ કરાવ્યો. આમ ફૅકલ્ટી તરીકે મારા વ્યક્તિત્વને તેમણે વિકસાવ્યું છે. ગુજરાતી વિષયની બાબતમાં તેમની સાથે પ્રૅક્ટિસ દરમિયાનના સેશનોમાં ગુજરાતી ભાષા, વ્યાકરણ વગેરે અંગે મને ઘણી નવી નવી બાબતો જાણવા મળી અને મારો આત્મવિશ્વાસ વધ્યો.

## આવડે તો કાચી માટીમાંથી પણ પાકો ઘડો થાય

આ ઉપરાંત વિવિધ પ્રવૃત્તિઓ, સ્પર્ધાઓ વગેરેની સંચાલન વ્યવસ્થા મને સોંપતા પહેલાં તેની પ્રૅક્ટિસ કરાવી, તેમાં ઝીણી ઝીણી અનેક બાબતોનું ધ્યાન રાખવાનું મને સમજાવ્યું. મારી પાસે એક પ્રાર્થના ગીત ગવડાવ્યું. પછી તેમાં આરોહ-અવરોહ વગેરેના કેટલાક ફેરફારો કરાવી ગીતના ધ્વનિઓને પ્રભાવશાળી બનાવડાવ્યા. આજે હું પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓનું સંચાલન સારી

રીતે કરી શકું છું. ક્ષોભ અને સંકોચની જગાએ આત્મવિશ્વાસ છલકાય છે. કુંભાર કાચી માટીમાંથી પાકો ઘડો બનાવે છે તેવું જ કંઈક ઘડતર કાર્ય તેઓએ માત્ર મારું જ નહીં, મારા જેવા અનેકોનું કર્યું છે. હું ઑફિસમાં પ્રવેશું એટલે તેઓ બેઠેલા જ હોય અને હાથમાં કામની યાદીનું કાગળિયું તૈયાર જ હોય, હું કંઈક કહેવાની શરૂઆત કરું એટલે કહે, 'હમણાં આપણે આ કામની વાત પૂરી કરીએ. પછી તારી વાત સાંભળું. કામ પહેલું, વાતો પછી' કામની વાતો થઈ ગયા પછી બીજી વાતો થાય અને એ પણ હવે પછીનાં કામની વ્યવસ્થાઓ અંગેની જ હોય અને ઘડતરલક્ષી જ હોય. આઈ.એ.ઍસ. માં વિદ્યાર્થીઓ મેળવવા માટે સંસ્થાની કૉલેજોમાં અને ગાંધીનગર શહેરની અન્ય કૉલેજોમાં જવાનું નક્કી કર્યું તે માટે તેમણે એક પ્રેરક ઉદ્બોધન તૈયાર કર્યું. અને એક સચોટ માહિતીપત્રક કે જેમાં મલ્ટીમીડિયાની કળાનો ઉપયોગ થયો હોય તે તૈયાર કર્યું. અને કૉલેજોના વર્ગોમાં જવાનું શરૂ કર્યું. આ કામમાં તેમણે મને સાથે લીધી. કારણ કે આવા કામો માટે મને તૈયાર કરવાનો અભિગમ હંમેશાં તેમનો રહ્યો છે. કૉલેજોના વર્ગોમાં ઉદ્બોધન વખતે તેઓ એક વાત ઉપર ખાસ ભાર મૂકતા અને વિદ્યાર્થીઓને જણાવતા કે તમારામાંથી જે વિદ્યાર્થીઓ વહીવટી ક્ષેત્રોમાં જવાનો રસ ધરાવતા હોય તેમના માટે એક વિશાળ સરકારી વહીવટી ક્ષેત્ર છે. અને તેમાં સારા વહીવટી અધિકારીઓની જરૂર પણ છે. બીજી એક વાત તેઓ વિદ્યાર્થીઓને જણાવતા દા.ત. બી.બી.એ.ના વિદ્યાર્થીઓ હોય તો તેમને કહેતા : 'તમારા અભ્યાસનું ક્ષેત્ર મૅનેજમૅન્ટનું છે. મૅનેજમૅન્ટ એટલે સારો વહીવટ. આ વહીવટ તમારા માટે ધંધાના ક્ષેત્રનો છે. પણ એના સિદ્ધાંતો રાજવહીવટમાં પણ એટલા જ ઉપયોગી બને છે. એટલે તમે મૅનેજમૅન્ટનું જે જ્ઞાન અહીં મેળવશો તે જ જ્ઞાન સરકારી વહીવટી ક્ષેત્રમાં પણ તમને સફળતા અપાવશે.'

આમ જે તે ફૅકલ્ટીના વિદ્યાર્થીઓને તેમનો મુખ્ય અભ્યાસ વિષય આઈ.એ.ઍસ. ના ક્ષેત્રમાં કઈ રીતે ઉપયોગી બનશે, તે સ્પષ્ટ શબ્દોમાં

સમજાવતા. આથી વિદ્યાર્થીઓ એક ચિત્તે તેમની વાત સાંભળતા અને આઈ.એ.ઍસ. માં જોડાવા માટે તૈયાર થતા.

આવા ઉદ્‌બોધનોમાં તેમણે એક સરસ અને ખૂબ જ અસરકારક પ્રશ્ન પદ્ધતિ તૈયાર કરી. આઈ.એ.ઍસ. બનવા ઈચ્છતા વિદ્યાર્થી કે વાલીના મનમાં જેટલા જેટલા અને જેવા જેવા પ્રશ્નો ઉદ્‌ભવી શકે તેનું અનુમાન કરીને પ્રશ્ન અને તેનો ટૂંકો અસરકારક જવાબ, એ રીતના લગભગ ૪૦ પ્રશ્નો (જવાબ સહિત) તૈયાર કર્યા હતા. વર્ગમાં હું અને સાહેબ સાથે જતા. તેઓ ટૂંકી પ્રેરક પ્રસ્તાવના કર્યા પછી એક પછી એક પ્રશ્ન મને પૂછતા અને દરેક પ્રશ્નનો અગાઉથી તૈયાર કરેલો સચોટ જવાબ હું આપતી. તેઓશ્રી તાલીમ વિનાનું કોઈ કાચું કામ રાખતા ન હતા જવાબોની પ્રૅક્ટિસ મારી પાસે વારંવાર કરાવતા. તેમાં શબ્દોના ઉચ્ચાર, ટોન, આરોહ-અવરોહ, અલ્પવિરામ, પૂર્ણ વિરામ વગેરે બધું મારી પાસે બોલાવી સુધરાવતા અને તેમાં બરાબર અસરકારકતા આવી જાય તેવી તૈયારી કરાવતા અને એક વાર રજૂઆત કર્યા પછી તેમાં કોઈ ખામીઓ જણાઈ હોય તો ફરીથી પ્રૅક્ટિસ કરાવી તે દૂર કરાવતા. આના પરિણામે અમારાં ઉદ્‌બોધનો ૧૦ મિનિટ જેટલાં ટૂંકાં હોવા છતાં તેની ભારે અસર વિદ્યાર્થીઓ ઉપર થતી. ઉદ્‌બોધનના અંતમાં તેમણે એક ખાસ વાત મુકાવી અને તે આપણા દેશને કેવા આઈ.એ.ઍસ. ઑફિસરોની જરૂર છે. તેમાં આ શબ્દો બહુ જ વિચારપૂર્વક ગોઠવ્યા હતા. ‘આ દેશને દેશભક્તિની ભાવનાવાળા, જનહિતની લાગણીવાળા, કર્તવ્યમાં નિષ્ઠાવાળા, પ્રામાણિક અને પારદર્શી વ્યક્તિત્વવાળા, સમયની કિંમત સમજવાવાળા, કાબેલ વહીવટી શક્તિઓ અને સૂઝવાળા, આઈ.એ.ઍસ. ઓફિસરોની આ દેશને ખાસ જરૂર છે.’ વહીવટી અધિકારીઓ માટે તેમની દૃષ્ટિ હંમેશાં દેશભક્તિની અને જનહિતની જ રહ્યા કરતી હતી. એટલે ભવિષ્યમાં જે વિદ્યાર્થીઓના નસીબમાં વહીવટી અધિકારીઓ બનવાનું આવે તેમના કાને અત્યારથી જ આ વાત નાખી દેવાનું તેઓ પસંદ કરતા. એટલે જ અંતે આ શબ્દો મૂક્યા હતા. આ વિદ્યાર્થીઓને આઈ.એ.ઍસ. માં જોડાવા

માટે પ્રેરવાના હતા. તેથી હજી એક વાક્ય છેલ્લે મૂક્યું હતું, જે તેમનો ઉત્સાહ વધારનારું હતું. છેલ્લે હું આ પ્રમાણે કહેતી 'તમે પણ આવા જ વહીવટી અધિકારીઓ બનો તે માટે અમારી શુભેચ્છાઓ છે.' અમારા આ ઉદ્‌બોધનની એટલી સારી અસર થતી કે વિદ્યાર્થીઓ તેને તાળીઓના ગડગડાટથી વધાવી લેતા અને ઉત્સાહ તેમ જ ઉમંગ અનુભવતા. આનું પરિણામ ખરેખર ખૂબ જ સારું આવ્યું. સંખ્યાબંધ વિદ્યાર્થીઓ આઈ.એ.ઍસ. માં જોડાવા આવવા લાગ્યા. અને અમારો વર્ગ સંખ્યાથી ઉભરાઈ ગયો.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સોમભાઈ સાહેબના વિદ્યાર્થી હતા. એક કુશળ રાજપુરુષ તરીકે આખા દેશમાં તેમની પ્રતિષ્ઠા છે. હું પણ સોમભાઈ સાહેબની વિદ્યાર્થિની એટલે શ્રી નરેન્દ્રભાઈ મારા ગુરુબંધુ ગણાય. તેમને મળવાની મારા મનમાં ઝંખના હતી. પણ આવડા મોટા માણસ સાથે મારી મુલાકાત કદીયે થાય ખરી કે ? તેમણે કહ્યું, 'અંજના, કોઈક દિવસ તારી મુલાકાત હું તેમની સાથે કરાવીશ' અને એ દિવસ પણ આવી પહોંચ્યો. તે દિવસે શ્રી નરેન્દ્રભાઈએ સંજોગવશાત્ અન્ય તમામ વ્યક્તિઓની મુલાકાતો રદ કરાવી હતી. પણ ગુરુજીની મુલાકાત માટે આજે સમય ફાળવ્યો હતો. તેઓ મને સાથે લઈ ગયા. કહ્યું : 'એક ખાસ બાબત માટે મારે એકલાએ જ શ્રી નરેન્દ્રભાઈને મળવાનું છે. મારી વાત પૂરી થયા પછી હું તારો ઉલ્લેખ કરીશ. તેઓ હા પાડશે તો તને મુલાકાતની તક મળશે. પછી તેઓ મુલાકાત માટે અંદર ગયા. થોડી વાર પછી તેમના માણસે મને નામ દઈ બોલાવી. મને મુલાકાત મળી તે જાણી હું ખૂબ જ રાજી થઈ અંદર ગઈ. તેમને પ્રણામ કર્યા. તેમણે થોડીક પૂછપરછ કરી. ગુરુજી ત્યાં બેઠેલા જ હતા. આગામી ચૂંટણીનાં સારાં પરિણામો માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી પછી અમે બહાર નીકળ્યાં.

આ અનુભવનો આનંદ મારા મન અને શરીરમાં એવો પ્રસરી ગયો કે વારેવારે તેનાં જ ચિત્રો મારા મનમાં આવવા લાગ્યાં. ઘણા દિવસો સુધી તેની અસર રહી.

દરેક બાબતને હકારાત્મક રીતે લેવાની ગુરૂજીની વિચારશૈલી મને ખૂબ જ ગમી છે. પ્યાલો અડધો ખાલી છે, એમ નહીં, અડધો ભરેલો છે. એવા Positive અર્થને લઈને ચાલનારા એ માણસ છે. એક વાર અમારી સંસ્થા માટે એક વસ્તુની ખરીદીનું બીલ હું લઈ આવી હતી. બીલ મારી પાસે હતું. ઘરમાં મારા ટેબલ ઉપર મૂકેલું હતું. મારો નાનો દીકરો ટેબલ પર ચડ્યો અને બૉલપૅનથી બીલ ઉપર લીટા કરવા માંડ્યો. મેં જોયું તો તેણે બીલ બગાડી નાખ્યું હતું. મને થયું આ મારી બેકાળજી ગણાશે. મેં ગુરુજીને ફોન ઉપર આ વાત જણાવી અને બીજું નવું બીલ લઈ આવીશ એમ કહ્યું. એટલે તેઓ બોલ્યા : 'એ તો થશે, તેની કાંઈ ઉતાવળ નથી પણ તારા બાબલાએ આજથી આ રીતે લખવાની શરૂઆત કરી દીધી !' અમારા આઈ.એ.ઍસ. ના રીડિંગરૂમમાં અમે પૃથ્વીનો ગોળો વિદ્યાર્થીઓ માટે રાખીએ છીએ. વિદ્યાર્થીઓ તેનો ઉપયોગ કરતા હોય છે અને કોઈકવાર ધરી ઉપર ગોળ ગોળ ફેરવતા પણ હોય છે. એક વાર આમ ફેરવતાં એક વિદ્યાર્થીના હાથમાંથી ગોળો નીચે પડી ગયો અને ફૂટી ગયો. વિદ્યાર્થી ગભરાતો ગભરાતો ગુરુજીને કહેવા આવ્યો : બોલ્યો 'ગોળો મારા હાથમાંથી પડી ગયો અને ફૂટી ગયો' ગુરૂજીએ કહ્યું : કંઈ નહીં, એ વાતને ભૂલી જા. બીજો નવો લાવી દઈશું.' ત્યારબાદ અમે એ ગોળાનાં કાચલાં જોયાં. તેઓ બોલ્યા : 'આપણે આ કાચલાં નાખી નથી દેવાં. તેમાંથી 'બેસ્ટ ફ્રોમ વેસ્ટ' જેવું કંઈક બનાવીશું. દિવસો સુધી એ કાચલાં પડી રહ્યાં. નવો ગોળો પણ આવી ગયો. ત્યારબાદ એક દિવસ મને સમય મળ્યો એટલે એ કાચલાં સામસામાં ગોઠવી, સેલોટૅપથી એ ગોળાને મેં આખો બનાવી દીધો. આ જોઈ ગુરુજી ખૂબ રાજી થયા. બોલ્યા, 'અંજના તારામાં સર્જનાત્મકતા આવી ખરી !' ત્યારબાદ એ ગોળા ઉપર કાગળોના ટૂકડા ચોંટાડી તેને દોરીથી ઝુમ્મરની જેમ લટકાવવાનો નિર્ણય અમે કર્યો.

એક વખત સ્કૂટરને સ્ટૅન્ડ ઉપર ચડાવતાં તેમના પગની નસ ખેંચાઈ ગઈ અને લગભગ ૧ મહિનો આરામ પર રહેવું પડ્યું. આ સમય દરમિયાન તેમણે અંગ્રેજી ન્યૂઝ પેપર વાંચી તેમાંથી અઘરા શબ્દોના અર્થ ડીક્ષનેરીમાંથી શોધી

નોટબુકમાં ઉતારવાની શરૂઆત કરી દીધી. આ એક મહિના દરમિયાન લગભગ હજારેક જેટલા નવા શબ્દો, તેનો અર્થ અને વાક્યમાં તેનો પ્રયોગ, ઈત્યાદિ સામગ્રીનો એક મોટો સંગ્રહ તૈયાર થઈ ગયો. આ અંગે વાત કરતાં તેમણે કહ્યું : 'અંજના, આ પગની નસે તો મારું અંગ્રેજીનું જ્ઞાન ખૂબ જ વધારી દીધું. બેવડો લાભ કરાવ્યો. આરામ પણ આપ્યો અને જ્ઞાનવૃધ્ધિ પણ કરાવી ! ખરેખર, કેટલીક મુશ્કેલીઓ છૂપા આશીર્વાદ સમાન નીવડતી હોય છે. આ પગને તેનું ઉદાહરણ ગણી શકાય'. આ સમય દરમિયાન ઘરમાં આરામ ઉપર હતા, પણ મન તો ઑફિસના કામકાજમાં જ રહ્યા કરે. ઑફિસના કામનો બધો જ અહેવાલ રોજરોજ મારી પાસેથી મેળવે પછી જ તેમને સંતોષ થાય. હજી પંદરેક દિવસ આરામ કરવો પડે તેવી સ્થિતિ હોવા છતાં ઑફિસે આવવાનો નિર્ણય તેમણે લઈ લીધો. અમે બધાએ ના પાડી પણ માન્યા નહીં. બોલ્યા : 'ઘરમાં પગ લાંબો કરીને બેસું છું અને વાંચવા લખવાનું, વિચારવાનું કામકાજ કરું છું તે રીતે ઑફિસમાં પણ કરીશ, પછી ઘરનું ઓશીકું, ગાદી વગેરે વસ્તુઓ ઑફિસમાં લાવ્યા અને સોફા ઉપર આરામની સ્થિતિમાં રહી કામકાજ શરૂ કરી દીધું. તેમને વાહન દ્વારા લાવવા લઈ જવાની વ્યવસ્થા અમે કરી.

## વ્યવહારુ ફિલસૂફી ભરી વાતો

ફિલસૂફી ભરી વાતો તેમની પાસેથી સાંભળવાના ઘણા પ્રસંગો મને સાંપડ્યા છે. શરીરના આરોગ્યની વાત એક વાર નીકળી ત્યારે બોલ્યા : 'જેનું મન સાજું તેનું તન સાજું' શરીરની તંદુરસ્તીનો ઘણો બધો આધાર મનની સ્થિતિ ઉપર હોય છે. અનુભવીઓ કહે છે કે શરીરને સાજું કરતા પહેલાં મનને સાજું કરો,' પછી પોતાનો દાખલો આપતાં બોલ્યા : 'અંજના, ગાંધીનગરમાં હું છેલ્લા ૨૦ વર્ષથી રહું છું. એક પણ દિવસ બીમાર પડ્યો નથી. કોઈકવાર સાધારણ શરદી થાય. દવાનો ડોઝ લેતાં જ સારું થઈ જાય છે. મારા આરોગ્યનું રહસ્ય મારા મનમાં રહેલું છે. મારું મન હંમેશાં શાંત અને પ્રસન્ન રહે છે અને તેથી જ શરીર સારું રહે છે. હું બોલી : 'સર,

મનદુઃખના નાના મોટા બનાવો તો દરેકના જીવનમાં બનતા હોય છે. તેવા સમયે તમારું મન ડહોળાતું નથી ?' એટલે બોલ્યા : 'શાંત સરોવરમાં કાંકરી પડે એટલે વલયો ઉત્પન્ન થાય, પછી થોડીક જ ક્ષણોમાં એ વલયો શમી જાય છે. મારા મનનાં વલયો પણ તરત શમી જાય છે. પછી કહે : 'મારા મનને મેં કેળવ્યું છે. જેમ નાના બાળકને કેળવીએ તેમ. મન નાજુક પણ છે અને મજબૂત પણ છે. નાના બાળકને સમજાવીએ, ફોસલાવીએ એટલે માની જાય. તેમ મનને પણ બાળકની જેમ સમજાવી શકાય છે. તું એ પ્રમાણે કરી જોજે. તને પણ અનુભવ થશે.' તેમના કહ્યા પ્રમાણે મારા મનને મેં આ રીતે જ કેળવીને મજબૂત બનાવ્યું છે. તેઓશ્રીના ગૃહજીવન વિશે એક વાર મેં તેમને પૂછેલું : 'બા (તેમનાં ધર્મપત્ની) વિશે આપનો શો અભિપ્રાય છે ?' તેઓ બોલ્યા : 'ઘર એ જ મંદિર. ઘરનું કામકાજ એ જ એમનો કર્મયોગ. સહુની કાળજી અને ચિંતા એ જ એમનું ચિંતન. અમારું ઘર બારેમાસ ખુલ્લું રહે છે તે તેમના લીધે જ. તેમની આવી નિષ્ઠાથી અમે બહારનાં કામો ખૂબ સારી રીતે કરી શકીએ છીએ.'

આરોગ્ય સંબંધી તેમની કેટલીક વાતો આનંદદાયક બની રહેતી. તેઓ ઘણી વાર કહેતા, 'અંજના' કંઈક સામાન્ય થાય તો એકદમ ડૉકટર પાસે દોડી જવું નહીં. થોડીક ધીરજ રાખવી.'

એક વાર તેમને કમરના પાછલા ભાગમાં ચસકો પડેલો તેની વાત કરતાં કહે : 'અંજના, કમરના પાછલા ભાગમાં આજથી દશેક દિવસ પહેલાં ચસકો પડ્યો હતો. બેસતાં, ઉઠતાં, વેદના થતી હતી. હું જોયા કરતો હતો કે આ મહેમાન કેટલા દિવસ રહેવા માગે છે. સારી રસોઈ જમાડું તો તો જાય જ નહીં પણ મેં તો તેને આવકાર તો શું, પાણી પણ ન આપ્યું. થાકીને બિચારો અઠવાડિયું રહી ચાલ્યો ગયો!'

પછી કહે : 'આવા મહેમાનોને તો દવા એ જ મિષ્ટાન્ન. તમે રોજ મિષ્ટાન્ન જમાડો, પછી શેના જાય ?'

સારા આરોગ્યની ત્રણ નિશાનીઓ એક વાર તેમણે ગણાવી. 'ભૂખ લાગતી હોય, ખાધેલું પચી જતું હોય અને ઊંઘ આવતી હોય તો સમજવું કે તમારું આરોગ્ય સારું છે. કયાંય ટેસ્ટ કરાવવાની જરૂર જ નહીં. હું તો ટેસ્ટ કરાવતો જ નથી. ભલેને હમણાં જ ઉપડી જાઉં ! મારું શું હતું, ને શું ગયું !'

જ્ઞાન અને આચરણની વાત નીકળી એટલે કહે, 'ગ્રંથોના ગ્રંથો વાંચો, પણ જેટલું અમલમાં ઊતરે એટલું જ તમારું થયું. બીજું બધું હવામાં ઊડયું !' પછી ખોરાકનો દાખલો આપતાં બોલ્યાં : તમે દોઢ કિલો જેટલું જમ્યા પણ ૨૫૦ ગ્રામ જેટલું જ પચે તો ૨૫૦ ગ્રામ તમારું થયું, બાકીનું નકામું ગયું. એના જેવું જ જ્ઞાનનું પણ છે. આચરણમાં ન ઊતરે તો અહંકારમાં પરિણમે અને ભારરૂપ બને.'

એક વાર ભગવાન, જીવસૃષ્ટિ, જગત વગેરેની વાત નીકળી એટલે બોલ્યા : 'ભગવાન જ આ સૃષ્ટિ સ્વરૂપે પ્રગટ્યો છે. સિંહ પણ એ છે ને હરણ પણ એ છે, સિંહની તરાપ પણ એ છે ને હરણનો તરફડાટ પણ એ છે, સિંહનો સ્વાદ પણ એ છે ને હરણની મરણચીસ પણ એ છે. આમાં આપણે કયાંય છીએ જ નહીં. જે છે તે એ જ છે.' મેં પૂછ્યું :'તો આપણે જુદાપણું કેમ અનુભવીએ છીએ ?' એટલે બોલ્યા : 'કેરીનો ગોટલો આંબાથી જુદાપણું અનુભવે છે ?' મેં કહ્યું : 'હા'. એટલે બોલ્યા : 'બસ, ત્યારે. આ પણ એવું જ છે. આંબો જૂનાગઢમાં છે અને કેરીનો ગોટલો ગાંધીનગરમાં પડ્યો છે. ભૌતિક અંતર છે, પણ અંતઃ તત્ત્વ એક છે. આંબો જ ગોટલા સ્વરૂપે પણ છે. ગોટલામાં આંબો સંતાયેલો છે. એટલે તો ગોટલામાંથી આંબો થાય છે ને !'

આવી જ એક બીજી વાત નીકળી એટલે બોલ્યા : 'મન, આત્મા અને પરમાત્માના સંબંધને સમજવો હોય તો નાળિયેરને સમજી લો. નાળિયેરનાં છોડાં એ મન છે અને કોપરું એ પરમાત્મા છે. મન ચોખ્ખું થાય તો આત્મા બહાર આવે અને પછી તેની અંદર રહેલો પરમાત્મા પણ અનુભવાય. સ્વસ્વરૂપને પામેલા જ્ઞાનીઓ આવા હોય છે.'

એક વાર ગુજરાતના સુપ્રસિદ્ધ અંબાજીના મંદિરમાં ચોરી થયેલી. છાપામાં ઘણું બધું આવેલું. મેં ગુરુજીને પૂછયું : 'માતાજી હાજરા હજૂર છે એમ કહેવાય છે તો ચોરી કેમ થઈ ?' એટલે હળવાશ ભરી રીતે બોલ્યા. 'માતાજીને તો બધાય દીકરા સરખા. ચોર હોય કે મોર હોય. પેલો વધારે ભૂખ્યો હશે એટલે કરવા દીધી હશે. દીકરાનું રક્ષણ ન કરે તો મા શેની ? કહ્યું નથી ? મા તે મા, બીજા બધા વગડાના વા.'

ગુરુજી એક સારા પત્રકાર પણ છે. મમતા I.A.S. ના અમારા I.A.S.ના સમાચાર દરેક સમાચાર પત્રમાં આવે તે માટે ગુરુજી પ્રેસનોટ જાતે તૈયાર કરતા,પછી મને વંચાવતા. તેઓ પ્રેસનોટ એકદમ ટૂંકી, સચોટ તથા તમામ રૂપરેખા આવી જાય તે રીતે તૈયાર કરતા. એક દિવસ મેં સાહેબને પૂછ્યું, 'સાહેબ, આપણા મમતા I.A.S.ના બધા સમાચારો છાપામાં છપાય છે તેનું કારણ શું ? અમુક સંસ્થાના સમાચારો છાપામાં આવતા નથી, ત્યારે ગુરુજી બોલ્યા કે, ''હું જે પ્રેસનોટ તૈયાર કરું છું તે પત્રકારની પદ્ધતિને ધ્યાનમાં રાખીને ટૂંકાણમાં બધું આવી જાય એ રીતે તૈયાર કરું છું એટલે સંપાદકને સીધે સીધું છાપવાનું જ રહે. તેને ટૂંકુ કરવાની કે ઍડિટ કરવાની જરૂર રહે નહીં.'

ગુરુજી નોકરી, વ્યવસાય અને ડિગ્રીના સંબંધમાં માનવાવાળા છે. જેમ સમય બદલાય છે તેમ અભ્યાસક્રમોમાં પરિવર્તનો થતાં રહેવાં જોઈએ એવી તેમની માન્યતા છે. એકવાર તેમણે મને કહ્યું, 'અંજના, હોંશિયાર વિદ્યાર્થીઓ વિજ્ઞાનના વિષયો રાખે છે તેનું કારણ તેનું બજાર મૂલ્ય છે. બીજા ક્રમે કોમર્સ અને ત્રીજા ક્રમે આર્ટ્સ આવે છે. જેમ બજાર મૂલ્ય ઓછું તેમ ગ્રાહક ઓછા. આર્ટ્સ એટલે લોકલ ટ્રેન.

પછી વાસ્તવિક પરિસ્થિતિ સમજાવતાં કહે,'અંજના, આર્ટ્સ કૉલેજોને તેજસ્વી વિદ્યાર્થીઓ મળતા નથી તેનું કારણ તેના અભ્યાસક્રમોની રૂઢિચુસ્તતા

અને પછાતપણું છે. આજે આર્ટ્સનો વિદ્યાર્થી ભટકે છે તેનું કારણ તેને જે ભણાવાયું છે તેનો સમાજને ઝાઝો ઉપયોગ રહ્યો નથી તે છે.'

જો સમાજોપયોગી પરિવર્તનો સમયે સમયે કરવામાં આવે તો આર્ટ્સ કૉલેજોને પણ હોંશિયાર વિદ્યાર્થીઓ મળે અને તેમનું તેજ વધે. પણ આમ નથી થતું તેનું કારણ પરિવર્તનનો અભાવ છે. કદાચ આખું વહાણ એકી સાથે ડૂબે.'

વૃદ્ધાવસ્થામાં સુખ અને શાંતિથી જીવવું હોય તો શું કરવું જોઈએ તે વિશે જણાવતાં કહે : 'અંજના, હવે અમે વૃદ્ધાવસ્થામાં પ્રવેશ્યાં છીએ. યુવાનીમાં માણસ દુઃખ સહન કરી શકે, પણ વૃદ્ધાવસ્થામાં તો શાંતિ જોઈએ અને શાંતિ પણ સ્વમાનપૂર્વકની જોઈએ. આ માટે અમે બંને એકબીજાનો સહારો બન્યાં છીએ. અને આ રીતે અમે અમારી વૃદ્ધાવસ્થાને શાંતિમય બનાવી છે.' વળી કહે, 'અંજના, વૃદ્ધાવસ્થામાં માતા-પિતા દીકરાના આશ્રયે રહે એટલે લાચારી આવે જ. આમાંથી અમે બચ્યાં છીએ.' મેં પૂછ્યું : 'કઈ રીતે ?' એટલે કહે : 'અમે દીકરાની સાથે રહેતાં નથી, દીકરો અમારી સાથે રહે છે. એવી વ્યવસ્થા અમે જાળવી રાખી છે. અને આમાં જ આનું રહસ્ય સમાયેલું છે.'

ગુરુજીનાં સેવાકાર્યોમાં છેલ્લે જે સેવાકાર્ય ઉમેરાયું તે ગાંધીનગરની ઝૂંપડપટ્ટીમાં રહેતાં શ્રમજીવીઓનાં બાળકોને અક્ષરજ્ઞાન-સંસ્કારજ્ઞાન આપવા શરૂ કરેલ 'અક્ષરજ્ઞાન' વર્ગનું છે. આ કામમાં તેઓએ મને સાથે રાખી છે અને કહ્યું છે કે, 'અંજના, તું જ્યારે જ્યારે આવે ત્યારે તારાં બાળકોને લઈને આવવું, જેથી તેમનામાં પણ સેવા ભાવનાના સંસ્કાર પડે.'

છેલ્લા ૨ વર્ષથી ગુરુજી આ વર્ગ નિયમિત રીતે ચલાવે છે. અને કેવળ 'સેવા'ની ભાવનાવાળા કેટલાક ભણાવવા વાળાઓને સાથે રાખ્યા છે. આની સ્પષ્ટતા કરતાં તેમણે મને જણાવેલું, 'અંજના, આવા વર્ગમાં પગારદાર શિક્ષક

રખાય જ નહીં. તે અનિયમિત થઈ જાય. તેને પગાર ઓછો પડે ને વર્ગ બંધ થઈ જાય. આમાં તો સેવાની ભાવનાવાળા હોય તે જ ટકે' અને આવી સેવાની ભાવનાવાળા અને ભણાવવાની આવડતવાળા 'શિક્ષકો'થી આ વર્ગ ટક્યો છે ને સારો ચાલી રહ્યો છે.

## ડાયરેક્ટર કાર્યક્ષેત્ર - કાર્યશૈલી

ગુરુજી કૅમ્પસ ડાયરૅક્ટર છે. નવેમ્બર ૧૯૯૮ થી નિવૃત્તિ પછીની માનદ્ સેવાઓ સંસ્થાને આપે છે. મેં તેમને એક વાર પૂછેલું : 'સર, તમારે કૅમ્પસ ડાયરૅક્ટર તરીકે શું કરવાનું ? તેઓ બોલ્યા : 'મદદ અને દેખરેખ' પછી કહે 'મારે કામનું બંધન ખરું, પણ સમયનું બંધન નહીં, છતાં મેં મારો સમય સુનિશ્ચિત કરી દીધો છે. સવારે ૮:૩૦ થી ૧૨:૩૦ અને સાંજે ૬ વાગ્યાના આસપાસ એકાદ કલાક. આ ઉપરાંત જ્યારે પણ સંસ્થાનું કામ હોય ત્યારે આવી જ જવાનું. આ તો સર્વ વિદ્યાલય છે. ગમે ત્યારે ગમે તે કામ આવી પડે. તૈયાર જ રહેવાનું.'

પછી કહે,'મારે તમામ સંસ્થાઓના આચાર્યશ્રીઓ સાથે સંપર્કમાં રહેવાનું. દરેક સંસ્થાના મહત્ત્વના કાર્યક્રમોમાં જવાનું. આચાર્યશ્રીઓને તેમના કામમાં સહાયક થવાનું. સાહેબગીરી નહીં કરવાની. મોટાઈ નહીં બતાવવાની. કાર્ય પદ્ધતિ બતાવવાની કે સમજાવવાની ખરી. આ રીતે બસ, મદદરૂપ થવાનું. હૉસ્ટેલોમાં જવાનું. ત્યાં પણ આ જ પદ્ધતિ. આચાર્યશ્રીઓને કામની સ્વતંત્રતા હોય તો કામ સારું થાય. સંચાલક મંડળના મોટા કાર્યક્રમો હોય તો તેમાં એનાઉન્સીંગની અને અન્ય કેટલીક જવાબદારીઓ સંભાળવાની. સંચાલક મંડળ અને શિક્ષણ સંસ્થા વચ્ચે કડીરૂપ બનવાનું.'

અમારી સંસ્થામાં કાર્યક્રમો ઘણા થાય અને તેના ફોટા પણ પડે. સ્ટુડિયોવાળા ફોટાનું આલ્બમ બનાવીને આપે. તેમાં ફોટાને બૉર્ડર ન હોય. બૉર્ડર વિનાનો ફોટો તેમને ગમે જ નહીં. કહે, 'અંજના ઉતાવળે શાક સમારે, તેમ કાપીને આપી દીધા છે. આપણા દેશમાં વર્ક મૅનેજમૅન્ટ કે કવૉલિટી કે ઍસ્થેટિક સૅન્સ છે જ નહીં. સારો ચિત્રકાર હોય તે જ સારો ફોટોગ્રાફર બની

શકે. બીજાનું કામ નહીં. અહીં તો કોઈ પણ માણસ ફોટોગ્રાફર બની જાય છે.' પછી તેમણે કાળી બૉર્ડરનો નિયમ કરાવી દીધો. બૉર્ડર બાંધવાથી ફોટા ઉઠાવદાર લાગવા માંડ્યા. કોઈ ફોટામાં કંઈક ખામી કે એવું કંઈક હોય તો જાતે સ્ટુડિયોમાં જઈ, કૉમ્પ્યુટર પાસે બેસી, ફોટામાં બ્રશીંગ, સ્વીપીંગ કે ઍડિટીંગ કરાવી આકર્ષક અને ઉઠાવદાર બનાવડાવે. કાર્યક્રમના ફોટા પાડવાના હોય ત્યારે આગલા દિવસે તેની સીચ્યુએશન તૈયાર કરાવી દે. પછી ફોટોગ્રાફરને બધી વાત તથા ઍંગલ બરાબર સમજાવી દે. પછી ફોટા પડે. અમારા આઈ.એ.ઍસ. ના ફોટા અન્ય સંસ્થાઓના ફોટાથી જુદા પડી જાય છે. તેનું રહસ્ય ગુરુજીની આવી ઝીણી ઝીણી કાળજીમાં રહેલું છે.

ગુરુજી સ્વચ્છતાના આગ્રહી છે. આઈ.એ.ઍસ. ટ્રેઈનિંગ સૅન્ટરમાં તે દેખાઈ આવે છે, કારણ કે સ્વીપર ઉપર તેમની સીધી દેખરેખ છે અને તેમના મનમાં સ્વચ્છતા એટલે કેવી ? તેનો નકશો તૈયાર જ હોય છે. આખા કૅમ્પસની સ્વચ્છતાની જવાબદારી પણ તેઓ જ સંભાળે છે. પરંતુ કૅમ્પસની સ્વચ્છતાથી તેમને જરાય સંતોષ નથી, મેં પૂછ્યું : 'કેમ આમ ?'

એટલે બોલ્યા : 'જો અંજના, અન્ય સંસ્થાઓના સ્વીપરો ઉપર મારી સીધી દેખરેખ નથી. મારે તો પ્રિન્સિપાલોને કહેવાનું. હવે પ્રિન્સિપાલના મનમાં સ્વચ્છતાનો કોઈ નકશો જ બંધાયો ન હોય તો કેવું કામ થાય ? પ્રિન્સિપાલ કોઈ શિક્ષક/પ્રૉફેસરને આ કામ સોંપે, શિક્ષક કલાર્કને અને કલાર્ક પટાવાળાને અને પટાવાળાએ સ્વીપરને કહેવાનું. આમ એકેક લેવલ ઉતરતું જાય અને કોઈ સ્તરે નકશો તો હોય જ નહીં, પછી કામ થાય ખરું કે ? પણ જ્યાં પ્રિન્સિપાલો જાગૃત છે ત્યાં સ્વચ્છતા અને સુવ્યવસ્થા દેખાઈ આવે છે.'

ત્યાર પછી થોડીક ફિલસૂફી ભરી વાતો કરતાં કહે, સ્વીપરો પણ તદ્દન અનટ્રેઈન્ડ. વળી નઠોર અને કામચોર પણ ખરા.....

પછી કહે : 'તેમને નઠોર અને કામચોર બનાવનારા આપણે જ છીએ. સ્વીપર બિચારો સાફ કરીને જાય કે પાછળ તરત જ ધડાધડ કચરો પાડવા માંડીએ. ચોખ્ખી જગાને ગંદી તો આપણે કરીએ છીએ. અને વાંક સ્વીપરનો

કાઢીએ છીએ ! પેલો કેટલીવાર સાફ કરે ? અને તેનો કોઈ સિરપાવ નહીં, ઊલટું તેને લડવામાં જ આપણે હોંશિયારી બતાવવાની. પછી પેલો નઠોર થાય તો તેનું પાપ આપણા માથે જ આવે, હોં, કે ?'

પછી તેનો ઉકેલ શોધતા હોય તેમ બોલ્યા : 'જો અંજના, ખરેખર સ્વચ્છતા ઊભી કરવી હોય તો કોઈ કચરો નાખે જ નહીં તેવી વ્યવસ્થા સૌ પહેલાં ઊભી કરવી પડે. અમેરિકાની સ્વચ્છતા જોઈને આપણે વખાણ કરવા માંડીએ છીએ. પણ તેનું રહસ્ય શેમાં છે તે ખબર છે ? ત્યાં કોઈ કચરો નાખનાર હોતું જ નથી. કચરો ગાર્બેજમાં જ નંખાય. અને સ્વીપરો ગાર્બેજ ઉપાડી જાય. અહીં તો ગાર્બેજ જ ઉપડી જાય એવી સ્થિતિ છે. પછી કયાંથી સ્વચ્છતા થાય ? આ એક એવો દેશ છે કે જ્યાં ભિખારીઓની ગોદડીઓ પણ ચોરાય છે !'

પછી ઉકેલની દિશામાં બોલતાં જણાવ્યું. 'બાલમંદિરથી જ આ ટેવ પાડવી પડે. ઘરમાં અને શાળામાં બંને સ્થળે બાળકને સ્વચ્છતાનું શિક્ષણ અપાય તો જ સુધારો થાય. તું તારા છોકરાને અત્યારથી જ ટેવ પાડજે. શાળામાં બાળકને નાગરિકશાસ્ત્ર ભણાવાય છે. પણ નાગરિક ધર્મ ભણાવાતો નથી. રાષ્ટ્રપતિની ફરજો ભણાવાય છે પણ તેની પોતાની ફરજો ભણાવાતી નથી. પછી કયાંથી સારો નાગરિક પાકે! '

પછી સૂત્ર તારવતા હોય તેમ બોલ્યા : 'આપણા દેશમાં નેતાઓ ઘણા છે પણ નાગરિક કયાંય દેખાતો નથી.'

ગુરુજી ઉમા કૉલેજમાં પ્રિન્સિપાલ હતા તે સમયનાં સુખદ સંસ્મરણોની વાતોના ખજાનામાંથી કેટલીક વાતો અવાર-નવાર મને સંભળાવતા, તેમાંથી ત્રણ બાબતો ખાસ આગળ તરી આવે છે (૧) પ્રૉફેસરો સાથેના સ્નેહાળ સંબંધો (૨) વિદ્યાર્થિનીઓ પ્રત્યેનો અપાર વાત્સલ્યભાવ અને (૩) કાબેલ વહીવટી વ્યવસ્થા. એ બધી વાતોને અહીં સ્થાન આપી શકાય તેમ નથી. કારણ કે શિક્ષણના અનુભવોનું તો એક સ્વતંત્ર પુસ્તક 'શિક્ષણસુધા' નામે તેમણે જ બહાર પાડયું છે. આચાર્યશ્રી તરીકેના તેમના વ્યક્તિત્વને સમજવા એ પુસ્તક

જ વાંચવું રહ્યું, પણ નિવૃત્તિ પછીના તરતના કોઈક અંકમાં તેમણે લખેલું એક વાક્ય પ્રિન્સિપાલ તરીકેના તેમના સાડા સાત વર્ષોના નિચોડ જેવું છે. તેમણે લખ્યું છે... 'મારી કૉલેજનું સર્જનાત્મક સંચાલન કરતાં કરતાં સમય ક્યાં વહી ગયો તે ખબર પણ ન પડી અને નિવૃત્તિનો સમય આવી પહોંચ્યો ત્યારે મેં આનંદસમાધિ તૂટ્યાનો આંચકો અનુભવ્યો.'

**ગુરુ ગોવિંદ દોનોં ખડે, કાકો લાગું પાય,**
**બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયો બતાય.**

*"જેનું મન સાજું, તેનું તન સાજું"*

## ૨ ઋણાનુબંધ



**ઈશ્વરભાઈ ઍમ. ભાવસાર**
(નિવૃત્ત) ચૅરમૅન, ગુજરાત જાહેર સેવા આયોગ
(નિવૃત્ત) ચીફ ઍન્જિનિયર, ઉત્તર ગુજરાત વીજ કંપની લિ., મહેસાણા, જી.ઈ.બી.
ચૅરમૅન, ગુજરાત ઍનર્જી ડૅવલપમૅન્ટ એજન્સી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

સોમભાઈ સાહેબના વ્યક્તિત્વ વિશે વિચાર કરું છું ત્યારે મને સમજાતું નથી કે શું લખવું, કેવી રીતે લખવું. લખવું એ મારો વિષય જ નથી. મેં જિંદગીમાં કોઈ લખાણો લખ્યાં નથી. પણ સોમભાઈ સાહેબનું નામ આવે એટલે લાગણીઓ ઉભરાઈ જાય છે. હજારો વિદ્યાર્થીઓ તેમની પાસે ભણી ગયા. તેમાં તેઓએ મને સૌથી ઉંચા સ્થાને મૂક્યો છે. કેમ મૂક્યો એ હું કહી શકતો નથી. આજે પણ નહીં. અને આજથી ૫૪ વરસ પહેલાં હું તેમનો નવમા ધોરણનો વિદ્યાર્થી હતો ત્યારે તેમના પ્રત્યે જે આકર્ષણ અનુભવતો હતો તે અનુભવને ક્યારે ય શબ્દોમાં મૂકી શક્યો નથી. અમારી વચ્ચે પત્ર વ્યવહાર ચાલેલો છે. એક પત્રમાં મેં તેમને લખેલું કે 'સાહેબ, આપણી વચ્ચે ગયા જનમનો કોઈ સંબંધ હોય તેમ લાગે છે. કારણ કે આ જનમમાં આટલો બધો સંબંધ બંધાવા માટે કોઈ કારણો દેખાતાં નથી. નાનું બાળક માતાને જોઈ હરખાય તેમ હું તેમને જોઈ હરખાતો. અમે મિત્રો, સોમભાઈ સાહેબને દૂરથી જોઈએ એટલે તેમના તરફ દોડીએ તેઓ અમને બાથમાં લઈ લે. અમારા અરસપરસ પરિચયના હજી તો ૬ મહિના જ થયેલા ત્યાં આવો ભાવ અનુભવતા. આ ભાવને બતાવવા માટે કૃષ્ણ અને ગોકુળવાસીઓના સંબંધનું દૃષ્ટાંત આપવું પડે. તેનાથી ઓછું કોઈ દૃષ્ટાંત ચાલે નહીં.

શ્રી સોમભાઈ સાહેબ વડનગરની અમારી બી. ઍન. હાઈસ્કૂલમાં નવા શિક્ષક તરીકે આવ્યા અને થોડાક જ દિવસોમાં બધા વિદ્યાર્થીના દિલ-દિમાગ ઉપર છવાઈ ગયા. તેઓ જુદી જાતના શિક્ષક હતા. આવા શિક્ષક અગાઉ અમે જોયા ન હતા. તેમની આંખો અમને પ્રેમથી નવડાવી દેતી, તેમની વાણીમાં કંઈક એવી શક્તિ હતી કે તેઓ જે કહે તે કરવા અમે ઘેલા થઈ જતા. તેમની ભણાવવાની પદ્ધતિ અમને રસમાં તરબોળ કરી દેતી. રામાયણના લક્ષ્મણની પત્ની ઊર્મિલા વિશેનું એક કાવ્ય તેઓ અમને ભણાવતા અને પછી ગાતા તથા અમને ગવડાવતા. ઊર્મિલાની વિરહવેદના આ કાવ્યમાં હતી તે સાહેબના અવાજમાંથી નીકળી અમારા હૃદયને સ્પર્શતી  ત્યારે અમારી આંખો આંસુથી ઉભરાઈ જતી હતી. આ કાવ્ય મારા મનમાં એવું ચોંટી ગયું છે કે આજે ૫૪ વર્ષ વીતી ગયાં છતાં સોમભાઈ સાહેબ ઊર્મિલા કાવ્ય ગાતા હોય અને અમે રડતા હોઈએ એવું ચિત્ર અત્યારે પણ દેખાય છે. ને હું નાનો બાળક બની જાઉં છું.

અમે ખૂબ ભણીએ, આગળ વધીએ એવી જાતજાતની વાતો સાહેબ અમને કહેતા. ખાસ તો દેશભક્તિના પ્રસંગો, દેશ માટે બલિદાન આપ્યું હોય, યાતનાઓ સહન કરી હોય એવા ભગતસિંહ, સાવરકર, ચંદ્રશેખર આઝાદ વગેરે જેવા શહીદોની વાતો સાહેબ અમને કહેતા. અમને થતું અમે પણ આવા દેશભક્ત થઈએ તો કેવું સારું ! અને એ તક સાહેબે સામે ચાલીને અમને ઊભી કરી આપી.

વડનગરમાં આર.ઍસ.ઍસ.ની શાખા સાહેબે ઈ.સ. ૧૯૬૧ની સાલમાં શરૂ કરી. તેમાં અમે વીસેક જેટલા વિદ્યાર્થીઓ જોડાયા. શાખામાં વિવિધ કસરતો કરીને અમારાં શરીર ખડતલ બન્યાં અને દેશભક્તિની વાતોથી અમારા મનને આપોઆપ જ રાષ્ટ્રીય કેળવણી મળી ગઈ.

૧૧ ધોરણમાં ઍસ.ઍસ.સી. પરીક્ષા કેન્દ્ર વડનગરમાં ન હતું. એટલે મેં વિસનગર કેન્દ્ર ભરેલું. વિસનગર સાહેબનું ઘર. પરીક્ષાના દિવસો દરમિયાન સાહેબે મને તેમના ઘેર રાખેલો.

ત્યાર પછી તેઓ મને અમદાવાદમાં આર.ઍસ.ઍસ.ના એક મહિનાના સંઘશિક્ષા વર્ગ (ઓ.ટી.સી.)માં લઈ ગયેલા. ત્યાં મને લશ્કરી તાલીમ મળી એટલું જ નહીં પણ દેશ માટે પ્રામાણિકતાથી અને નિષ્ઠાની કામ કરનાર નાગરિક તરીકે મારું ઘડતર ત્યાં થયું.

મને હમેશાં નવાઈ લાગી છે કે કોઈ જ કારણ નહીં ને સાહેબનો લગાવ મારા પ્રત્યે આટલો બધો કેમ છે ! ખરેખર, ગયા જનમનો કોઈ ઋણાનું બંધ જ હોવો જોઈએ.

સાહેબ સાથેના સંબંધમાં કદી જરા સરખી પણ ઓટ આવી નથી. તેઓ મારા લગ્નમાં અમદાવાદ આવ્યા હતા. બાદ મારા દીકરાના લગ્નમાં પણ આવ્યા, કેટલો લાંબો સંબંધ ! મારા દીકરાનું નામ તેમણે જ પાડેલું.

સોમભાઈ સાહેબની વાત મારા ઘરમાં નીકળે એટલે મારાં શ્રીમતી હસુમતીને નવાઈ જ લાગે અને તે બોલે પણ ખરાં : ‘તમારે તો સોમભાઈ સાહેબ એટલે કંઈ શું નું શું ય હશે !’

સોમભાઈ સાહેબે માત્ર દોઢ વરસમાં જ અમારી શાળા છોડી ત્યારે અમને ખૂબ આઘાત લાગી ગયો હતો. અમે ગમગીન ચહેરે અને રડતી આંખે તેમને રેલવે સ્ટેશન પર મૂકવા ગયા હતા. પાછા વળતાં મુકુંદ ઉપાધ્યાયને વધારે આઘાત લાગેલો. તેનું રડવું બંધ થાય જ નહીં. ખાવા-પીવાનું બંધ, તેના પિતાજીએ સોમભાઈ સાહેબને તાત્કાલિક પત્ર લખ્યો : ‘તમારા ગયા પછી મારો મુકુંદ રો રો કરે છે અને ખાતો નથી તમે જલદી આવો.’ શ્રી સોમભાઈ સાહેબ આવ્યા અને મુકુંદને આશ્વાસન આપ્યું, હિંમત આપી. માત્ર દોઢ વર્ષમાં એવું તે શું થઈ ગયું કે અમે તેમના વિના રહી શકીએ જ નહીં ! સોમભાઈ સાહેબના વ્યક્તિત્વ માટે મને શબ્દો જડતા નથી. પણ મેં જે લખ્યું છે તેના પરથી વાચકે સમજી લેવાનું છે.

વડનગર છોડ્યા પછી સોમભાઈ સાહેબ અને અમારી વચ્ચે સમયનું અંતર પડી ગયું. બે પાંચ વરસે ક્યારેક મળવાનું થાય. પણ ઋણાનુબંધ એમ જાય ખરો ? લગભગ ૫૦ વરસ પછી ગાંધીગરમાં અમે ભેગા થઈ ગયા !


તેઓ ગાંધીનગરની ઉમા કૉલેજના પ્રિન્સિપાલ પદેથી નિવૃત્ત થઈ ગાંધીનગરમાં જ રહેતા હતા, તો હું ગાંધીનગરના ઉદ્યોગભવનમાં ઍનર્જી વિભાગમાં ચૅરમૅન હતો. યોગાનુયોગ તો એવો જામ્યો કે વડનગરના તેમના વિદ્યાર્થીઓ એવા અમે સાત જણા ગાંધીનગરમાં ૪૫-૫૦ વરસ પછી ભેગા થઈ ગયા ! શ્રી મુકુંદ ઉપાધ્યાય જી.ઈ.બી.માં ઍડિશનલ ચીફ ઍન્જિનિયર પદ પર હતા. શ્રી અસગરઅલી વૉરા પણ જી.ઈ.બી.માં ઍક્ઝિક્યુટીવ પદ પર હતા. શ્રી મધુસૂદન (હાલ અમદાવાદ) પ્રાઈવેટ જૉબમાં ઉચ્ચ હોદ્દા પર છે. શ્રી મનુભાઈ મોદી આર.ઍસ.ઍસ.ના કાર્યકર્તા છે. શ્રીમતી પદ્‌માબહેન ગૃહિણી છે. અને શ્રી નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી છે. આવો સુયોગ ભાગ્યશાળી હોય તેને જ મળે. વળી સોમભાઈ સાહેબના જેવા જ અમારા એક અન્ય ગુરુજી શ્રી ગોરધનભાઈ પટેલ પણ અમને ગાંધીનગરમાં જ મળ્યા. તેમનાં પત્ની શ્રીમતી પદ્માબહેન અને હું ધોરણ ૯માં એક જ વર્ગમાં ભણેલાં અને સોમભાઈ સાહેબ અમારા વર્ગ શિક્ષક હતા.

મને લખવાની આદત નથી, જીવનમાં આ પહેલી વાર લખ્યું છે. વાચકોએ તેમાંથી સાર શોધી લેવો.

**તે हि नो दिवसाः गताः**

*“વિદ્વત્તા વાણીની કળા છે, માનવીય ગુણો તેનાથી અલગ જ છે.”*

## ૩ ગુરુ-શિષ્યનો સંબંધ



**મુકુંદભાઈ ઉપાધ્યાય**
(નિવૃત્ત) ઍડિશનલ ચીફ ઍન્જિનિયર,
જી.ઈ.બી., ગાંધીનગર.

અમે જ્યારે વડનગરની બી.ઍન. હાઈસ્કૂલમાં ભણતા હતા ત્યારે સોમભાઈ સાહેબ ત્યાં શિક્ષક તરીકે જોડાયા. તેઓ શિક્ષક તરીકે તો વડનગરમાં દોઢ જ વર્ષ રહ્યા. પણ તેમની સાથેનો અમારો બધાનો ગુરુ શિષ્યનો સંબંધ એટલો ગાઢ બની ગયો કે તે ક્યારે ય ભૂલી શકાય નહિ. અમારા ગુરુ શિષ્યના સંબંધો અત્યારે આટલી ઉંમરે પણ સારા છે. વડનગરમાં આર.ઍસ.ઍસ.ની શાખા સાહેબે ચાલુ કરેલી અને અમે બધા તેમાં જોડાયા ત્યારે અમારી સાથે જે વિદ્યાર્થીઓ હતા તેમાંના ઘણા એવા વિદ્યાર્થીઓ અત્યારે ટૉપ ઉપર છે. જેમાં આપણા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, આઈ. ભાવસાર, અસગરઅલી વોરા, પરેશભાઈ એ બધા અમારી સાથે હતા. આર.ઍસ.ઍસ.ની શાખામાં અમને સોમભાઈ સાહેબ દેશભક્તિની ભાવના, દેશ માટે બલિદાન વગેરેની વાતો કહેતા. એટલે કે ટૂંકમાં અમારું ઘડતર એક સારા નાગરિક તરીકેનું થયું.


બી.ઍન. હાઈસ્કૂલમાંથી છૂટ્યા પછી સાંજે ઘેર જઈને અમારે પાછા આર.ઍસ.ઍસ.ની શાખામાં જવાનું થાય. ઘરથી આર.ઍસ.ઍસ.ની શાખા બે કિલોમીટર થાય પણ અમે પાછા દોડતા ત્યાં પહોંચી જતા. આર.ઍસ.ઍસ.ની શાખાનું સ્થળ 'વિષ્ણુપુરી તળાવના કિનારે'. આ તળાવના કિનારે એક સારા નાગરિક તરીકે અમારું ઘડતર થયેલું છે. અમે

રાત્રે ઊંઘવા સિવાયનો બધો સમય સોમભાઈ સાહેબ પાસે વિતાવતા. તેઓ અમારી સાથે દોઢ વર્ષ જ રહ્યા અને પછી તેમણે અમારી શાળા છોડી. તેનો મને ખૂબ જ આઘાત લાગ્યો અને હું રડ્યા કરતો અને ખાતો ન હતો. પછી મારા પિતાજીએ સોમાભાઈ સાહેબને પત્ર લખ્યો કે, ‘સોમભાઈ, મારો દીકરો મુકુંદ તમારા ગયા પછી રો-રો કરે છે અને ખાતો નથી. તમે આવો.’ આ પત્ર મળ્યો કે તરત જ સોમભાઈ સાહેબ વડનગર મારા ઘરે આવ્યા. મને આશ્વાસન આપ્યું.

અમે સોમભાઈ પાસે શાળામાં ભણ્યા એ તો માત્ર બાહ્ય સ્વરૂપ જ હતું. સોમભાઈના ઘરે અમારું શિક્ષણ પ્રાચીન ગુરુકુળ જેવું બની ગયું હતું અને તેના લીધે જ અમારા વ્યક્તિત્વનું અદ્‌ભુત ઘડતર થયું.

*“જો જેલોને માનવસુધારા કેન્દ્રો તરીકે વિકસાવવામાં આવે તો સમાજ શુદ્ધ થાય અને ગુના ઓછા બને. હૉસ્પિટલમાં દાખલ થયેલો દર્દી સાજો થઈને ઘેર જાય છે, બરાબર તે રીતે જ જેલમાં પહોંચેલો ગુનેગાર ગુનાહિત માનસમાંથી મુક્ત બનીને ઘેર જવો જોઈએ. સમાજની તંદુરસ્તી માટે આ જરૂરી છે.”*

## ૪ ચુંબકીય વ્યક્તિત્વ



**અસગરઅલી વૉરા**
(નિવૃત્ત) ઍક્ઝિક્યુટિવ ઍન્જિનિયર,
જી.ઈ.બી., ગાંધીનગર.


સોમભાઈ સાહેબ વિશે લખવા માટે મારે વિચારવું પડે, શબ્દો શોધવા પડે તેવું તેમનું વ્યક્તિત્વ છે. આજથી ૫૦ વરસ પહેલાં ૧૯૬૧ની સાલમાં તેઓ વડનગરની અમારી બી.ઍન. હાઈસ્કૂલમાં નવા શિક્ષક તરીકે આવ્યા ત્યારે હું વિદ્યાર્થી હતો. પ્રથમ પરિચયમાં જ મારા હૃદયમાં તેઓ વસી ગયા. એ સ્થાન કાયમ રહ્યું. તેમની ભણાવવાની અનોખી રીત, બીજી વાતો, વગેરેની અસર અમને થતી, પછી તે કરતાં ય વધારે, કંઈક ન સમજાય તેવું તેમના વ્યક્તિત્વમાં હતું. તેની અસર અમને બધાને થતી હતી. લોખંડ લોહચુંબક તરફ આકર્ષાય તેમ અમે તેમના તરફ આકર્ષાતા હતા. આ કોઈ જુદા જ શિક્ષક છે એમ અમને લાગતું. એમનું એ બળ અમને ભણવામાં પ્રોત્સાહન આપતું હતું. તેમની વાતો સીધી, ટૂંકી અને સરળ હતી. પ્રામાણિકતા, સચ્ચાઈ અને નિખાલસતાથી ભરેલી હતી. અમે આજે કારકિર્દીના ઉંચા શિખરે પહોંચ્યા છીએ તે બધું અમારા આ ગુરુજીના પ્રતાપે જ છે.

દોઢ વર્ષ પછી જ્યારે તેઓએ અમારી શાળા છોડી ત્યારે અમને ઘણો જ આઘાત લાગેલો. જીવનમાંથી કંઈક જતું રહ્યું હોય એવું લાગેલું. વડનગરના રેલવે સ્ટેશને અમે તેઓને મૂકવા ગયેલા ત્યારે બધાની આંખો ભીની હતી. પછી તો વર્ષોનું અંતર પડી ગયું... સોમભાઈ સાહેબ વિશે, મિત્રો પાસેથી

અમને સમાચાર મળતા રહેતા. યોગાનુયોગે આટલા વર્ષોના અંતર પછી ગાંધીનગરમાં અમે મળ્યા. તેઓ ગાંધીનગરની ઉમા કૉલેજમાં પ્રિન્સિપાલ તરીકે આવ્યા હતા અને હું ગાંધીનગર જી.ઈ.બી. (પાવરસ્ટેશન)માં ઑફિસર હતો. સોમભાઈ સાહેબનું એ જ વ્યક્તિત્વ જે ૫૦ વર્ષ પહેલાં જોયેલું. ૨૦૧૧ની સાલમાં નૂતન વર્ષ નિમિત્તે હું તેઓના ઘેર ગયેલો, પછી તેઓ ઈદના દિવસે મારા ઘેર આવેલા ગાંધીનગરનું મારું ઘર મેં અંગત રસ લઈ, ઈજનેરી વિદ્યાના રહસ્યોનો ઉપયોગ કરીને બનાવેલું છે. તેની વાત નીકળતાં તેઓને તેમાં રસ પડ્યો અને તેમણે તે રહસ્યો જોવા-જાણવાની ઇચ્છા બતાવી, તેઓની ૭૪ વરસની ઉંમરે તેમનો આટલો રસ જોઈ મને નવાઈ લાગતી હતી. પૂરા ૧ કલાક સુધી તેઓએ મારા ઘરની તમામ ટૅકનિકલ બાબતો રસપૂર્વક જોઈ. પછી બોલ્યા : ‘અસગરઅલી, તમારું આ ઘર ‘હૅરિટેજ’માં મૂકવા જેવું ગણાય. તમે ઈજનેરી વિદ્યાના જ્ઞાનને ઉજાળ્યું છે.’ અમારો ગુરુ-શિષ્યનો આ સંબંધ મારા જીવનની મોંઘી મૂડી છે અને જ્યારે જ્યારે હું આ સંબંધને સંભારું છું ત્યારે તેનો સાત્વિક આનંદ મને તાજગી આપે છે.

*‘સંઘર્ષ નહીં, સમાધાન, બાંધછોડ’ એ નીતિ જ આગળ વધવા માટે ઉપયોગી છે. મનની શાંતિ પણ તેમાંથી જ આવે છે. સંઘર્ષથી શક્તિ, શાંતિનો હ્રાસ થાય છે.’’*

## ૫ દ્રષ્ટિવાન શિક્ષક



**રાસવિહારી મણિયાર**
ભૂતપૂર્વ પ્રિન્સિપાલ,
શ્રી બી. ઍન. હાઈસ્કૂલ,
વડનગર

શ્રી સોમભાઈએ શ્રી બી. ઍન. હાઈસ્કૂલ વડનગરમાં માત્ર દોઢ વરસ-જૂન ૧૯૬૧થી ઓકટોબર ૧૯૬૨ સુધી સેવા આપી. મેં શ્રી બી. ઍન. હાઈસ્કૂલ તા. ૧૭-૯-૧૯૬૫ના રોજ છોડી. આજે એ વાતને ૪૨ વર્ષ વીતી ગયાં. પરંતુ હું અત્યારે પણ આંખ મીચું તો શ્રી બી. ઍન. હાઈસ્કૂલ નજર સમક્ષ દશ્યમાન થાય છે. અને મેદાનમાં જૂના મકાનના છેડે શ્રી સોમભાઈ ઉભેલા દેખાય છે. મેદાનમાં સમૂહ કવાયત ચાલે છે અને તેનું સંચાલન શ્રી સોમભાઈએ તૈયાર કરેલો એક વિદ્યાર્થી સુંદર રીતે કરતો સંભળાય છે.

શાળામાં દર શનિવારે સમૂહ કવાયત પહેલા પિરિયડમાં લેવાય. સવારનો સમય હોય. વિદ્યાર્થીઓ વડનગરના તેમ જ આજુબાજુનાં અનેક ગામના આવતા. એક વખત સમૂહ કવાયત બરાબર ન થઈ.

મેં શ્રી સોમભાઈને કહ્યું કે તમે આર.ઍસ.ઍસ.માં વિદ્યાર્થી દ્વારા સમૂહ કવાયત લેવરાવો છો તે આવતા શનિવારે શાળાના મેદાનમાં લઈ બતાવો. અને તેમણે તે પ્રમાણે કરી બતાવ્યું. એ અનુપમ દશ્ય કાયમ માટે મનમાં અંકિત થઈ જળવાયું છે.

**योगः कर्मसु कौशलम् ।** કુશળતાપૂર્વક કામ કરવું એ યોગ છે. આ ગીતા વાક્ય શ્રી સોમભાઈમાં સાકાર થયું હતું. આજે બહુધા ઓછું કામ અને વધુ દામ એ વૃત્તિ જોર કરી રહી છે. ટેબલ નીચે પૈસા લેનારો વર્ગ તો તેનાથી

મોટો. કેટલાક પગાર મળે તે પ્રમાણે કામ કરવાની પ્રામાણિકતા ધરાવતા હોય છે. જ્યારે અલ્પ સંખ્યાના વિરલ વિચારવંત, દૂરનું જોનારા દૃષ્ટિવાન, બાળકોના ભાવિ જીવનનો વિચાર કરી, વધુ પરિશ્રમ લઈ, પોતાનો સમય અને પોતાની શક્તિ-બુદ્ધિનો હવન કરી બાળકોને પ્રેમવર્ષાથી ભીંજવતા વિશેષ કામ કરે છે. તેમનામાં રસ લઈ ભાવિ જીવન માટે તૈયાર કરે છે અને સંસ્કાર, સુટેવો અને સુવિચારોથી પોષણ આપે છે. શ્રી સોમભાઈ આવી એક વિશિષ્ટ વ્યક્તિ હતા.

આગળ જતાં તેમણે પોતે ઘણો વિકાસ સાધ્યો. ડૉકટરેટ મેળવી અને કૉલેજના પ્રાચાર્ય પદને શોભાવ્યું. લેખન કાર્ય કર્યું અને આજે પણ કાર્યરત છે. પરંતુ વડનગરના તેમના દોઢ વરસના અલ્પ સમયમાં પણ આર.ઍસ.ઍસ.ની વિચારસરણી અને કાર્યપદ્ધતિ નીચે અનેક વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં, શિસ્ત અને સંસ્કૃતિનું સિંચન કરી તેમનાં મન, બુદ્ધિ અને હૃદયને વિકસિત કરવામાં તેમ જ વ્યાયામ, રમત-ગમત દ્વારા શરીરને નિરામય અને શક્તિશાળી બનાવવામાં શાળા પછીનો સમય ઉપયોગમાં લીધો. બાળકોનું સાચું ઘડતર એ ઉદાત્ત હેતુ. વિદ્યાર્થીઓ આવા શિક્ષકને કદી ભૂલે ખરા ?!

તેમની વાણી, વર્તન અને વ્યક્તિત્વ સોમ જેવું શાંત, શીતળ, સ્વચ્છ અને શુદ્ધ. એમને ઊંચે સાદે બોલતા કે વિદ્યાર્થીને ઠપકો આપતા સાંભળવાનો લ્હાવો મળ્યો નથી. અધ્યાપન માટેની સઘન તૈયારી, પોતાના વિષયો અને વિદ્યાર્થીઓ ઉપર પ્રેમ - નબળા ઉપર વિશેષ, અને મુશ્કેલીના સમયે બાળકોની પડખે ઊભા રહેવાની વૃત્તિએ તેમને બાળકોના હૃદયમાં કાયમી સ્થાન અપાવ્યું છે. જે સતત વિકસિત ન હોય, સતત પ્રયોગશીલ ન હોય, અભ્યાસુ અને નિરપેક્ષ ન હોય, માતૃહૃદય ધરાવતો ન હોય તે વિદ્યાર્થીઓના સ્મૃતિફલક ઉપરથી સત્વરે ભૂંસાઈ જાય છે. સાચો શિક્ષક સદા માટે હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરે છે. તે બ્રહ્માની જેમ તેમનામાં સર્જન શક્તિ ખિલવે છે, વિષ્ણુની જેમ તેને વ્યાપક બનવા પ્રેરે છે, તેની અસ્મિતા જગવે છે. ગુણ દૃષ્ટિ ખિલવે છે

અને જીવનમાં આવનાર ઝંઝાવાતનો સામનો કરવાની હિંમત પ્રગટાવે છે. અને ત્યારે વિદ્યાર્થી જીવે ત્યાં સુધી સજાગ બની રહે છે કે મારાથી મનસા, વાચા, કર્મણા એવું કંઈ નથી થતું ને જેથી મારા શિક્ષકને નીચું જોવા જેવું થાય ! આવું રમ્ય સ્થાન શ્રી સોમભાઈએ સહજ પ્રાપ્ત કરેલું. એમની આ ક્ષમતા અને ઉમદા સ્વભાવના કારણે આજે પણ શિક્ષણ સંસ્થાઓ એમના અનુભવ અને વહીવટી કુશળતાનો લાભ લેવા એમની નિવૃત્તિમાં પણ એમને પ્રવૃત્તિમય રાખે છે.

ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો પણ પ્રેમથી આભાર માનવો રહ્યો કે ૨૭-૧૧-૨૦૦૫ના રોજ હું તેમ જ સોમભાઈ ઈત્યાદિના તેમના શિક્ષા ગુરુઓનું ઉમળકાભેર ભવ્યાતિભવ્ય સન્માન કર્યું અને અમને સૌને શ્રી બી.ઍન.હાઈસ્કૂલ, વડનગરનાં શિક્ષક ભાઈબહેનોને ચાલીસ વર્ષ બાદ એકબીજાને મળવાની, સાથે રહેવાની, કુશળ સમાચારની આપલે કરવાની તક આપી. શ્રી નરેન્દ્રભાઈનો શાસનકાળ અમને સૌને આનંદ, ઉમંગ, સમાધાન, હૂંફ અને ગૌરવ પ્રદાન કરે છે.

મારું મોટું સદ્‌ભાગ્ય અને પ્રભુની પરમ કૃપા કે વડનગર શ્રી બી. ઍન. હાઈસ્કૂલનાં મારાં ૧૧ વર્ષોમાં અને મુલુન્ડ, જ્ઞાનસરિતા હાઈસ્કૂલ અને જુનિયર કૉલેજનાં ૨૦ વર્ષો દરમિયાન મને ઉત્તમ અને કાર્યદક્ષ શિક્ષક ભાઈબહેનો મળ્યાં, જેના પ્રતાપે એ સમયમાં આ બંને શાળાઓએ પરિણામો તેમ જ ઈતર પ્રવૃત્તિઓમાં ઊંચાં શિખરો પ્રાપ્ત કરેલાં. એ શિક્ષક ભાઈબહેનોનો કૃતજ્ઞતાપૂર્વક આભાર માનું છું.

ડૉ. શ્રી સોમભાઈ બહુ વર્ષો સુધી સુંદર સ્વાસ્થ્ય ભોગવે અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં કાર્યરત રહે એ જ ઈશ્વરને અભ્યર્થના. ભૂતકાળની મધુર સ્મૃતિને જીવંત કરવાની તક આપવા માટે અંજનાબહેનનો આભાર.

## ૬ નોખી માટીની મૂર્તિ



**ડૉ. મણિભાઈ ઍસ. પટેલ**
અધ્યક્ષ (નિવૃત્ત) ઍકાઉન્ટન્સી વિભાગ,
આર્ટ્સ કૉમર્સ કૉલેજ, પ્રાંતીજ

સૌ પ્રથમ તો મારા ગુરુજી ડૉ. સોમભાઈ સાહેબને કોટી કોટી વંદન. સાદર પ્રણામ.

શ્રી સોમભાઈ સાહેબના વ્યક્તિત્વની પહેચાન - વિગત, ભાષા અને શબ્દભંડોળના બીબામાં ઢાળવી તે ચીંથરાથી આકાશ માપવા જેવો પ્રયત્ન કરવા જેવું લાગે.

સોમભાઈ સાહેબની પહેચાન, વ્યક્તિત્વની તાસીર આલેખતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

**ગુજરાતી ટીચર તરીકે :-**

ના.મ. નૂતન સર્વ વિદ્યાલય, વિસનગરના મારા અભ્યાસકાળ દરમ્યાન ગુજરાતીના ટીચર તરીકે તેમનો પરિચય થયેલો.

એક વિદ્યાર્થી તરીકે અમે તેમને સાચા અર્થમાં ગુજરાતીના ટીચર તરીકે જોયા. ગુજરાતી એટલે ગુજરાતી જ આલેખતું વ્યક્તિત્વ.

સ્પષ્ટ ઉચ્ચાર, એકધારી વાક્છટા, તન મનથી, વિષયની મગ્નતાથી તેમની ભણાવવાની, રજૂઆતની શૈલી ઓર ખીલી ઉઠતી.

અમારા તે વખતના બાળમાનસમાં તેમની છાપ એક સારા અધ્યાપક તરીકેની કંડારાયેલી અને તે એક જ વર્ષમાં અમારા બાળમાનસનું પૂર્વાનુમાન યથાર્થ ઠર્યું. તેઓશ્રી અધ્યાપક તરીકે પાટણ કૉલેજમાં જોડાયા. તેમના જ

જેવા બીજા ચાર શિક્ષકો પણ હતા. શ્રી જયંતભાઈ મોદી સાહેબ, શ્રી સીકેનિસ સાહેબ, શ્રી શ્રીમાળી સાહેબ અને શ્રી એમ.બી. પટેલ સાહેબ આ બધા શિક્ષકમાંથી પ્રૉફેસર અને પ્રિન્સિપાલ સુધી પહોંચ્યા.

પડોશી ધર્મનું પાસું પણ એટલું જ સરળ, સાલસ અને નિખાલસ જોવા મળેલ છે. નાના-મોટા સમૂહ કે વ્યક્તિગત પ્રસંગમાં તેમની હાજરી, પુરાવો પૂરી જાય. છતાં તેમનામાં અદબ તો દેખા દે જ.

મહિલા કૉલેજના એક સફળ પ્રિન્સિપાલ તરીકે પાર ઉતરનાર આ સાહેબને મારા હાર્દિક અભિનંદન.....

તેઓશ્રીની ચૅમ્બરમાં એકાદ બે વખત જવાનું થયેલું. તેમના ટેબલ પર ફાઈલોના ભારણમાં અટવાયેલા, પ્રિન્સિપાલના વહીવટી કાર્યમાં દબાયેલા કે પોતાના હોદ્દાના મહત્ત્વની સામે આપણને ગૌણ ગણતા હોય તેવા કદીયે લાગ્યા નથી.

પેન્સિલથી કામની નોંધ કરતા જાય અને આપણી સાથે ચઢાવ-ઉતાર સિવાય એક ધારા મૂડ અને સાલસતાથી વાર્તાલાપ કરતા જાય. આવું સમાનતા ભર્યું વ્યક્તિત્વ ઓછા લોકોમાં જોવા મળે.

કડી કેમ્પસની ઉચ્ચ કારકિર્દી ઘડતી 'મમતા I.A.S.' ટ્રેનીંગ સૅન્ટરના ડાયરૅક્ટરના નાતે G.P.S.C. ના એકાઉન્ટન્સી વિષયના 'માનદ્ વિઝીટીંગ ફેકલ્ટી' ની સેવા આપવાની મને એક ઉમદા તક તેમણે આપેલી.

ડાયરૅક્ટર જેવા ઉચ્ચ હોદ્દા પર હોવા છતાં તેમનામાં આડંબર, મોટાઈની છાંટ જોવા ન મળે. એક સરખી રેખાકૃતિથી કંડારાયેલ ચહેરો જોવા મળે. હળવું મીઠું, ધીમું હાસ્ય તેમની જીવન શૈલીનો એક હિસ્સો જ ગણી શકાય.

પ્રિન્સિપાલ તરીકે નિવૃત્ત થયા પછી પણ સંસ્થાનું ઋણ અદા કરવામાં આ ઉંમરે પણ તેમને થાક સ્પર્શી શકતો ન હોય તેવી સ્ફૂર્તિનાં દર્શન તેમનામાં અહર્નિશ જોવા મળે છે.

'જેનું કોઈ નહિ તેના ભગવાન' આ ઉક્તિને, આ સાહેબ. ડાયરેક્ટરના ઉચ્ચ હોદ્દાધારી હોવા છતાં ઝૂંપડપટ્ટીના નાના, ગરીબ, લઘરવઘર, બાળકોને 'એકડો અને કક્કો' ઘુંટાવતા વચ્ચે બેઠેલા જોઈ આ કર્મચારી નગરની ભણેલી પ્રજા વિસ્મય પામે છે. આમ 'ઉચ્ચ હોદ્દો' અને 'સમાજના તળના માનવીને પ્રશિક્ષણનું ઘડતર ઘડતા આ ઘડવૈયા' એ બંને બાબતોને સરખી પચાવી જાણી છે.

'વ્યક્તિત્વ દર્શન' બાબતે મેં તેમની પાસેથી માહિતી લેવા પૃચ્છા કરી તો તેમણે એક જ વાક્યમાં ઘણું બધું કહી નાખ્યું..... 'તમને જેવું લાગ્યું હોય કે લાગે તેવું જ લખજો અતિશયોક્તિ ન થવી જોઈએ' ત્યારે આ સાહેબના ઊંડા, ગહન અને એટલા જ ઊંચા વ્યક્તિત્વની છાપ મારા હૃદય પર સવાર થઈ ગઈ. આજની ખુશામત ભરી દુનિયામાં લોકો પોતાના વિશે સારું સારુ, વાહવાહ ભર્યુ પ્રત્યક્ષ - પરોક્ષ સૂચના આપી બોલાવે - લખાવે. પરંતુ આ બાબતે આ સાહેબ જુદા જ સ્વભાવના અલગ માન્યતા ધરાવતા, ખુશામતથી દૂર રહેનારા આ અદના આદમી, અરીસો કે એક્સરે મશીન જેવું દેખાડે તેવું જ દેખાડનાર અને જોનાર અલગ માટીની મૂર્તિ જેવું વ્યક્તિત્વ ધરાવતા લાગ્યા.

ટૂંકમાં તેમની જીવનશૈલી, નિયમિતતા, કર્તવ્યનિષ્ઠા, જવાબદારીની સભાનતા, કંઈ કરી છૂટવાની ભાવના, નિઃસ્વાર્થ પ્રયોજન યુક્ત પ્રવૃત્તિના વાહક, દેખાવે જેવા ક્લીન છે તેવા કામના ક્લીન. તેમની આ ઉંમરે કામ કરવાની ઉત્કૃષ્ટતા, સ્ફૂર્તિ, અથાગ પ્રયત્નશીલતા અને તંદુરસ્તીનું એક અવર્ણનીય રહસ્ય જ કહી શકાય.

અને.... છેલ્લે.... છેલ્લે.... શ્રી અંજના બહેનની આ કર્તવ્ય અંગેની સ્ફુરણા, અને ઝડપેલા આ ભગીરથ કાર્યને હૃદયપૂર્વક બિરદાવું છું. તેઓ સાંગોપાંગ પાર ઊતરે તેવી અભિલાષા અને પ્રાર્થના સાથે મારી કલમને અહીં વિરામ આપું છું.

## ૭ શ્રેષ્ઠ સોમભાઈ



**શ્રી બિપિનભાઈ બારોટ**
પત્રકાર અને ઍડવોકેટ
પૂર્વ પ્રિન્સિપાલ,
ઍમ. ઍન. લૉ કૉલેજ, પાટણ

મને ગાંધનગરથી એક ફોન મળે છે. તે ફોનમાં મને કહેવામાં આવે છે કે પ્રો. સોમભાઈ પટેલના જીવન-કવન માટે તમે કંઈ લખી આપશો ખરા? મારા માનસ પટ ઉપર મારો કૉલેજકાળ સ્પષ્ટ દેખાય છે.

પાટણની આર્ટ્સ કૉલેજમાં હું ગુજરાતી મુખ્ય વિષય સાથે અભ્યાસ કરતો હતો. ગુજરાતી વિષયના મુખ્ય બે પ્રૉફેસર મારાથી વધુ નજીક હતા, એક પ્રો. નવનીત શાહ અને બીજા પ્રો.ડૉ. સોમભાઈ પટેલ.

અમારા સમયમાં ધો.૧૧ પાસ કર્યા બાદ કૉલેજનો ચાર વર્ષનો અભ્યાસ ક્રમ હતો. બીજા વર્ષથી મુખ્ય ગુજરાતી વિષયમાં મને પ્રો. સોમભાઈ પટેલનો નજીકથી પરિચય થયો. આંતરિક પરીક્ષામાં મેં મેળવેલ ગુણાંકથી તેઓ પ્રભાવિત થયા અને મને સૂચન કર્યું  તમારામાં ઘણી શક્તિ છે, તમે મહેનત વધુ કરો. પરિસ્થિતિ મારી એ હતી કે હું અભ્યાસની સાથે મારા પિતાશ્રીના સાપ્તાહિક 'ઉત્તર ગુજરાત' નું કામકાજ સંભાળતો હતો. મેં શિક્ષણ અને સાહિત્યને સ્પર્શતા લેખો લખવા માટે તેઓશ્રીને વિનંતિ કરતાં તેમણે એવા લેખો તૈયાર કરીને આપ્યા. તેઓ તેમ જ શ્રી નવનીતભાઈ શાહ બંને અવાર-નવાર લેખો લખતા અને હું તે છાપતો હતો.

પ્રો. સોમભાઈ પટેલની ભાષા શુદ્ધિ અને જોડણી શુદ્ધિ બેનમૂન. તેઓ મારા પ્રેસમાં આવી પ્રૂફરીડિંગ પણ કરી આપતા હતા. પ્રો. સામભાઈ પટેલે

મારી વિનંતિથી મને મારા અભ્યાસક્રમના પુસ્તકો લાઇબ્રેરીમાંથી મળે તેવી વ્યવસ્થા કરી આપી હતી. હું બી.એ. મુખ્ય વિષય ગુજરાતી સાથે સારા ગુણાંક મેળવી પાસ થયો. તેમણે મને અભિનંદન આપ્યા અને સાથોસાથ વધુ અભ્યાસ કરવા સૂચન પણ કર્યું. તેઓશ્રીની સૂચના મેં ભાવપૂર્વક સ્વીકારી અને ઍલ.ઍલ.બીનો અભ્યાસ શરૂ કર્યો. તેઓનું માર્ગદર્શન મને મળતું હતું. મેં ત્રણ વર્ષમાં આ અભ્યાસક્રમ પૂરો કર્યા બાદ પાટણ ખાતે વકીલાત શરૂ કરી.

કેટલાંક વર્ષો બાદ પાટણથી શેઠ ઍમ.ઍન.લૉ કૉલેજમાં હું પાર્ટ-ટાઈમ પ્રૉફેસર તરીકે લેવાયો. પ્રો. સોમભાઈ પટેલ સાથેનો પરિચય પુનઃ આગળ વધ્યો. શિક્ષણ અને સાહિત્યની ચર્ચા અમારા વચ્ચે થતી રહેતી હતી. કાળક્રમે તેઆએ પાટણ છોડયું છતાં અમારા ગુરુ-શિષ્યના સંબંધો જળવાઈ રહ્યા.

પ્રો. સોમભાઈ પટેલ ગાંધીનગર ખાતે આવ્યા. ઉમા કૉલેજના પ્રિન્સિપાલ બન્યા અને તેમાં અનેક સિદ્ધિનાં શિખરો તેમણે સર કર્યાં તે જાણીને મને ખૂબજ આંનદ અને અહોભાવ પેદા થયો.

પ્રો. સોમભાઈ પટેલને મેં ખૂબ જ નજીકથી જોયા છે.તેમના માટે કંઈક લખવું હોય તો હું મહામાનવ કૉન્ફ્યુશિયસના શબ્દોનો ઉપયોગ કરું છું, તેઓ કહે છે કે,“ ઉત્તમ માનવી બોલવામાં ધીરો અને કાર્યમાં ઉતાવળો હોય છે. પ્રો. સોમભાઈ પટેલ સાહેબને આ સૂત્ર સંપૂર્ણપણે બંધબેસતું છે. તેઓ બોલવામાં ધીમા છે પરંતુ પોતાનાં સારાં કાર્યો માટે તેઓ હંમેશાં ઉતાવળ કરતા રહ્યા છે અને તે કારણસર તેમણે શિક્ષણ ક્ષેત્રે ભગીરથ કાર્ય કર્યું છે અને કરી રહ્યા છે.

આ તબક્કે મને શ્રી ભર્તૃહરિનું એક વાક્ય અહીં લખવાનું મન થાય છે. તે કહે છે કે ” જીવન સંઘર્ષમાં, એ વ્યક્તિ જ સફળ થાય છે જેને, શાંત રહેવા અને ધૈર્ય રાખવાનું શિક્ષણ મળ્યું હોય ”પ્રો. સોમભાઈ પટેલ શાંતિ અને ધૈર્ય બે શબ્દોને પચાવ્યા છે, અને જીવનભર તે શબ્દોને વળગીને કાર્ય કર્યું છે.

મહાન સામાજિક કાર્યકર વિનોબા ભાવે કહે છે કે,“સફળ શિક્ષણ, સફળ જીવનનો પાયો છે” અને આ શબ્દરચનાને પ્રો. સોમભાઈ પટેલે પોતાના હૃદયમાં કોતરીને રાખેલ છે. તેઓશ્રીએ ગાંધીનગર ખાતે શિક્ષણ ક્ષેત્રે કરેલી કામગીરી અવર્ણનીય છે.

પ્રો. સોમભાઈ પટેલ એટલે શાંત, સ્વસ્થ, સંસ્કારી, સુશોભિત અને સરળ વ્યક્તિ. તેઓના જીવનમાંથી મને ઘણી પ્રેરણા પ્રાપ્ત થઈ છે. પાટણની લૉ કૉલેજમાં પ્રૉફેસર તરીકે જોડાયા બાદ તેમના સારા ગુણોને મેં પણ અનુસરવા થોડોક પ્રયત્ન કર્યો છે.આવા પ્રયત્નના કારણે મને પણ વિદ્યાર્થીઓનો અઢળક પ્રેમ મળી શક્યો છે.

પ્રો. સોમભાઈ પટેલની પ્રેરણા, શિક્ષણ, શિખામણ, પ્રેમ અને લાગણી મારા જીવન ઘડતરમાં ઘણી જ ઉપયોગી બની છે.તેમના માટે વધુ તો હું શું લખી શકું ? અને છેલ્લે... “જેને પોતાનું કર્તવ્ય-કર્મ જડ્યું છે તેને ધન્ય છે. તેને બીજા કોઈ વરદાનની જરૂરત નથી.”- થૉમસ કાર્લાઈલ

*“શાળાના વિદ્યાર્થીઓને ‘નાગરિક શાસ્ત્ર’ ઓછું પણ*
*‘નાગરિક ધર્મ’ વધારે પ્રમાણમાં ભણાવવાની જરૂર છે. ”*

## ૮ પ્રા. સોમભાઈ પટેલ : જેવા મેં જોયા જાણ્યા



**રવીન્દ્ર કા. પટેલ**
**ભૂતપૂર્વ વિદ્યાર્થી**
શિક્ષક, રેલવે સૅકન્ડરી સ્કૂલ, દાહોદ

પાટણ આર્ટ્સ કૉલેજમાં પ્રથમ દર્શને પ્રા. સોમભાઈ પટેલ જરા અક્કડ હશે એમ લાગ્યું. જો કે પ્રા. સાહેબને જોયા પહેલાં જ એમના વિશે જાણકારી પિતાજી પાસેથી મળી હતી. પિતાજી પણ એક વર્ષ સુધી એમના વિદ્યાર્થી રહી ચૂક્યા હતા. પણ પ્રથમ દર્શને સોમભાઈ સાહેબ માટેની મનમાં જે છાપ ઊઠી તે હતી - અક્કડ પ્રાધ્યાપક

ઊંચા, માથે આછા વાળ, વચ્ચે ટાલ, લશ્કરમાં શોભે એવી ટટ્ટાર ચાલ, હમેશાં ચશ્મા પાછળ રહેલી - સામા માણસને એક નજરમાં પારખી લેતી ગંભીર આંખવાળા પ્રા.સોમભાઈ પટેલ માટેની મારી પ્રથમ દર્શને ઊઠેલી છાપ સાવ જ ખોટી હતી એ તેમની સાથેની મુલાકાતથી તરત જ પરખાઈ ગયું.

મિલનસાર સ્વભાવ, અજાતશત્રુ અને વિદ્યાર્થીને હમેશાં મદદ કરવાની તત્પરતા - આ ગુણ એમના જીવનમાં વણાયેલા છે. અને તે ગુણ સમય સમય પર ઉજાગર થતા મને દેખાયા પણ છે.

કૉલેજ કાળમાં હું ટૂંકી વાર્તા પર હાથ અજમાવતો. અમારા કૉલેજના વાર્ષિક મૅગેઝીનમાં મારી એક વાર્તા 'ભૂલ' મેં પ્રકાશન અર્થે મોકલેલી. મૅગેઝીનના સંપાદક મંડળમાં સોમભાઈ સાહેબ પણ ખરા. મને સામેથી બોલાવીને તેમણે વાર્તા વિશે સૂચન આપેલા. એ પછી હું મારી વાર્તાઓ કોઈ

કોઈ વખત સાહેબને વંચાવતો. ઉત્સાહથી તેઓ તેને મઠારતા, પોતાનાં સૂચનો રજૂ કરતા. મારામાં સાહિત્ય રસ પોષનારા ગુરુઓમાં પ્રા. સોમભાઈ સાહેબ પણ એક છે.

સાહેબ વિશે નોંધવા લાયક એક વાત મારે પહેલાં જ જણાવી દેવી જોઈતી હતી. અને તે છે તેમની વાત કરવાની પદ્ધતિ. કોઈ પણ સમયે, કોઈ પણ સ્થળે, કોઈ પણ સામે તેમની વાત કરવાની પદ્ધતિ એક સમાન. તેમના મોંમાંથી નીકળતો દરેક શબ્દ તોલીને બોલાયેલો હોય. વાણી વ્યવહારની જે પદ્ધતિ લૅક્ચર લેતી વખતે વર્ગખંડમાં મેં જોઈ તે જ પદ્ધતિ સ્ટાફ રૂમમાં, તેમના સહકાર્યકરો સાથેની વાતચીતમાં અને ઘરમાં તેમની પત્ની સાથેની વાતચીતમાં પણ મને દેખાઈ.

કુદરતી શિસ્ત તેમના જીવનમાં વણાઈ ગયેલી લાગે. તેમના પ્રભાવમાં આવનારને આપોઆપ જ શિસ્તમાં રહેવાનું મન થાય એવું તેમનું વ્યક્તિત્વ.

અભ્યાસુ પ્રાધ્યાપક અને સાહિત્ય સાધક હોવા છતાં ક્યારે ય કલ્પનાના ગગનમાં  વિહાર કરતા હોય એવું જોવા ન મળે. નક્કર ભોંયના જ માણસ. વર્તમાનમાં જ જીવનારા માણસ. એક પ્રસંગ યાદ આવે છે.

ત્યારે હું ઍકસ્ટર્નલ ઍમ.એ. કરું. ભાષા વિજ્ઞાનની નોટ્સ માટે સાહેબનો સંપર્ક કર્યો. પ્રસ્તાવ તરત જ મંજૂર : ‘તમારા સમયે ઘરે આવીને નોટ્સ ઉતારી જાઓ’.

રોજ હું સાહેબના ઘરે નોટ્સ ઉતારવા જાઉં. કશી મૂંઝવણ હોય તો એમને પૂછું. ઉત્સાહથી સાહેબ સમજાવે. આ સમયે પાટણમાં રાણકીવાવના બાકીના મજલાનું ઉત્ખનનનું કામ ચાલે. ઉત્ખનન વખતે ઘણી મૂર્તિઓ ખંડિત થઈ જાય. અવાર-નવાર હું રાણકીવાવે ફરવા જતો. ખંડિત મૂર્તિઓ જોઈ મારું હૈયું ચિરાય. મારા ભવ્ય વારસાની આ બરબાદી જોઈ ઘણી વખત બળવો કરવાનું મન થઈ આવે. એક વખત સાહેબ સાથેની વાતચીત દરમિયાન મેં

મારી આ વ્યથા તેમની સમક્ષ રજૂ કરી. તેમણે તરત જ કહ્યું ; "તો પછી રવીન્દ્ર, રાણકીવાવનું ખોદકામ દાતરડાથી કરાવવું પડે. એમાં કેટલો માનવશ્રમ, દેશના કલાકો અને ધનનો દુર્વ્યય થાય !"

હું એ વખતે ભાવનાઓમાં રાચું. મારા ભારતના ભૂતકાળના ભવ્ય વારસા માટે કંઈ પણ કરી છૂટવાની મનમાં ધૂન. એ ધૂનના ઘેનમાં જ મેં જવાબ આપ્યો. "તો સાહેબ, ભલે દાતરડાથી ખોદકામ થાય. ભલે એના માટે કોઈ પણ ભોગ આપવો પડે, આપણે એ માટે તૈયાર રહેવું જોઈએ."

સાહેબનો જવાબ મને નક્કર ભોંય પર લાવનારો રહ્યો. આજે ય એ શબ્દો મારા મનમાં કાયમ છે. "રવીન્દ્ર, તમારા વડવાઓ કેટલા મહાન હતા, તેમણે કેટલાં ભવ્ય સર્જનો કર્યાં, ફક્ત આટલું જ યાદ રાખી તેનાં ગુણગાન કર્યે રાખવાથી તમારા જીવનમાં શું પરિવર્તન આવ્યું ? તમે કેટલા મહાન છો, તમારા દેશને તમે શું આપવા માગો છો એ વાતનું વધારે મહત્ત્વ છે." આજે પણ કોઈ ભવ્ય વારસાને જોતી વખતે સાહેબની આ વાત અચૂક યાદ આવે છે અને હું ભાવનાના પ્રવાહમાં તણાતો બચી જાઉં છું.

એક અન્ય પ્રસંગ પણ યાદ આવે છે. મેં બી.ઍડ્. કૉલેજમાં પ્રવેશ મેળવેલો. ફી ભરવાના સમયે મારે એમ.એ.ની પરીક્ષાના કોઈ અનિવાર્ય કારણસર અમદાવાદ રોકાણ કરવાનું થયેલ. જેને કારણે સમયસર ફી ભરી શકેલો નહીં. પ્રિન્સિપાલ સાહેબની મારા પિતાજીને બોલાવવાની જીદ. મેં મારી સાચી વાત તેમની સામે રાખી પણ પ્રિન્સિપાલ સાહેબ એકના બે ન થાય. મને આવી વાતમાં પિતાજીને વચ્ચે લાવવાનું ગમે નહીં. તે સમયે અમારી આર્ટ્સ કૉલેજ અને બી.ઍડ્. કૉલેજ એક જ મકાનમાં. તરત જ હું સોમભાઈ સાહેબ પાસે પહોંચ્યો. મારી સમસ્યા તેમને જણાવી. તરત જ સ્ટાફ રૂમમાંથી ઊભા થઈ સાહેબ મારી સાથે નીચે આવ્યા. ઑફિસમાં જઈ પ્રિન્સિપાલ સાહેબને મળી થોડી વારમાં બહાર આવ્યા. મને કહ્યું : "રવીન્દ્ર, ફી ભરી દો." અને સ્ટાફ રૂમમાં ચાલ્યા ગયા. કોઈને મદદ કર્યાનો કોઈ ભાવ મન પર નહીં.

પાટણ આર્ટ્સ કૉલેજમાંથી બદલાઈ ગાંધીનગર ઉમા આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપાલ પદે ગયા ત્યારે તેમને મળવા હું ગાંધીનગર ગયેલો. તેમને મળ્યે ઘણા વર્ષો વહી ચૂક્યાં હતાં. મને જોઈ તરત જ ઓળખી ગયા. ઘણા પ્રેમથી મને ઑફિસમાં આવકાર્યો. તેમના અત્યંત વ્યસ્ત શિડ્યુલમાંથી પણ મને તેમણે મળવાનો પૂરતો સમય આપ્યો. પોતાના જૂના વિદ્યાર્થીઓને પણ તેમની સ્મરણ છબીમાં કાયમ અંકિત રાખે તેનો આ પુરાવો.

દિનકર ભોજક સાથેનું તેમનું ગુજરાતના નાટ્ય સમ્રાટ જયશંકર "સુંદરી" ની જીવનકથા વિશેનું પુસ્તક, તેમનો ભાષા પરનો કાબૂ બતાવવા પૂરતું છે.

પાટણ કૉલેજની પ્રાધ્યાપક ત્રિપુટી શ્રી નવનીતભાઈ શાહ સાહેબ, કવિશ્રી જિતેન્દ્ર કા. વ્યાસ સાહેબ અને ડૉ. સોમભાઈ સી. પટેલ સાહેબના સાન્નિધ્યમાં મને અભ્યાસ કરવાની તક મળી, અને તેમનો પ્રેમ મેળવવા હું સદ્ભાગી બન્યો એ મારા જીવનનું પવિત્ર સંભારણું બની રહ્યું છે.

લખવા બેસીએ તો સાહેબ વિશે આખું પુસ્તક ભરાય. અહીં પુસ્તક લખવાનો ઉપક્રમ નથી એટલે પૂજ્ય સાહેબના પવિત્ર ચરણ સ્પર્શ સાથે હમણાં તો અહીં વિરમું.

*"'ઊંચો હોદ્દો, વધુ પગાર, વધુ કામ, વધુ સમય'*
*એ સૂત્રને મેં કૉલેજના મારા કાર્યકાળ દરમિયાન અમલમાં મૂક્યું."*

## ૯ મારા વ્યક્તિત્વના ઘડવૈયા



**ભરતભાઈ જી. જાની**
ઍડવોકેટ,
ગુજરાત હાઈકૉર્ટ,
અમદાવાદ

પાટણ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજમાં પ્રિ. સાયન્સમાં ૧૯૬૮ ની સાલમાં પ્રવેશ મેળવ્યો અને ૧૯૭૧ માં થર્ડ બી.એસ.સી.ની પરીક્ષા આપી તે સમયગાળામાં મારો પરિચય માનનીય શ્રી સોમભાઈ પટેલ સાહેબ સાથે થયો હતો. સાયન્સ ફૅકલ્ટીના વિદ્યાર્થીનો આર્ટ્સ ફૅકલ્ટીના ગુજરાતી વિષયના પ્રૉફેસર સાથેનો પરિચય આમ જોવા જઈએ તો અસામાન્ય લાગે પરંતુ મારા સદ્નસીબે અમારી કૉલેજની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ખાસ કરીને વક્તૃત્વ સ્પર્ધા, સાહિત્ય, કાવ્ય, નાટ્ય પ્રવૃત્તિ વગેરેમાં મારી રૂચિ અને માનનીય પટેલ સાહેબ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મુખ્ય પ્રૉફેસર હોવાના કારણે તેમની સાથે આત્મીય સબંધ થયો. તેઓ સાચા અર્થમાં મારા મિત્ર, પથદર્શક તથા મારા વ્યક્તિત્વના ઘડવૈયા છે. તેમની પાસેથી જે માર્ગદર્શન, સંસ્કાર તથા વિચાર વારસો મળ્યો છે તે મારી આજની સફળ વ્યાવસાયિક કારકિર્દીનો પાયો છે. તેઓ હંમેશાં મારી તે સમયની દરેક પ્રકારની મૂંઝવણ, તકલીફ, દ્વિધામાં માર્ગદર્શન આપવા હંમેશાં તત્પર રહેતા હતા. તેઓનો પ્રેમ તથા માર્ગદર્શન ફક્ત મારા પૂરતો જ મર્યાદિત નહોતો. મારા ગ્રૅજ્યુએટ થયા બાદ મારા નાના ભાઈ તથા નાની બહેનને પણ તેમણે તેઓના કૉલેજકાળ દરમ્યાન તથા ત્યારબાદ પણ ખૂબ જ આત્મીયતાથી માર્ગદર્શન આપેલ છે અને તેઓના વ્યક્તિત્વમાં પણ તેઓનો ખૂબ જ મોટો ફાળો છે. મારું સમગ્ર કુટુંબ તેમનું ઋણી છે.

માનનીય પટેલ સાહેબ માટે એમ કહી શકાય કે "Goodness and Greatness are blended together in one personality" સામાન્ય રીતે સારા માણસ સફળ નથી હોતા અને સફળ વ્યક્તિત્વ ધરાવતા માણસો સરળ મનના અને સુંદર વિચાર ધરાવે તેવા નથી હોતા. એમ કહેવાય છે કે "there is a crime behind every great success" સફળ થવા માટે કયાંક કોઈ ગુનો છુપાવેલો હોય છે. સફળ થવા માટે success at any cost નો સિધ્ધાંત બહુ જ પ્રચલિત છે. પરંતુ તેઓ હંમેશાં સાચા, સારા અને સરળ વ્યક્તિ બનવા માટેની જ સલાહ અને સંદેશ આપતા આવ્યા છે. આ જ પ્રકારના વિચારો તેમની સાથેની વાતચીતમાં, પત્ર વ્યવહારમાં તથા દિવાળીના ગ્રીટીંગ્સ કાર્ડમાં મને પ્રાપ્ત થયેલ છે. પૂજ્ય મહાત્મા ગાંધીના "Simple living and high thinking" નો સિદ્ધાંત તેઓએ પોતાના જીવનમાં સંપૂર્ણપણે અપનાવેલ છે. આજે પણ તેઓ એટલા જ સરળ, સાદા, સાચા અને પ્રેમાળ વ્યક્તિત્વના મને લાગે છે. આ જ પ્રકારનો પ્રેમ અને માર્ગદર્શન તેમણે સમગ્ર વિદ્યાર્થી આલમને આપીને આદર્શ શિક્ષક તરીકેની પ્રામાણિક છાપ આપણા બધાના માનસ ઉપર ઊભી કરી છે. સાચે જ તેઓએ મને કે કોઈના પ્રત્યે ક્યારે ય નફરત કે ધિક્કારની લાગણી મનમાં રાખી નથી. એક સરખો અવિરત પ્રેમ અને સરળતાનો સંદેશ તેમની યશસ્વી લાંબી શૈક્ષણિક કારકિર્દીમાં તેઓએ આપેલ છે. મન અને તનથી સ્વસ્થ સુંદર અને પવિત્ર એવા મારા અતિપ્રિય ગુરુજી શ્રી પટેલ સાહેબને આજે પણ હું એટલા જ સન્માન અને પ્રેમથી મારા હૃદયમાં વસેલા જોઉં છું.

જો કે તેમના વ્યક્તિત્વના દરેક પાસા વિશે લખવાનું, કહેવાનું કે બોલવાનું મારા માટે સંભવ નથી. પરંતુ મારા માનસ ઉપર તેમની મારી કૉલેજ કાળની કારકિર્દી દરમ્યાન તથા ત્યાર બાદ, કૌટુંબિક સંબંધો થયા તે દરમ્યાન જે છાપ ઉત્પન્ન થઈ છે. તેને રજૂ કરવાનો આ પત્ર દ્વારા મેં નમ્ર પ્રયત્ન કરેલ છે.

## ૧૦ પ્રાચીન કાળના આચાર્ય



**હરદેવભાઈ એચ. જોષી**
૧૦, ગાયત્રીનગર સોસાયટી,
દીઓદર, જિ. બનાસકાંઠા

ડૉ. સોમભાઈ પટેલ સાહેબ વિશે અભિપ્રાય કે મંતવ્ય આપવાનું થાય તે તો સમુદ્રનું તળિયું ને આકાશનું ઉંડાણ માપવા જેવી વાત થઈ કહેવાય. છતાં માનનીય ડૉ. સોમભાઈ સાહેબ સાથે ૧૯૮૬ થી ૧૯૯૦ સુધી અભ્યાસકાળના સહવાસ દરમિયાન કહી શકું તો આજના શિક્ષક નહિ પણ પ્રાચીનકાળના ઋષિદૃષ્ટા આચાર્ય કહું છું. સંપૂર્ણ સાદગી ભર્યું જીવન, ઉચ્ચ વિચારસરણી, પ્રેમાળ વ્યક્તિત્વ અને સદૈવ છાત્રના હિતચિંતક એવા મારા ગુરુવર્ય છે. મારા અભ્યાસકાળ દરમિયાન એક આદર્શ ભાષાશિક્ષક તરીકે શુધ્ધ અને રસાળ વાતચીત શૈલીથી પ્રથમ નજરે જ દરેકને તેમનો નિઃસ્વાર્થ વાર્તાલાપ અસર કરી જતો. ખભા ઉપર થેલો લટકતો હોય, સાયકલની સવારી હોય ને શિયાળાના સમયમાં સૂટ, બુટ અને ટાઈથી સજ્જ થઈ કૉલેજ આવતા જોવાનો આનંદ અમે ઘણી વાર અનુભવતા. કદી પણ કપટ નહિ, સ્વાર્થ નહિ, સારું લગાડવાની ભાવના વગરના છતાં ગુજરાતી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષાની વિદ્વત્તાને ક્યારે ય માપી શકાઈ નથી. કૉલેજનાં ત્રણેય વર્ષ C.R. ના નાતે તેમને વારંવાર મળવાનું થતું. યુનિ. લાઈબ્રેરીમાં કુલપતિ યાજ્ઞિક સાહેબ સાથે બુધવારિયામાં કાવ્યગોષ્ઠિના કાર્યક્રમમાં લઈ જનાર મારા ગુરુવર્ય હતા અને તેના લીધે જ આજે પણ હું ઉત્તમ લેખન કાર્ય કરી શકું છું. સતત પાંચ વર્ષના સમયગાળામાં અવાર-નવાર ઘરની પણ મુલાકાતે જતો. પણ

ક્યારે ય ગુસ્સો, કંટાળો હતો જ નહીં. બસ, કાયમી અનેરો ઉત્સાહ ઉમળકો તેમના આવકારમાં દેખાતો હતો. માનનીય સાહેબશ્રી સાથે અવારનવાર પત્ર વ્યવહાર થતો તે સમયના પત્રો આજે પણ ઘણી વાર વાંચીને ભૂતકાળમાં સરી જાઉં છું.

મા. સાહેબશ્રી તરફથી મળેલ સંસ્કાર, શિક્ષણ અને કેટલાક એવા ગુણો જે વર્ણવી ન શકાય તેવા શ્રેષ્ઠ ગુણોવાળા મારા ગુરુવર્યને કોટિ કોટિ પ્રણામ.

*“પ્રેમ મેળવવા પ્રેમ આપો.*
*જે આપશો તે જ સામેથી પાછું મળશે.”*

## ૧૧ ... અને મને બોલતો કર્યો !



**ડૉ. વિમલેશ બી. ખમાર**
અધ્યક્ષ, ગુજરાતી વિભાગ,
આર્ટ્સ કૉમર્સ કૉલેજ, રાધનપુર,
જિ. પાટણ

વ્યક્તિઓના ચાર ભેદ પડી શકે. (૧) બીજાનું ખરાબ ઈચ્છતા હોય તે (૨) માત્ર સ્વહિત ઈચ્છતા (૩) સ્વ અને પર હિત ઈચ્છતા (૪) માત્ર પર હિત જ ઈચ્છતા હોય.

મારા જીવન દરમિયાન મને કેટલીક પારસમણિ જેવી વ્યક્તિઓનો પરિચય થયો, સંપર્ક થયો, જેનાથી હું ઘડાયો, સંસ્કારાયો, સંવર્ધાયો. મારી ઉજ્જવળ કારકિર્દી બનાવી શક્યો. એવા પારસમણિ સ્વરૂપ એક એવા મારા ગુરુવર્ય પ્રિ. ડૉ. સોમભાઈ સી. પટેલ.

શ્રી સોમભાઈ સાહેબ વિશે કહું તો હું જ માત્ર ઘડાયો છું અથવા તો મને જ માત્ર એમણે ઘડ્યો છે તેવું નથી. તેમના અધ્યાપન કાર્ય દરમ્યાન જે કોઈ વિદ્યાર્થી તેમના સંપર્ક માં આવ્યો છે તે તમામનું તેમણે ઉત્કૃષ્ટ સંસ્કારોનું સિંચન કરી ઘડતર કર્યું છે અહીં કેટલાંય નામ આપી શકાય એમ છે. (જે આ ગ્રંથમાં સામેલ જ હશે.)

મારા જીવનના - વ્યક્તિત્વ ઘડતરમાં એમનું જે યોગદાન રહ્યું છે, એનું યથામતિ વર્ણન મેં નીચે મુજબ કર્યું છે અને આ વર્ણન પરથી આપ નક્કી કરી શકશો કે તે ઉપર્યુક્ત વ્યક્તિના ચાર ભેદમાંથી કયા પ્રકારમાં આવી શકે !!!

આમ તો હું કૉમર્સનો વિદ્યાર્થી. ધોરણ-૧૨ કરી જ્યારે કૉલેજમાં ઍડમિશન લેવા ગયો ત્યારે મારા મનમાં તો કૉમર્સ (B.Com.) માં જ ઍડમિશન લેવું તેવા વિચારો હતા. તે સમયે મિત્ર પ્રદીપ જોશી (હાલ આચાર્ય, મહિલા કૉલેજ, વડોદરા) મને સાહેબના ઘરે લઈ ગયો. મારી શરમાળ પ્રકૃતિ જાણી તેઓએ સામેથી બોલાવ્યો અને મારો પરિચય લીધો. મેં કૉમર્સમાં ઍડમિશન લેવાની ઈચ્છા વ્યક્ત કરી. તેમણે મને પૂછ્યું 'શા માટે ?' ત્યારે મેં તેમને બેંક કે અન્ય કોઈ સારી નોકરી મળે તેવા વિચારો જણાવ્યા. મારામાં એક ભ્રામક ખ્યાલ હતો કે B.Com થી જીવનનિર્વાહ તો થઈ શકે ! આર્ટ્સથી શું મળશે ?

ત્યારે તેમણે જે જવાબ આપેલો, જેનાથી મારા જીવનમાં વળાંક આવેલો એમ કહી શકાય. તેમણે કહેલું કે "બેંકની નોકરી તો આર્ટ્સ કરીએ તો પણ મળે, ઉપરાંત આર્ટ્સથી તો શિક્ષક અને પ્રાધ્યાપક પણ બની શકાય. તેમ જ આપણા અને બીજાના જીવનને શુદ્ધ, સાત્વિક અને પ્રેરણાદાયી બનાવી શકાય. આર્ટ્સ રાખ. અધ્યયન દરમ્યાન બનતી મદદ કરીશ. તેમની આ હૂંફે મને આર્ટ્સ રાખવા પ્રેર્યો.

પ્રથમ વર્ષ બી.એ.માં તેઓ અમને 'શિયાળાની સવારનો તડકો' (વાડીલાલ ડગલી) નિબંધ સંગ્રહ ચલાવતા. તેમની નિબંધ સંગ્રહ ચલાવવાની શૈલી નવલકથા જેવી રસપ્રદ હતી. નિબંધ જેવા ગંભીર વિષયને પણ રસિક બનાવવાની તેમની ખૂબી આજે પણ મારા માટે પ્રેરણા અને આદર્શરૂપ બની રહી છે.

આર્ટ્સના બીજા વર્ષમાં હતો ત્યારે ઊંઝાની બી.પી.બી. આર્ટ્સ - કૉમર્સ કૉલેજમાં ખંડકાવ્ય, ગીત અને ગઝલ વિશે એક વ્યાખ્યાન હતું. તે વ્યાખ્યાનમાં મને અને મિત્ર ડૉ. ભરત સોલંકીને (હાલ અધ્યક્ષ ગુજરાતી વિભાગ, આર્ટ્સ કૉલેજ, પાટણ) આર્ટ્સ કૉલેજ પાટણ તરફથી મોકલેલા. તે વ્યાખ્યાન પૂર્ણ

કરીને બીજા દિવસે કૉલેજમાં આવ્યા ત્યારે તેમણે મને મારા વર્ગના વિદ્યાર્થીઓ સમક્ષ વ્યાખ્યાનની મારા મન ઉપર પડેલી છાપ વિશે બોલવા જણાવ્યું. ત્યારે મેં શાળા જીવનમાં ક્યારે ય કોઈ સ્પર્ધા કે કાર્યક્રમમાં (અપવાદ સિવાય) ભાગ લીધો ન'તો. આથી બોલતાં ડર લાગતો. મેં મારી મુંઝવણ તેમને જણાવી. ત્યારે તેમણે મને સરસ જવાબ આપેલો કે તું ઊંઝા જઈ આવ્યો છે. કંઈક પ્રાપ્ત કરેલું છે તેની સામે બેઠેલા વિદ્યાર્થીઓને શી ખબર પડવાની કે તેં શું સાંભળ્યું છે ? તેઓ તારા કરતાં ઓછું જાણતા હશે. બીજું એ કે એ બધા તારા જ મિત્રો છે ને ! તું બહાર તારા મિત્રો સાથે વાત નથી કરતો ? તું જ આ બધાથી વિશેષ જાણે છે માટે સરસ બોલી શકીશ. એ ઉપરાંત આ બધા જ વિદ્યાર્થીઓ અલ્પજ્ઞાની છે એમ માની લે. મેં દલીલ કરી કે સર, તમે પણ બેઠા જ હશો ને ! ત્યારે તેમણે એમ પણ કહી દીધું કે ઘરમાં વડીલ હોય તેવો મને પણ માની લેજે. પણ તારે બોલવાનું જ છે. આનાથી વિશેષ વિદ્યાર્થી વત્સલતાનું બીજું શું ઉદાહરણ હોઈ શકે ! મને તેમણે ત્યારથી બોલતો કર્યો જે મારા ઊંચા ધ્યેય માટે પ્રોત્સાહક બની રહ્યું.

કૉલેજના તૃતીય વર્ષમાં અમને લાઈબ્રેરીમાંથી સંદર્ભગ્રંથો, અવનવા પુસ્તકો મેળવી આપતા. અમારે કઈ રીતે તૈયારી કરવી, સંદર્ભ ગ્રંથમાંથી કેવી રીતે પ્રશ્ન બનાવી શકાય, ઈત્યાદિ માર્ગદર્શન આપતા. તેમની ભાષાવિજ્ઞાન ભણાવવાની શૈલી મારા માટે આદર્શરૂપ બની રહી. આજે હું પણ એ જ આદર્શથી ભાષા વિજ્ઞાનનું અધ્યાપન કાર્ય કરી રહ્યો છું.

ઍમ.એ.માં યુનિ.ની ઉમાશંકર જોશી સ્મૃતિ વ્યાખ્યાન માળાનું પ્રથમ વ્યાખ્યાન ઈડર મુકામે હતું. તેમાં પણ મને તેમણે મોકલેલો. જે પછીથી ઍમ.એ. પેપર-૭ના ડિઝર્ટેશનમાં કામ લાગેલ. (મારો ડિઝર્ટેશનનો વિષય : 'ઉમાશંકરના 'સાપના ભારા'માં વાસ્તવ નિરૂપણ અને ટેકનિક' હતો.)

બી.એ. અને ઍમ.એ. માં પ્રથમ વર્ગ આવ્યો ત્યારે પણ તેમણે બી.એ. અને ઍમ.એ.ના વર્ગમાં બીજા વિદ્યાર્થીઓને પ્રેરણા મળે તે હેતુથી મને મારા

વિચારો વ્યક્ત કરવા બોલાવેલો. ત્યાં પણ તેમની મારા પ્રત્યેની અને બીજા વિદ્યાર્થીઓ પ્રત્યેની પ્રીતિ વ્યક્ત થતી હતી.

અંતે આર્ટ્સ કૉલેજ પાટણમાં ખંડ સમયના અધ્યાપક તરીકે ઈન્ટરવ્યૂ (૧૯૯૦ માં) હતું. તેમાં અમે પાંચ મિત્રો (!) ઈન્ટરવ્યૂ આપતા હતા. અધ્યાપક તરીકે મારી પસંદગી પણ થયેલ. (જેની મને જાણ ન હતી) પરંતુ મિત્રોની અદેખાઈ, ઈર્ષાથી હું તેમની ઉપર શંકા કરવા પ્રેરાયો. (એ વાત અહીં અસ્થાને છે માટે વધુ જણાવતો નથી) મેં મારી ભૂલને નિખાલસતાથી તેમની સમક્ષ કબૂલ કરી. તેમાં પણ મને ઉગારવાનો રસ્તો તેમણે બતાવેલો.

પાટણ આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા પછી પણ તેઓ મને અધ્યાપન કાર્ય કેવી રીતે કરવું ? શું શું વાંચવું જોઈએ ? ઈત્યાદિ વિશે સલાહ આપતા. અને આજે પણ કોઈ સેમિનારમાં મળે તો તમારા વિદ્યાર્થીઓ કેવા છે ? તેમને કોઈ મુશ્કેલી તો નથી પડતી ને ? તમને અધ્યાપન દરમ્યાન કોઈ મુશ્કેલી પડે છે ? એવા કેટલાય પ્રશ્નો પૂછે છે, ત્યારે તેમની વિદ્યાર્થી પ્રત્યેની, મારા જેવા કેટલા ય શિષ્યો પ્રત્યેની, શિક્ષણ પ્રત્યેની તેમની પ્રીતિનો જ પરિચય થાય છે.

તો આવા અજાતશત્રુ, વિદ્યાર્થી વત્સલ, લાગણીશીલ, ઈત્યાદિ ગુણો ધરાવતા ગુરુવર્યશ્રી સોમભાઈ સાહેબને કોટિ કોટિ વંદન.

*"સ્વાયત્ત સંસ્થા ત્યારે જ પ્રાણવાન બની શકે કે જ્યારે તેના પાયામાં કોઈ તપસ્વી વ્યક્તિ હોય. "*

## ૧૨ મને આબાદ ઉગારી લીધો !!!



**ડૉ. પ્રદીપકુમાર ઍસ. જોષી**
પ્રિન્સિપાલ,
મહિલા મહાવિદ્યાલય, વડોદરા

કોઈ પણ વ્યક્તિનું જીવનમાં આગળ વધવું એ કોઈક ને કોઈક 'વ્યક્તિત્વ' ને આભારી છે. કોઈ પણ મોટા વ્યક્તિની આત્મકથા ઉઘાડો તો જરૂર જણાય છે કે તેની 'ઊંચી ઉડાન' માં કોઈકની પ્રેરણા પ્રોત્સાહન રહેલું છે. આજે હું વડોદરા મહિલા મહાવિદ્યાલયનો પ્રિન્સિપાલ છું, પણ હું મારી વિદ્યાર્થી અવસ્થામાં ડોકિયું કરું છું તો મને એક નામ સતત સંભળાતું રહ્યું છે તે મારા વંદનીય ગુરુ શ્રી સોમભાઈ પટેલ સાહેબ ! હું કેટલા બધા શિક્ષકો પાસેથી ભણીને આવ્યો છું પણ મારા વ્યક્તિત્વ ઉપર ચિરંજીવ છાપ આ સાહેબની રહી છે. કેમ ? શું કારણ ? સાહેબનું વ્યક્તિત્વ પ્રેમાળ અને પ્રોત્સાહક હતું. વર્ગખંડમાં ભણાવતા હોય ત્યારે તલ્લીન થઈ જવાય. પરીક્ષામાં બધું જ સાંભળેલું કૅસેટની જેમ વાગતું હોય - એ ભુલાય જ નહીં !!! હા, જ્યારે જ્યારે મળવા જાઓ ત્યારે ઘેર કે કૉલેજમાં એટલા હેતથી વાત કરે કે બધા પ્રશ્નોનું નિરાકરણ થઈ જાય આવી એક છાપ મારા ચિત્તની ઉપર સદાકાળ રહી છે - રહેશે. ઍસ.વાય.બી.એ. માં હું તેમની પાસે 'પૂર્વાલાપ' (કાન્ત) ભણ્યો. કાન્તનાં કાવ્યોનું ભણતર પણ ક્યાં ભુલાયું છે ! 'રમા' ખંડકાવ્ય ભણાવતી વખતે પલંગના પાયા પાસે બેઠેલી આંસુ આરતી રમાનું ચિત્ર તો આજે પણ નજરો નજર છે. 'કાન્ત' અને તેનાં કાવ્યો આજે પણ જ્યારે ભણવાના - ભણાવવાના થાય ત્યારે મારી નજર સમક્ષ સાહેબનું

વર્ગખંડનું ચિત્ર આબેહૂબ ખડું થઈ જાય છે. વિદ્યાર્થી અવસ્થામાં ખાસ કરીને ભાષાવિજ્ઞાન એટલે ભારેખમ વિષય એવી વિદ્યાર્થીઓમાં ચર્ચા ચાલે પણ સોમભાઈ સાહેબ પાસે ભાષાવિજ્ઞાન ભણનાર તરત જ કહેશે કે ભાષાવિજ્ઞાન જેટલો સરળ વિષય બીજો કોઈ નહીં. વ્યવહારુ ઉદાહરણો અને સમજી શકાય તેવી વાત દ્વારા ભાષા વિજ્ઞાનનો ભાર હળવો કરી નાખતા. તેથી હું કહી શકું કે ભાષાવિજ્ઞાન સાહેબ પાસે ભણવું એ પણ વિદ્યાર્થી જીવનનો લ્હાવો છે.

હું જ્યારે ઍમ.એ.માં હતો. કેટલું બધું પ્રોત્સાહન - કેટલો પુરૂષાર્થ !!! તેમાં પણ સાહેબની પ્રેરણા જ મહત્ત્વની છે. ઍમ.એ.નું રિઝલ્ટ આવ્યું અને હું ફેઈલ. રિઝલ્ટ જોતાં જ હું તો 'નર્વસ' થઈ ગયો - શું કરું હવે ? મને તરત જ સોમભાઈ સાહેબ યાદ આવ્યા. હું અને મારા પપ્પા સીધા જ સાહેબના ઘેર ગયા. સાહેબ જમવા બેઠા હતા. સમાચાર સાંભળી તરત જ બોલ્યા. 'આવું બની શકે નહીં. ચાલો અત્યારે યુનિ.માં જઈએ. કાંઈક કાચું કપાયું છે.' સાહેબ જમવાનું અધૂરું છોડીને અમારી સાથે યુનિ.માં આવ્યા - તપાસ કરી તો (લઘુશોધ નિબંધ)ના માર્ક્સ મૂકવાના જ રહી ગયા હતા. મારો પ્રથમ વર્ગ હતો. એક નાની સરખી ભૂલને જો હૂંફ ન મળી હોત તો શું થાત ? સાહેબે યુનિ.માં પણ આ અંગે ઉધડો લીધો. બીજા દિવસે 'રખેવાળ' (ડીસા-દૈનિક) માં વિગતે યુનિ.નો છબરડો લખી આપ્યો. આજે તો ભૂલ થઈ પણ ફરીથી આવી ભૂલ ન થાય તે માટે પણ તેઓ કેટલા બધા સજાગ ! વિદ્યાર્થીની કટોકટીની ક્ષણોમાં આવા અધ્યાપકોની સંવેદનશીલતા ભૂલી થોડી ભુલાય ! આજે પણ આ યાદ કરું છું ત્યારે તે સમયની આખી કપરી સ્થિતિ જોવા મળે છે. સાહેબનો સદ્ભાવ સાંભરે છે. ખરેખર મને સાહેબે ત્યારે ઉગારી જ લીધો.

હું નવો-નવો અધ્યાપક બન્યો બીરપુર કૉલેજમાં. ત્યારે મને પણ કેટલીક મથામણ હતી. શરૂમાં આવી મથામણો થતી હોવી જોઈએ. પણ તેનો ઉકેલ ક્યાં ? ક્યારેક તો આવા પ્રશ્નોના સંકોચવશ ઉત્તરો મેળવી શકાતા નથી.

પણ મારી સામે ઉત્તરો મેળવવા માટે અમે જઈ શકીએ તેવા અમારા સાહેબ હતા. તેથી મેં શ્રી સોમભાઈ સાહેબને વાત કરી કે પેપર-૬ અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં થોડી મૂંઝવણ છે - મારી મૂંઝવણો દૂર કરતાં - કેટલાંક સંદર્ભ પુસ્તકોનું સૂચન કર્યું. મેં વસાવ્યાં. ઉપરાંત મારી મૂઝવણના ઉકેલ રૂપે લાંબું લખાણ મને પોસ્ટ દ્વારા મોકલી આપ્યું. વિદ્યાર્થી હતો ત્યારે તો અધ્યાપકો ચિંતા કરે, પણ અધ્યાપક બન્યા પછી પણ અમારી ચિંતા કરનાર સાહેબ રહ્યા છે. આવા ગુરુજનો આજે કેટલા ? અમે પણ અમારા વિદ્યાર્થીઓને પુસ્તકો - ફી કે બીજી રીતે મદદરૂપ બનીએ છીએ તેમાં પરોક્ષ રીતે તો સાહેબે અમારામાં જે રોપ્યું છે તે બધું અત્યારે ફાલ્યું છે - ફૂલ્યું છે. અમે સાહેબને જેમ અત્યારે જે રીતે યાદ કરીએ છીએ તેમ અમારા વિદ્યાર્થીઓ અમને પણ કેટલા ભાવથી યાદ કરે છે તેમાં સાહેબનું 'ઘડતર' જ કેન્દ્રસ્થાને છે.

સાહેબ નિવૃત્ત થયા ત્યારે મેં એક દિવસ તેમના ઘેર જવા માટે ફોન પર સંપર્ક કર્યો. સાહેબે ખૂબ ચીવટથી સરનામું લખાવ્યું - ઠામ ઠેકાણું બતાવ્યું. હું ગાંધીનગર ગયો ત્યારે સાહેબ મને લેવા માટે સામેથી આવેલા. હું તો આ જોઈને મનોમન વિચાર કરવા લાગ્યો કે સાહેબ મને લેવા આવ્યા !! હું અહીં આવવાનો છું, કદાચ ભૂલો ન પડું તે માટે તેમની લાગણીને આજે પણ વંદુ છું. ખરેખર આ બધું અમારામાં આજે રોપાયું છે. આ જતન કરનાર કોણ ? અમારા સાહેબ જ. આ સમય દરમ્યાન સાહેબ અમને પતિ-પત્નીને તેમની કૉલેજના કેમ્પસમાં લઈ ગયા. ત્યાંની વ્યવસ્થા અને સર્જનાત્મકતા વિશે ખૂબ વાતો થઈ. સાહેબે 'પ્રાર્થના' અંગે વાત કરી. કોઈ કૉલેજમાં પ્રાર્થના થતી નહીં હોય ત્યારે સાહેબે પ્રાર્થનાથી કૉલેજની શરૂઆત કરી. કેટલાં બધાં સર્જનાત્મક કાર્યો ! હું પણ જ્યારે વસો, વડોદરા કૉલેજમાં પ્રિન્સિપાલ તરીકે નિમાયો ત્યારે 'પ્રાર્થના' થી કૉલેજનો આરંભ થાય, કૉલેજના વિદ્યાર્થીઓમાં સુષુપ્ત શક્તિઓ જાગે તેવાં ઘણાં બધાં કાર્યોની શરૂઆત થઈ. પણ આ બધાં કાર્યોમાં જો કોઈ પ્રેરણા પ્રોત્સાહન સતત રહ્યું હોય તો તે સોમભાઈ સાહેબનું

જ. હા, સાહેબ સાથે વાત થાય. પત્ર આવે. જ્યારે પણ કંઈક પુછાય ત્યારે પત્ર અચૂક આવે - હું પત્રથી પ્રત્યુત્તર પાઠવી નથી શક્યો. એ ટેવ ઘણા સમયથી મારામાં વિકસે તેવી અપીલ સતત થયા કરે છે તે પણ સાહેબના પત્રો થકી જ.

ઍમ.એ. ભાગ-૨ માં પેપર-૭ ને સ્થાને લઘુશોધ નિબંધ (ડિઝર્ટેશન)ના વિષય તરીકે મેં ‘કાન્તનાં કાવ્યો : એક અભ્યાસ’ રાખેલ હતો. આમ તો ડિઝર્ટેશનના માર્ગદર્શક તરીકે ડૉ.સોમભાઈ સાહેબ રહે તેવી મારી ઈચ્છા હતી પણ માર્ગદર્શક તરીકે ડૉ. તૃષિતભાઈ પારેખની પસંદગી થઈ ત્યારે સાહેબે એટલા જ ઉત્સાહથી મને કહેલું કે મારા તરફથી બધો જ સહકાર અને માર્ગદર્શન મળશે. ખરેખર મને વિષય પસંદગીમાં અને વિષયને સમજવામાં લખવામાં સાહેબે ખૂબ મદદ કરી. જ્યારે પણ તેમની પાસે જઈએ ત્યારે ખૂબ નિસબતપૂર્વક અમને માર્ગદર્શન આપતા રહ્યા છે તે પણ આ ક્ષણે યાદ કરું છું.

વિદ્યાર્થીમાંથી અધ્યાપક બન્યો અને અધ્યાપકમાંથી પ્રિન્સિપાલ બન્યો ત્યારે આજે પણ એક સારા પ્રિન્સિપાલ બનવા માટે અનુભવોના નિચોડરૂપ સાહેબનું પુસ્તક ‘શિક્ષણ સુધા’ વારંવાર વાંચું છું. જેમ જેમ એ ચિત્ત ઉપર ઘૂંટાતું જાય છે તેમ તેમ હકારાત્મક અભિગમ વધુને વધુ કેળવાતો જાય છે. અધ્યાપકમાંથી આચાર્ય બનનાર કોઈ પણ વ્યક્તિએ રૂબરૂ સાહેબને મળવા જેવું છે. ઉપરાંત ‘શિક્ષણસુધા’ પુસ્તક વસાવીને વાંચવા જેવું છે.

ડૉ. શ્રી સોમભાઈ પટેલ સાહેબનું ઋણ અમારા ઉપર ઘણું છે. તેનો ભાર નહિ પણ મને ખૂબ ભાવ છે. સુશ્રી અંજનાબેન આ કાર્ય કરીને ખૂબ ધન્ય થયા છે કારણ કે સાહેબ વિશેનાં આ સંભારણાં જે કોઈ વાંચશે તેની અંદરથી શિક્ષક સાચા અર્થમાં બેઠો થશે. અને અમારા જેવા ઘણા વિદ્યાર્થીઓ તેમાંથી જડી આવશે. આ પ્રસંગે સાહેબનાં ધર્મપત્ની પૂજ્ય સવિતાબાને હું સાદર વંદન કરું છું.

## ૧૩ લિ. સોમભાઈના આશીર્વાદ...



**ડૉ. મહેન્દ્ર કે. નાયી**
ગુજરાતી વિભાગ,
ભવન્સ કૉલેજ, ડાકોર, જિ.ખેડા

'આ જગતમાં હું એક જ વાર પસાર થવાનો છું. તેથી જો હું કશી મમતા બતાવી શકું તેમ હોઉં કે કોઈ સારું કામ કરી શકું તેમ હોઉં તો લાવ અત્યારે જ કરી લઉં કારણ કે હું અહીંથી ફરી નીકળવાનો નથી.'

ઉપર્યુક્ત અવતરણ અને હું જે વ્યક્તિત્વ વિશે વાત કરી રહ્યો છું તે બરાબર બંધ બેસે છે. કોઈ પણ વ્યક્તિના જીવનમાં કોઈને કોઈ વ્યક્તિનો સદ્ભાવ અને સહયોગ હોય જ છે. આવા વિશિષ્ટ વ્યક્તિઓને લીધે જ નાના માણસો મોટા બને છે. તેથી જ આવાં સંભારણાં વ્યક્તિ સુધી જ નહિ, સમષ્ટિ સુધી પહોંચે એ એક 'ધર્મ' બની રહે છે. એક સ્વસ્થ વૃક્ષ જેમ અનેકાનેક ફળ આપે છે, તેમ એક સ્વસ્થ વ્યક્તિ કેટલી ય સ્વસ્થ વ્યક્તિઓનું નિર્માણ કરે છે, જે જગતના જનકલ્યાણ માટે પણ મથે છે. 'મારો જન્મ એક વિશિષ્ટ કાર્ય માટે થયો છે' એવું ભાન મને પણ મારા સાહેબ ડૉ. સોમભાઈ થકી જ થયું છે. મીરાંબાઈએ ગાયેલું કે 'હરિ વસે હરિના જનમાં રે, તમે શું કરશો જઈ વનમાં રે...' તે એક માણસ બીજા માણસને નિઃસ્વાર્થ ભાવે મદદ કરે છે, ત્યારે સમજાય છે.

ડૉ. સોમભાઈ સાહેબનું વ્યક્તિત્વ મારા જેવા અનેકો માટે ભીતરનું અજવાળું બન્યું છે. અનેકાનેક વિદ્યાર્થીઓને ઘાટ આપનાર આવા 'ઘડવૈયા' વિશે મારા ચિતમાં જે કંઈ ચિરંજીવ છે, તે અહીં નમ્રભાવે મૂકવાનો યત્ન છે.

સૌ પ્રથમ હું અહીં વિદ્યાર્થી જીવનની વાતો અને પછી પ્રૉફેસર બન્યા પછીની વાત કરીશ.

ઈ.સ. ૧૯૮૯માં મેં પાટણ કૉલેજમાં ઍફ.વાય.બી.એ. (ગુજરાતી)માં પ્રવેશ લીધો. એફ.વાય.બી.એ.ની પ્રથમ પરીક્ષા પૂરી થઈ. એક દિવસ વર્ગખંડમાં સાહેબ ત્રણ ઉત્તરવહી લઈને આવ્યા. પેપર કેવી રીતે લખાય તે અંગે વાત કરતા હતા. ત્યાર બાદ ત્રણ ઉત્તરવહીવાળા વિદ્યાર્થીઓના નંબર બોલી ઊભા કર્યા - અભિનંદન આપ્યા ! તેમાં એક ઉત્તરવહી મારી પણ હતી. બધા વિદ્યાર્થીઓ અમારી ઉત્તરવહી જોતા હતા. તે દિવસથી વિદ્યાર્થીઓની આંખમાં અમારી કંઈક જુદી જ છાપ બંધાઈ. હું પણ અન્ય વિદ્યાર્થીઓથી કંઈક જુદો છું એવું માનતો થઈ ગયેલો. સાહેબના આ પ્રોત્સાહનથી હું વધુને વધુ મહેનત કરવા લાગ્યો. કહો કે વર્ગખંડમાં અને ઘેર ગયા પછી પણ હું અભ્યાસમાં વધુને વધુ ધ્યાન આપતો થયો.

સાહેબનાં વ્યાખ્યાનો - લૅક્ચર ભરવા અમો સૌ વિદ્યાર્થીઓ ઉત્સુક રહેતા. ભણાવતી વખતે અવાજના આરોહ - અવરોહ, અવાજનું સૂરીલાપણું, હાથના હાવભાવ અને કડક નજર બધાંને એક માળાના મણકાની જેમ શિસ્તબદ્ધ રાખતી હતી. સાહેબને ક્યારેક રૂબરૂ મળવાની ઈચ્છા થાય પણ મૂળ ગામડાનો હોવાથી શરમ-સંકોચ વધુ રહેતો પણ જ્યારે બે-ત્રણ વિદ્યાર્થી સાથે જઈએ ત્યારે સાહેબનો પ્રેમાળ સ્વભાવ વધુ સ્પર્શી ગયો છે. બારે રાશિકા ભલા કે થપથપાવવાની વાતો નહીં, પણ જે સાચું છે તે પ્રેમપૂર્વક કહેતા. મને ઍફ.વાય.બી.એ.થી માંડી ટી.વાય.બી.એ. સુધીના ટીચિંગમાં સાહેબનું ટીચિંગ કંઈક જુદું જ જણાયું છે. મારા અભ્યાસ દરમ્યાન મારા ઉપર સાહેબનું વ્યક્તિત્વ વધુ અસરકારક રહ્યું.

ટી.વાય.બી.એ.ની ચારેક ઘટના મને ભુલાતી નથી જ. ટી.વાય.બી.એ.માં આર્થિક રીતે ન પહોંચી વળતા વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીઓ સાથે રહીને વ્યવસ્થા કરી. છતાં ય બીજા વિદ્યાર્થીઓને જાણ ન

થાય અને મદદ લેનાર વિદ્યાર્થીનું સ્વમાન સચવાય-સચવાવું જોઈએ એ ભાવના હું અધ્યાપક બન્યો ત્યારે પણ એ જ રીતે કામ આવી. અમારા જ વર્ગના ખેમાભાઈને પૈસાનું પાકીટ મળ્યું - સાહેબને આપ્યું. સાહેબે આખા વર્ગમાં ખેમાભાઈની પ્રામાણિકતાની વાત કરી - ખેમાભાઈને સ્ટેજ પર લાવ્યા - દૈનિક પત્રમાં પ્રામાણિકતાને બિરદાવી હતી. અમો સૌ વિદ્યાર્થી પ્રામાણિકતાનો પાઠ ત્યાંથી જાણે ભણ્યા. ઍમ.એ.માં પ્રથમ વર્ગ મેળવનાર પ્રદીપ જોશી અને વિમલ ખમારને અભિનંદન આપવા કાર્યક્રમ ગોઠવ્યો. સાહેબે બંને વિદ્યાર્થીઓના પુરૂષાર્થ અંગેની વાત કરી - બંને વિદ્યાર્થીઓએ પ્રતિભાવ આપ્યો હતો. એ દિવસે મેં પણ આવી જ ઝળહળતી સફળતા મેળવવાનું નક્કી કર્યું હતું. આ બંને વિદ્યાર્થીઓ અત્યારે પ્રિન્સિપાલ અને પ્રૉફેસરમાં છે. મારા ગામમાં - મારી માસીની દીકરી કમુબહેનને સામાજિક પ્રશ્ન બનતાં ભણવાનું માંડી વાળવાનો નિર્ણય કર્યો. મેં કહ્યું, સોમભાઈ સાહેબને એક વખત મળો. હું સાથે રહીને મળવા લઈ ગયેલો. સાહેબની વાત ગળે ઊતરી અને ટી.વાય.બી.એ.ની પરીક્ષા આપી પાસ થયા હતા. આ બધી ઘટનાઓ જે - તે સમયે જે તે વિદ્યાર્થીને તો પ્રોત્સાહક બની છે, પણ આ ઘટનાના સાક્ષી મારા જેવાને પણ કેટલી બધી અપીલ કરી હશે ! આ ઘટનાઓ અધ્યાપક બન્યો પછી જરા જુદી રીતે મને પણ એ રસ્તે લઈ ગઈ છે. એ મારું સદ્‌ભાગ્ય !

ટી.વાય.બી.એ.ની પરીક્ષા આપ્યા પછી હું સૂરત ગયો હતો, ત્યાં આત્મારામભાઈ દેસાઈ પાસેથી જાણવા મળ્યું કે ‘સાહેબ ગાંધીનગર પ્રિન્સિપાલ બની ગયા !’ આ સમાચાર મારા માટે ‘આનંદનો ઊભરો’’ બની ગયા. પણ પાટણને ખોટ પડશે. એમ લાગ્યું. મેં સૂરતથી સાહેબને પત્ર લખ્યો હતો. ખરેખર ઍમ.એ.ના બે વર્ષ ત્યાં ભણ્યો, પણ મારા માટે ‘કશુંક’ ખૂટતું હતું. ઍમ.એ.નું રિઝલ્ટ આવ્યું - સાહેબને જાણ કરી સાહેબે ઈન્ટરવ્યૂ માટેની તૈયારી અંગેનાં સૂચનો કર્યાં. એક પત્રમાં એવું પણ લખ્યું કે OVER CONFIDENCE માં ન રહેશો - થોડી વધુ સજ્જતા માટે ઉપકારક બન્યું

હતું. એ જ અરસામાં પિલવાઈ કૉલેજમાં ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે નિમણૂક થઈ - સાહેબને પત્રથી જાણ કરી. અધ્યાપકીય સજ્જતા માટે સાહેબ તરફથી અવાર-નવાર સૂચનો મળતાં રહ્યાં - હું એ પ્રમાણે જ આગળ ધપતો રહ્યો. પિલવાઈ કૉલેજમાં બે વર્ષ પછી કાર્યભાર ઘટી જતાં હું મોટી મુશ્કેલીમાં મુકાઈ ગયો. 'પ્રૉફેસર' બન્યા પછી હવે બરાબરનું મનોમંથન - સંઘર્ષ ચાલ્યો. શું કરવું ? એવો વિચાર પજવતો હતો અને એક દિવસ ડૉ. સોમભાઈ સાહેબનું સ્મરણ ખૂબ થયું. પત્ર લખ્યો - મને પગાર ઓછો મળશે તો ચાલશે પણ ભણાવ્યા વગર રહી શકું તેમ નથી જ. ખૂબ સંઘર્ષમાં છું. વિગત જણાવી - સાહેબનો પત્ર એક દિવસ આવ્યો, રાંધેજા તમારું નક્કી થયું છે. રહેવાની વ્યવસ્થા પણ થઈ ગઈ છે. આ ઘટના મારા જીવનનો વળાંક બની છે. હું રાંધેજા માટે તૈયાર થઈ ગાંધીનગર ગયો. ગાંધીનગર એક વર્ષ રહ્યો હોઈશ. તે સમય દરમ્યાન સાહેબના ઘેર જવાનું તો થાય જ થાય. ક્યારેક સાહેબનું આમંત્રણ જમવા માટે પણ મળે. ઉત્તરાયણના દિવસે જમવાનું કહેલું. હું તો જવું કે ન જવું તેવી અવઢવમાં મોડો ગયો. સાહેબ મારી રાહ જોઈને બેસી રહેલા - હું ખૂબ પસ્તાયો. એક દિવસ જમવાનું આમંત્રણ મળ્યું, હું તો આગલા દિવસે સાંજના પહોંચી ગયો ! સાહેબ બહાર જવા માટે પગથિયાં ઉતરતા હતા - મને થયું કે આજે નહીં કાલે જ જમવાનું હતું - હું વહેલો આવી ગયો છું. સાહેબે સ્થિતિ જાણી તરત જ કહ્યું મહેન્દ્રભાઈ ! તમારે આજે અને કાલે બે દિવસ મારે ત્યાં જમવાનું છે. કોઈની શરમ કેવી રીતે બોલી પ્રસન્નતામાં વ્યક્ત કરવી એ સાહેબ પાસેથી હું પણ શીખ્યો છું. બીજા દિવસે જમવા હું જઈ ન શક્યો.

ડાકોર કૉલેજમાં ઈન્ટરવ્યૂ આપવાનો હતો. હું આગલા દિવસે મળ્યો - એ પહેલાં પણ સાહેબે ઈન્ટરવ્યૂની તૈયારી અંગે ઘણું બધું સમજાવ્યું હતું. જે દિવસે હું ઈન્ટરવ્યૂ આપવા નીકળવાનો હતો એ દિવસે કૉલેજમાં આશીર્વાદ લેવા ગયો - સાહેબે આત્મવિશ્વાસથી કહેલું કે તમો ડાકોર કૉલેજનો ઓર્ડર લઈને આવશો. ખરેખર હું ડાકોર કૉલેજમાં લાગી ગયો ! ડાકોર કૉલેજમાં

નિમણૂક થયા પછી સાહેબને મળવા - શુભાશીષ લેવા ગાંધીનગર આવ્યો - સાહેબે - બા - ની હાજરીમાં કહેલું કે એવું કામ કરો કે આપણે બધાથી નોખા-અનોખા લાગીએ - વિદ્યાર્થીઓ પ્રતિ સદ્ભાવ રાખો - સર્જનાત્મક કાર્યો કરો. ગાંધીજીએ એકલા હાથે કેટલું બધું કર્યું છે ! એક માણસ કેટલું કામ કરી શકે તે માટે ગાંધીજીને નજર સમક્ષ રાખો. આ વાતોએ આજ સુધી મને સતત ધબકતો રાખ્યો છે. ડાકોર લાગ્યા પછી સાહેબ સાથે પત્રોથી મળવાનું વધ્યું - જેમાંથી વિકસવા માટે - વિસ્તરવા માટે કેટકેટલું મળ્યું છે !

એક દિવસ સાહેબની કૉલેજના અર્થશાસ્ત્ર વિષયના પ્રો. પાર્થભાઈની બાધા અંગે સાહેબ ડાકોર આવે છે. બા અને સાહેબ મારા ઘેર આવ્યા. હરખમાં ને હરખમાં હું ડ્રાઈવરને ચા આપવાનું ભૂલી જ ગયો. ત્યાર બાદ અમે ગાડીમાં પ્રો. બળદેવભાઈ પટેલના ઘેર ઉમરેઠ ગયા. ત્યાં બધાને ‘ચા’ આપી. ડ્રાઈવરને ચા આપવાની વાત થઈ ત્યારે સાહેબે કહ્યું ડ્રાઈવરને ‘ચા’ આપવા માટે મહેન્દ્રભાઈ જશે, હું મારી ભૂલ તરત સમજી ગયો. જેનો વસવસો આજે પણ સાલે છે. હા, સાહેબ ભૂલને કેવી રીતે - ભણાવતા હતા તે રીતે - વાગે નહીં અને વિકસાવે તેવી રીતે સુધરાવતા હતા.

હમણાં એક વર્ષ પહેલાં વૅકેશનમાં ગાંધીનગર સાહેબને ત્યાં જવાનું થયું - ફોન કર્યો - બસની અનિયમિતતાને લીધે સમયસર ગાંધીનગર પહોંચી ન શકાયું. હું સીધો જ પ્રો. હરિતભાઈ (સાહેબના દિકરા છે.) ના ઘેર પહોંચ્યો. બા અને સાહેબ ત્યાં આવ્યા. સાહેબે કહ્યું કે કાલે જમવાનું ત્યાં રાખશો. બાએ અને હરિતભાઈએ કહ્યું અહીં જ રાખીશું. સાહેબ ના માન્યા. બા તો હરિતભાઈને ત્યાં જ રહ્યા, પણ સાહેબ અને ચિ. ડાયલબહેને (મોટા દિકરા - વિનયભાઈના દીકરી) રસોઈ બનાવી. સાહેબે ગેસ ઉપર તવી મૂકી - તવી ઉપર લાડુ ભરેલી તપેલી મૂકી. તે તપેલીને ઢાંકતી બીજી તપેલી મૂકીને લાડુ ગરમ કરતા હતા. હું અને મારા પત્ની બાજુમાં ઊભા રહી આ બધું જોતા હતા. મારા પત્ની આ બધું જોઈ ખૂબ હરખાતા હતા અને હું સાહેબનો પ્રેમભાવ કેટલો બધો છે એ મનોમન વિચારતો હતો. મારા પત્ની આજે પણ એ

સંભારીને મને રસોડામાં મદદ કરવા પ્રેરણા આપે છે. હું કટોકટીના સમયમાં એ પ્રેરણાને પ્રયત્નમાં મૂકી આપું છું. આ સમયે ચિ. ડાયલબહેનનો ઉત્સાહ અને સરસ મજાની દાળ પણ સાંભરે છે. શ્રી વિનયભાઈ, શ્રી હરિતભાઈ, ભાભી - બા - વગેરેનું સ્મરણ થાય છે.

વિદ્યાર્થી હતો ત્યારથી માંડીને પ્રૉફેસર - ડૉક્ટરેટ થયો. આજે પણ સાહેબના પત્રોએ મને સતત સંકોર્યો છે. હું આ લખવાનો વિચાર કરતો હતો ત્યારે બધા જ પત્રોમાંથી પસાર થયો છું. મારી સામે કેટલા બધા પત્રો છે ! આ બધા કાગળોમાંથી ભીની ધબક હું સાંભળું છું. આ પત્રોમાં કયારેક પુસ્તકની વાત હોય, ક્યારેક પીઍચ.ડી. જલ્દી પૂરું થાય તેની વાત હોય, નૂતનવર્ષના અભિનંદનની હૂંફ હોય, વાચનનું પ્રોત્સાહન હોય, લાઈબ્રેરીની મુલાકાત માટેની ખાંખત હોય, કૉલેજની વિશેષ પ્રવૃત્તિ અંગે હોય, લેખનો પ્રતિભાવ હોય, તેમની સંસ્થાના વિશેષ સમાચાર હોય, પીએચ.ડી.ના વિષયની પસંદગીની પ્રસન્નતા હોય, અધ્યાપક સંઘનાં અધિવેશન વિશે હોય, તબિયતના સમાચાર હોય - કેટકેટલા પત્રો !!! એક જીવંત અધ્યાપક પોતાના પ્રોત્સાહનથી પ્રૉફેસર બનેલા મહેન્દ્રભાઈને કેવી રીતે અન્ય સર્જનાત્મક સંસ્થા સાથે જોડે છે - જુઓ તા. ૪-૩-૯૯નો આ પત્ર - સ્નેહીશ્રી મહેન્દ્રભાઈ,

'અસાઈત સાહિત્ય સભા, ઊંઝાના આજીવન સભ્ય તરીકે રૂપિયા ૧૦૦૦-૦૦ એક હજારનો ચેક મેં વિનાયક રાવલ ઉપર મોકલી આપ્યો છે અને આજીવન સભ્ય તરીકે તમારું નામ સરનામું આપ્યું છે. એટલે હજાર રૂપિયાની પાવતી તમારા નામે અને તમારા સરનામે આવશે. તમારી વિશેષ પ્રગતિ માટે તે ઉપયોગી બનશે તેવી શ્રદ્ધા સાથે, હજાર રૂપિયાની રકમ મેં તમને આપી દીધી એમ સમજશો.'- ડૉ. સોમભાઈ સી. પટેલના આશીર્વાદ.

પૂ. સાહેબના અનેકાનેક પત્રોમાં નીચે લખાયેલું હોય 'લિ. સોમભાઈના આશીર્વાદ' હું 'આશીર્વાદ' શબ્દ વાંચુ કે સાંભળું ત્યારે મને સૌ પ્રથમ સોમભાઈના આશીર્વાદ જ સાંભરે. મારા જીવનને ચોક્કસ દિશા


સોમભાઈ થકી જ મળી છે. બીજી રીતે કહું તો મને સોમભાઈના આશીર્વાદ ખરેખર ફળ્યા છે. એ અર્થમાં મારા જીવન માટે ‘લિ. સોમભાઈના આશીર્વાદ’ નું બહુ મોટું મૂલ્ય છે.

સાહેબનાં વિદ્યાર્થિની અને દીકરીતુલ્ય અંજનાબહેને એક સુવિચાર સાકાર કરવા પ્રયત્ન કર્યો છે - પ્રણામ ! આ વિચાર મને આવેલો, પણ અંજનાબહેનનો હક હશે. આ પુસ્તક શિક્ષકો માટે દીવાની જ્યોત બનશે. ભીતરનું અજવાળું કેટકેટલાને - કેવી રીતે અજવાળે છે, તેની આ વાત છે. અંજનાબહેને આ દીપકને ‘અખંડ જ્યોત’ આપવાનું કામ કર્યું છે. તે ખરેખર વંદનને લાયક છે. અંજનાબહેન, તમે પણ ખૂબ ખૂબ અજવાળો !!!

*“ભરપેટ ભોજન કરો, પણ જેટલું પચ્યું તેટલું જ તમારું થયું,*
*તે જ રીતે ગ્રંથોના ગ્રંથો વાંચો પણ જેટલું તમારા*
*આચરણમાં ઊતર્યું, તેટલું જ તમને મળ્યું;*
*બાકીનું હવામાં ઊડયું.”*

૧૪

## ડૉ. સોમભાઈ પટેલ : સહૃદય, સાદગી અને જ્ઞાનનો ત્રિવેણી સંગમ



**ડૉ. ભરત સોલંકી**
અધ્યક્ષ, ગુજરાતી વિભાગ,
કોટાવાળા આર્ટ્સ કૉલેજ, પાટણ

સંનિષ્ઠ, સહૃદય, સાદગી અને જ્ઞાનનો પર્યાય એટલે આદરણીય શ્રી સોમભાઈ પટેલ સાહેબ. મારા એ કૉલેજકાળના સુવર્ણમય દિવસો શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીનો હું વિદ્યાર્થી. શ્રી સોમભાઈ પટેલ તે સમયે ગુજરાતીના અધ્યક્ષ-અધ્યાપક. શરીરની ઉંચાઈ અને જ્ઞાનની સૂક્ષ્મતા તેમનો પ્રથમ પરિચય. પહેરવેશ આજપર્યંત એકસરખો. પેન્ટ અને ઉપર એવા જ કલરનું ચાર ખિસ્સાવાળું સફારી તેમનો પ્રિય પહેરવેશ. અવાજ થોડો પાતળો પણ સ્પષ્ટ. અહમ્ તેમની પાસે આવે જ શાનો ? જ્ઞાનને વહેંચવામાં હંમેશાં તત્પર. નિર્વ્યાજ અને નિર્દોષ પ્રેમનું ઝરણું હંમેશાં વિદ્યાર્થીઓ પર વહાવ્યા કરતા.

૧૯૮૭-૮૮ નાં એ વર્ષો સાહેબનો પણ સુવર્ણકાળ, યૌવનકાળ. બધા જ અધ્યાપકોની આગવી આગવી લાક્ષણિકતાઓ. પણ એક વાતની સમાનતા એ કે તમામ અધ્યાપકો ગુજરાતી હિન્દી અંગ્રેજી અને સંસ્કૃતના ઊંડા અભ્યાસી. ગુજરાતીના વ્યાખ્યાનમાંથી ઈતર સાહિત્યનો આમ પરિચય અને રસ જગવવાનું શ્રેય સાહેબના ફાળે જાય છે. ગુજરાતી વિષયમાં પણ માત્ર કવિતા, નવલકથા, વાર્તા કે ભાષાવિજ્ઞાન નહીં પણ તમામ પર એક સરખી જ પકડ. અર્વાચીન ગુજરાતી સાહિત્યનું અધ્યાપન કરાવતાં તેમણે નર્મદ, દલપત ન્હાનાલાલ, બ.ક. ઠાકોર, ઉમાશંકર એવા તો મગજમાં ગોઠવી આપ્યા છે કે આજે ય તે

વિસરાયા નથી. વળી ભાષાવિજ્ઞાન જેવા નિરસ કે શુષ્ક ગણાતા વિષયને પણ રસાળવો બનાવી સમજાવતા. અભ્યાસક્રમ મોટેભાગે પૂરો કરવા પ્રયત્ન કરતા. એ પણ વ્યાખ્યાન તેમ જ નોટના આલેખન સાથે.

આચાર્ય યશવંત શુકલની જેમ ગુજરાતી ભાષાનું ઉચ્ચારણ એકદમ શુદ્ધ. જેમ લખવામાં તેમ બોલવામાં પણ હ્રસ્વ-ઈ, દીર્ઘ-ઈ અનુસાર, અનુનાસિક, ઘોષ, અઘોષ વગેરેનો અનુભવ થાય.આમ પૂરી મહેનત અને પૂરી લગનથી પ્રગટ થવાનું તેમનું વલણ અમારા માટે પ્રેરણારૂપ છે.

વિદ્યાર્થી સ્વાવલંબી બને, પરીક્ષાર્થી માત્ર ન બને એવું તેવો કાયમ ઈચ્છતા. પરિણામે પરીક્ષા સમયે મહત્ત્વના પ્રશ્નો આપવાનું ટાળતા. સમગ્ર અભ્યાસક્રમ વાંચવાનો - વંચાવવાનો તેમનો આગ્રહ રહેતો, પછી મૂલ્યાંકનમાં તટસ્થ છતાં ય થોડા ઉદાર રહેતા. અન્ય પેપરોની તુલનામાં તેમના પેપરમાં ગુણ ઉત્સાહ વધારે તેટલા મળતા. જેમ કૉલેજમાં તેમ ઘેર પણ તેટલો જ ઉત્સાહ બતાવતા. ઘણી વાર કોઈ પ્રશ્ન ન સમજાય ત્યારે સાયકલ દોડાવતાં સાહેબના ઘર તરફ અમને જોતાં જ 'આવો, આવો, ભરતભાઈ' એવો ઉમળકો દર્શાવી આગતા સ્વાગતા કરાવી પ્રશ્નોનું નિરાકરણ લાવી આપતા. સાહેબ વિદ્યાર્થીઓને પણ ભાગ્યે જ 'તું' કારથી બોલવતા. મોટેભાગે મને તો 'માનાર્થ' નો જ અનુભવ થયો છે.

તેમના વિદ્યાર્થીઓ આગળ વધે, પ્રગતિ કરે ત્યારે તેને બિરદાવવાનું ક્યારે ય ચૂક્યા નથી. તેમનું ગાંધીનગર તરફ પ્રયાણ અને મારી શામળાજી કૉલેજમાં અધ્યાપક તરફી પસંદગી પછી ઍમ.ફિલ., પીઍચ.ડી. જેવી પદવી પ્રાપ્ત થતાં તેઓએ અવશ્ય અભિનંદનના તથા શુભેચ્છાના પત્રો પાઠવ્યા છે. જે મારી અંગત ફાઈલમાં મોંઘી મૂડીરૂપે સચવાયેલા આજે ય પડ્યા છે. આજે આ નિમિત્તે તેમનાં સંસ્મરણો વાગોળતાં અનહદ આનંદ અને રોમાંચિતપણાનો અનુભવ થાય છે. હું શ્રી સોમભાઈ પટેલનો વિદ્યાર્થી છું એમ કહેતાં મારી છાતી ગજગજ ફૂલે છે. અને ગૌરવનો અનુભવ થાય છે. અને તેનું એ જ કારણ કે 'સહૃદયી, સાદગી અને જ્ઞાનનો ત્રિવેણી સંગમ ધરાવતું તેમનું વિરલ વ્યક્તિત્વ !!

# ૧૫ ગુરુમૂર્તિ



**ભાવનાબા એ. વાઘેલા**
આચાર્ય,
શ્રીમતી કે. કે. પટેલ વિદ્યાલય,
કોલવડા, તા.જિ. ગાંધીનગર

આ સ્મૃતિગુચ્છ તૈયાર કરવામાં ડૉ. સોમભાઈ પટેલ સાહેબનો વિશાળ સ્નેહી, શિષ્ય સમુદાય પોતાના હૃદયની ઊર્મિઓને ઉમળકાભેર મોકલે છે તેમાં હું તેમની વિદ્યાર્થિની મારી લાગણીઓ વ્યક્ત કરતાં આનંદ સહ ગૌરવની લાગણી અનુભવું છું.

ઉમા આર્ટ્સ કૉલેજના પ્રથમ વર્ષ / બેચની હું સ્ટુડન્ટ. અને જેમ માતા-પિતાને સ્વાભાવિક જ પ્રથમ સંતાન માટે સવિશેષ વાત્સલ્ય હોય તેમ અમે પણ આ અપૂર્વ ભાવ અનુભવ્યો છે અને હજુ પણ વાગોળીએ છીએ.

ડૉ. પટેલ સાહેબ માટે હું હૃદય ઠાલવું તો જણાવીશ કે તેઓશ્રી સેવા વિસ્તરણ કેન્દ્ર, સ્નેહશિક્ષણ અને સંશોધનનો ત્રિવેણી સંગમ છે. શિક્ષણના વિવિધ સ્તરે આગવી સૂઝ, સત્યપરાયણતા, વિશિષ્ટ પ્રતિભા, એકનિષ્ઠ, અધ્યાપક, આદર્શ આચાર્ય, કુશળ વહીવટકર્તા, કાર્યશીલ અને સમયના ચુસ્ત પાબંદી સાહેબશ્રીની બહુમુખી પ્રતિભા ગાંધીનગરને પ્રાપ્ત થઈ તે પાટનગરનું નસીબ છે.

નિખાલસતા, સાદગી, કાર્યમાં ઝીણવટ ભરી ચોકસાઈ, કોઈ કાર્યની નાનમ નહિ, હોદ્દાની વડાઈ નહિ તેવા સરસ્વતીના ઉપાસક લાગણીના મહાસાગર સમા હીરાપારખુ ઝવેરીની જેમ અમારામાં રહેલી શક્તિઓને પારખી યોગ્ય માર્ગદર્શન, સતત પિતૃતુલ્ય વહાલ વરસાવતા સાહેબ માટે શબ્દો

પણ ખૂટી પડે છે અને તેમના વ્યક્તિત્વ માટે કહેવું એ સૂરજને રોશની બતાવવાનો પ્રયાસ છે.

સાચા શિલ્પી The most dynamic person માટે અમે તેમના શિષ્યા હતા ત્યારે અને પછીના ઘણાં વર્ષો સુધી... પછી ક્યારે ય પણ વ્યવસાય કે અન્ય ક્ષેત્રના માર્ગદર્શન માટે તેમની પાસે જઈએ ત્યારે, મને યાદ છે હું M.A. Class-II ની પરીક્ષામાં ગુજરાતી સાહિત્યના પેપરમાં માર્ગદર્શન મેળવવા ગઈ ત્યારે મુદ્દા લઈ લીધા. જાતે જ બધા જ પ્રશ્નોના જવાબ તૈયાર કરી અને મને તૈયાર નોટ્સ કરાવી, તે પણ હું પૂછું તે પહેલાં કહ્યું : ‘તું આવીને આ જવાબો લઈ જા’ મારા કરતાં પણ વધારે ચિંતિત બની ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન આપ્યું તે આજીવન નહીં ભુલાય.

સાચે જ ગુરુપૂર્ણિમાના દિને કદાચ રૂબરૂ મુલાકાત થાય કે ના થાય, મનોમન આ ગુરુની મૂર્તિ મનમાં રાખી શતશત વંદન કરી ધન્યતા અનુભવું છું.

ખરે તો !
આપણે સૌ છીએ
શિક્ષણ સુવાસની પગદંડીના પંથી
પરંતુ તમે તો સાચે જ
અમ સૌ માટે
વડલાની નિર્ભય શાંત છાયા
શિક્ષણ જગતના પારસમણિ
પ્રસન્ન મુદ્રા ને ચિતહર ભાવે
અમ સમ પથ્થરોને ઘડનાર
તમે છો
એક સાચા શિલ્પી....

મળી મળીને મળ્યા કર્યું
નિત નવીન
કંઈ શીખ્યા કર્યું
મનમાં હતું જે કલ્પન
ગુરુમૂર્તિ તણું
તે સાકાર અને સાર્થક થયા કરે....

જીવનમાં આપના આદર્શોને અનુસરવાનો પ્રયત્ન કરતાં... કરતાં પિતૃતુલ્ય વાત્સલ્યભાવ અનુભવતા અમે આપના જન્મોજન્મના ઋણી છીએ. અને સાહેબશ્રીનું આગામી જીવન સુખદ, માનભર્યું અને આરોગ્યપ્રદ નીવડે તેવી મારી શુભ કામના.

*"ગુણથી મોટો, એ મોટો,હોદ્દાથી નહીં, હાદ્દો તો પરપોટો છે.*
*ગમે ત્યારે હવા નીકળી જશે."*

## ૧૬ ગુરુણાં ગુરુ



**સોનલ અજય પુરોહિત**
ભૂતપૂર્વ વિદ્યાર્થિની

**“ध्यानमूलं गुरुमूर्तिः**
**पूजामूलं गुरोः पदम् ।**
**मंत्रमूलम् गुरुर्वाक्यं**
**मोक्षमूलम् गुरोः कृपा ॥”**

શું લખુ આપના વિષે ? હું સાચું કહું તો અત્યારની મારી લાગણી અવર્ણનીય છે. કારણ દરેક બાળકને પોતાના માતા-પિતા વિષે માન હોય, સન્માન હોય, પણ તેને શબ્દોમાં વર્ણવવું અઘરું હોય છે અને અત્યારે હું તે જ લાગણી અનુભવી રહી છું. પણ સાચું કહું ? આજે મને એવી વ્યક્તિ વિષે અંતરની ઊર્મિ વ્યક્ત કરવાની સુંદર તક મળી છે કે આ ક્ષણ મારા જીવનની સુવર્ણ ક્ષણ છે.

માનનીય શ્રી સોમભાઈ સાહેબ કે જેઓ સ્પષ્ટવક્તા, દીર્ઘ વિચારશક્તિ, દ્રઢ મનોબળ અને સૂક્ષ્મ દષ્ટિવાળા છે.

જે માતા-પિતાની પુત્રી કૉલેજમાં આવે એટલે તે માતા-પિતાની ઊંઘ હરામ થઈ જાય છે. પરંતુ અમારી કૉલેજ (ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ કૉલેજ)ના આચાર્ય તરીકે શ્રી સોમભાઈ સાહેબ હોવાથી અમારા એટલે કે કૉલેજની દરેક વિદ્યાર્થિનીના માતા-પિતા નિશ્ચિંત બની ગયા. કારણ કે કૉલેજ હોવા છતાં અભ્યાસની શરૂઆત પ્રાર્થનાથી થતી, વળી રીસેસ કે ફ્રી લૅક્ચર

દરમિયાન વિદ્યાર્થિનીઓ કૉલેજના ગેટની બહાર જઈ શકતી નહીં એટલે કે ગેટ બંધ રાખવામાં આવતો.

કૉલેજકાળની ઉંમરમાં માતા-પિતા પણ જ્યારે મૂર્ખ લાગતા હોય ત્યારે, કૉલેજમાં આ પ્રકારના નિયમોથી કોઈક વાર ઘણી બહેનો બોલી જતી કે આ તો સ્કૂલ છે કે કૉલેજ ? પણ આજે એ કૉલેજને સ્કૂલ બનાવનાર આચાર્ય તેમ જ અન્ય ગુરુજનો માટે ચોક્કસ માન થાય છે. કારણ કે અમારે પણ સંતાનો છે.

આ તો મેં અમારા કૉલેજકાળ સમયે થયેલા તેમના અનુભવોમાંનો એક પ્રસંગ વાગોળ્યો. બાકી તેમની વિદ્વત્તાની વાત કરીએ તો નિયમમાં સંપૂર્ણ શિસ્તબધ્ધ, સ્વચ્છતાના આગ્રહી જેવા તો અનેક સદ્‌ગુણો શ્રી સોમભાઈ સાહેબના હૃદયમંદિરમાં રહેલા છે, તે શ્રીમતી આર.સી. પટેલ સ્કૂલમાં મેં કરેલી ટીચર તરીકેની સર્વિસના સમયગાળામાં થયેલ અનુભવ પરથી કહી શકુ છું. આપણે સ્કૂલમાં કરેલ કોઈ સારા કાર્યને તેઓ ખૂબ સરસ રીતે વખાણતા અને કોઈ ભૂલને સ્પષ્ટવક્તા બની આપણી ક્ષતિ સામે અંગુલિનિર્દેશ કરી માનવાચક શબ્દો સાથે તે ક્ષતિને સુધારવા માટે સમજાવતા.

**आचिनोति हि शास्त्रार्थं आचारे स्थापयत्यपि**

**स्वयमाचरते यस्मादाचार्यः परिकीर्त्य ते ॥**

હું એટલું ચોક્કસ કહીશ કે, સાહેબમાં રહેલા આ બધા ગુણ કૉલેજ માટે પસંદ કરેલા પ્રૉફેસર્સ કે ગુરુજનો પરથી જ નિશ્ચિત થાય છે. પછી તે શ્રીમતી યોગિની મૅડમ હોય કે રૂપા મૅડમ.

માતા-પિતાની સાથે સાથે શ્રી સોમભાઈ સાહેબ તેમ જ યોગિનીબહેન જેવા ગુરુજનો તરફથી સાંપડેલા સંસ્કાર હું આજે મારા બાળકોમાં રેડી શકું છું તેનો મને આનંદ છે.

કૉલેજમાં ચાલતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તેઓ ખૂબ ઊંડો રસ લેતા. જેમ કે, ઍફ.વાય.બી.એ.માં સંસ્કૃતમાં ભજવેલ "સ્વપ્નવાસવદત્તમ્"

નાટકમાં હું વાસવદત્તા બની હોઈશ કે ટી.વાય.બી.એ.માં "અભિજ્ઞાનશાકુંતલમ્" માં શકુંતલા બની હોઈશ. મને બરાબર યાદ છે કે તેઓએ ખૂબ જ રસપૂર્વક આ નાટકો માણ્યા હતા અને તેની પ્રશંસા પણ કરી હતી કારણ કે તેઓ સંસ્કૃતના પણ સારા જ્ઞાતા છે.

છેલ્લે એટલું તો ચોક્કસ કહીશ કે, જેવી રીતે સોમરસનું પાન કરવા માટે દેવ બનવું પડે છે તે જ રીતે શ્રી સોમભાઈ સાહેબના જ્ઞાન અને વાત્સલ્યરૂપી અમૃતનું પાન કરવા માટે સાહેબની વિદ્યાર્થિની બનવાનું મારા જેવું સદ્‌નસીબ પ્રાપ્ત કરવું પડે.

સોમ (ચંદ્ર) એટલે કે ચંદ્રમાં રહેલી શીતળતા સમાન અમૃત રહેલું હોય છે તે જ શીતળતા અમે શ્રી સોમભાઈ સાહેબમાં પણ જોઈ છે.

માતા+પિતા = શ્રી સોમભાઈ સાહેબ. તેમના વિષે હું લખીશ તેટલું ઓછું છે. તેથી હું અહીં ફરીથી શ્રી સોમભાઈ સાહેબને વંદન કરી યાદોને સમેટી લઉ છું.

**गुरुदेवप्रसादेन लब्धा विद्या यशस्विनी ।**
**शिवरूपाय नमस्तमै संसारार्णवसेतवे ॥**

*જ્યાં સુધી તમે વિદ્યાર્થીને ચાહો નહીં ;*
*ત્યાં સુધી તેને ભણાવી શકો નહીં.*

# ૧૭ એક અનોખું વ્યક્તિત્વ



**પ્રા. ડૉ. ગીતાબા ચાવડા**
સરકારી વિનયન કૉલેજ,
સૅક્ટર-૧૫, ગાંધીનગર.

પ્રિન્સિપાલ એ સંસ્થાના વડા હોવાથી સમગ્ર કૉલેજના વિકાસની જવાબદારી તેમની સૂઝબૂઝ, વહીવટીક્ષમતા પર નિર્ભર હોય છે. આથી પ્રિન્સિપાલે તો સારો વહીવટ ચલાવવા માટે ખૂબ જ કડક રહીને કોઈને પણ અન્યાય ન થાય તેનું બરાબર ધ્યાન રાખીને સંસ્થાના ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ રહેવાનું હોવાથી તેઓ બધાના જ પ્રિય બની શકતા નથી અને તેમાં પણ શિસ્તપ્રિય પ્રિન્સિપાલ તો બધાને ખટકે જ અને એટલે જ વ્યક્તિ પ્રિન્સિપાલ તરીકે સંપૂર્ણ સફળ હોય અને છતાં પણ સૌને પ્રિય હોય તેવું બને ખરું ? હા, આવું જ અનોખું વ્યક્તિત્વ પ્રિ. સોમભાઈ પટેલ ધરાવે છે. તેથી હું હંમેશાં તેમને માટે वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि (વજ્રથી પણ કઠોર અને ફૂલથી પણ કોમળ) કહેતી. કઠોરતા અને કોમળતા એક સાથે તેમનામાં જોવા મળતી. આજે હું આસીસ્ટન્ટ પ્રૉફેસર છું. પરંતુ મારી ઍફ.વાય. થી આજ સુધીની યાત્રામાં સતત પ્રેરકરૂપ પ્રિ. સોમભાઈ પટેલના વ્યક્તિત્વને મેં મારી દૃષ્ટિએ જે મૂલવ્યું છે, જે અનુભવ્યું છે, જાણ્યું છે તે હું મારા પોતીકા અનુભવોને તમારી સામે પ્રસ્તુત કરું છું, મારા જ શબ્દોમાં...

ધોરણ-૧૨ નું રીઝલ્ટ ડીસ્ટીંકશન આવે તો જ કૉલેજ કરવા દઈશું એવું પપ્પાએ કહેલું અને તદનુસાર ધોરણ-૧૨માં ૭૨% આવ્યા પણ ખરા, પરંતુ ૧૯૯૧ ની સાલમાં ગાંધીનગરમાં એકમાત્ર આર્ટ્સ કૉલેજ હતી. સરકારી

વિનયન કૉલેજ સેક્ટર-૧૫, ગાંધીનગર. પરંતુ તે મિશ્ર કૉલેજ હોવાથી પપ્પાએ કહ્યું કે એકલી છોકરીઓની કૉલેજ હોય તો જ ભણવા મળે, નહીંતર નહીં, અને ખરેખર મારા જીવનના શૈક્ષણિક વિકાસનાં બધાં જ દ્વાર બંધ થઈ ગયાં. તે જ સમયે સૂર્યકિરણ રૂપ ઉમા આર્ટ્સ કૉલેજ સેક્ટર-૨૩, કડી કેમ્પસમાં શરૂ થઈ. જાણે કે એ મારા માટે જ શરૂ થઈ હોય એમ મને લાગ્યું, અને મેં તરત જ સંસ્કૃત વિષય સાથે ઍફ.વાય.બી.એ.માં ત્યાં ઍડમિશન લીધું.

શાળાના વાતાવરણમાંથી સીધું જ કૉલેજના વાતાવરણમાં કેવી રીતે સૅટ થઈશું ? એ પ્રશ્ન સતાવતો હતો, અને એમાં પણ કૉલેજના પ્રિન્સિપાલ તો બહુ જ કડક હોય એટલે તેમનાથી દૂર જ રહેવાય, બોલાય જ નહીં તેવી મનમાં છાપ હતી, અને સાથી મિત્રો પણ પ્રિન્સિપાલથી હંમેશાં દૂર રહેવું એવી સલાહ આપતાં. પરંતુ આ શું ? પ્રથમ દિવસે જ સર્વ વિદ્યાર્થિનીઓનો પરિચય પ્રાર્થના સમયે પ્રિન્સિપાલે પૂછેલો અને બીજે દિવસે જ જેવાં અમે પ્રિન્સિપાલની ચૅમ્બર આગળથી જતાં હતાં ત્યાં પ્રિન્સિપાલે સામેથી મારી સામે તેમની હાસ્યસભર દૃષ્ટિથી પૂછ્યું. તું ગીતા ચાવડાને ? મને એક સૅકન્ડ તો ખૂબ આશ્ચર્ય થયું કે હું સ્વપ્ન તો જોતી નથી ને ! પ્રિન્સિપાલ એક જ દિવસમાં મને નામથી ઓળખવા લાગ્યા અને એ જ દિવસથી પ્રિ. સોમભાઈ પટેલ મારા માટે ભારેખમ, પરંપરાગત પ્રિન્સિપાલ ન રહેતાં આત્મીય બની ગયા. વ્યક્તિત્વને પારખવાની એમનામાં અજોડ સૂઝ છે. તેઓ મારામાં રહેલી ભીરુતાને દૂર કરવા હંમેશાં સામેથી બોલાવતા. ફક્ત મને જ નહીં, કૉલેજની તમામ વિદ્યાર્થિનીઓને તે બોલાવતા અને એમની એ સરળતાને કારણે જ તેઓ અમારા પ્રિન્સિપાલ હોવા છતાં અમે તેમની સાથે હળી મળી ગયાં હતાં. ત્રણ વર્ષ હું એ કૉલેજમાં ભણી ત્યાં સુધી સતત હું એમના વ્યક્તિત્વને પારખતી રહી. તેમનામાં રહેલા નાના-નાના ગુણોને લીધે હું હંમેશાં તેમને આદરથી જોવા લાગી. પ્રિ. હોવા છતાં તેમની સાથે ગમે ત્યારે, ગમે તે સમયે, ગમે તે વાત કરતાં હું અચકાતી ન હતી, અને વધુમાં એ કે તેઓ પણ હંમેશાં દરેક

વાત પહેલાં શાન્તિથી સાંભળતા, પછી શું કરી શકાય ? અને શું ન કરી શકાય તે વિસ્તારથી સમજાવતા. તેથી ઘણી વાર જવાબ નકારમાં હોય તો પણ પોતે શા માટે 'ના' પાડે છે તેનું સ્પષ્ટ કારણ આપતા. તેથી અમારી વાત ન સ્વીકારાઈ હોય તો પણ ક્યારે ય દુઃખ ન થતું.

પ્રિન્સિપાલની જવાબદારી સવિશેષ હોવા છતાં તેઓ પોતાના લૅક્ચર એવી રીતે ગોઠવતા કે લૅક્ચર પણ લેવાય અને કૉલેજના પ્રિન્સિપાલ તરીકેની જવાબદારી પણ બરાબર સંભાળાય. તેઓ મને ગુજરાતી ભણાવતા. આજે પણ 'પૃથ્વીવલ્લભ'નું મુંજ મૃણાલનું પાત્ર એમની શૈલીમાં યાદ છે. તેઓ ધીમે ધીમે વિશદતાથી ભણાવતા. તેથી ભણવામાં પણ ખૂબ મજા આવતી. તેમનું દરેક કાર્ય પૂર્વ આયોજિત હોય. તેઓ ઑફિસ કામ માટે હંમેશાં એક પેન્સિલ રાખતા અને જે કંઈ સૂચના કોઈને પણ આપવાની હોય તો તે નાની ચબરખીમાં પેન્સિલથી જ લખીને આપતા. મેં એક વાર કહ્યું, 'સર, કેમ પેન નથી વાપરતા ?' તો કહે, 'જ્યાં જેની જરૂર હોય તે જ વપરાય. આ કામ પૅન્સિલથી થઈ શકે એમ છે તો પૅન શા માટે વાપરવી?' તેમનો આ કરકસરનો ગુણ મને સ્પર્શી ગયો. પરંતુ ઘણાં કહેતાં કે સાહેબ કંજૂસ છે. પરંતુ કંજૂસાઈ અને કરકસરનો ફરક હું સમજી ચૂકી હતી.

સમયની બાબતનાં તેઓ ખૂબ કડક હતા. શિસ્તના ખૂબ આગ્રહી હતા. તેમાં જરા ય ભૂલ થાય તો ઠપકો પણ કડક શબ્દોમાં આપતા અને જે કાર્ય સર્વહિતમાં હોય તે જ કરતા. તેથી ઘણી વાર તે ખૂબ જક્કી કે જીદ્દી પણ લાગતા. પરંતુ સમય આવે આ બધું સમજાતું.

તેઓ દરેક વ્યક્તિની દરેક બાબતનું બારીકાઈથી નિરીક્ષણ કરતા. દરેક પરીક્ષામાં જે-તે વિદ્યાર્થિનીને જે-તે વિષયમાં વધારે માર્ક્સ આવે તો તેને પોતાના હસ્તાક્ષરથી પોસ્ટકાર્ડ લખી અભિનંદન પાઠવતા અને હંમેશાં ખૂબ આગળ વધો એવા આશીર્વાદ પાઠવતા. આજે પણ મેં એ પોસ્ટકાર્ડ સાચવી રાખ્યાં છે. તેમના અક્ષરોનો વળાંક પણ પ્રશંસનીય છે.

ટી.વાય.બી.એ.માં કૉલેજ ફર્સ્ટ આવી અને યુનિ. માં ફર્સ્ટ માટે ૬ માર્ક્સ માટે રહી ગઈ તો તરત જ કહ્યું કાંઈ વાંધો નહીં. એમ.એ.માં યુનિ. ફર્સ્ટ અવાય એવી મહેનત કરજે. તેમનું વાક્ય મારે માટે બ્રહ્મવાક્ય હતું. મને એમ કે પ્રિ. મારામાં આટલો બધો વિશ્વાસ મૂકે છે તો મારે મહેનત કરવી જ જોઈએ અને બસ આ જ કારણે હું ઍમ.એ.માં યુનિ. ફર્સ્ટ આવી. ત્યારે તેઓ અભિનંદન આપવા મારે ઘરે આવેલા. બી.એ.ના રીઝલ્ટ સમયે પણ ઘરે આવેલા અને પપ્પાને ખાસ કહેલું કે, ‘આને ખૂબ ભણાવજો.’

બી.એ. બાદ કૉલેજ પૂરી થઈ ગઈ. પરંતુ સાહેબ સાથેની આત્મીયતા અકબંધ રહી. દરેક સારા પ્રસંગે તેઓ અભિનંદન આપવાનું ચૂકતા નહીં. ઍમ.એ. બાદ ઍમ.ફીલ., જી.ઍસ.ઍલ.ઈ.ટી. અને પીઍચ.ડી. બાદ પણ તેમણે મને અચૂક યાદ કરી અભિનંદન આપ્યા છે.

તેમના આ પ્રોત્સાહક વચનો, કામને નવાજવાની શૈલી, અભિનંદન આપી હંમેશાં યાદ ને તાજી રાખનાર, હંમેશાં પ્રેમભર્યો વ્યવહાર રાખનાર સાહેબશ્રી મારા જીવનના સતત પથદર્શક રહ્યા છે. ઉપરથી કઠોર દેખાતા વ્યક્તિત્વની અંદર રહેલી કોમળતા તો અનુભવથી જ પામી શકાય.

*“દરેક સમૃદ્ધિ કે ઉપાધિ પોતાનું આયુષ્ય લઈને આવે છે ;*
*આયુષ્ય પૂરું થતાં તે ચાલી નીકળે છે.”*

## ૧૮ કારકિર્દીના દરેક પગથિયે મદદ



**પરેશા પી. પટેલ**
ભૂતપૂર્વ વિદ્યાર્થિની
સેટેલાઈટ, અમદાવાદ

શ્રી સોમભાઈ પટેલનું નામ લેતાં જ મારી સામે એક વિદ્વાન, ધીરગંભીર ને પ્રેમાળ વ્યક્તિત્વ ઉપસી આવે છે. જેમણે અમને ગુરુ તરીકે ગુજરાતી ભાષા અને સાહિત્યના પાયાના સિદ્ધાંતોનું રસપાન કરાવ્યું છે.

ગાંધીનગર સ્થિત ‘ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ’ ૧૯૯૧માં ખૂલી ત્યારે સૌ પ્રથમ વર્ષમાં અમે પ્રવેશ મેળવ્યો.... ત્યારે જેમ માતા-પિતા માટે પહેલા ખોળાનું સંતાન થોડું વધારે લાડકું હોય એમ શિક્ષણની સાથે સાથે અમારી બહિર્મુખી પ્રતિભા ઘડવામાં શ્રી સોમભાઈએ પૂરો પ્રયત્ન કર્યો. એમનું ભણાવેલું ભાષાવિજ્ઞાન આજે વીસ વર્ષ પછી પણ મને યાદ છે !! શ્રી સોમભાઈના લખેલા અભિનંદનપત્રો આજે પણ મેં સંગ્રહેલા છે જે તેમણે વર્ગમાં વિષયમાં પ્રથમ આવવા બદલ લખેલા છે. તેઓશ્રી દરેક વિદ્યાર્થીને આ રીતે પ્રોત્સાહિત કરતા, આ તેમની આગવી રીત હતી. એમના હાથ નીચે કામ કરતા દરેક દરેક અધ્યાપકોમાં પણ એટલું જ ટીમવર્ક હતું. તેઓ વિદ્યાર્થિનીઓમાં વ્યક્તિગત રીતે ધ્યાન આપતા, જેઓ પ્રતિભાશાળી છે તેમને સ્કોર કરવામાં મદદ કરતા અને જેઓમાં કચાશ છે તેઓને તે દૂર કરવામાં મહેનત કરતા. ને એવી રીતે ગાંધીનગરની આ મહિલા કૉલેજ શિક્ષણ અને કેળવણીની એક ઉંચાઈ પર આવી ગઈ. જેમાં શ્રી સોમભાઈ પટેલનું આ રીતે પાયાનું યોગદાન છે. તેઓ નિવૃત્ત પણ આ કૉલેજમાંથી જ થયા.

અત્યારે હું જ્યારે શ્રી સોમભાઈને યાદ કરતાં આ લખી રહી છું ત્યારે મને એમની સાથે કૉલેજમાં વીતાવેલ મારા વિદ્યાર્થીજીવનની અનેક સ્મરણીય પળોની સાથે એક પ્રસંગ યાદ આવે છે. કૉલેજના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ બંનેમાં મારે પ્રથમ વર્ગ (Dist) આવેલ, ત્યાં સુધી સાહેબને મારો ઘણો પરિચય થઈ ગયેલ. તેમને તેમ જ સમગ્ર ગુજરાતી વિભાગને એ વિશ્વાસ હતો કે, પરેશાને તૃતીય વર્ષમાં પણ પ્રથમ વર્ગ તો આવશે જ. પરીક્ષાઓ પૂરી થઈ. પેપર પણ ખૂબ સારાં ગયાં. પરંતુ, પરિણામ આવ્યું ત્યારે તેમાં મારે પ્રથમ વર્ગ આવેલ ન હતો, માત્ર ૬ માર્ક્સ માટે પ્રથમ વર્ગ રહી ગયો હતો ત્યારે હું ખૂબ ભાંગી પડી હતી. હું રડતી રડતી કૉલેજ આવી. સોમભાઈ અને હિનાબહેન પણ આ વાત માની ન હતા શકતા. ત્યારે હું સાહેબની ઑફિસમાં ગઈ. તેમણે મને હિંમત આપીને પૂરા વિશ્વાસ સાથે કહ્યું કે, ''જરૂર પરીક્ષકોની કોઈ ભૂલ હશે. તમારું ગુણપત્રક લાવો'' અને તે પછી તેમણે જે પેપરમાં ઓછા માર્ક્સ હતા તે પેપરમાં તેમણે રીઍસેસમૅન્ટ કરાવવાનું સૂચન કર્યું. એમના સૂચન પછી મેં રીઍસેસમૅન્ટ કરાવ્યું તો મારે એક પેપરમાં ૨૬ માર્ક્સ વધીને આવ્યા !! ને મારો પ્રથમ વર્ગ જાહેર થઈ ગયો. આમ, સાહેબની સૂચનાથી મારી કારકિર્દીની આ દુઃખદ ઘટના સુખદ પ્રસંગમાં પરિણમી. એ વખતે એમને પણ એટલો જ આનંદ થયો. એમના તરફથી જો આ સાચો દિશાનિર્દેશ યોગ્ય સમયે ન મળ્યો હોત તો મને આ પરિણામ ન મળ્યું હોત. આ પ્રસંગ બતાવે છે કે, શ્રી સોમભાઈ વિદ્યાર્થીઓને માત્ર વર્ગ પૂરતું નહીં પણ તેમની કારકિર્દીના દરેક પગથિએ મદદ માટે તત્પર રહેતા.

આમ, શ્રી સોમભાઈ, હિનાબહેન જેવા અધ્યાપકોથી પ્રેરાઈને મેં પણ M.A., M.Phil સુધી શિક્ષણ લીધું. શ્રી સોમભાઈ જેવા ગુરુના શિક્ષણ, ઉદાત્ત વિચારસરણી અને વ્યક્તિત્વની મારા મન પર હંમેશાં એક અલગ છાપ તરી આવે છે !!

## ૧૯ શ્રી સોમભાઈ પટેલ સર : મારા ગુરુજી



**ઈશા વિક્રમ પાઠક**
ભૂતપૂર્વ વિદ્યાર્થિની
અધ્યાપક, વી. જી. પટેલ ઈંગ્લિશ મીડીયમ
પી.ટી.સી. કૉલેજ, ગાંધીનગર

ગાંધી મૂલ્યોને આધારે જીવન વ્યતીત કરનારા બહુ ઓછા વ્યક્તિઓ શ્વસી રહ્યા છે, જેમાંના એક છે આદરણીય શ્રી સોમભાઈ સાહેબ.

આજે જ્યારે તેમના વિશે લખવાની તક મળી છે ત્યારે મનમાં ઘણી મૂંઝવણો અનુભવી રહી છું. શું હું એમના વિશે લખી શકું એવી સક્ષમ છું ? એમની મહાનતા શબ્દો દ્વારા વર્ણવી ન શકાય. છતાં તેમના વિશે લખવાનું સદ્ભાગ્ય મને મળ્યું છે તો હું આ તક ગુમાવવા નથી માગતી.

હું છેલ્લા નવ વર્ષથી તેઓને ઓળખું છું. તેના આધારે કહી શકું કે તેઓ માત્ર સિદ્ધાંતોને વળગી રહેનારા નહીં પરંતુ સિદ્ધાંતો, મૂલ્યોને ચરિતાર્થ કરવા શક્ય તેટલા બધા જ પ્રયત્નો કરવા હંમેશ તત્પર હોય છે.

તેઓશ્રી સ્વચ્છતાના ખાસ આગ્રહી છે. સાદું અને સરળ વ્યક્તિત્વ ધરાવે છે. તેમની ઉત્સાહ પ્રેરક વાણી સતત સહુને પ્રેરિત કરતી રહે છે.

ડૉ. સોમભાઈ પટેલ - આ નામ સાંભળતાં જ એક કર્તવ્યનિષ્ઠ, સમયપાલન તેમ જ શિસ્તના ચુસ્ત આગ્રહી વિદ્વાન, વિદ્યાર્થીઓના હિતચિંતક, દૃઢ મનોબળવાળા, ધૈર્યવાન, મહેનતુ તેમ જ ઉત્સાહી એવા એક પ્રેમાળ અને લાગણીશીલ વડીલની છબી આપણી સમક્ષ ઉપસી આવે.

ડૉ. સોમભાઈ પટેલ સાથે મારો પરિચય લગભગ ૧૫ વર્ષ જૂનો મેં જ્યારે ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ કૉલેજમાં ઍડમિશન લીધું ત્યારે

તેઓશ્રી આચાર્યપદ શોભાવતા હતા. બધા એમને ‘સોમભાઈ સર’ કહેતા. મારો મુખ્ય વિષય અંગ્રેજી અને એમનો ગુજરાતી એટલે એમના વર્ગમાં બેસીને ભણવાની તક મને મળી નહીં. પણ આ ત્રણ વર્ષ દરમ્યાન એમનાં કાર્યોમાંથી જે કાંઈ પણ શીખવા મળ્યું, પ્રેરણા મળી, તેણે મારા ઉજ્જવળ ભાવિ માટે અમૂલ્ય ભાથું તૈયાર કરી આપ્યું.

મારા કૉલેજ જીવન દરમ્યાન મેં તેમને સફળતા નિષ્ફળતાની પરવા કર્યા વિના અવનવા પ્રયોગો કરતા જોયા, વિદ્યાર્થિનીઓ પર કડક શિસ્ત લાદતા પણ જોયા. વિદ્યાર્થિનીઓ જ્યારે પણ એમના કોઈ નિર્ણયનો વિરોધ કરવા રજૂઆત લઈને જાય, ત્યારે સોમભાઈ સર શાંતિથી અને ધીરજથી એમને સાંભળે. વાત પૂરી થઈ જાય એટલે એટલું જ કહે ‘તમારી બધી વાત સાચી પણ આ નિર્ણય બદલાશે નહીં’ અને તેઓ ધરાર નિર્ણય બદલે પણ નહીં. આજે જયારે હું પી.ટી.સી. કૉલેજમાં લૅક્ચરર છું ત્યારે આ પદ્ધતિ મને ખૂબ કામ લાગે છે.

કૉલેજમાં વાલીદિન ઉજવનાર કદાચ તેઓ પ્રથમ આચાર્ય હશે ! આ બાબતની જાહેરાતે ઘણાંના મનમાં રમૂજ ઉત્પન્ન કરી હતી. પરંતુ વાલીદિને વિદ્યાર્થિનીઓના માતા-પિતાના ચહેરા પરનો આનંદ અને સંતોષ જોતાં આ પ્રયોગ કૉલેજની વિદ્યાર્થિનીઓના પરિવારને કૉલેજ સાથે લાગણીથી જોડવામાં અને કૌટુંબિક ભાવના ઉત્પન્ન કરવામાં અત્યંત સફળ રહ્યો એમ કહી શકાય.

‘તું ટી.વાય.બી.એ.માં ફર્સ્ટ કલાસ લાવીશ, તો હું તારા ઘરે ચા પીવા આવીશ’ આવી લાલચે તો મારી પાસે કેટલાં ય ધ્યેયો સિદ્ધ કરાવ્યાં હશે અને દરેક વખતે સોમભાઈ સરે ચા પીવા આવવાનું વચન પાળ્યું જ છે અને મને સતત પ્રોત્સાહિત કરી છે.

M.A. માં જયારે મારે Higher Second Class આવ્યો ત્યારે મને લાગ્યું કે Lecturership તો હવે હાથવેંતમાં જ છે. પણ આમ બન્યું નહીં

અને મારે સર્વ વિદ્યાલયની S. G. English Medium Primary Schoolમાં પ્રાથમિક શિક્ષક તરીકેની નોકરી સ્વીકારવી પડી અને શરૂઆતમાં ધોરણ : ૧ થી ૫ માં ભણાવવાનું આવ્યું, ત્યારે મને હતાશામાંથી બહાર લાવનાર શ્રી સોમભાઈ સાહેબ જ ! "તારા જેવી શિક્ષિકા જો બાળકને પાયાનું શિક્ષણ આપે તો સમાજને કેટલા તેજસ્વી તારલા મળે ! વળી, એક સાચા શિક્ષકને વિદ્યાર્થીની ઉંમર સાથે શી લેવા-દેવા ! ખરી મજા તો એમાં છે કે તમે જે કરો, તેમાં કાંઈક નવીન અને ઉત્તમ કરો." એમના આ જ શબ્દોએ મને આગળ જતાં 'અભિવ્યક્તિ' બનાવવાની પ્રેરણા આપી.

'અભિવ્યક્તિ' - એ મારી અંગ્રેજી માધ્યમની શાળાનાં ધોરણ-૭ નાં બાળકોએ ગુજરાતીમાં લખેલા મૌલિક નિબંધો, કાવ્યો, નાટકો વગેરેનો હસ્તલિખિત અંક. આ પ્રયોગ મેં સળંગ બે વર્ષ કર્યો, જેમાં શ્રી સોમભાઈ સરનું સતત પ્રોત્સાહન, માર્ગદર્શન અને હૂંફ મને તેમ જ વિદ્યાર્થીઓને સાંપડયા. આ હસ્તલિખિત અંક અંગે અત્યંત ઉત્સાહથી અભિપ્રાય લખી આપનારા તેઓશ્રી પ્રથમ હતા. જેનાથી મારો તેમ જ વિદ્યાર્થીઓનો ઉત્સાહ બેવડાઈ ગયો. આ અંકોના વિમોચન પ્રસંગે પણ એમનું સતત માર્ગદર્શન અને પ્રેરણા અમને પ્રાપ્ત થયાં.

૨૦૦૫ ની સાલમાં જ્યારે હું સંસ્થાની S.V. P.T.C. English Medium College માં પ્રાધ્યાપિકા તરીકે જોડાઈ, ત્યારે પણ મોટા કાર્યક્રમોના સંચાલન સમયે એમનું માર્ગદર્શન મને મળતું જ રહ્યું છે.

શ્રી સોમભાઈ સર નિવૃત્ત થયા પછી આજે પણ યુવાનોને પણ શરમાવે એટલી સ્ફૂર્તિથી કાર્ય કરી રહ્યા છે. એમણે ઘણી વાર મને કહ્યું છે કે હું માંદો હોઉં, ત્યારે વર્ગમાં ભણાવવા જતો રહું, તો મારી માંદગી દૂર થઈ જાય છે. પોતાના વ્યવસાયને સંપૂર્ણ રીતે સમર્પિત હોય તેવી જૂજ વ્યક્તિઓ આજે જોવા મળે છે, તેમાંના શ્રી સોમભાઈ પટેલ સર એક છે.

જેમ એક ઘટાદાર વટવૃક્ષ પોતાની વડવાઈમાંથી પોતાના જેવા અનેક વડલાને જન્મ આપે છે, તેની ઘટા તેની નીચે બેસનાર તમામને શીતળતા આપે છે, તે જ રીતે શ્રી સોમભાઈ પટેલ સરે પણ એમના જીવન તેમ જ ગુણોથી મારા જેવા અનેક શિષ્યોના જીવનને શીતળતા આપી છે, તેમના જીવનને જ્ઞાનરૂપી દીપક વડે પ્રકાશિત કર્યું છે. તેમણે એક આદર્શ ગુરુ તરીકેની અમીટ છાપ મારા જેવા તેમના અનેક શિષ્યો પર છોડી છે, જેઓ આજે પણ તેમને પ્રેરણાસ્રોત ગણી આગળ વધી રહ્યા છે. શ્રી સોમભાઈ પટેલે ગુરુજી તરીકે જે સંસ્કાર સિંચન અમારામાં કર્યું, તેનું ઋણ ચૂકવી શકાય તેમ નથી.

*"ઉત્તમ શિક્ષક બનતા પહેલાં, ઉત્તમ જીવન જીવતાં શીખો."*

## ૨૦ આત્મસૂઝ અને સાહજિક જીવન



**પ્રો. કે. કે. સોની**
અધ્યક્ષ (નિવૃત્ત)
બાયૉલૉજી ડીપાર્ટમૅન્ટ,
શેઠ ઍમ. ઍન. સાયન્સ કૉલેજ, પાટણ

પ્રૉફેસર શ્રી સોમભાઈ પટેલની સાથે હું પાટણ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજમાં ઈ.સ.૧૯૬૬માં નોકરી પર જોડાયેલો. તેઓ આર્ટ્સ વિભાગમાં ગુજરાતી વિષયના પ્રાધ્યાપક હતા. કૉલેજનું વાતાવરણ વિદ્યાવ્યાસંગી અને સુરમ્ય હતું. એક પ્રિન્સિપાલની નિગરાની નીચે બધા જ પ્રૉફેસરો એક સંપથી કૉલેજનાં સમગ્ર કાર્યો કરતા હતા.

કૉલેજનું શરૂઆતનું વર્ષ હાયર સૅકન્ડરીમાં જવાને કારણે લગભગ બધી જ કૉલેજોમાંથી દરેક વિષયમાંથી સ્ટાફની છટણી કરવાની, આડેધડ નોટીસો પ્રાધ્યાપકોને આપવાનું સંચાલક મંડળોએ આચાર્યના દ્વારા શરૂ કર્યું. તેમાં અમારા જીવવિજ્ઞાન વિભાગમાં અમને બે જણને છૂટા થવાની નોટીસ મળી હતી. આથી આ વિષમ પરિસ્થિતિમાંથી પ્રાધ્યાપકોની નોકરીનું રક્ષણ થાય, તે માટે ગુજરાત યુનિવર્સિટી અધ્યાપક મંડળ અસ્તિત્વમાં આવ્યું. અમારી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજમાં અધ્યાપક મંડળના પ્રતિનિધિ તરીકે ૧૯૭૦ થી લાગલગાટ ૧૯૭૫ સુધી શ્રી સોમભાઈ સાહેબે નિઃસ્વાર્થ સેવા આપી હતી. અને તેમની હૈયાસૂઝ, ત્વરિત બુદ્ધિ અને મક્કમ મનોબળને કારણે છટણી પામેલા સ્ટાફને હાયર સેકન્ડરીમાં અને ખોટી નોટીસ પાઠવેલા સ્ટાફને મૂળભૂત જગ્યાએ પ્રસ્થાપિત કરેલા.

પ્રૉફેસરોના છટણીના તથા જૉબ રક્ષણના પ્રશ્નો પતાવવા માટે, પ્રતિનિધિ તરીકે સોમભાઈ પટેલ, આર.પી.શાહ, કાળાભાઈ પટેલ (ફિઝિક્સના પ્રાધ્યાપક) જી. જે. પટેલ (કૅમિસ્ટ્રી પ્રૉફેસર) તથા કૉમર્સ અને બી.ઍડ્. કૉલેજના પ્રાધ્યાપકોએ સોમભાઈ પટેલના માર્ગદર્શન મુજબ એક સંપ થઈને જે કાર્ય કરેલ તે અત્યંત સરાહનીય, અવર્ણનીય અને ખૂબ જ બુદ્ધિગમ્ય પરિશ્રમવાળું હતું.

અમારા જીવવિજ્ઞાન વિભાગમાં અમો આઠ સહપાઠી હતા, જેમાં હું સૌથી જુનિયર હતો, છતાં સોમભાઈની બુદ્ધિગમ્ય રજૂઆતથી મારી છટણી થતી અટકેલી. આ અંગે હું તેમનો ઘણો જ ઋણી છું.

આ પ્રસંગથી અમારા અને સોમભાઈ સાહેબના કુટુંબ વચ્ચે સ્નેહની ગાંઠ બંધાઈ ગઈ. જે તે સમયની અમારી મિત્રતાનો પ્રેમ આજે પણ એટલો જ અતૂટ સચવાઈ રહ્યો છે.

ઈ.સ. ૧૯૭૪ માર્ચ વખતે ગુજરાતના ચીફ મિનિસ્ટર ચીમનભાઈ પટેલની સામે, વિદ્યાર્થીઓને ન્યાય અપાવવા કૉલેજ પ્રૉફેસરોએ નવનિર્માણનું જે આંદોલન કરેલું, તેમાં પણ સક્રિય પ્રતિનિધિ તરીકે સોમભાઈએ ઘડેલા કાર્યક્રમો આજે પણ યાદ આવે છે. તેના રીઝલ્ટ તરીકે ઈન્દીરા ગાંધીએ ૧૪મી માર્ચ ૧૯૭૪માં સી.ઍમ. પદેથી ચીમનભાઈને હટાવી દીધેલા.

સોમભાઈનું મૂળ વતન વિસનગર છે. વિસનગરમાં તેઓ ચાર ભાઈઓ છે. અને સંયુક્ત કટુંબમાં સંપ સારો છે. તેઓ પાટણ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજમાં ઈ.સ. ૧૯૬૪માં નોકરીમાં જોડાયા. તેમનાં શ્રીમતી સવિતાભાભી અને મારાં શ્રીમતી તારાબેન વચ્ચેની ઊંડી સ્નેહગાંઠને લીધે, અમારી મિત્રતા કાયમ માટે ટકી રહી છે. ગુજરાતી વિષયના પ્રાધ્યાપક તરીકે તેમનું ભાષાકીય જ્ઞાન ખૂબ જ ઊંડું હોવાથી અને સૌમ્ય મળતાવડા પરગજુ સ્વભાવને લીધે તેઓ વિદ્યાર્થીઓમાં હંમેશાં પ્રિય રહ્યા છે.

તેમની જીવન શૈલીમાં સ્વચ્છતા, કામ કરવાની ચીવટ, સૌમ્ય, સાદગી, મક્કમ મનોબળ, અશક્ય લાગતી સમસ્યાને ઉકેલવાની આત્મસૂઝ અને સાહજિક જીવન જીવવાની કળા મેં અનુભવી છે તે બીજા કોઈ મિત્રોમાં જોઈ નથી. તેઓ જે કામ હાથમાં લે, તેને કોઈ પણ ભોગે પૂર્ણ કરીને જ જંપે તેનું કારણ તેમનો ગજબનાક ડેરીંગ પાવર અને વિલપાવર છે.

ગાંધીનગરમાં કડી સંકુલની ઉમા આર્ટ્સ કૉમર્સ કૉલેજમાં પ્રિન્સિપાલની પોસ્ટ સ્વીકારી, તેઓએ ૧૯૯૧માં પાટણ છોડ્યું.

નિવૃત્ત થયા પછી હાલમાં તેઓ કડી શૈક્ષણિક સંકુલમાં એક સારા સંચાલક તરીકે ડાયરૅક્ટરની પોસ્ટ પર નિઃસ્વાર્થ સેવા સાથે વિદ્યાર્થીઓના ઉત્કર્ષમાં અમૂલ્ય ફાળો આપે છે. તેઓ વધુ દીર્ઘાયુ બની માનવ સેવામાં સતત જોડાયેલા જ રહે તે  જ અભ્યર્થના.

*"કોઈની શિખામણ તમને કડવી લાગે તો તેને*
*લીમડાનું દાતણ સમજજો."*

## ૨૧ સોમ મમ મિત્ર



**રમણભાઈ પટેલ**
નિવૃત્ત પ્રાધ્યાપક
મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ અર્બન બેન્ક
સાયન્સ કૉલેજ, મહેસાણા

**समान शील व्यसनेषु सरव्यम् ।** સમાન શીલ અને વ્યસન હોય તો મૈત્રી થાય. અમારા બંનેમાં શું સમાન હતું તે આજે યાદ કરવું કંઈક અંશે મુશ્કેલ બની જાય એમ છે. અમે ક્યારે કેવી રીતે એક બીજાની નજીક આવ્યા તે અત્યારે બહુ ઝાંખુ યાદ છે. જો હું ભૂલતો ન હોઉં તો સોમ અભ્યાસમાં મારા કરતાં એક વર્ષ આગળ હતા. હું જુ. બી.એ.માં હતો અને સોમ સીનિયર બી.એ.માં હતા એવું મને અત્યારે યાદ આવે છે. અમારી મૈત્રી બી.એ.માં બંધાઈ ઍમ.એ.માં આગળ વધી અને આજે પણ સચવાઈ રહી છે. જો કે પ્રત્યક્ષ મળવાનું બહુ ઓછું થાય છે, પણ દૂરભાષ પર ક્યારેક મળી લઈએ છીએ. અમારી દોસ્તી ગાઢ થવાનું એક કારણ આ પણ હતું. તેમનો મુખ્ય વિષય ગુજરાતી અને ગૌણ સંસ્કૃત. મારું આનાથી બરાબર વિરૂધ્ધ. મારો મુખ્ય વિષય સંસ્કૃત અને ગુજરાતી ગૌણ. આમ મુખ્ય ગૌણ વિષયોને કારણે પણ અમારી દોસ્તીમાં સ્નેહમિલન થતું રહ્યું.

હું કૉલેજની બાજુમાં આવેલી હૉસ્ટેલમાં રહીને અભ્યાસ કરું, જ્યારે સોમનું મકાન વિસનગરની ઊભી બજારે નીકળીએ એટલે ડાબા હાથ તરફ આવે. આ મકાનમાં મોટાભાઈઓ સાથે સોમ રહેતા. હું તેમને મળવા માટે ક્યારેક તેમના ઘેર પહોંચી જતો. બીજું પણ એક મકાન બરાબર રસ્તાને અડીને આવેલું હતું. નીચે દુકાન, ઉપર મેડાવાળું મકાન. આ મેડાવાળા મકાનમાં

બેસીને અમે ક્યારેક અંતરતમનાં તાળાં ખોલતા. અમારી મૈત્રીની વચ્ચે કોઈ જ પર્દો ન હતો. પણ અમારા બંનેના સ્વભાવમાં થોડો તફાવત ખરો. હું કદાચિત્ અર્કસમ ઉગ્ર, સોમ શશીસમ સૌમ્ય શીતળ. મારા આ સ્વભાવને સોમ સહજ રીતે સ્વીકારતા.

આ મેડાવાળા મકાનની બારીમાંથી બહાર નજર કરીએ એટલે થોડું ડાબા હાથ તરફ નમીએ તો શ્રી જયશંકર સુંદરીનું ઘર દેખાય. અભિનય સમ્રાટ શ્રી જયશંકરભાઈના કુટુંબ સાથે સોમને સારો ઘરોબો હતો. મને પણ સોમની સાથે શ્રી જયશંકરભાઈના ઘેર જવાની તક મળતી. એમની સામે બેસીને હું એમની વાતો સાંભળતો. એમને મન ભરીને જોઈ રહેતો. સોમ અને દિનકરભાઈએ સાથે મળીને શ્રી જયશંકર ભાઈની જીવન કથા લખી જેનું નામ આપ્યું "થોડાં આંસુ થોડાં ફૂલ" કેવું સરળ વ્યક્તિત્વ હતું શ્રી જયશંકરભાઈનું !

અમારો કૉલેજ કાળ એટલે અમારો યુવાનીનો સમય. અમે બંને નિર્ભય બનીને નિશીથના અંધકારને માણવા માટે ક્યારેક ચાલી નીકળતા. મેડા ઉપરથી નીચે ઉતરીને મહેસાણા તરફ જતો માર્ગ પકડતા, આ વાત છે ૧૯૬૨ની. રાત્રિના ગાઢ અંધકારને માણતા અમે ધીરે ધીરે ખેતરોની નજીક આવી જતા. થોડી વાર ત્યાં રોકાતા, બેસતા અને અંધકારના સૌંદર્યને માણતા. મધ્ય રાત્રિએ ખેતરની નજીક બેસીને જ્યારે અમે અંધકારની સાથે એક બની જતા ત્યારે એમ ચોક્કસ લાગતું કે અંધકારને પણ પોતાનું સૌંદર્ય હોય છે. ઉમાશંકર ભાઈએ અમસ્તું થોડું લખ્યું છે !"નિશીથ હે નર્તક રુદ્ર રમ્ય ! ".

હું સોમભાઈને મળવા માટે એમના ઘેર આવતો. સોમભાઈ મારી સાથે કદમતાલ કરતા મારી સાથે જ હૉસ્ટેલ સુધી આવી જતા. કેવો હતો એ સમય ! હૉસ્ટેલથી સોમનું ઘર અને સોમના ઘરથી હૉસ્ટેલ તરફ ગતિ. કેવી હતી એ મૈત્રી. કેવી હતી એ મનની ગતિ ! એક બીજાથી અલગ થવા મન માનતું ન હતું. સાંજે છૂટા પડીને બીજે દિવસે કૉલેજમાં મળતા અને પ્રસન્ન થતા. સોમને સંસ્કૃતમાં પારંગત થવાની ખૂબ ઈચ્છા. સંસ્કૃતમાં સંભાષણ

કરવાની તમન્ના, સંસ્કૃતમાં પત્રલેખન કરવાની અભિલાષા, આ બધું પ્રાપ્ત કરવા માટે તે સતત પ્રયત્નશીલ રહેતા.

એમ.એ પાસ કર્યા પછી એમણે વિસનગરની નૂતન હાઈસ્કૂલમાં પણ કામ કરેલું અને બી.એ. કર્યા પછી વડનગરની બી. ઍન. શાળામાં પણ કામ કરેલું. સોમને મળવા માટે હું વડનગર પણ જતો. એક વાર સોમ બીમાર પડ્યા ત્યારે નૂતન હાઈસ્કૂલમાં થોડા દિવસ સોમના બદલે મેં વર્ગો લીધેલા એવું મને અત્યારે યાદ આવે છે. વિદ્યાર્થી અવસ્થામાં અમે બંને પ્રવાસના શૉખીન. વિસનગરથી ટ્રેઈનમાં બેસીને તારંગાની ટેકરીઓ તરફ ઉપડી જતા. તારંગાની ટેકરીઓના વિકટ રસ્તાઓ ખૂંદી વળતા. વાદળોથી છવાયેલી તારંગાની ટેકરીઓમાં અમે કરેલો એક પ્રવાસ આજે પણ મને યાદ છે.

થોડો સમય હાઈસ્કૂલની સફર ખેડયા પછી સોમ પાટણની કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા. સુદીર્ઘકાલ પર્યંત સોમ પાટણની કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે કાર્ય કરતા રહ્યા. પીઍચ.ડી. પણ થયા અને ગાંધીનગરની ઉમા... કૉલેજમાં આચાર્ય તરીકે જોડાયા. આચાર્ય તરીકેની સેવાઓ પૂર્ણ થતાં ત્યાંથી જ નિવૃત્ત થયા. પરંતુ એ જ સંસ્થામાં કૅમ્પસ ડાયરૅક્ટર તરીકે વહીવટી સેવાઓ આપી રહ્યા છે. અને અત્યારે ગાંધીનગરના સૅક્ટર-૨૮માં શાંતિપૂર્વક જીવનનો સમય પસાર કરતા સોમ આજે પણ અનેકવિધ પ્રવૃત્તિઓ કરતા રહે છે. જીવનના સમયની રેત જ્યારે સંધ્યા તરફ સરકી રહી હોય ત્યારે તે સમયનો ઉત્તમોત્તમ ઉપયોગ કરવાથી જ જીવન ખરેખર આનંદમય બની રહેતું હોય છે. જયાં જ્ઞાનનો પ્રકાશ સહેલાઈથી પહોંચી શકતો નથી એવાં ઝૂંપડપટ્ટીનાં બાળકોને અક્ષરજ્ઞાન અને સંસ્કાર આપીને તેમના જીવનમાં પ્રકાશ રેલાવવાનું કામ અત્યારે સોમ નિરપેક્ષ ભાવે કરી રહ્યા છે. સેકટર-૨૮માં આવેલું દત્ત મંદિર મારા માટે આસ્થાનું કેન્દ્ર છે. જ્યારે પણ હું ત્યાં આવું છું ત્યારે સોમને મળવાનો પ્રયત્ન કરું છું. પાતાળમાં વહેતા શીતળ ઝરણા જેવી અમારી મૈત્રી આજે પણ અકબંધ છે. અસ્તુ.

## ૨૨ ડૉ. સોમભાઈ પટેલ સાહેબ : એક સરળ વ્યક્તિત્વ



**કૌશલ્યાબૅન પરીખ**
હૉસ્ટેલ સુપ્રીન્ટેન્ડેન્ટશ્રી,
સર્વ વિદ્યાલય કડી કેમ્પસ,
સૅક્ટર-૨૩, ગાંધીનગર

કાના - માત્ર વિનાનો શબ્દ છે 'સરળ'. લગભગ એવા જ અમારા વ્યક્તિ વિશેષ ડૉ. સોમભાઈ પટેલ સાહેબ છે. ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ કૉલેજમાં વર્ષો સુધી પ્રિન્સિપાલ તરીકેની સેવા આપશ્રીએ નિષ્ઠાપૂર્વક બજાવેલી છે. નિવૃત્તિ બાદ પ્રવૃત્તિ તરીકે મંડળ દ્વારા આપશ્રીને કેમ્પસ ડાયરેક્ટરશ્રીનું સુકાન સોંપવામાં આવેલ છે.

આપ આપની આગવી સૂઝબૂઝથી સંસ્થામાં અન્ય કર્મચારીઓના માર્ગદર્શક બની રહ્યા છો. હું આપશ્રી સાથે છેલ્લા ૨૦ વર્ષથી વિવિધ ક્ષેત્રે કાર્યમાં જોડાયેલ છું. આર.જી. કન્યા શાળાના પ્રિન્સિપાલ તરીકે અને કન્યા હૉસ્ટેલના સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે મેં સતત આપનું માર્ગદર્શન પ્રાપ્ત કરેલ છે. તે દરમ્યાન આપનામાં રહેલ ઉમદા ગુણોનો મને અંતઃકરણપૂર્વક પરિચય થયો છે. જે હું આ સાથેના બે પ્રસંગો દ્વારા રજૂ કરવા માગું છું.

### પ્રસંગ - ૧
### કેવી સરળતા !

વાત છે વર્ષ ૧૯૯૧-૯૨. તે વખતે હું શેઠ સી. ઍમ.માં સુપરવાઈઝર તરીકે અને કન્યા હૉસ્ટેલમાં રૅક્ટર તરીકે ફરજ બજાવતી હતી. અને આપશ્રી

ઉમા આર્ટ્સ કૉલેજમાં પ્રિન્સિપાલ હતા ત્યારે કન્યા કેમ્પસ અને શેઠ સી. એમ.ના કંપાઉન્ડ વચ્ચે અવર-જવર કરવા એક નાની ઝાંપલી (જાળી) હતી. રિસેસમાં હૉસ્ટેલની દિકરીઓ નાસ્તો કરવા શાળામાંથી હૉસ્ટેલમાં જતી. આપશ્રી શિસ્તના આગ્રહી હતા. અને વ્યવસ્થાના એક ભાગ તરીકે જાળીને તાળું લગાવી દીધું. ટૂંકી રિસેસમાં દીકરીઓ ફરીને આવે તો મુશ્કેલી પડે. આ લાગણીને ધ્યાનમાં રાખી મારા ઉગ્ર સ્વભાવ પ્રમાણે મેં "માન.ચૅરમૅનશ્રી" ને ફરિયાદ કરી અને જાળી ફરી ઉઘાડી કરવાનો હુકમ મેળવ્યો. મારું કામ પૂરુ થયું. પણ અગત્યની વાત હવે જ શરૂ થઈ. અચાનક મારે હૉસ્ટેલની કોઈ મુશ્કેલી અંગે આપશ્રીના માર્ગદર્શનની જરૂર પડી. હું ઉમા આર્ટ્સ કૉલેજમાં સાહેબને મળવા ગઈ. મને મનમાં ફડક હતી કે હમણાં ઉપરના બનેલા પ્રસંગને કારણે સાહેબ મારી સાથે કેવી રીતે વાત કરશે ? કેવી રીતે વર્તશે ? પણ આશ્ચર્ય ! ગઈ કાલે કંઈ બન્યું જ નથી એમ મને સરસ આવકાર મળ્યો. એટલું જ નહિ, મારા પ્રશ્નમાં રસ લઈ સરસ માર્ગદર્શન આપ્યું.

મને ઘણો જ પસ્તાવો થયો. હું તો સાહેબની સરળતાને વંદી જ રહી અને આ ગુણ મારામાં વિકસાવવા સતત પ્રયત્ન કરતી રહી છું. આવા 'સરળ' છે અમારા ડૉ. સોમભાઈ સાહેબ.

## પ્રસંગ - ૨
## અખૂટ ધીરજ

પ્રસંગ છે વર્ષ ૨૦૦૮ની શરૂઆતનો. શાળા કેમ્પસમાં અકસ્માતથી એક દુઃખદ ઘટના બની ગયેલ. તેના અનુસંધાને વિવિધ પ્રાથમિક શાળાના વાલીશ્રી ઉગ્ર બન્યા હતા. અને સંસ્થાના નિયમો, શિસ્ત, સમયપત્રક, શાળા વ્યવસ્થા વગેરે અંગે વિવિધ સૂચનો આપતા. પણ સૂચન આપવાની રીત ખોટી. 'ટોળા' ભેગા થઈ ખાસ બહેનો ઉગ્ર વચનો બોલે. તે વખતે અમે વાલીશ્રીની મીટિંગ રાખી. પ્રમુખ પદે ડૉ. સોમભાઈ સાહેબ ઉપસ્થિત રહ્યા. સાથે હું અને ડૉ. વીણાબેન પણ ખરાં જ. વાલીશ્રીના નકારાત્મક વલણને સંતોષવા માટે અને આક્રોશ દૂર કરવા માટે વાલીશ્રીની મીટિંગ મળી. પત્રકારોની હાજરી

પણ ખરી જ. જો મંડળ અને વાલી વચ્ચે ઉગ્ર બોલાચાલી થાય તો સંસ્થાની માનહાનિ થાય. જે અમને મંજૂર ન હતું. ડૉ. સોમભાઈ સાહેબે આ મીટીંગમાં ખૂબ જ ધીરજપૂર્વક કામગીરી બજાવી. મને અને બહેનને 'ચૂપ' જ રહેવાનું કહ્યું. અને એક પછી એક વાલીશ્રીનાં સૂચનો લેતા ગયા અને અમે તે નોંધતા ગયા. કોઈ જવાબ નહીં. માત્ર હકારાત્મક વલણ. સંતોષપૂર્વક રજૂઆત પૂર્ણ થયા બાદ વાલીશ્રીઓ શાંત થયા ત્યારે સોમભાઈ સાહેબે એક અદ્‌ભુત જવાબ આપ્યો "સંસ્થા નિયમો બનાવી શકે છે અને વિદ્યાર્થીઓ તથા વાલીશ્રીઓની તરફેણમાં એમાં ફેરફાર પણ કરી શકે છે." આ જવાબથી પત્રકારો અને વાલીઓ ખુશ થયા અને શાંતિથી અમારા કાર્યની પ્રશંસા કરતા વિખરાઈ ગયા. આ પ્રસંગના સાક્ષી તરીકે મેં અનુભવ્યું કે કોઈ જ અથડામણ વિના સાહેબશ્રીની ધીરજ અને કુનેહથી પ્રશ્ન હલ થઈ ગયો. ચૂપ રહેવું એ જ આપણી કાર્યક્ષમતાનો શ્રેષ્ઠ ઉપાય છે. તે મને ત્યારે સમજાયું.

આમ આ બે પ્રસંગો દ્વારા ડૉ. સોમભાઈ સાહેબના વ્યક્તિત્વનો એક આગવો પરિચય આપણને મળે છે. અને સંસ્થા પ્રત્યે કામ કરવાની એમની સતત નિષ્ઠા અભિભૂત થાય છે. જ્યાં સુધી આવા કાર્યકરો સંસ્થામાં સેવા આપી રહ્યા છે ત્યાં સુધી સંસ્થાની પ્રતિષ્ઠાને ઊની આંચ આવે તેમ નથી. ડૉ. સોમભાઈ સાહેબમાં રહેલા આ ગુણને વંદન કરી મારી વાતને વિરામ આપું છું.

જય હિંદ

*"ચિંતા છોડો, ઉપાય શોધો."*

# ૨૩ ડૉ. સોમભાઈ પટેલ : સદ્‌ગુણ સંહિતા



**ડૉ. વીણાબૅન પટેલ**
ડીન, ઍજ્યુકેશન વિભાગ,
કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના કૅમ્પસ ડાયરૅક્ટર માનનીય શ્રી ડૉ. સોમભાઈ પટેલ સાહેબના વ્યક્તિત્વમાં મને જે સદ્‌ગુણોની અનુભૂતિ થઈ છે તે અહીં કલમ દ્વારા વર્ણવતાં હું ગૌરવ તેમ જ આનંદની લાગણી અનુભવું છું.

સાહેબશ્રીનું વ્યક્તિત્વ અનેક ગુણોથી સંપન્ન છે, જેમાં કર્તવ્યનિષ્ઠાનો ગુણ કેન્દ્ર સ્થાને છે. સમાજમાં માનવી માત્ર કર્તવ્ય તો કરે જ છે. તેમાં કેટલાક ડરથી ધમકીથી કર્તવ્ય કરે છે. કેટલાક ખુશામતથી તો કેટલાક અન્યની નજરમાં પોતાની છબી ઉપસાવવા કર્તવ્ય કરે છે. પરંતુ સાહેબશ્રીના પ્રત્યેક કર્તવ્યમાં મેં નિષ્ઠા જોઈ છે. નિષ્ઠાવાન વ્યક્તિ તરીકે સાહેબશ્રીને મેં હંમેશાં નિહાળ્યા છે. પોતાના ફાળે આવેલ પ્રત્યેક કાર્ય નિષ્ઠાપૂર્વક કરવું એ જાણે તેમનો જીવનમંત્ર છે.

પ્રેરણાદાયી વ્યક્તિત્વ એ પણ સાહેબની આગવી વિશેષતા છે. અમારા તમામ સંસ્થાકીય કાર્યોમાં સાહેબની પ્રેરણાનો પ્રવાહ અવિરત વહેતો રહે છે. તેમના પ્રેરણારૂપ શબ્દો થકી અમોને કઠિન કાર્ય પણ સરળ લાગે છે. તેઓ કૅમ્પસની દરેક સંસ્થાના વડાઓને, શિક્ષકોને, વાલીગણને તથા વિદ્યાર્થીઓને સતત પ્રેરણા પૂરી પાડે છે. તેમના પ્રેરણાદાયી વ્યક્તિત્વમાંથી જ અમોને ઘણું શીખવા મળે છે.

જીવનભર શુભ ચિંતન કરતા સાહેબના ચારિત્ર્યશીલ વ્યક્તિત્વને હું સદા સન્માનની દૃષ્ટિએ નીરખું છું. જીવનમાં ચારિત્ર્યશીલ થવા માટે મનુષ્યે નિષ્ઠાવાન થવું પડે છે. પ્રામાણિકતા, વચનબદ્ધતા, સ્થિરતા, નમ્રતા અને સમભાવ વગેરે આત્મશ્રદ્ધાથી અપનાવનાર માનવી ચારિત્ર્યશીલ થાય છે. શિક્ષણના ક્ષેત્રમાં ઉત્તમ ચારિત્ર્ય ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. ચારિત્ર્યની આવી મહત્તા સાહેબને પરમ કૃપાળુ પરમાત્મા પાસેથી વરદાનરૂપે મળેલી મૂલ્યવાન બક્ષિસ છે.

સાહેબના જીવનમાં જોવા મળતા પ્રામાણિકતાના ગુણની પણ એટલી જ પ્રશંસા થઈ શકે તેમ છે. જીવનમાં સર્વોચ્ચ શિખર જેવો ગુણ પ્રામાણિકતા જેના જીવનમાં હોય એ જીવન સદાય યશનું અધિકારી બની રહે ! પ્રામાણિકતા એટલે નેકદિલી અને સચ્ચાઈ. માનવ જીવનમાં પ્રામાણિકતા વિકસાવવી અને અંતરની દિવ્યતા પ્રગટ કરવી એ ઘણું જ કપરું કામ છે. સાહેબના વ્યક્તિત્વમાં નખશિખ પ્રામાણિકતાનાં દર્શન આપણને થાય છે. પ્રત્યેક નાની મોટી સમસ્યાઓમાં તેઓ પ્રામાણિક રહી તટસ્થ રીતે ન્યાય આપતા જોવા મળે છે. પ્રામાણિકતા અને કાર્ય કુશળતા થકી સાહેબે એક આગવી નામના ઊભી કરી છે. તેમના પ્રત્યેક કાર્યમાં આપણને પ્રામાણિકતાની ઝાંખી અવશ્ય થાય છે. તેમનું જીવન ખુલ્લી કિતાબ જેવું નિષ્કલંકિત રહ્યું છે. તેમના સમગ્ર કાર્યકાળમાં તેમણે પ્રામાણિકતાની એક આગવી જ્યોત પ્રજ્વલિત રાખી છે. સંસ્થાની સંપત્તિને તેમણે પોતાની ગણી તેના સંરક્ષણ અને સંવર્ધન પ્રત્યે તેઓ સતત જાગૃત રહ્યા છે.

વિનમ્રતા સાહેબના જીવનનું આગવું ઘરેણું છે. વિનમ્રતાને તેમના જીવનનો પર્યાય કહીએ તો પણ અતિશયોક્તિ નથી. તેમણે નમ્રતા, મૃદુતા અને ક્ષમતા જેવા ગુણોથી માનવ બાજી જીતી લીધી છે. માનવીના જીવનમાં જોવા મળતા તમામ સદ્‌ગુણો નમ્રતાના બીજમાંથી જ પાંગરે છે. વિનયવાણી એ શિષ્ટાચારનું પ્રથમ સોપાન છે. તેઓ હંમેશાં અન્ય સાથે, સંસ્થાના નાના કર્મચારી સાથે પણ વિનમ્રતાપૂર્વક વર્તન કરતા જોવા મળે છે. વિનમ્રતા

સાહેબના વ્યક્તિત્વની આગવી ઓળખ છે. ક્રોધ, ગુસ્સો વગેરે જેવા દુર્ગુણોને તેમણે ક્યારે ય પણ નજીક આવવા દીધા નથી.

સાહેબશ્રીના વ્યક્તિત્વમાં પરોપકારનો ગુણ પણ ભારોભાર જોવા મળે છે. તેમની સાથે જ્યારે ચર્ચામાં આવીએ છીએ ત્યારે તેઓ અન્યના ભલા ખાતર શું થઈ શકે તે અંગે જ વિચારતા જણાય છે. સમાજના છેવાડાના વર્ગ માટે તેમ જ ઝૂંપડપટ્ટીનાં બાળકોના શિક્ષણ અંગે પણ તેઓ સતત ચિંતિત રહે છે. આ માટે તેમણે વૈકલ્પિક વર્ગોની પણ વ્યવસ્થા કરી છે. તેમના આ પરગજુ સ્વભાવથી સૌ પ્રભાવિત છે.

સાહેબશ્રી મિતભાષી, ઉદાર, દયાળુ અને સરળ સ્વભાવના હોવાની સાથે સાથે ગુજરાતી વિષયના શ્રેષ્ઠ જ્ઞાતા પણ છે. ગુજરાતી સાહિત્ય અને વ્યાકરણ પર તેમની વિશેષ પકડ છે. સ્વચ્છતાના તેઓ ખાસ આગ્રહી છે.

સૅકટર-૨૩ના કૅમ્પસનો વિકાસ થાય અને સંસ્થાની આગવી ઓળખ ઊભી થાય તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહે છે.

આમ, સાહેબના જીવનમાં વિશેષ મહાનુભાવોના ગુણો જેવા કે ગાંધીજીની સાદગી, મધર ટેરેસાની સેવાપરાયણતા, બુદ્ધની કરૂણા, ઈશુની ક્ષમા, મહાવીરની અહિંસા વગેરે વિદ્યમાન છે. આવા મહાન સદ્‌ગુણી વ્યક્તિત્વને શત્... શત્... વંદન.

જય ભારત... જય હિન્દ

*"બાંધછોડ એ જિંદગીનું બીજું નામ છે."*

# ૨૪ સુકર્મ એ જ ધર્મ



**ડૉ. વર્ષા પારેખ**
શિક્ષિકા,
ઍમ. બી. પટેલ ઈંગ્લીશ મીડિયમ
સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ,
સૅક્ટર-૨૩, ગાંધીનગર

સુકર્મ એટલે કોઈના ય દિલને ડંખે નહિ એવું કર્મ. જીવમાત્ર સાથે સમભાવ - ન કોઈ સાથે દુર્ભાવ - તે જ ભારતીય સંસ્કૃતિમય સુકર્મ. એ જ ધર્મ અને તે જ ધર્મનો સાચો મર્મ. આ સદ્‌ભાવના જેમના રગ-રગમાં વણાયેલી છે તેવા વંદનીય ગુરુવર્ય અને અમારી પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિદ્યાલયના કૅમ્પસ ડાયરૅક્ટરશ્રી સોમભાઈ પટેલ સાહેબ માટે અંતઃકરણની લાગણીથી લખતાં હૈયું ભરાઈ આવે છે, શબ્દોનો ભાવ ઓછો પડે છે -

સાહેબશ્રી,

"ખોટી મોટાઈમાં ફુલાયા નથી,
સત્ય અને અહિંસાને ભૂલ્યા નથી
અહં અને અહંકારમાં ભરાયા નથી,
લાલચ અને લોભની બુરાઈમાં ભરમાયા નથી.
હુકમોની પણ કરે છે પ્રેમથી ધુલાઈ,
"જીવસેવા" એ જ એમની ખરાઈ"

યશસ્વી શિક્ષણવિદ્ સાહેબશ્રી માટે મનમાં અગાધ લાગણી છે. ૨૪ વર્ષ પૂર્વે જ્યારે મને સર્વ વિદ્યાલયની પાનવભૂમિમાં શિક્ષણના ક્ષેત્રમાં કામ કરવાની તક સાંપડી ત્યારે સાહેબને મેં મહિલા કૉલેજના આચાર્યશ્રીની ભૂમિકામાં જોયેલા. મૃદુ ભાષા, પારદર્શી વ્યક્તિત્વ, સુસ્પષ્ટ અને ગહન

વિચારશૈલી જેવા ઉમદા ગુણોને વરેલા સાહેબશ્રીના વ્યક્તિત્વથી પરિચિત થતાં જ મનમાં અહોભાવ પેદા થયેલો. સંસ્થાના અનેકવિધ પ્રસંગોએ સાહેબશ્રીની સભા સંચાલનની કુશળતા અને તે સભાખંડના માહોલને અપાતો ગૌરવવંતો ઓપ એ છાપ મારા માનસપટ પર અંકિત થઈ ગઈ.

પંદર વર્ષ સુધી આ માહોલને મનમાં વાગોળતી રહી. માનસપટ પર અંકિત થયેલા એ શબ્દો, એ વાક્યો અને એ ભાવની નકલ કરતી રહી. ભાષાશિક્ષક તરીકે નવું નવું જાણવાની પ્રબળ ઈચ્છા રહેતી.

એક વખત સાહેબશ્રી મને પૂ. દાસકાકાની પ્રતિમા આગળ મળ્યા. મેં પૂછ્યું, 'સાહેબ, પ્રસંગોપાત આપ જે બોલો છો તેવું મારે પણ શીખવું છે અને આપની પાસે જો કોઈ એવું પુસ્તક હોય તો મને આપશો ?' સાહેબે કહેલું, 'પુસ્તક તો નથી, પણ આપને માર્ગદર્શનની જરૂર હોય તો અચૂક મળજો....'

સર્વ વિદ્યાલયની ભૂમિના હકારાત્મક તરંગો અને ડૉ. સોમભાઈ સાહેબ જેવા ઉચ્ચ કોટિના માર્ગદર્શકોનું માર્ગદર્શન મળતાં અનેક શિક્ષકોએ પોતાની શૈક્ષણિક પ્રગતિ કરી છે. તેમ મને પણ પી.ટી.સી. થી પીઍચ.ડી સુધી પહોંચાડી છે. એક પ્રસંગે સાહેબે તેમની સાથે ઉદ્‌ઘોષણા માટેની તક આપી. પોતાને ઘેર બોલાવી ત્રણેક વખત પ્રૅક્ટિસ કરાવી. મહેનત અને આશીર્વાદનો સુમેળ થતાં ધીરે-ધીરે રાષ્ટ્રીયકક્ષાના કાર્યક્રમો સુધી સાહેબ માર્ગદર્શન આપતા રહ્યા.

લાયન્સ કલબના કાર્યક્રમો (સ્કીલ્સ ફૉર એડોલેસન્સ) N.S.S. ની પ્રવૃત્તિ, વ્યકિત્વ વિકાસને લગતા કાર્યક્રમો, સાક્ષરતાને લગતા કાર્યક્રમો જેવા અનેકવિધ કાર્યક્રમોમાં સાહેબશ્રીનું અમને સતત માર્ગદર્શન મળે છે.

કેમ્પસના નાના-મોટા પ્રસંગોએ સંપૂર્ણ સ્વસ્થતા અને ચીવટપૂર્વક જીવ પરોવીને રાત-દિવસ કામ કરતા જોઈને અમને પણ પ્રેરણા મળે છે. સ્વચ્છતાના આગ્રહી સાહેબ કેમ્પસમાં 'અક્ષરધામ' જેવું આહ્‌લાદક વાતાવરણ ઊભું કરવાની ખેવના ધરાવે છે. જ્યારે પણ તેમની ઑફિસમાં જવાની તક

મળી છે ત્યારે ઓફિસની ગોઠવણીમાં, નાનામાં નાની વસ્તુનો સદ્‌ઉપયોગ - આ ચીવટને અમે શિક્ષકો શીખવા પ્રયત્ન કરીએ છીએ.

સાહેબશ્રીની શિક્ષકો પ્રત્યેની ઊંડી લાગણીનું આલેખન કરતાં આંખ ભીની થઈ જાય છે. ચાલુ સાલે ૨૦૧૧ માં મને જયારે 'રાજ્યપારિતોષિક' (ઍવૉર્ડ) મળ્યો ત્યારે સાહેબશ્રીએ મને ફોન પર કહ્યું, 'વર્ષાબહેન, હું આપને શુભેચ્છા  પાઠવવા માટે આપને ઘેર આવવાનો છું.' બે સૅકન્ડ માટે તો હું ગદ્‌ગદ્‌ થઈ ગઈ. સાહેબશ્રી, મારે ઘેર આવશે ? વ્યક્તિના વ્યક્તિત્વનાં દર્શન તેના સ્વભાવ અને તેમાં રહેલી નિખાલસતાથી અંકાય છે. સંસ્થાના શિક્ષકને મળેલા બહુમાનમાં સાહેબશ્રીનો આ અહોભાવ ! **'न भूतो न भविष्यति ।'** આ ક્ષણોને તો વાગોળવી જ રહી.....

ઈશ્વરને અંતઃકરણથી પ્રાર્થું. સાહેબશ્રીને સ્વસ્થ દીર્ઘાયુષ્ય બક્ષે અને અમારા જેવા શિક્ષકોને આવા ગુરુવર્ય કૅમ્પસ ડાયરૅક્ટરનું માર્ગદર્શન મળતું રહે...

*"જીવન એ સુખ-દુઃખની તડક-છાંયડીના મિશ્રણ જેવું છે."*

## ૨૫ સાન્નિધ્યનાં સંભારણાં અને વ્યક્તિત્વ દર્શન



**ડૉ. યોગિની હિમાંશુ વ્યાસ**
અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ,
ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ,
સૅક્ટર-૨૩, ગાંધીનગર

તૈત્તિરીય ઉપનિષદના શબ્દોનું સ્મરણ કરું તો **'आचार्य देवो भव'** અર્થાત્ 'આચાર્યને દેવ સમાન માન' મારી અધ્યાપક તરીકેની કારકિર્દીનો પરમ આદરણીય શ્રી સોમભાઈ પટેલ સાહેબ સાથે વીતાવેલો લગભગ સાડા સાત વર્ષનો સમયખંડ અનેકાનેક પુણ્યસ્મરણોથી ભર્યોભર્યો છે.

અખંડ એકનિષ્ઠ તપસ્વી જીવન, વિરલ સ્ફૂર્તિ, સદાય હસતો ચહેરો, આંખોમાં તેજભરી ચમક તથા વાતાવરણને આત્મીયતાથી ભરી દેતું શિરમોર વ્યક્તિત્વ ધરાવનાર પરમ શ્રદ્ધેય ડૉ. સોમભાઈ પટેલના આચાર્યપદ હેઠળ ઈ.સ. ૧૯૯૧ માં ગાંધીનગરમાં શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજનો શુભારંભ થયો. આચાર્ય યાસ્કે 'નિરુક્ત' માં કહ્યું છે કે **'आचारं ग्राहयति इति आचार्यः'** જે આચાર (વર્તણૂંક) શીખવે તે આચાર્ય. શ્રી સોમભાઈ સાહેબે શરૂઆતથી જ અમારી સંસ્થાના અધ્યાપકો માટે, વહીવટી કર્મચારીઓ માટે, સેવા કર્મચારી વર્ગ માટે તથા વિદ્યાર્થિનીઓ માટે શિસ્ત તથા સંસ્કારિતા, શિષ્ટાચારનું ઉત્તમ દૃષ્ટાન્ત પ્રસ્થાપિત કર્યું.

'ઈતની શક્તિ હમેં દેના દાતા, મન કા વિશ્વાસ કમજોર હો ના' એ પ્રાર્થનાના મધુર અને પવિત્ર બ્રહ્મનાદથી મંગલમય, સ્ફૂર્તિમય તથા ઉત્સાહમય પ્રભાતકાલે અમારી મહિલા કૉલેજના શૈક્ષણિક કાર્યનો પ્રારંભ થતો હોય અને

આ પ્રાર્થના સમયે ડૉ. સોમભાઈ સાહેબ કૉલેજના દરેક વર્ગમાં યુવા સ્ફૂર્તિથી શિસ્તપાલનનું નિરીક્ષણ કરી લેતા હોય. ગાંધીજી વિશે આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહેલું કે, 'હાડ, માંસ અને લોહીવાળો કોઈ આવો માણસ પૃથ્વી પર હરતો ફરતો હશે એવું આવતીકાલની પેઢીઓ કદાચ માની શકશે નહીં' શું આ જ વાત પૂ. સાહેબને લાગુ પડતી નથી ? તેમની સ્ફૂર્તિ તથા થનગનાટ વિશે અવશ્ય કહેવું જોઈએ કે,

**यन्नामश्रवणेन सत्त्वरमहोभावो वरीवृध्यते**
**यद् वाण्यां मधुपृक्त सौम्यवचनधाराप्रवाहः सदा ।**
**वर्षिष्ठोऽपि यविष्ठ एष विबुधः सर्वङ्कषः प्रीतिमान्**
**शोभावैभवभास्वरः विजयतां संशोधने शेवधिः ॥**

અર્થાત્ જેમનું નામ સાંભળવાની સાથે જ હૃદયમાં અહોભાવની લાગણી જન્મે છે, જેમની વાણી હંમેશાં સૌમ્ય વચનોના ધારા પ્રવાહ સમી છે, યુવા સ્ફૂર્તિથી યુક્ત તથા સંશોધનક્ષેત્રે નિત્ય કાર્યરત શ્રી સોમભાઈ સાહેબનો વ્યક્તિત્વ વૈભવ વૃદ્ધિ પામે છે.

શ્રી પટેલ સાહેબની પ્રેરણા તથા પ્રોત્સાહનને કારણે જ હું અને મારી સાથેના અનેક અધ્યાપકો પીઍચ.ડી. તથા ઍમ.ફીલ.ની ડિગ્રી પ્રાપ્ત કરી શક્યા. તેઓશ્રીના હકારાત્મક અભિગમને કારણે મને તથા સાથી અધ્યાપકોને કૉલેજમાં શિક્ષણ ઉપરાંત અવનવી ઈતર પ્રવૃત્તિઓ કરાવવાની ઘણી મોકળાશ રહેતી. અમે જે પણ પ્રવૃત્તિ સંભાળીએ, તેમાં અમને સૌને કામ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા મળતી.

નૂતન વર્ષની શુભેચ્છાઓ નિમિત્તે તેઓશ્રી તરફથી અમને સૌને વૈવિધ્યસભર લખાણોથી યુક્ત greeting card મળતું. આ લખાણ દરેક અધ્યાપકના આગવા વ્યક્તિત્વને નિખાર આપતું અને આમ અમારી સંસ્થાના આદરણીય આચાર્ય સાથેની આત્મીયતા સતત વધતી જ રહેતી. આચાર્ય ભર્તૃહરિએ કહ્યું છે કે, **'परगुण परमाणून् पर्वतीकुत्य नित्यंनिजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ।'**

બીજાઓના પરમાણુ જેવા અલ્પ ગુણોને પર્વત જેવા વિશાળ બનાવી અંતઃકરણમાં પ્રસન્નતા પામનાર સજ્જનો કેટલા હશે ?

આદરણીય સાહેબની ગુણગ્રાહી દૃષ્ટિને કારણે અમારી સંસ્થાના કોઈ પણ અધ્યાપક પોતાના વિષયના અધિવેશનમાં, પરિસંવાદોમાં, કાર્યશિબિરોમાં ઉપસ્થિત રહ્યા હોય, શોધપત્ર રજૂ કર્યું હોય કે પછી અન્ય કોઈ સંસ્થામાં વક્તા તરીકે ગયા હોય અને કૉલેજનો યશ વધાર્યો હોય, તો તે દરેક બાબતની નોંધ લઈ સાહેબ સ્ટાફ રૂમમાં રજૂ કરી તે અધ્યાપકને અભિનંદન આપી ગૌરવાન્વિત બનાવે. કૉલેજના શૈક્ષણિક કાર્ય સિવાયના દિવસોમાં સ્ટાફ રૂમમાં અધ્યાપકશ્રીઓના વ્યાખ્યાનોનું આયોજન તથા તેના ઉપર પ્રશ્નોત્તરીપૂર્વક ચર્ચા વિચારણા કરી વાતાવરણમાં અદ્‌ભૂત વિદ્યાકીય સંવાદ સેતુ રચવાનો યશ પામતા.

કૉલેજના દ્વિતીય સત્રમાં નવા વર્ષની શુભકામનાઓ નિમિત્તે યોજાતી મીટિંગમાં તેમના ઉદ્‌બોધનમાં રજૂ થતી ઉપમા,

'જેમ આપણે બધાં દિવાળીમાં ઘરની સાફસૂફી કરીએ છીએ, ઘરનાં વાસણો માંજીને ચકચકાટ કરીએ છીએ તેમ આખા વર્ષ દરમ્યાન આપણા મન ઉપર એકત્ર થતી અશુદ્ધિઓને દૂર કરીને મનને સ્વચ્છ, નિર્મળ બનાવવાનું છે.' આજે પણ યાદ આવે છે. અમને અધ્યાપકોને તેઓ વારંવાર કહેતા, 'વધુ પડતી વિદ્યાર્થિનીઓની સંખ્યાના કાટમાળ નીચે કીમતી રત્નો દટાઈ ન જાય. અધ્યાપકે હીરાપારખુ ઝવેરી જેવા બની શ્રેષ્ઠ વિદ્યાર્થીરત્નોને શોધી કાઢી, તેમને ચમકાવવાના છે.' આથી જ, અમારી સંસ્થાની વિદ્યાર્થિનીઓ યુનિવર્સિટી પરીક્ષામાં જ્વલંત સફળતા મેળવી, ઉત્તમ કારકિર્દી બનાવી શકી છે. વિદ્યાર્થિનીઓ તથા અધ્યાપકો વચ્ચેના સંબંધો સુદૃઢ તથા આત્મીયતાપૂર્ણ બને તે માટે અમારી સંસ્થામાં અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ જેવી કે પિકનિક, પ્રવાસ, સંસ્થા કે સ્થળની મુલાકાત તથા શિબિરો જેવી બાહ્ય પ્રવૃત્તિઓનું આયોજન થાય તે માટે પૂ. સાહેબનો અભિગમ હંમેશાં પ્રશસ્ય - સ્તુત્ય રહ્યો છે. ઍન.એસ.એસ.ની શિબિરમાંથી આવેલી અસંખ્ય વિદ્યાર્થિનીઓના મુખે

સાહેબના વ્યક્તિત્વની વાત્સલ્યપૂર્ણ ઝલકના પ્રસંગો સાંભળીને કહેવાનું મન થાય કે, 'સાહેબ અમારી સંસ્થાની ૧૪૦૦ વિદ્યાર્થિનીઓના મહર્ષિ કણ્વસમા પિતા છે.' તેમના મુખે વારંવાર ઉચ્ચારાતું એક વાકય 'મારી કૉલેજ મારું મંદિર છે. જેમ કોઈ ભક્ત મંદિરમાં જાય, તેમ હું કૉલેજમાં જાઉં છું.' આ વાક્ય આજે પણ મારા સ્મૃતિપટ પર બરાબર કોતરાઈ ગયું છે. કૉલેજમાં યોજાતી પેરેન્ટ્સ મીટિંગ - વાલી વિદ્યાર્થી સભામાં અનેક સુશિક્ષિત વાલીઓ સંસ્થા માટે તથા અમારા આચાર્યશ્રી માટે પ્રસન્નચિત્તે પ્રતિભાવો આપતા. ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓના સંમેલન પ્રસંગે શ્વસુરગૃહેથી પિયરમાં આવેલી પ્રસન્નચિત્તવાળી દીકરીઓ જેવી આનંદની રેખાઓ વિદ્યાર્થિનીઓના ચહેરા ઉપર જોઈ શકાતી.

સફળ મનુષ્ય ક્યારે ય નિવૃત્ત થતો હોતો નથી 'નિવૃત્તિમાં પણ સતત પ્રવૃત્તિ' એ ન્યાયે આચાર્યપદેથી નિવૃત્ત થયા પછી શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી), ગાંધીનગર શાખાના કૅમ્પસ ડાયરૅક્ટર પદને શોભાવીને, સંસ્થા દ્વારા આયોજિત વ્યાખ્યાનમાળા પ્રસંગ, સ્વાતંત્ર્યદિનની ઉજવણી હોય કે પરમ આદરણીય શ્રી માણેકલાલજીની અવિરત સેવાઓને બિરદાવતો અભિનન્દન ગ્રન્થ વિમોચન પ્રસંગ હોય - દરેક કાર્યક્રમને સાહેબ પોતાની આગવી સૂઝ તથા પ્રચંડ પુરુષાર્થથી સફળ તથા અવિસ્મરણીય બનાવતા. વિદ્યા અને વિનમ્રતા, શક્તિશાળી સામર્થ્ય અને સૌહાર્દપૂર્ણ સજ્જનતાથી ઓપતા શ્રદ્ધેય શ્રી પટેલ સાહેબ વિશે કહું તો,

**शिक्षाकर्म सुचारु यस्य कुशलं सान्दीपनिं स्मारयन्**
**हास्यं कुन्दतुषारहारधवलं वाणी सदा निर्मला ।**
**गीतायां गदितांश्च यो गुणगणान् प्राप्तुं सदैवोत्सुक :**
**तस्य श्रीसोमभाईसज्जनवरं कार्यं शिवं सुन्दरम् ।।**

યુવા ચેતનાના અધિષ્ઠતા સાહેબ,

'માની અમારા આપ્તજન આ અર્ઘ્ય આપ્યો આપને

આથી વધારે શું બીજા સમ્માન કરિયે આપના,

સ્વીકારીને વંદન અમારા, અર્પજો આશિષ તમે

સંસ્થા અમારી પાર્વતી (ઉમા) પુનિત બની છે આપથી.'

પૂ. સાહેબનું જીવન હોમાગ્નિની પવિત્ર જવાળાઓ સમું પાવનકારી બનો એ જ અભિલાષા. હિમાલયની શીતળતા ગંગાની પવિત્રતા અને માનસરોવરની સ્ફટિકમય શુદ્ધતા આપના અન્તઃકરણને દિવ્યતાસભર બનાવો એ જ શુભકામના.

આવી વિલક્ષણ વ્યક્તિના સામીપ્યનો મને જે અવસર પ્રાપ્ત થયો છે, તેને માટે ધન્યતા અનુભવું છું.

*"દરેક મુશ્કેલીનો ઉપાય હોય છે... શોધીએ તો જડે છે."*

## ૨૬ ગાંધી જીવનમૂલ્યો મુજબ જીવનારા



**ડૉ. સુનિતા લીલાણી**
લૅક્ચરર,
ઍસ. ઍસ. પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન,
સૅક્ટર-૨૩, ગાંધીનગર

ગાંધી મૂલ્યોને આધારે જીવન વ્યતીત કરનારા બહુ ઓછા વ્યક્તિત્વો શ્વસી રહ્યા છે અને જેમાંના એક છે આદરણીય શ્રી સોમભાઈ સાહેબ.

આજે જ્યારે તેમના વિશે લખવાની તક મળી છે ત્યારે મનમાં ઘણી મૂંઝવણો અનુભવી રહી છું. શું હું એમના વિશે લખી શકું એટલી સક્ષમ હું છું ? શું એમની મહાનતા શબ્દો દ્વારા વર્ણવી શકાય ?

છતાં તેમના વિશે લખવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું છે તો હું આ તક ગુમાવવા નથી માગતી.

હું છેલ્લા નવ વર્ષથી તેઓને ઓળખું છું. તેના આધારે કહી શકું કે તેઓ માત્ર સિદ્ધાંતોને વળગી રહેનારા નહીં પરંતુ સિદ્ધાંતો - મૂલ્યોને ચરિતાર્થ કરવા શક્ય તેટલા બધા જ પ્રયત્નો કરવા હંમેશ તત્પર રહે છે.

ડૉ. સોમભાઈ સાહેબના મૂળ સ્વભાવમાં આ બે ગુણ પણ રહેલા છે. એક તો મદદરૂપ થવું અને નાનામાં નાની બાબત માટે પ્રોત્સાહન આપવું. જેના મેં જાતે જ અનુભવેલા પ્રસંગો વર્ણવું છું.

(૧) મારી નાની બેબી 'શ્લોકા' કે જે અત્યારે ૧૫ મહિનાની છે. તેની સંભાળ માટે મારે મદદનીશ બહેનની જરૂર હતી. આ વાતની જાણ સાહેબને થઈ અને તેમણે આ માટે બહેન શોધવાનું શરૂ કર્યું. પણ શરૂ કરતા પહેલાં

રૂબરૂ મારા ઘરે આવી મારે કેવા પ્રકારની બહેનની જરૂર છે તેની વિગત જાણી લીધી અને ત્યારબાદ મારી જરૂરિયાત પ્રમાણેની બહેનની શોધ એમણે શરૂ કરી. હું પોતે કડી સર્વ વિશ્વવિદ્યાલય પરિવારની એક કર્મચારી જ છું. છતાં મારી મુશ્કેલીમાં મદદ કરવા માટે પોતે કૅમ્પસ ડાયરૅક્ટર હોવા છતાં પણ તેઓએ નાનમ અનુભવ્યા વિના મારી મુશ્કેલીમાં સાથ આપ્યો.

(૨) મારી મોટી બેબી 'સ્તુતિ' કે જે અત્યારે નવ વર્ષની છે. તેણે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સારો દેખાવ કરેલ છે. સાયન્સ ઑલમ્પીક, મૅથ્સ ઓલમ્પીપાડ જેવી પરીક્ષાઓમાં તેણીએ રાજ્ય કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ છે. તેની જાણ ન્યૂઝ પેપર દ્વારા સાહેબને દર વર્ષે થતી રહેતી અને દર વખતે મને રૂબરૂ બોલાવી તે માટે અભિનંદન પાઠવતા. આટલું જ પ્રોત્સાહન ન આપતાં તેમણે મારી દીકરીને પ્રોત્સાહિત કરવા અને અભિનંદન પાઠવવા ઘરે આવી સ્તુતિની સમગ્ર ફાઈલ જોઈ અને અત્યાર સુધીમાં જે-જે ક્ષેત્રમાં તેણીએ પ્રગતિ કરી તે દરેક વિશે માહિતી મેળવી અને તેને પ્રોત્સાહિત કરી આગળ વધવા માટે આશીર્વાદ આપ્યા.

કૅમ્પસ ડાયરૅક્ટરનો હોદ્દો મોટો હોવા છતાં મારા ઘરે તે વ્યક્તિ સ્વયં આવે તે એક મારા માટે સ્વપ્ન બરાબર જ કહેવાય. પણ તેમનામાં રહેલ પ્રોત્સાહન આપવાનો ગુણ તેમને મારા ઘર સુધી લઈ આવ્યો.

હજુ વધુ એક પ્રસંગ જણાવતાં આનંદની લાગણી અનુભવું છું.

(૩) કડી સર્વ વિશ્વવિદ્યાલયના ૨૦૧૧-૨૦૧૨ના યુવક મહોત્સવ દરમ્યાન યુવક મહોત્સવના થીમ 'પર્યાવરણ જાગૃતિ' અંતર્ગત ઍસ. ઍસ. પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશનની તાલીમાર્થી બહેનોએ જાતે સુંદર કાર્ડ બનાવ્યા હતા. કાર્યક્રમના દિવસે સ્ટેજ પર હું હાજર હતી અને મેં જ સાહેબનું તુલસીના છોડ અને આ કાર્ડ દ્વારા સ્વાગત કર્યું. કાર્યક્રમના અંતમાં સાહેબે આ કાર્ડની વિગતો પૂછી ત્યારે મેં કહ્યું કે, આ કાર્ડ તાલીમાર્થીઓએ બનાવ્યા છે અને હું ફક્ત માર્ગદર્શક તરીકે જ હતી. છતાં તરત જ સાહેબે કાર્ડ પર અભિનંદન લખી તે

કાર્ડ મને આપ્યું અને તાલીમાર્થી બહેનોને પણ બોલાવી સુંદર કાર્ડ બનાવવા બદલ અભિનંદન પાઠવ્યા.

આમ સતત પ્રોત્સાહન પૂરું પાડતા રહે છે અને આગળ વધવા માટે પ્રેરણા આપતા રહે છે.

તેઓશ્રી સ્વચ્છતાના ખાસ આગ્રહી છે. સાદું અને સરળ વ્યક્તિત્વ ધરાવે છે. તેમની ઉત્સાહ પ્રેરક વાણી સતત સહુને પ્રેરિત કરતી રહે છે. એમના વિશે વધુ જાણવું છે તો પૂછો એ પક્ષીઓને, જેમણે વિશાળ લાંબા મેદાન પરથી પસાર થતાં થાક ખાવા માટે આશરો મેળવ્યો છે.

હા, સર્વ વિદ્યાલય સંકુલમાં વિશાળ મેદાન હતું તેમાં વચ્ચોવચ એક ઊંચી ‘વળી’ ફીટ કરનાર શ્રી સોમભાઈ સાહેબ હતા. આમ કરવા પાછળ તેમનો ધ્યેય હતો કે દૂરથી આવતાં પક્ષીઓને બે ક્ષણ થાક ખાવા આસપાસ કોઈ ઝાડ કે મકાન ન હતું. ...... પક્ષીઓ બે ક્ષણ આરામ કરે અને પછી ફરી દૂર ઊડી જવા શક્તિમાન બને.

પક્ષીઓની પણ કાળજી રાખનાર એવા શ્રી સોમભાઈ સાહેબના આશીર્વાદ સતત અમારા પર વરસતા રહે એવી પ્રાર્થના.

*“ગુરુ થા, તારો, તું જ”*

## ૨૭ સર્વ વિદ્યાલયનો ધ્રુવ તારો : ડૉ. સોમભાઈ પટેલ



**પ્રા. નરેન્દ્ર નાયી**
ઍસ. ઍસ. પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન,
સૅક્ટર-૨૩, ગાંધીનગર

કડી સર્વ વિદ્યાલયના ઘડતરમાં અત્યાર સુધી અનેક પ્રભાવક વ્યક્તિઓએ ભાગ ભજવેલો છે. જેમાં ડૉ. સોમભાઈ પટેલે વિદ્યાલક્ષી માર્ગને વધુ પ્રકાશમય બનાવવા માટે પોતાની પ્રતિભાશક્તિને દીર્ઘ દષ્ટિપાતથી આંકેલી જોવા મળે છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળની માત્ર જિલ્લા કે રાજ્યમાં નહિ પરંતુ સમગ્ર ભારતમાં ફોરમ ફેલાય તે માટે જિંદગીભરનો પુરુષાર્થ આજે તેમણે ખેડે રાખ્યો છે.

ગ્રજ્યુએટના વર્ષમાં હતો ત્યારે માત્ર તેમનો પીઍચ.ડી.નો ગ્રંથ સંદર્ભ પુસ્તક તરીકે વાંચેલો, ત્યારબાદ ઍમ.એ.ના અભ્યાસ દરમ્યાન તેમના લૅક્ચરો સાંભળવા મળે છે. જેના શબ્દો તો આજે પણ ચૉકમાં વેરાયેલા મોતીની જેમ વીણી લેવાનું મન થાય છે. સાહિત્યિક શિબિર હોય, ઉપરવાસ સાહિત્યસભા, વૃધ્ધાશ્રમમાં, કે સાંસ્કૃતિક કાર્યક્રમમાં તેમની વાણી સાંભળવા મળે છે ત્યારે તેમની ભાષાસજ્જતા ખૂબ જ સ્પર્શી જાય છે.

છેલ્લે એટલું કહેવાનું મન થાય છે કે કડી સર્વ વિદ્યાલયનો શીતળ સૌમ્ય ચંદ્ર એટલે ડૉ. સોમભાઈ પટેલ.

# ૨૮ શીતળ છાંયડી ધરાવતું વટવૃક્ષ



**ભરતકુમાર બી. ચૌધરી**
ર. જો. પટેલ હાઈસ્કૂલ, કાંસા
તા. વિસનગર

શ્રી સોમભાઈ પટેલના વ્યક્તિત્વ વિશે લખવું એટલે મારી દૃષ્ટિએ કોઈ મહામાનવના વ્યક્તિત્વના મહેરામણ ઉલેચવાની વાત થઈ. જેનું નામ જ સોમભાઈ છે. સોમનો અર્થ ચંદ્ર થાય છે. જેમાં સંપૂર્ણપણે શીતળતા દ્રશ્યમાન થાય છે. સાથે સાથે ધવલતા પણ પામી શકાય છે. સોમભાઈ એટલે શીતળ છાંયડી ધરાવતું વટવૃક્ષ, પ્રેમનો પર્યાય, વ્હાલપની વીરડી, માનવતાનું મહાકાવ્ય, સ્નેહની સરિતા, વાત્સલ્યનો વીરડો, ભાવનાથી ભર્યો ભર્યો તેજસ્વી દીપક.

સોમભાઈ સાહેબ એટલે માન, આદર, સન્માન, આતિથ્ય, માનવતા, વિવેક વર્તન, પ્રેમભાવ, આચાર વિચાર, આચરણ, સેવા, આતિથ્ય, નમ્રતા, દયા, કરુણા વગેરે ગુણઔષધિ ધરાવતું એક ઉત્તમ રસાયણ. એક એવું સંમિશ્રણ કે પરિચયમાં આવતાં જ પારસમણિનો સ્પર્શ થાય તેથી વિશેષ હૃદયાનુભૂતિ આપણને થાય છે. આપણી જાત તેમાં વિલીન થઈ જાય છે. ગર્વ ઓગળી જાય છે. પ્રસન્નાનુભૂતિ આપણને થાય છે. આનંદાનુભૂતિ થાય છે. મિનિટો કલાકો તેમની મુલાકાત માટે સૅકન્ડો બની જાય છે. જે ક્ષણ મારે માટે મુલાકાત બની છે. તેને મેં આજેય હૃદય, મનની અંદર અકબંધ કોઈ જીવનના બેંક બૅલૅન્સમાં ડિપોઝીટ હોય તેમ સાચવી રાખી છે. શબ્દે શબ્દે પ્રેમ પરિમલ માત્ર કાન સુધી નહિ પણ અંતરની અભેદ દીવાલને વીંધીને અંદર

સુધી જાય છે. જ્યારે તેમનાથી વિખૂટા પડવાનું હોય ત્યારે મનને મનાવવું પડે છે. દૈહિક રીતે છૂટા પડ્યા હોઈએ પણ મારું હૃદય તો તેમને વીંટળાયું હોય છે. તેમની મુલાકાતની અસર સંપૂર્ણ મને તરબોળ બનાવી દે છે. જ્યારે મળે ત્યારે મારા પર વશીકરણ મંત્રની જ અસર હોય છે. તેવી અનુભૂતિ હું કરું છું. કોઈ રોગની દવા લીધી હોય અને વ્યક્તિ જે નશામાં હોય તે રીતે હું સાહેબશ્રીના વ્યક્તિત્વના નશામાં ચકચૂર થઈ જાઉ છું. અને જયાં સુધી હું પ્રવૃત્તિમય ન બનું ત્યાં સુધી એ પ્રેમપ્રવાહના અગાધ વમળોમાં હું તણાયા જ કરું છું, તણાયા જ કરું છું.

મારા પરમ વંદનીય, વડીલ, સ્નેહી પથદર્શક, મારા વ્યક્તિત્વ ઘડતરના શિલ્પી, શિક્ષણવિદ્, સેવાનિષ્ઠ અને આભાના અમીનું પાન કરાવનાર, પ્રેમના પીયૂષનું આચમન કરાવનાર એક ફરિશ્તા. એક વખત મેં સાહેબને કહ્યું કે મારે પીઍચ.ડી. કરવું છે. મારે સારા ગાઈડની જરૂર છે. આપ મને મદદ કરો. આ વાત મેં તેમને ફોન પર જણાવી. ત્યાં તો બપોરે તેમનો ફોન આવી ગયો. મને કહ્યું કે, ‘તમે પાટણ કૉલેજના ગુજરાતી વિષયના પ્રૉફેસર શ્રી ભરતભાઈ સોલંકીને મળો. જે મારા વિદ્યાર્થી છે.’ હું તેમને મળ્યો. મારે પીઍચ.ડી. સબંધી  વાતો પણ થઈ. આમ સાહેબશ્રી કામની બાબતમાં પોતાનો સંપૂર્ણ જીવ રેડી થતી તમામ મદદ કરે.

આ ઉપરાંત એક દિવસ મને મારા વિદ્યાર્થીએ જણાવ્યું કે સાહેબ ઍરોનૉટિક્સની માહિતી અમારે જોઈએ છે. તરત જ મેં ફોન સોમભાઈ સાહેબને કર્યો. મને સંપૂર્ણ વિશ્વાસ હતો કે સાહેબ મને થતી તમામ મદદ કરશે. ફોન પર વાતચીત થઈ. થોડા દિવસ પછી તેમણે જણાવ્યું કે મારા મિત્ર પ્રો. લાલભાઈને ત્યાં સ્પીડ પોસ્ટ કરેલું કવર આવશે. જેમાં ઍરોનૉટિક્સ સબંધી માહિતી છે. આમ કોઈ પણ કામ હોય તો ચોક્કસાઈપૂર્વક કરે.

છેલ્લે છેલ્લે એક મુલાકાત મારી અસરકારક રહી. એક રવિવારના દિવસે બસ નક્કી કર્યુ કે આજે સાહેબશ્રીને મળવું છે. મેં વિસનગર જઈ ફોન કર્યો. ત્યાં મને સાહેબે કહ્યું કે બાર વાગ્યા સુધી હું મમતા આઈ.એ.ઍસ.

ટ્રેનિંગ સેન્ટરમાં છું. પછી હું ઘેર છું. આપ ગાંધીનગરમાં આવો એટલે મને ફોન કરજો. હું તાબડતોબ ગાંધીનગર કડીવાલા વિદ્યાસંકુલ, ઘ-૬ પહોંચ્યો. મળ્યો. ખૂબ જ આનંદ થયો. ત્યાં ઈનામ વિતરણના કાર્યક્રમમાં ફોટોગ્રાફી થઈ. ત્યાર પછી સાહેબની સાથે તેમના ઘેર ભોજન લીધું. ભોજનના સ્વાદ ઉપરાંત તેમની ભાવનાનો સ્વાદ મને ખૂબ જ મીઠો લાગ્યો.

કોઈ પણ કામ હું જણાવું તો તરત જ એ કામની પાછળ પડી જાય. પછી ફોન કરી જે તે માહિતી આપે. વ્યક્તિત્વમાં સરળતા પણ સ્પર્શી જાય તેવી છે. જ્યારે જયારે હું તેમને મળ્યો છું ત્યારે એ જ સ્ફૂર્તિ, એ જ પ્રેમ, એ જ ભાવ મને જોવા મળ્યો છે. ક્યારે ય ઓછપ એમના વ્યક્તિત્વમાં જોવા મળી નથી. ફૉર્માલિટી કયાંય જોવા મળી નથી. લાગણીથી તરબતર હોય. એ પણ અંતરથી નાચી ઊઠતા જોવા મળે. ભાવની ભરતી એમનામાં પણ જોવા મળે.

જીવનમાં હું ઘણી બધી વ્યક્તિઓના સંપર્કમાં આવ્યો છું. ડૉકટરથી માંડીને સારા સારા ક્ષેત્રોના જ્ઞાતા માણસોના. પણ હજુ સુધી મારા હૃદયમાં એક અમીટ છાપ મૂકીને ગયા હોય તો તે શ્રી સોમભાઈ સાહેબ.

સોમભાઈ સાહેબની મુલાકાતમાં મને હર હંમેશ સમય ઓછો પડ્યો છે. કારણ કે સાહેબશ્રી પ્રવૃત્તિમય રહે છે. મને હરહંમેશ હૃદયથી એમ થતું કે હવે છૂટા પડવું પડશે. સાહેબશ્રીને મેં હરહંમેશ મીઠી ફરિયાદ કરી છે કે એક-બે દિવસ તમે ગમે તેમ કરી મારી સાથે ગાળો. પણ હું એ ધન્ય પળની આતુરતાથી રાહ જોઈને બેઠો છું. એ પળ ક્યારે આવશે ?

સોમભાઈ સાહેબ વિશે લખવું એ તો કોઈ વ્યાકરણના ગ્રંથનું વિવેચન કરવાનું હોય તેવી બાબત છે. આવા સમૃદ્ધ હૃદયવૈભવ ધરાવનાર વ્યક્તિને વિશે શબ્દોમાં વાત મૂકવી મારી દૃષ્ટિએ અઘરી છે. આ વ્યક્તિ માણવા જેવી વ્યક્તિ છે. એ અનુભવવા જેવી વ્યક્તિ છે. કોઈ વિષય નથી. આ અનુભૂતિનો વિષય મારે માટે બન્યો છે.

## ૨૯ ‘સાદગી અને સંયમનું સૌમ્ય મિશ્રણ’



**પ્રયતકર કે. કાનડિયા**
આસીસ્ટન્ટ પ્રૉફેસર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

સોમભાઈ એટલે સૌમ્ય, સાદગી અને સંયમનું મિશ્રણ. ખૂબ મોટો પહાડ માટીના ઢગલા જેવો લાગે. સમુદ્ર જેવી ગહનતા છતાં ઝરણાના જેવી મીઠાશ. પ્રથમ મુલાકાતમાં વ્યક્તિને એવું ન લાગે કે આ મહાશય અજાણ્યા છે, ભારેખમ છે કે પછી અહંથી ભરેલા છે. અન્ય વ્યક્તિનું કામ હોય તો પણ સમયમાં ખૂબ જ પાબંદી, પોતાનો ફોન કરીને પણ સામેની વ્યક્તિને જણાવી દે કે ‘આપનું કામ પૂરું થઈ ગયું છે.’ અથવા તો ‘આવતી કાલે સવારે નવ વાગે થઈ જશે.’ આવી વ્યક્તિઓ ખૂબ જ ઓછી જોવા મળે છે. આ મારો જાત અનુભવ છે.

કોઈ પણ વ્યક્તિની ભૂલ તેને સ્પષ્ટ રીતે કહેવી અને છતાં ય સામેની વ્યક્તિને દુઃખ ન લાગે તે એક કળા તો ખરી, તેમ જ તે વ્યક્તિ પ્રત્યેની આત્મીયતા તેમના નિખાલસ સ્વભાવમાં દેખાઈ આવે છે. વાણીમાં વિવેક એ તેમનું આગવું લક્ષણ છે. નાનું બાળક હોય કે મોટી વ્યક્તિ હોય તમામ જોડે એક જ પ્રકારનો વ્યવહાર કરવો એ ખૂબ જ મોટી વાત કહેવાય. ટૂંકમાં તેમની વાણી, વ્યવહાર, વર્તન અને કામ કરવાની ઢબ ગમે તેવી અજાણી વ્યક્તિનું મન મોહી લે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

## ૩૦ પૂરા વિદ્યાવ્યાસંગી અને સ્વાશ્રયી



**પ્રા. જયંત મોદી**
નિવૃત્ત પ્રૉફેસર,
મ્યુનિસિપલ આર્ટ્સ કૉલેજ,
મહેસાણા

ત્રણેક મહિના પહેલાં એક બેબીનો દાદા બન્યો છું. તમે મને મુશ્કેલીમાં મૂક્યો છે. તમારી વિદ્યાર્થિની અંજના બારોટને મારું નામ સૂચવીને. મને કયાં લખતાં આવડે છે ? મારામાં લેખક જ નથી. હું તો માત્ર વર્ગમાં વ્યાખ્યાન મારફત ભણાવી જ શકું. તમારા વ્યક્તિત્વની છાપ અમારા બંને પર છે. મારાં પત્ની અવાર નવાર તમને ફોન કરવા મને કહ્યા કરે. દાદા-દાદી બન્યાં એના સમાચાર આપવા માટે તમને ફોન કરવાનું ત્રણ મહિનાથી કહ્યા કરે છે. એવી તમારા વ્યક્તિત્વની છાપ એના પર છે. મારા બા પર પણ તમારા સ્વભાવની 'કેમ છો, બા' કહીને ઘરમાં તમે પ્રવેશતા જે છાપ હતી તેને શબ્દદેહ આપવાની મારી ક્ષમતા નથી. છતાં જેવું આવડયું તેવું લખીને જ અંજનાબહેનને મોકલું છું. કવર બંધ કર્યા પછી લાગ્યું કે નરેન્દ્ર મોદીને આર.ઍસ.ઍસ.ની શાખામાં આવતા કરવાના તમારા શ્રમ વિશે ઉલ્લેખ કરવાનો રહી ગયો.

સોમભાઈનો પ્રથમ પરિચય આછો પાતળો આર.ઍસ.ઍસ.ની શાખા વિસનગરમાં થયેલો. રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘના ચુસ્ત અનુયાયી. સેવાભાવી, શાખામાં આવતા જતા એક વિકલાંગ - ચાલી ન શકતા ભાઈને સોમભાઈ પીઠ પાછળ ઉંચકી લાવતા લઈ જતા અનેક વાર મેં જોયા છે. હું ન ભૂલતો હોઉ તો એ વિકલાંગ ભાઈનું નામ રમેશ ત્રિવેદી હતું. બીજાની મુશ્કેલીમાં મદદરૂપ થવું એ સંઘનો મંત્ર છે.

પ્રાથમિક અને માધ્યમિક શાળાની વિદ્યાર્થી અવસ્થાનો મારો કોઈ પરિચય રહ્યો નથી. અમે વિશેષ સંપર્કમાં આવ્યા અનુસ્તાકના અભ્યાસ વર્ષોમાં. પૂરા વિદ્યાવ્યાસંગી, સ્વાશ્રયી, પોતાનું બધું જ કામ જાતે કરે. સ્વચ્છતાના આગ્રહી. ૧૯૬૩-૧૯૬૪ અમે વિસનગરની નૂતન હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે સાથે હતા. વિદ્યાર્થીના અભ્યાસ માટે રસપૂર્વક માર્ગદર્શન આપે. વિદ્યાર્થીપ્રિય હતા અને છે અને રહેશે. ગુજરાતી વિષય સાથે અમે સંગાથે અનુસ્નાતકનો અભ્યાસ કર્યો. પણ મારા કરતાં વધારે સરસ શુદ્ધ ગુજરાતી બોલે. ગુજરાતી ભાષાને ગૌરવ અપાવે તેવું. ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે સંનિષ્ઠ. સહૃદયી ભાવક બનીને જે તે કૃતિને શીખવે.

વડીલોને માનથી જુએ. પાટણથી વિસનગર આવે અને મારી મુલાકાત ન કરે એવું બને નહિ. ઘરમાં પ્રવેશતાં પહેલાં એમના સૌમ્ય સ્વભાવ જેવા જ સૌમ્ય અવાજથી બૂમ મારે. ઘરમાં પ્રવેશતાં જ મારાં બા ને ‘કેમ છો બા ?’ અચૂક પૂછે. આજે પણ એમના એ પૂજ્ય ભાવભર્યા શબ્દો હું અને મારી પત્ની યાદ કરીએ છીએ. એવી એમના વ્યક્તિત્વની અમીટ છાપ મારા પત્ની પર પણ છે.

૧૯૬૭-૧૯૬૮ મારા માટે નોકરીનો અવકાશ હતો. પાટણ કૉલેજમાં Entire English નું અનુસ્નાતક કેન્દ્ર નવું શરૂ થતું હતું. સોમભાઈએ મને ઉત્સાહિત કરીને અંગ્રેજી વિષયમાં ઍમ.એ. કરવાનું કહ્યું અને શનિ-રવિ એમના ઘેર જમવા રહેવાની વ્યવસ્થા દિલથી કરી એ હું આજે ય ભૂલી શકું એમ નથી.

સામાન્ય ખેડૂત પુત્ર, કૉલેજ અધ્યાપક, આચાર્ય અને સંસ્થાના નિયામક પદ સુધીની પ્રગતિ કરે તે નાની સૂની વાત નથી.

મિત્ર તરીકે માત્ર તાલી મિત્ર નહિ, પણ Helper, Supporter, Adviser છે. સાચા કાર્યમાં તેઓ Friend, Philosopher and Guide છે. હંમેશાં મિષ્ટભાષી, મિતભાષી. આપણને સાંભળવા ગમે એવા.

## ૩૧ ડૉ. સોમ (ચંદ્ર) ની એક ચિરસ્મરણીય યાદ



**ડૉ. આર. જે. વ્યાસ**
પૂર્વ પ્રિન્સીપાલ,
સૂરજબા કૉલેજ ઑફ ઍજ્યુકેશન, કડી
કૅમ્પસ ડાયરૅક્ટર ઍન્ડ કાઉન્સેલર,
સી. ઍમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ,
સૅક્ટર-૧૨, ગાંધીનગર.

શ્રી સોમભાઈ પટેલના પડોશી તરીકે રહેવાની પાટણમાં તક સાંપડી. સાલવીવાડામાં ઓછું શિક્ષણ પામેલા, સાડીઓના રંગકામ અને વણાટ કામમાં સતત પરિશ્રમ કરતા સૌ પડોશીઓને આ સીધા, સાદા, સરળ વ્યક્તિત્વ ધરાવતા સોમભાઈનું સારું માર્ગદર્શન મળતું. એક પડોશી તરીકે તેમની સાલવીવાડામાં ઉત્તમ છાપ. સતત કામબોજ, આર્થિક સાંકડામણમાં રહેતા પડોશીઓ પ્રત્યે તેમને મમતા હતી. અંદરો અદર કુટુંબ કજિયા ન થાય, તેનું સમાધાન સદાય પુનઃ આનંદસભર વ્યવહાર થાય એવું કૌટુંબિક પ્રેમાળ પર્યાવરણ સર્જવામાં સોમભાઈએ દત્તચિત્ત બની કામ કર્યું. પરિણામે યોજાતા ઉત્સવો, પ્રસંગો, મિટિંગોમાં તેમની આતુરતાપૂર્વક રાહ જોવાતી. સોમભાઈનું આ એક ઉમદા પડોશી તરીકેનું ચિત્ર હજુ પણ સૌના માનસપટ પર છે.

શ્રી સોમભાઈ સ્વચ્છતા, સુઘડતા, સુવ્યવસ્થિત આયોજન અને તે માટેની એક વિશિષ્ટ કાર્યસૂઝ ધરાવતી વ્યક્તિ. પરિણામે ઘરમાં, કુટુંબમાં, પડોશમાં, કોલેજના વર્ગોમાં સ્ટાફરૂમમાં સૌને આ શાલીન વ્યક્તિત્વ પ્રેરણાદાયી બની શક્યું.

શ્રી સોમભાઈ એટલે એક સાચુકલો શિક્ષકનો આત્મા. Teaching /Learning એ એમનો વ્યવસાય પ્રેમ ગણો કે વિશિષ્ટ શૉખ ગણો તો પણ

ખોટું નથી. ગુજરાતી વિષય ઉપર તેમનું અનેરું પ્રભુત્વ. વિષયવસ્તુના નિરુપણની ઉત્તમ શૈક્ષણિક છટા. અનેકવિધિ દૃષ્ટાંતો, સંદર્ભો દ્વારા વિદ્યાર્થીઓને રસપૂર્વક ઊંડાણમાં ખેંચવાની તેમની શૈલી સૌ વિદ્યાર્થીઓ માટે, શ્રોતાગણ માટે આકર્ષક બની રહેતી. મોટીમસ સંખ્યા ધરાવતા વર્ગમાં કોઈ પણ વર્ગ બહાર રહ્યા સિવાય તેઓશ્રી શાંત, સ્વસ્થ અને પ્રવાહિત પણે શિક્ષણ આપતા. વિદ્યાર્થીઓને પણ એમનું શૈક્ષણિક કાર્ય મનભાવન બની રહેતું.

એક શિક્ષક તરીકેની તેમની સજ્જતાને અમે નિકટતાથી નિહાળી છે. સતત વાચન, ચિંતન, મનન અને સુંદર મરોડદાર અક્ષરોમાં વાચન કરી પૂરી તૈયારી સાથે રજૂઆત કરવાની તેમની સંનિષ્ઠતા સૌને ખૂબજ ગમતી. સ્ટાફરૂમમાં શિક્ષકોને અને વર્ગમાં વિદ્યાર્થીઓને Library oriented બનવાની, વિવિધ પુસ્તકોના વાચન દ્વારા અધ્યયનશીલ બનવાની તેમની ટકોર સૌને ગમતી... કારણ ઉત્તમ વાચક/શિક્ષકના લક્ષણોથી યુક્ત એવું એમનું વ્યક્તિત્વ હતું. સોમભાઈ હંમેશાં વિદ્યાર્થીઓને કહેતા, કેળવણી એ જીવન વ્યાપી (Life long) છે. કેળવણીમાં ઊંડાણ અને વિસ્તાર બંને જોઈએ. ઊંડાણ ન હોય અને વિસ્તાર થાય તો ઝાડ ઉથલી પડે. એકલું ઊંડાણ હોય અને વિસ્તાર ન હોય તો ફળ ન બેસે.એમનું વર્ગ શિક્ષણ એકાંગી પુસ્તકિયા નહોતું. પાઠ્યપુસ્તકના વિવિધ પાત્રો, ઘટનાઓ, પ્રસંગો, દૃષ્ટાંતો દ્વારા માનવીય મૂલ્યો પ્રગટે અને શિક્ષણને જીવન ઘડતર માટેની તકો સાંપડે એવી ચાતક દૃષ્ટિથી તેઓ શિક્ષણને સમર્પિત શિક્ષક હતા.

એક આદર્શ શિક્ષકત્વનો આત્મા અહંકારહિત જ હોય. તે સદૈવ વિદ્યાર્થીઓને, પછી તે ગ્રેજયુએટ કે પોષ્ટ ગ્રેજયુએટના જ કેમ ન હોય તેમને સ્ટાફરૂમમાં કે ઘરે બોલાવીને પણ અધ્યયનગામી બનાવતા. આ કર્તવ્ય બજાવવામાં તેમને અંદરથી એક અપાર આનંદ થતો હોય એવી પ્રસન્નમુદ્રા અને સ્પષ્ટ વાતોથી એકવડિયા બાંધાના આ સોમભાઈને માણવા સૌ લાલાયિત બનતા. એક પ્રભાવક શિક્ષકના અનેક વિદ્યાર્થીઓ આજે કૉલેજ/યુનિવર્સિટીમાં અધ્યાપક, સરકારી ઉંચા હોદ્દા પર અને સંશોધકો તરીકે ફરજનિષ્ઠ છે. એ

એમના શિક્ષક-પરિશ્રમ અને સંવેદનાની ફલશ્રુતિ જ ગણાય. શ્રી સોમભાઈ શિક્ષક હોવાનું એક ગૌરવ અનુભવતા હોય છે, નિવૃત્ત થયા પછી પણ વર્ષો સુધી આદર્શ હૉસ્ટેલ વ્યવસ્થાપક અને તે નાતે છાત્રોને પ્રાર્થનામાં, વર્ગમાં હંમેશાં માર્ગદર્શન આપતા હોય છે. વિદ્યાર્થીઓના જીવનમાં આત્મવિશ્વાસ વધે, સમાજ ઉપયોગી જીવન ઘડતર થાય એ માટે પ્રેમપૂર્વક સૌ સાથે વાર્તાલાપ કરતા હોય છે. ડૉક્ટર થયેલ આ અધ્યાપક સ્લમ્સ એરિયામાં નિયમિત જાય અને વર્ગો લે, અક્ષરજ્ઞાન આપે એથી વિશેષ પરોપકારી વૃત્તિ કઈ હોઈ શકે ! યજુર્વેદમાં કહ્યું છે **'यावत् जीवं अधीते शिक्षकः ।'** આ સૂત્ર એમણે જીવનમાં ચરિતાર્થ કર્યું છે.

શ્રી સોમભાઈનું એક વિશિષ્ટ વ્યક્તિત્વ લક્ષણ તે ઉત્તમ 'કાઉન્સેલર' અને Motivator નું છે. આસપાસમાં શ્રદ્ધા ગુમાવી બેઠેલ શિક્ષકો, વિદ્યાર્થીઓ, છાત્રાલયમાં વાલીઓ પ્રત્યે તેમણે Motivation આપીને હૂંફ સાથે બળ આપ્યું છે. કોઈ પણ વ્યક્તિ - વિદ્યાર્થીને જો સાચી રીતે Motivate કરવામાં આવે તો તેનાં મનોવલણો, ઈચ્છાઓ, અપેક્ષાઓ અને ધ્યેયમાં વિદ્યુત્ સમી ચમત્કૃતિ સર્જાય છે. આ પ્રકારે કામ કરતા સોમભાઈએ ઘણાંનાં જીવન ઉજાગર કર્યાં હશે ... ધન્યવાદ.


સોમભાઈની આવી સિદ્ધિઓ (achievements) ની સફળતા કેવી રીતે હાંસલ થઈ હશે ? મૃદુ, પરોપકારી, જ્ઞાનસભર શિક્ષક તો ઘણા હોય છે પરંતુ ચાણક્ય સમા બહુ જૂજ. તેમના વ્યક્તિત્વને ઊંડાણથી તપાસતાં, તેમની આ સફળતા માટે તેમનું શ્રદ્ધાયુક્ત મજબૂત નેતૃત્વ જણાયા વિના રહેતું નથી ! જેનું નેતૃત્વ સબળ, હકારાત્મક, ચોક્કસ દીવાદાંડી સમું તે વ્યક્તિ જ અન્યને માટે પાથેય બની શકે. શ્રી સોમભાઈમાં આદર્શ નેતૃત્વનાં ઘણાં લક્ષણો નજરે ચડે છે. તેથી જ તો વર્ગખંડમાં, કૉલેજના પ્રાચાર્ય તરીકે, સમાજમાં સામાજિક કાર્યકર્તા તરીકે નીવડેલ હૉસ્ટેલ વ્યવસ્થાપક તરીકે તેઓશ્રી સૌના પ્રીતિપાત્ર બન્યા છે.

શ્રી સોમભાઈ એટલે સુઘડ, અત્યંત સ્વચ્છ, અધ્યાપકને શોભે એવા વસ્ત્રોમાં સજ્જ. માત્ર કપડાંની બાબતમાં જ એમની આ ચોકસાઈની વાત નથી. ઘરમાં, ઑફિસમાં, છાત્રાલયના ચારે બાજુના પર્યાવરણમાં એમની આ ચોક્સાઈ વર્તાઈ આવે. તેઓ કહેતા, 'જ્યાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા' એવો ઉચ્ચ આદર્શ ! તેમના જીવન વ્યવહારમાં ઉઠવામાં, બેસવામાં, ફરવામાં, સૂવામાં, કામ કરવાના કલાકોમાં બધી જ પ્રક્રિયામાં સમયસર આયોજન અને અમલીકરણ. ક્યાંય પ્રમાદ તેમને સ્પર્શેલો જણાય નહીં.

આવા એક વિરલ વ્યક્તિની ઘણી સુટેવો, ઘણાં નોંધપાત્ર પાસાં સૌના માટે આકર્ષક બને એમ મને પણ સ્પર્શી ગયાં અને ઘણું કહેવાનું મન થાય પરંતુ સંક્ષિપ્તમાં શ્રી સોમભાઈને નજરે નિહાળી વાગોળતાં ગર્વ અને આનંદ અનુભવાય છે. પરમાત્માને એ અભ્યર્થના, શ્રી સોમભાઈને સારા તન-મનથી સ્વસ્થ એવું દીર્ઘાયુ બક્ષે, અસ્તુ.

*"ભારતમાં નેતાઓ અને હોદ્દેદારોની ભરમાર છે,*
*પણ નાગરિક ક્યાંય જડતો નથી."*

## ૩૨ આ રહ્યા અમારા સોમભાઈ સાહેબ !



**ડૉ. રાજેન્દ્ર ડી. વાઘેલા**
નીમા ગર્લ્સ આર્ટ્સ કૉલેજ,
ગોઝારિયા, જિ. મહેસાણા

જેમના માટે આદરણીય અને પ્રિય કહેવું ગમે એવા પરમ આત્મીય સોમભાઈ સાહેબ. એમના પરિચયમાં આવ્યા પછી અદ્યાપિપર્યંત મારા તો માર્ગદર્શક ને પ્રેરણાનો પંથ ચીંધનારા પરમ શ્રદ્ધેય જ રહ્યા છે. એમની પાસેથી હું જે કંઈ પામ્યો છું એનું આજે પણ અનુકરણ કરું છું. ભલે, 'અનુકરણ એ મરણ' કહેવાતું હોય ! બીજા માટે કંઈક કરી છૂટવાની ભાવના, વિદ્યાર્થીને કંઈક આપી દેવાના ખોટા અભરખા નહીં રાખનાર એવા આ સાચા જન છે.

તેઓ તો અભરખા વિના જ આપતા રહ્યા છે. પવનની જેમ વહીને તેમનો પરિચય કરાવતા રહ્યા છે. તેમને તેમનો પરિચય કરાવવો પડ્યો નથી. એમ જ એમનો પરિચય થઈ જાય એવા એ માણસ છે. એક વખત તેમનો પરિચય થાય પછી એમને છોડવા ના ગમે એવા મોટા મનના મનેખ છે. એ તો એમની બાબતે ઓછું સતત લાગ્યા કર્યું છે. એમને જોતાં જ પાયલાગણ કરવાનું મન થાય એવું વ્યક્તિત્વ. એક નજર નાંખે ને તમને આખે આખા માપી લે તેવી એમની દૃષ્ટિ. પ્રેમ વરસાવવાની એમની રીત જ નોખી. આજે આવું હેત વરસાવનારની સંખ્યા જ રહી નથી ત્યારે, આપણે બધા જ એમની પાસે પહોંચી જઈએ ને કહીએ કે : 'તમે જે કંઈ પામ્યા, જે કંઈ મેળવ્યું એ અમને શીખવાડો' આવા માણસના ચરણોમાં બેસી મારે તો ઘણુંબધું શીખવું છે. જાણવું છે ને મેળવવું છે. માટે જ તો હું એમને આ ઉંમરે પણ તકલીફ આપી શિબિરોમાં વક્તા તરીકે બોલાવતો રહું છું. માણસભૂખ્યા ને માણસને

ચાહનાર એવા મારા સાહેબ દૂર દૂર સુધી પણ - સમય કાઢી અચૂક આવ્યા જ છે. એ પછી ઉપરવાસ સાહિત્યસભાના મિત્રો મળવાના હોઈએ કે પછી ઍન.ઍસ.ઍસ.ની મારી નીમા ગર્લ્સ આર્ટ્સ કૉલેજની શિબિર હોય. એમનું આવવું અમારા સહુ માટે કંઈક નવનીત પ્રાપ્ત કરાવવાનું નીવડ્યું છે.

હું તો મારા સોમભાઈ સી. પટેલને આજે પણ દૂર રહે રહે ચાહ્યા કરું છું. મધમીઠી વાણી, પ્રેમાળ સ્વભાવ ને આંખોમાં આંખો પરોવી વાત કરવાની રીત તો નોખી જ. પરાયાને પોતાનો કરી લેવાની એમની ભાવનાએ જ મને એમની વિશાળ કૉલેજમાં અધ્યાપક બનાવેલો. મારા એ દિવસો તો જિંદગીનું સંભારણું બની રહ્યા છે. એમની કૉલેજમાં મેં જે દિવસો પસાર કરેલા એ દિવસો પુનઃ મેળવવા ઈચ્છું છું ! મને ખબર છે કે એ દિવસો હવે પુનઃ નહીં આવે, છતાંય વાગોળવાનું તો ઓછું છૂટવાનું છે ! આજે પણ હું જયાં જયાં જાઉં, જ્યાં વાત કરવાની થાય ત્યાં ત્યાં મારા મુખેથી ડૉ. સોમભાઈ સી. પટેલ સાહેબની વાત આવે આવે ને આવે જ. એમના જ સંદર્ભે : ‘એક ઉત્તમ અધ્યાપક, ઉત્તમ પ્રિન્સિપાલને ઉત્તરોત્તર માણસને માણસ બનાવનાર, ને જીવતાં શીખવનાર એવા એ હતા ને છે.’ ખૂબ જ ઓછા માણસો એવા હોય છે. ને જે હોય છે એમને એમના કામમાંથી નવરાશ મળતી નથી. જ્યારે મારા આ સાહેબ બધાથી વીંટળાયેલા ને ઘેરાયેલા નહોતા એવું હું નહીં કહું. આમ છતાં ય તેઓ ભરપૂર જીવ્યા છે, જીવવાનો આનંદ લૂંટ્યો છે ને લુંટાવ્યો છે. એમને તો બીજાઓ પણ સુંદર ને ઉત્તમ જીવન જીવતા થાય એમાં રસ. એથી જ તો તેઓ ઘરનું ગોપીચંદન ઘસીને પણ શિબિરોમાં વક્તા સ્થાને પધારે છે. અને જે કોઈ શિબિર ચલાવી રહ્યા હોય એને એનો ભાર પણ  ન લાગવા દે. મેં એવો અનુભવ હરેક વર્ષે દરેક શિબિરમાં કર્યો છે.

મારે માટે તો તેઓ ઘણા જ ઉપયોગી થયા છે. મારી ઘણી શિબિરોમાં તેઓ આવ્યા છે ને આવતા રહે છે. મને તેમના કારણે જ શિબિરો કરવાનું બળ મળ્યું છે. ગમે એવી કપરી પરિસ્થિતિમાં પણ કેવી રીતે ટકાય એ ય એમણે એમના હસ્તાક્ષરોમાં લખાયેલા પત્રોમાંથી મને લખ્યું છે. એમના ઘણા વિદ્યાર્થીઓએ એમની પાસેથી ઘણું ઘણું મેળવ્યું છે. એ ઘણા બધામાં એક

ઉત્તમ છે ને રહ્યું છે એ છે એમનો શ્રેષ્ઠ વૈભવ તે પ્રેમનો. પ્રો. મહેન્દ્ર નાઈ અને હું એમની વાતો કરતાં આજે પણ ધરાતા નથી. સાહેબ એટલે અમારે મન સત્યમ્ શિવમ્ - સુંદરમ્‌ને સાકાર કરવા જે મથામણો કરી છે ને મેળવ્યું ને મેળવી આપ્યું એવા શિલ્પી ! એમનો મંત્ર આપી જાણવાનો. જે સમાજે આપ્યું છે એ સમાજને એનું ઋણ અદા કરવા આપતા રહેવું એ તેમનો જીવન મંત્ર. એમના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ તરફ અપાર પ્રેમ, મમતા અને સન્માન. મેં તો એમને હરેક માણસ માટે ઘસાતા જોયા છે. ઘસાઈ છૂટવાની ભાવનાના દર્શન મને આ માણસમાં થયા છે. થયા છે કેમ ! હરેક શિબિરોમાં આજે પણ થાય છે. મારા સાહેબ પાટણ કૉલેજમાં હતા ત્યારથી મારે એમની નજીક આવવાનું થયેલું. ને આજે વર્ષમાં એક બે વખત ન મળાય તો ગમે જ નહીં, ત્યાં સુધી મારું મળવાનું વિસ્તર્યું છે. સાચે જ મને એનો આનંદ છે.

સતત સંઘર્ષમાં રહેતા ને જીવતા લોકોએ આવા માણસોની દિનચર્યા નિહાળવા એમની પાસે રહેવું ઘટે. સાહેબનું જીવન - જીવવાની રીતિ સાચે જ અનુકરણીય છે. એમને મળો ને પ્રસન્નતા પામો. તમારી ચિંતા એ કરે ને એમાંથી મુક્તિ અપાવવા મથે પણ ખરા. સાચા અર્થમાં શાંતિસૈનિક. હા, એ ગામડાં ફર્યા નથી પણ, ગાંધીનગરમાં બેસી એમણે જે કંઈ કર્યું છે એ શાંતિસૈનિકને શોભે તેવું કર્યું છે ને કરી રહ્યા છે. મારે જે કહેવું છે એમના માટે એમાં :

‘એક ક્ષણ એમને મળો ને જીવન બદલાઈ જાય,
જીવતરને નવો જ વળાંક ને દિશા મળી પણ જાય.
જો જીવતર નામે તમે જીવવા માગો તો ચાંદ લાગી જાય.
વણથંભી વણઝાર હાલી સાહેબના બગીચે;
જો બેસી શકો તો બેસો આ તીરથે !
જીવતરની લાધે જડીબુટ્ટી ને જીવી જવાય.’

એક એવા ગામથી આવ્યા ને નગરને, નગરની સંસ્થાને નગરના વાસીને પોતાનું ગામ બનાવી મૂક્યું. ગ્રામથી ગ્લોબલગ્રામ સુધીની યાત્રા. સોમભાઈનું શિક્ષકત્વ ‘ઋષિતપ’ રહ્યું છે. તાપે તપી, વેઠવું એટલું વેઠી લ્હાણ કરતા મેં

જોયા છે. સાચા અર્થમાં એમનું શિક્ષકત્વ શિક્ષણજગતને ઉજમાળું બનાવનાર રહ્યું છે. ઘણાઓમાં ઘણી વાર જે જોવા મળે છે એ ચોખલિયાપણું ડૉ. સોમભાઈ સી. પટેલમાં નથી જ નથી. કયાંક કોઈ કુંડાળામાં કે કુંડાળાની આજુબાજુ ફરનારા એ શિક્ષક નથી. એમનામાં વિદ્વત્તા છે અને રસિકતાનું સંમિશ્રણ સાહિત્યિકતાને કારણે વાંચવા મળે. સાચે જ તેઓ ઉમદા શિક્ષક છે, નવા જમાનાને વાંચનાર જોનાર એવા કલ્પનાશીલ શિક્ષક છે. તેમના પરિચયમાં આવનાર વિદ્યાર્થીને સાચા અર્થમાં વિદ્યા અર્થી બનાવી મૂકે તેવી ઉષ્મા તેમની પાસે છે. કેમ્પસ ડાયરેક્ટર - સર્વ વિદ્યાલય કડી કેમ્પસ, ગાંધીનગરમાં આજે પણ એમની સેવાની કદર થઈ રહી છે. કારણ એ જ છે કે જાતે ઘસાઈને આપી છૂટવાની ભાવના એમનામાં છે. 'શિક્ષણસુધા' પુસ્તકમાં જીવતો જાગતો શિક્ષક વાંચવા મળે છે. એ પછી પણ નાના-મોટા વ્યાખ્યાનોમાં એમનું સ્વાધ્યાય તપ વાંચવા મળે છે. બધું લીલયા, સહજ રીતે અને એમના કર્તવ્યને રસઘન બનાવી તેઓ તો અળગા ને દૂર થઈ જોતા રહ્યા છે. તેમના અનેક વિદ્યાર્થી તેની સાક્ષી આપી શકે એમ છે. મારા જેવો અધ્યાપક પણ એમનો વિદ્યાર્થી બની રહેવામાં જ ઈતિશ્રી માને છે. કહો કે સમૃધ્ધ, ઉત્તમોત્તમ એવા સુસંસ્કૃત વિદ્યાપુરૂષ છે.

એમની પાસેથી જે શીખવા મળ્યું એમાં 'કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.' એ સૂત્ર જ ન રહેતાં કાર્યમાં પરિણમ્યું. ડહાપણ અને સૌંદર્ય એમને પ્રાપ્ત થયેલો અમૂલો વારસો આજે પણ અમીવર્ષા કરી રહ્યો છે. 'ઓછું બોલો, વધારે કામ કરો.' જેવા સરદાર સાહેબના જીવનમંત્રને એમણે એમના જીવનકાર્યમાં વણી લીધો છે. નિજાનંદમાં મસ્ત એવા સર્જનાત્મક સર્જક ડૉ. સોમભાઈને એ ખબર છે કે કયા રજકણમાંથી રત્ન પેદા થઈ શકે એમ છે. એ મૂલવવા એમની સૂઝનો લાભ ગરીબ વિદ્યાર્થીઓને સામે ચાલીને વધુ અભ્યાસાર્થે સહાય કે સગવડ કરી આપવામાં મદદરૂપ થયો છે. આવા કેટકેટલા સ્મરણોને હું યાદ કરી શકું એમ છું. અનુભૂતિને વશ વર્તીને જ સ્તો !

"આપણે શિક્ષકો, બાળકોની યશોદાઓ છીએ"

# ૭૭ સોમ ! સૌમ્યોઽસ્તિ સર્વદા ।



**સ્વ. લાલભાઈ ઉપાધ્યાય**

શિક્ષક, શ્રી બી. ઍન. હાઈસ્કૂલ, વડનગર





*"હમ ન તુમ"*

११८३२

*नरेन्द्र मोदी*
मुख्यमंत्री
गुजरात राज्य

सरदार भवन, सचिवालय,
ब्लॉक नं. १, पांचवी मंजिल,
गांधीनगर-३८२ ०१०, गुजरात
फोन नं. (का) (०७९) २३२३२६११ से
२३२३२६१९
फैक्स नं. (०७९) २३२२२१०१

दि. १४/११/२००८

**स्नेही श्री,**

नमस्कार,

सवंत २०६५ के नूतन वर्ष पर मुझे बधाई देने के लिये आपका आभारी हुं ।

आज के मंगलमय शुभ अवसर पर गुजरात को विकास के उच्चतम शिखर पर पहुंचाने के लिये आईए हम संकल्पबद्ध बनें ।

मेरे प्रति व्यक्त की गई भावना की कदर करता हुं ।


पुनः आभार..

आपका,

**( नरेन्द्र मोदी )**

प्रति,
**श्री सोमभाई सी. पटेल**
२८४/८, ગણેશ ફ્લેટ, આરાધના સ્કૂલ પાસે,
સેક્ટર - ૨૮, ગાંધીનગર.

Email : cm@gujaratindia.com Website : www.gujaratindia.com




મહેન્દ્ર કે. નાઈ
ઉમરેઠ-૩૮૮૨૨૦
૦૨, વલ્લભપાર્ક
૦૬ઠ્ઠી જૂન-'૦૪

સ્નેહીશ્રી સાહેબ,

સાદર વંદન...

તમારો પત્ર મળ્યો. તમારું પ્રોત્સાહન અને પ્રેરણા જ મને 'આગે કદમ' કરાવશે. હું એ રીતે સદ્‌નસીબ છું કે 'ઉત્તમ સાહિત્ય'નો સંગ થયો છે. હા, તમારાં લેખમાંથી આ



પ્રેરણા મળી. 'તોત્તો-ચાન' વિશે લખું છું.

પૂ. બા + પરિવારને મારાં વંદન.


નોંધ: કોઈ સારું પુસ્તક – વાંચવા ભલામણ કરતાં રહેશો.

– મહેન્દ્રભાઈના નમસ્કાર!



ગાંધીનગર

પ્રતિ,
પ્રા. ડૉ. શ્રી સોમાભાઈ છ. પટેલ
૨૬૪/૮ ગણેશ ફ્લેટ્સ
આરાધના સ્કૂલ પાસે, કોલવડા
સેક્ટર-૨૮



રાજેન્દ્રસિંહ વાઘેલા,
પારેખવાસ, મુ.તા. માણસા,
જિ. ગાંધીનગર-૩૮૨ ૮૪૫.
તા-૧-૭-૦૪


આદરણીયશ્રી સોમભાઈ સાહેબ,

આપનો પત્ર મળ્યો. ઘણા સરસ શબ્દો પાઠવ્યા, આપનો પત્ર મળ્યો એ સાથે જ આપના વિદ્યાર્થી મહેન્દ્રભાઈનો ~~પત્ર~~ પત્ર. એક સાથે ગુરુ-શિષ્યના પત્રો. ~~[illegible]~~ પત્રો તમારી કૃપા ને નિયમિતતા તો મને ને મહેન્દ્રભાઈને આપની પાસેથી જ મળી છે. એને માટે તો ખાસ.

એક વાત તો હું ચોક્કસપણે સ્વીકારીશ કે આપ જેવા ગુરુ-જનોના પત્રોએ, વાતોએ જીવનમાં [illegible] કર્યા છે. પત્રોએ જગાડ્યા છે, જીવન-રાહ ચિંધ્યા છે. આપ જેવા વડીલોના પત્રોએ જ તો!

આપનો પત્ર મળે એટલે હું તો રાજીના રેડ. મારે માટે તો મારા સાહેબના હસ્તાક્ષરે અક્ષત ઘણાં ભાવ્યાં.

આપના બધાજ પત્રો મેં સાચવી રાખ્યા છે. આપનો એકેયના પત્ર મેં કાઢી નાંખ્યો નથી.



મને મળ્યા એવા શિક્ષક ને મુરબ્બી વડીલ સહુ વિદ્યાર્થીઓને મળતા રહે તો ઘણુંબધું થઈ શકે. જ્યાં એવા શિક્ષકો નથી મળતા ત્યાં વિદ્યાર્થીઓ વળાંક ખોટા રસ્તે જ ડાયવર્ઝન લઈ લેતા હોય છે.

આપની સાથે વાત કરું તો કેવી કરું, એટલે જ આ પત્રમાં વાત કરી લીધી.

મારા સાહેબને મારી યાદ. હરિતભાઈને પણ મારી યાદ પાઠવું છું.

એજ લિ.
રાજેન્દ્રસિંહના પાયલાગણા.

સંયોજક
ઉપરવાસ સાહિત્ય સભા
રંગદ્વાર પ્રકાશન, માણસા.
ફોન : રહે. ૨૬૪૪૦૭ (૦૨૭૬૩)


प्र.मु. / S.P.P. - 2003 पोस्ट कार्ड POST CARD

50 भारत INDIA
ROCK-CUT RATHAS, MAHABALIPURAM

ડૉ. સોમભાઈ સી. પટેલ,
૨૮૪/૯, ગાયત્રી ફ્લેટ્સ,
આરાધના સ્કૂલ પાસે, સે-૨,
ગાંધીનગર.

पिन PIN

(इस लाइन के नीचे न तो लिखें और न ही मुद्रित करें Do not write or print below this



ડૉ. ગોવર્દ્ધન શર્મા, 'ધ્યાનલોક', પ્લોટ 34, સેક્ટર 19, ગાંધીનગર 382019

13/3/10


માન્યવર સોમાભાઈ, સપ્રેમ વન્દે।

'પરબ' કે નયે અંક મેં આપકા લેખ 'ગુજરાતી બચાઓ' પઢને કો મિલા। ગહન ચિન્તન, તર્કસંગત પ્રસ્તુતિ, સંતુલિત વિચાર એવં સહજ અભિવ્યક્તિ કે લિએ આપકો હાર્દિક અભિનંદન। હમ આકુલતા મેં યથાર્થતા એવં પરિવેશ કી ઉપેક્ષા કરકે મહજ અપની બાત મનવાને કો યત્ન કરતે હૈં। આપને ઇન સબ પ્રવૃત્તિયોં કા સહજ ઢંગ સે નિરૂપણ કિયા હૈ। બધાઈ।

આશા હૈ આપ સપરિવાર સાનંદ હોં।


આપકા

- ગોવર્દ્ધન શર્મા





શ્રી સોમાભાઈ પટેલ,
284/8 ગણેશ પ્લોટ,
આરાધના સ્કૂલ પાસે, સેક્ટર 28
ગાંધીનગર

પિન PIN 382028



પ્રા. ડૉ. ગિરિશ ત્રિવેદી
'સૌલાણી-નિવાસ'
વાંકાનેર - ૩૬૩૬૨૧
તા. ૨૯।૧૨।૯૮

પ્રિય સોમાભાઈ,
સાદર પ્રણામ. પત્ર મળ્યો.
એક તેજસ્વી અધ્યાપક અને આચાર્યશ્રીની યશસ્વી
કારકીર્દિ આપ પૂરી કરો છો... બહુ ઝડપથી બધું મળ્યું
પૂરું થઈ ગયું... પણ સંસ્થાએ ઉમદા વિશેષણો વચ્ચે
રહેલા નામને યોગ્ય કામ સોંપી ઊંડી કદર કરી
એ બદલ એ સારસ્વત-સંસ્થાના માત્ર દાતા નહીં, પણ
ખરા અર્થમાં કદરદાતાઓ અભિનંદનને પાત્ર છે.
મને ખૂબ જ આનંદ થયો છે.





બહુ ઓછી જગ્યાએ આવું
બનતું હોય છે.

હું પંદર મે આસપાસ
અમદાવાદ છું. આપની પાસે
આવવા ઘણા વખતથી વિચાર
છે. બનશે તો આવી પહોંચીશ.

આપના સરસ્વતી મંડળ,
સરસપુરમાં કોઈ શિક્ષક
પરિચિત છે?

કુશળતા સાથ,
ગિરિશ ત્રિવેદી.




भारत INDIA 50
पोस्ट कार्ड POST CARD
पिन PIN
ગુજરાત

॥ શ્રી ॥

૯, અંકુર સોસાયટી
વડોદરા-૧૯

પરમ સ્નેહી શ્રી સોમલાલ

જય ભગવાનના સ્નેહ વંદન.

વિ. માં આજરોજ તમારો પત્ર મળ્યો. તમારી ઉત્તરોત્તર પ્રગતિ જાણી ઘણો ગૌરવ થયો. નિવૃત્ત જીવનમાં પણ પ્રશંસનીય કાર્ય કરો છો તે જાણી વિશેષ આનંદ થયો. તમારા મને પુસ્તકો મળે તો વાંચવાનો આનંદ થશે. લકવો થયા પછી પણ મારા ચાર પુસ્તકો પ્રકાશિત કર્યા પછી હવે એક પણ નવા પુસ્તકો પ્રકાશિત કરવાનો વિચાર છે. જો પ્રકાશિત થશે તો હું મોકલીશ.

તમે જ્યારે આવો ત્યારે મળો તો વિશેષ આનંદ થશે

૧૯૫૧માં હું દાહોદ [illegible] ત્યારના એક સ્વયંસેવક ૫૨ વર્ષે ગઈ કાલે મારે ત્યાં આવ્યા [illegible] મળવા આવીને ગયા મારે ત્યાં (P.T.O)

---

નિવૃત્ત થયા પછી આજે ૧૧ વર્ષ થી હોમિયોપેથિક દવાખાનું ચાલે છે અને દવાઓ પણ નિઃશુલ્ક આપવામાં આવે છે આશરે ૪૦૦૦૦ દર્દીઓ આટલા વર્ષોમાં લાભ લીધો છે. ડૉ. માતાજી નારાયણ દેવીએ બનાવેલ ચાર પ્રકારની દવાઓ અહીં મળે છે. મુખ્ય કેન્દ્ર વેલનગર રોડ, ૨, શાંતિનિકેતન સોસાયટી "સોહમ્" કન્ડિશનમાં નિઃશુલ્ક દવાઓ મળે છે.

એક પણ હું કેવળ સ્વયંસેવકોને યાદ કરું છું. જેમાં ઇન્દ્રકાંત કેલાસા, રમેશલાલ કુંભારા નારાયણલાલ કેલાસા, હરિશ ભાવસાર. એમણે કોઈ સંપર્ક રાખ્યો નથી. કાંતિલાલ પટેલ વાળાનો પણ સંપર્ક નથી રાજનાથ સ્વામીને પણ યાદ કરું છું. એજ કુટુંબમાં કુશળ હશે – લિ. જયંતિભાઈ

POST CARD पोस्ट कार्ड
प्र.मु./SPP/HYD – 2008


PHILATELY: KING OF HOBBIES
Collect Postage Stamps
CONTACT
Nearest Philatelic Bureau




प्रति ગાંધીનગર
શ્રી. ડૉ. સોમલાલ. સી. પટેલ
૨૯/૮ ગણેશ રેસિડન્સ
આરાધના સ્કૂલ પાસે
સે-૨૯ ગાંધીનગર

पिन PIN


(इस लाइन के नीचे न तो लिखें और न ही मुद्रित करें Do not write or print below this line)



દિનકર જોષી
૨-રેશમ રોડ
આખા બજાર, વિસનગર
તા ૨૧/૮/૨૦૦૦

રા. સ્નેહીશ્રી ડૉ. સોમભાઈ પટેલ
પરિવાર સમસ્ત.


'શિક્ષણ સુધા' નામનું
મહાવિદ્યાલય સંચાલન, અધ્યાપન
અને અધ્યયનના સર્જનાત્મક પોતિકા
અનુભવોને કેન્દ્રમાં રાખી તમે તમારી
શૈક્ષણિક કારકિર્દીનું નવનીત પીરસ્યું છે
એ સર્વથા આવકાર્ય અને પ્રેરક છે.
એક નિષ્ઠાવાન, અભ્યાસી
અધ્યાપક અને એક શિસ્તબદ્ધ
આચાર્ય તરીકેની તમારી કથા,
તમારી ઉત્તર અવસ્થાનો એક
ઉત્તમાંશ અંશ બની રહેશે એવી
પૂર્ણ શ્રદ્ધા છે. તમે આવું કામ કર્યું




એ ગૌરવપૂર્ણ ઘટના છે. તમને
ખૂબ ખૂબ અભિનંદન.
શુભેચ્છક
દિનકર જોષીના
વંદન

भा.प्र.मु. / I.S.P. - 2000 पोस्ट कार्ड POST CARD
25 भारत INDIA

ગાંધીનગર
ડૉ. સોમભાઈ
૨૮/૮ ગણેશ ફ્લેટ્સ
આરાધના સ્કૂલની બાજુમાં
ઉપર, સેક્ટર
पिन PIN 382028
ગાંધીનગર




जन्म से छः माह तक बच्चे को
सिर्फ़ माँ का दूध ही पिलाएं
स्वास्थ्य एवं परिवार कल्याण मंत्रालय
भारत सरकार
NATIONAL RURAL HEALTH MISSION
राष्ट्रीय ग्रामीण स्वास्थ्य मिशन
Ministry of Health & Family Welfare
Government of India
मेघदूत पोस्ट कार्ड
MEGHDOOT POST CARD
25
भारत INDIA
प्र.मु./SPP/HYD – 2005
Prin. S.C Patel
पिन PIN
(इस लाइन के नीचे न तो लिखें और न ही मुद्रित करें Do not write or print below this line)


૫૦૪/૨૧, સત્યાગ્રહ છાવણી
સેટેલાઈટ રોડ
અમદાવાદ-૧૫
તા. ૧૬-૨-૨૦૦૨


સ્નેહી શ્રી. સોમભાઈ,

તમારો પત્ર મળ્યો. 'અધ્યયન ગ્રંથ' વિશેનો તમારો પ્રતિભાવ વાંચી ખૂબ આનંદ થયો. તમારો પત્ર મળવા માટે પ્રેરણાદાયી બની રહેશે.

પત્ર માટે આભારી છું.
કુશળ હશો.


તમારો,
હરિવલ્લભ ચં. ભા





વડોદરું
૧૪-૫-૨૦૦૬

પ્રિય ડૉ. સોમભાઈ,



PHILATELY: KING OF HOBBIES
Collect Postage Stamps
CONTACT :
Nearest Philatelic Bureau


प्र.पु. / डी.पी.पी. - 2004 पोस्ट कार्ड POST CARD


ડૉ. સોમભાઈ પટેલ
ગાંધીનગર


पिन PIN 3 8 2 0 1 9


(इस लाइन के नीचे न तो लिखें और न ही मुद्रित करें Do not write or print below this line)

ગાંધીનગર
ગુજરાત




पोस्ट कार्ड POST CARD
SECTOR 22
BADAR
MAHE
भारत INDIA
पिन PIN




पोस्ट कार्ड POST CARD
TO
ગાંધીનગર
ડૉ. સોમભાઈ પી. પટેલ
(પ્રિન્સિપાલશ્રી)
ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ
મહિલા આર્ટ્સ કૉલેજ,
ગાંધીનગર
पिन PIN
भारत INDIA

એચ. એચ. જોષી.
શ્રી આનંદપ્રકાશ ઉ. બુ. વિદ્યાલય,
ભાલર – તા. શિહોર (ભાવ.)
તા. ૧૭/૨/૯૭

પૂ. સોમભાઈ સાહેબ,
કુશળ હશો.

શિક્ષણના કાર્યમાં જોડાયા પછી જીંદગી જીવનારાઓ, આજીવન શિક્ષકો, નિસ્વાર્થ અને તેમજ સમાજના મુક્ત ઘડવૈયા તરીકે શિલ્પીકાર બનવાનો મોકો મળ્યો તેઓ ધન્ય અને આભાર આપના સાથે થાય છે. હું આપની પાસે ત્રણ વર્ષ દરમિયાન ઘણું ઘણું શીખ્યો છું અને હજુ પણ ઘણું ઘણું શીખવા ઈચ્છું છું. હું તો આપનો સાચો શિષ્ય છું. અને તે પણ આજીવન શિષ્ય છું.


પૂ. સાહેબશ્રી 'શિક્ષકનું વ્યક્તિત્વ કેવું હોવું જોઈએ?' તે વિશે હું જાણવા ઈચ્છું છું તો આપ મને તે વિશે વાકેફ કરવા નમ્ર વિનંતિ. તે દ્વારા હું મારા વ્યક્તિત્વને સુધારવા કોશિશ કરીશ.

સાહેબશ્રી આપને હું તસ્દી આપુ છું આમ છતાં મને ગર્વ એ વાતનો છે કે એ દ્વારા પણ હું આપની સાથેનો સંબંધ સજીવ રાખવા ઈચ્છું છું.

હરિશભાઈ એમ. એ. માં ક્યાં ક્લાસ આવ્યો તે પણ જણાવશો.

આપનો આશાકિત
ઈશ્વરદેવ એચ. જોષી
ના વંદન.

पोस्ट कार्ड POST CARD



પ્રતિ,
સોમભાઈ શ્રી. પટેલ પ્રિન્સીપાલશ્રી
ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા મહિલા
કોમર્સ કોલેજ – ગાંધીનગર
સેક્ટર – ૨૩ (ઘ – ૭)

पिन PIN

યશવન્ત શુક્લ

૫, શ્રી સદ્મ સોસાયટી,
અમદાવાદ-૩૮૦૦૦૯

તા. ૨૫-૧૧-'૯૩

પ્રિય ભાઈશ્રી,

૨૨મીનો તમારો પત્ર ગઈ કાલે મળ્યો. તમે મારા લેખની તારીફ કરી તેથી હરખાયું કે તમારો ઊંડે જડ નાખીને પડેલો મુસ્લિમ વિરોધી પ્રતિભાવ વાંચીને દુઃખી થયું તેનો ખેદ મિશ્રિત મનમાં ઊગતો નથી. તમારી જેમ વિચારનારા અનેક છે તે હું જાણું છું પણ એમને વિદ્વેષ પરસ્પરનો વાંક રહે તેમાં પોતપોતાના કારણોસર રસ છે તેમણે આ દુઃસાધ્ય રોગ પ્રસાર્યો છે તે જાણવું આપણા હિતમાં છે, એટલા માટે કે ઇચ્છવા માત્રથી મુસ્લિમો ફરવાના નથી અને વિદ્વેષ તો વિદ્વેષને જ જન્મ આપશે. અનેક વિપરીતતાઓ વચ્ચે ગાંધીજી ઝઝૂમ્યા હતા તેનું રહસ્ય સમજવાની જરૂર છે. પ્રેમ અને વિશ્વાસ તેમજ મૈત્રી અને માનવતાનો અવિરત પુરુષાર્થ જ પરિસ્થિતિમાં ફેર પાડી શકે. પણ મુસ્લિમો જ બધા અનર્થનું મૂળ છે એમ માનીને ચાલવાથી તો દેશના ભાગલા પડે. આ ન સમજવું તે આખા પ્રશ્નનું અધૂરું દર્શન છે.


પ્રશ્ન અઘરો છે. કરોડોના પૂર્વગ્રહો કરોડોના ગળામાં ઘસી નાખવા કરતાં રક્તપાત સહેલો થઈ પડતો હોય છે તે આપણે જાણીએ છીએ. પણ તેથી કોઈ પ્રશ્ન ઉકલતો નથી.

આખરે વિવિધ સમજણ, વિવિધ આચારો, વિવિધ વ્યવહારો અને વિવિધ જડતાઓ વચ્ચે જીવ બચાવની દુનિયાએ સમાનતાનો માર્ગ કોરવો રહે છે. એની કળા તો અપનાવવી જોઈશે ને?

તમારા પત્ર માટે આભાર. નૂતન વર્ષની શુભેચ્છાઓ.

લિ. સ્નેહાધીન
યશવન્ત શુક્લ


પ્રતિ
શ્રી સોમાભાઈ પટેલ
ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ
સેક્ટર ૨૩, GH રોડ, ગાંધીનગર



૩૪, શારદાનગર, અમદાવાદ
૩૮૦૦૦૭. ૩-૧૨-૯૩

સ્નેહી ડૉ. પટેલ,

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયે રીડાયરેક્ટ કરેલો તમારો પત્ર મળ્યો. આજે હું જેવો છું તેવો મને વર્ગશિક્ષણે, યુવકોના સહવાસે ઘડ્યો છે આ વાત મારે શિક્ષણ-સમાજને કહેવી હતી તમારા પત્ર ઉપરથી લાગે છે કે આ મારો પ્રયત્ન સફળ થયો છે.—



બાકી કુશળ


તમને તમારા
વિદ્યાર્થીગણને મારી
શુભેચ્છાઓ —

લિ.
પ્ર. યુ. વૈદ્યનાં
જયજય —

पोस्ट कार्ड POST CARD

ડૉ. એસ. સી. પટેલ
ઉમા આર્ટ્સ અને નાથીબા
મહિલા કોમર્સ કોલેજ
સેક્ટર-૨૩

पिन PIN ગાંધીનગર


પાટણ
તા-૧૦-૧૦-૯૨


ભાઈશ્રી સોમભાઈ પટેલ,
ગાંધીનગર.

આપનો પત્ર મળ્યો છે. મારા પુસ્તક 'જીવનના રંગ' વિશે તમે તમારો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો તે ગમ્યો. તેથી માણસ પોતે ક્યાં ઊભો છે તેનો ચોક્કસ ક્યાસ મળે અને તે ખોટા ખ્યાલમાં રાચતો અટકે. આ એક સારું માર્ગદર્શન છે. આભાર,


તમે રજાઓમાં પાટણ આવો અને અનુકૂળતા હોય તો મને મળવાનું ગોઠવજો. તમને મળવાથી મને ઘણો આનંદ થશે. સંવેદનશીલ અને સહૃદયી માણસો ઓછા મળે છે

આપની કુશળતા ઇચ્છું છું.

લિ.
પુરુષોત્તમદાસની શુભેચ્છા.


From
પુરુષોત્તમદાસ ભીખાભાઈ શાહ
'સુમિત્રા ભુવન'
ખાપગરાની પોળ
પાટણ
384265

ડૉ. સોમભાઈ સી. પટેલ
પ્રિન્સીપાલ - ઉમા આર્ટસ
એન્ડ નાથીબા કોમર્સ કોલેજ
સેક્ટર - ૨૩ - જી.એચ- ૬ રોડ
ગાંધીનગર



**ડૉ. રસિક એન. દવે**
'આવકાર' ૧૨, સુભાષનગર,
આમ્રપાલી ટોકીઝ પાછળ,
રાજકોટ-૨.


[illegible]

તા: ૨૫ : ૧૨ : ૯૧

પ્રિય સ્નેહીશ્રી સોમભાઈ,

સાદર પ્રણામ.

આપનો પત્ર મળ્યો. મારા દરેક પત્રના પ્રત્યુત્તરો પ્રેમપૂર્વક પાઠવીને પ્રોત્સાહિત કરવા બદલ આપનો ખૂબ ખૂબ ખૂબ આભાર. જે મિત્રો પ્રિન્સિપાલો થયા છે તેમના સાથેના પત્રવ્યવહારોમાં આપ જ માત્ર એક અપવાદરૂપ છો કે શક્ય તેટલો વહેલો જવાબ લખો છો. એ મિત્રો મેનેજમેન્ટ, સ્ટાફ, સ્ટુડન્ટસ, સરકાર વગેરેના બંધનમાંથી મુક્ત થઈ શકતા નથી એટલે એમની અનુકૂળતાએ જવાબ લખે છે. આપ




કામમાં મશગુલ છો પણ ડૂબી ગયા નથી એ વાંચીને આનંદ થયો. ૨૦ દિવસ અમદાવાદ કેવા ટેન્શનમાં રહ્યો તેની જાણ આપને મેં કરી જ નથી. રૂબરૂ કરીશ એટલે મને ઠપકો નહિ જ મળે. નિરંજના, ડૉ. મહેન્દ્રભાઈ તથા પ્રો. ગોઢના સમાચાર જાણી આનંદ દુ:ખ મિશ્રિત લાગણી થઈ. મારો વાર્તાલાપ ગોંડલ કૉલેજના MAના સ્ટુડન્ટ સમક્ષ ગોઠવાયો હતો. ખૂબ જ મજા રહી. આપની કૉલેજમાં આવતે વર્ષે જરૂર વાર્તાલાપ આપવા આવીશ. પત્ર લખશોજી.

ગાંધીનગર


15 भारत INDIA

પ્રતિ
ડૉ. સોમભાઈ પટેલ
પ્રિન્સિપાલ
ઉમા આર્ટ્સ & નાથીબા મહિલા
કોમર્સ કૉલેજ, સેક્ટર-૨૩
મુ.: ગાંધીનગર
पिन PIN 3 ૮ ૨ 0 ૨ 3
ગુજરાત રાજ્ય




૫, આનંદનગર
ઈડર 383 430
તા. ૧૭-૬-'૯૨


સ્નેહી મુ. સોમભાઈ,
નમસ્કાર
તમારો પત્ર મળ્યો. ગુજરાતના પાટનગરની કોલેજના પ્રાચાર્ય બનવા બદલ મારાં હાર્દિક અભિનંદન સ્વીકારશો. ગામડાની કોલેજનું આચાર્યપદ તમે ગ્રહણ કર્યું ત્યારે મેં કરેલી આગાહી આટલી વહેલી સાચી પડી તેનું મને ખૂબ આનંદાશ્ચર્ય છે!
ગુજરાતની અતિ મહત્ત્વની પુરવાર થનાર નૂતન કોલેજનું પ્રધાન સુકાન તમે આપના કાર્યકુશળતાથી, કુશાગ્રતાથી અને ઉષ્મા ભાવનાથી સફળતાપૂર્વક




સંભાળી એક પ્રશસ્ત પરંપરા ઊભી કરો એવી હાર્દિક શુભકામના.
મારું લાયક કામકાજ નિઃસંકોચ, હકપૂર્વક લખજો. અને હા, નવું સરનામું જરૂર, જલદી જણાવશો.
શુભકામના સહ,
ભવદીય,

ડૉ. સોમભાઈ સી. પટેલ
રામસલાની પોળ,
ચાચરિયા, પાટણ
384265 (ઉ.ગુ.)
पिन PIN




15
भारत
INDIA
पिन PIN
3 8 2 0 2 3



જિતેન્દ્ર કા. વ્યાસ
કંપાણી પાડો, ચાચરિયા,
પાટણ (ઉ.ગુ.) 384 266.

તા. ૨૦/૧/૯૨

માનનીય શ્રી. સોમભાઈ,


આનંદમાં હશો.

આપનો તા. ૧૬/૧/૯૨નો પત્ર મળ્યો. ભાષાવિજ્ઞાનના ખંડ ૨ અને ત્રણ સુંદર રીતે સમજાવી, સુવ્યવસ્થિત નોટ ઉતરાવીને તમે વિદ્યાર્થીઓને તાર્યા છે. તમારો આભાર - વિદ્યાર્થીઓ વતી અને મારા તરફથી.

તમે તમારા અધ્યાપનકાર્યનો આંકડાઓમાં રજૂ કર્યું તે ખૂબ સારું કર્યું. કેમકે આંકડાઓ (અને ઘણીવાર આકૃતિઓ) જ સચોટ ખ્યાલ આપી શકે છે.

તમે ૬ દિવસમાં ૨૯, લેક્ચર્સનું કામ કર્યું. ૨૯ લેક્ચર્સનું કામ એટલે એક આખી ટર્મનું કામ. ઘણીવાર આખી ટર્મમાં પણ ૨૯ લેક્ચર્સ લેવાતાં નથી. / કોર્સને આંકડાઓમાં મૂકીએ તો ત્રણ વિભાગમાંથી બે વિભાગ એટલે $\frac{2}{3}$ કોર્સ

• હજી તમને બોલાવવા માટેના અમારા પત્રનો યુનિ. એ. જવાબ આવ્યો નથી.
• પેપર-૬ નું આગાહી પત્ર મોકલી આપશો. • પ્રા. અમૃતાબહેનને મારી યાદ, અને દૃષ્ટિને વંદન.



અથવા ૬૬$\frac{2}{3}$% કોર્સ. તમને આ પત્ર લખતાં આંકડાની રીતે વિચારું છું ત્યારે લાગે છે કે જો આવું સતત, સરસ, નિષ્ઠાભર્યું અધ્યાપનકાર્ય ચાલે તો F.Y.થી M.A. સુધીનો અભ્યાસક્રમ ત્રણ વર્ષમાં જ પૂરો થાય. વિદ્યાર્થીઓનાં બે વર્ષ બચી જાય, એટલું જ નહિ વિદ્યાર્થી પાંચ વર્ષમાં બને છે તેના કરતાં વધુ સજ્જ બને. પરંતુ અપાર અને અનાવશ્યક રજાઓ, અને અકારણ હડતાલો, બધું પીંખી નાખે છે. શિક્ષણ હુમારી તંત્રમાં તરફડે છે.


આભાર.

— જિતેન્દ્ર કા. વ્યાસ



Dr. C. PATEL,
Principal
Uma Arts and Nathiba Commerce
Mahila College, Sector-23
GANDHINAGAR.

पिन PIN




શ્રી ભીખાભાઈ ડી. પરમાર
ઉ.બુ. વિદ્યાલય, ઝીલીયા
તા. ચાણસ્મા જિ. મહે.
તા. 26/7/92

આદરણીય સાહેબ

પ્રેમભર્યાં પ્રણામ.

આપનો પત્ર ગઈકાલે મળ્યો.

આપે અંતરના ઉમળકે આશીર્વાદ પાઠવ્યા છે. વાંચતાં જ ધન્યતાની લાગણી અનુભવું છું. આશીર્વાદને યોગ્ય બનવા પરમાત્માની કૃપા પ્રાપ્ત થાય માટે પ્રાર્થના કરું છું. આપની પાસે ભણવાનો મોકો પ્રાપ્ત થયો નહોતો, તે બદલે આજે આપ એક માર્ગદર્શકના રૂપમાં પ્રાપ્ત થયા છો એને માટે હું મારું સદ્‌ભાગ્ય સમજું છું.




કોલેજનો સમય સવારનો છે
કે કેમ ? જણાવશો.
2-216 પરિવાર નગર-312
લિ. આપનો
ભીખુભાઈના
પ્રણામ

पोस्ट कार्ड POST CARD

15 भारत INDIA

પ્રતિ આચાર્યશ્રી
ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ
મહિલા કૉલેજ
સેક્ટર-23, ઘ-5

पिन PIN
ગાંધીનગર




૫, રમણ-નગર, રેલ્વે ક્રોસીંગ પાસે,
મણિનગર, અમદાવાદ. ૮ મા. ૯૦/૨
ફોન: ૩૫૭૭૦૭

પ્રિય સોમાભાઈ,

તમારો તા. ૨૮/૨નો પત્ર ગઈ કાલે હાથમાં આવ્યો. ગઝલોને લીધે ટપાલનું ઠેકાણું નથી. ગદ્યપરાગ મારી નકલ અલગ-અલગ લોપકો પ્રેસમાં નિયમિત જતા નથી.

મારાં લખાણ તમારા સૌ વાચકને સંતોષ આપે છે તે મારું સદ્ભાગ્ય છે. મારો અભ્યાસ, મારી ફિલસૂફી અને જીવનદૃષ્ટિ મુજબ જ લખું છું. મારા વિચાર, અભિપ્રાય કોઈને ગમે કે ન ગમે તે જુદી વાત છે, પરંતુ અસંખ્ય વાચકને મારી નિષ્ઠામાં શ્રદ્ધા હોય એ જ મોટી વાત છે. મારું સરનામું ઉપર આપ્યું છે. પુસ્તક મોકલશો.

લિ.
વાસુદેવ મહેતા



ગાંધીનગર

15 भारत INDIA

ડૉ. ... પટેલ.
આચાર્યશ્રી: ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ.
ગાંધીનગર - સેક્ટર: ૨૩

पिन PIN


ડૉ. પ્રવીણ દરજી
ચેરમેન

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય,
પાટનગર યોજના ભવન,
ગુજરાત કૉલેજ પાછળ, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
✆ ૬૫૬૯૦૭૪


૨૪/૩

મિત્રશ્રી સોમભાઈ,
સપરિવાર કુશળ હશો.
તમારો ટૂંકો પણ માર્મિક પત્ર મળ્યો.
આભારી છું.
'શિક્ષણની આરે આરે' ને રસપૂર્વક અને ઉત્સુકતાથી
વાંચ્યું [illegible] છે. આપણા જેવા 'શિક્ષક' આજકાલ
[illegible] અંતર ઉભરાઈને જુએ છે – તે આજકાલ
[illegible] આપણા શિક્ષણ [illegible]
[illegible] માટે પણ
થઈ ગયું છે. ક્યાંય ક્યાંય આવા [illegible] માટે પણ
નફ્ફટ થઈ [illegible] દલીલો કરે છે પાછા!
ને [illegible] છે – વિચારની [illegible]
એક [illegible] છો. [illegible]
એક વાતાવરણ [illegible] પ્રભાવ [illegible].
શક્તિ ઉપર [illegible] મારો [illegible]
[illegible] આપણાં [illegible] આપણાં!
લઈ ગયા છીએ. [illegible]
ને [illegible] Papersetting માટે નહીં
આવ્યા? [illegible] પણ તમારા [illegible]
[illegible]! હું સોમ-મંગળ [illegible]
[illegible] ૧૧.૩૦થી [illegible].
[illegible], હવે ક્યારે મળશું છીએ?
તમારી [illegible] – ઘરનો ફોન નંબર? Contact
[illegible] તમારો [illegible]? [illegible]?
દર્શન.
લિ. તમારો
પ્રવીણ દરજી


'વાગીશા', ફુવારા પાસે, રાજમહેલ રોડ, લુણાવાડા-૩૮૯૨૩૦. ફોનઃ (૦૨૬૭૪) ૨૦૩૬૮



પ્રો. યશવન્ત વાઘેલા
સી/૮, સંસ્કૃત એપાર્ટમેન્ટસ,
જગદીશપાર્ક સો. વિભાગ-૩ની પાછળ,
બહેરામપુરા, અમદાવાદ-૩૮૦૦૨૨.
આદરણીય ડૉ. સોમભાઈ પટેલ સાહેબ,
આપનું પરિવાર, તથા મિત્રો.
સવિનય,
નૂતન વર્ષે આપને હાર્દિક શુભેચ્છા, શુભકામના.
આપનો સદ્ભાવપત્ર મળ્યો, જૂના સરનામેથી પરત થતા નવા સરનામે આપે પુનઃ મોકલ્યો, આપની પારિવારિક સદ્ભાવના ખરેખર અદ્ભુત છે. મીઠાં સ્મરણોને સહારે ગતિમાન છીએ. હમણાં મારાં કાવ્યોના ભારતીય જ્ઞાનપીઠ દિલ્હીમાં સાહિત્ય અકાદમી, દિલ્હીએ અંગ્રેજીમાં, બંગાળી, મરાઠી, ઉર્દૂમાં અનુદિત કર્યા છે. બે વિવેચન સંગ્રહો તૈયાર થયા છે. મૌલાના આઝાદના India Wins Freedom તથા કુરાને આઝાદનો ઉર્દૂમાંથી ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. સંશોધનલેખો લખ્યે જાઉં છું. કુશળ છું, સૌ કુશળ છીએ. સૌ સ્વજનોને હાર્દિક યાદ.
વેકેશનમાં પારણુ મુ.શ્રી. નવનીતભાઈ શાહને મળવા ગયેલો, હવે આરામમાં છે. સૌ કુશળ છે.



અમે આપને વારંવાર યાદ કરીએ છીએ.
અહીં કોલેજમાં શાંતિ છે. પ્રા. વાડીભાઈ પટેલ સાહેબના સાંનિધ્યમાં કુશળ છું, સુરક્ષિત છું.
મારા લાયક સેવા જણાવશોજી.
હમણાં ગુજરાત રાજ્ય અનુસૂચિત જાતિ/જનજાતિ અધ્યાપક મંડળનો પ્રમુખ છું, ૬૦૦ જેટલા અધ્યાપકો છે, 'શોધ' સામયિક ચાલુ કર્યું છે. પ્રા. વીણુભાઈ (ગુજરાતી વિભાગ) આપને ત્યાં કોપી મોકલી છે.
પુનઃ આપની સદ્ભાવના મને નમસ્કાર સહ આભાર સાથે વિરમું છું.
કુશળ હશો જ.
આભાર સહ
આપનો વિનમ્ર-વિદ્યાર્થી
યશવન્ત વાઘેલા
15
भारत INDIA
पोस्ट कार्ड POST CARD
ગાંધીનગર
આચાર્યશ્રી ડૉ. એસ.સી. પટેલ
ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ
મહિલા કોલેજ,
સેક્ટર - 23
पिन PIN




Former Principal and
Prof. of Sanskrit
Govt. Arts College, Gandhinagar

DR. GOVINDLAL S. SHAH
M.A. P..D.
7, Mukund, Manorama Complex
Nr. Himmatlal Park Bus Stop,
Ambawadi, Ahmedabad-380015

સ્નેહી આચાર્યશ્રી પટેલસાહેબ,

સપરિવાર કુશળ હશો. આપ 'ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ'ના આચાર્યપદેથી નિવૃત્ત થયા એમ જાણ્યું. શરીર સ્વસ્થ હોય છતાં વયને કારણે નિવૃત્તિ, નિયમાનુસાર હોઈ સ્વીકાર કરવો પડતો જ હોય છે.

આત્મભાવે હું આપને નિવૃત્તિ-શુભેચ્છા પાઠવું છું, નિરામય દીર્ઘઆયુષ્ય માટે પ્રભુને




પ્રાર્થું છું.

ગાંધીનગરની એ મહિલા કોલેજને તેજસ્વી વિદ્યાર્થિનીઓ આપી, શિસ્તબદ્ધ સંસ્થા તરીકે, અનેક વર્ષોમાં નેતૃત્વ પૂરું પાડીને આપે સુપ્રતિષ્ઠિત કરી છે એમાં શંકા નથી.

હવે આરામનો સમય મળ્યો તેમાં આપે વિચારેલું લેખ સંદર્ભે તૈયાર કરેલું પાઠ્યરૂપે પુસ્તકોના રૂપે સમાજને આપશો! તેમાંથી આપનું સ્વાસ્થ્ય અને પ્રવૃત્તિની ઉન્નતિ થતી રહે તેવી શુભેચ્છા.



To
પ્રિ. ડૉ. સોમાભાઈ પટેલ સાહેબ
૮, ગણેશ રેસિડેન્સ
આરાધના ... સ્કૂલની પાછળ
સેક્ટર-૨૮
पिन PIN 382028
ગાંધીનગર


નૂતન વર્ષાભિનંદન

ધર્મપ્રેમી ભાઇશ્રી - બેનશ્રી ૯।૧૧।૯૯

નૂતન વર્ષના પ્રારંભમાં હું તમને મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

મનથી તમે સ્વસ્થ બનો, શાંત બનો, સમતોલ બનો એ ઇચ્છું છું.


કેવી રીતે બનશો? નિષ્કામકર્મથી, નિષ્કામભાવે, નિઃસ્વાર્થભાવે સેવા કરવાનો સંકલ્પ કરીએ, પછી પરમકૃપાળુ પરમાત્મા જ તમામ પ્રકારની સુવિધાઓ કરી આપે છે.

પરમાત્મા જ જરૂર કરતાં પણ વધારે સહાય મોકલી આપે છે

યોગક્ષેમ વહામિ અહમ

એજ અભ્યર્થના.

મુનિશ્રી ભાનુવિજયજીના ધર્મલાભ



સ્થાપના : ૧૯૬૮ સ્થાપના : ૧૯૬૬

સર્વમંગલમ્ પરિવાર આશ્રમ

બટુક ભૈરવની વાડી, વેરાઇ ચકલા,
પાટણ. (ઉ. ગુ.) - ૩૮૪ ૨૬૫. જિ. પાટણ
☎ ૨૦૨૩૭


સર્વમંગલમ્ આશ્રમ


સાગોડિયા. તા. પાટણ પીન. - ૩૮૪ ૨૬૫.
જિ. પાટણ. ☎ ૨૨૫૯૫

પોસ્ટ કાર્ડ

પ્રતિશ્રી

પીન.




સોમનાથ
ગોવિંદ ચકલા:
સ્ટેશન રોડ:
વિસનગર

લોકમિલાપ ટ્રસ્ટ, પો.બો. ૨૩, ભાવનગર 364001
નારાયણ મોરેક જયંતી 2000-04-19

પ્રિય ભાઈશ્રી/બહેનશ્રી,

આ વરસે 26મી જાન્યુઆરીએ લોકમિલાપને 50 વરસ પૂરાં થયાં, તે નિમિત્તે 'મિલાપ'ની 29 વરસની ફાઈલોનું પુનરાવલોકન હું કરું છું. વચમાં કટોકટીને કારણે 'મિલાપ' નવ માસ સુધી બંધ રહેલું, એટલે તેના 339 અંક બહાર પડેલા. દરેક અંકનાં સરેરાશ 50 પાનાં ગણતાં કુલ 1700 ~~લેખનાં~~ (એટલે કે પુસ્તક-કદનાં આશરે 4,000) પાનાં જેટલું વાચન આ ફાઈલોમાં સંઘરાયેલું હતું. તેમાંનાં ઘણાં લખાણો આ પચાસ વરસ દરમ્યાન કાલગ્રસ્ત થયાં હતાં. પરંતુ થોડાંક અવશ્ય એવાં હતાં કે જે વાંચવામાં આજે અને આવતાં પચીસેક વરસ સુધી પણ રસ પડે. એવાં લખાણો સમયના પ્રવાહમાં તણાઈ જાય તે પહેલાં એમને પુસ્તકરૂપે સંઘરી લઈ શકાય, તો નવી પેઢીને પણ તેનો લાભ મળે. આવા હેતુથી 'મિલાપ'ના છેલ્લા, 1978ના, વરસના બાર અંકનું પાનેપાનું હું ઉથલાવી ગયો, તો તેમાંથી લગભગ છઠ્ઠા ભાગનાં લખાણો તારવી લેવા જેવાં મને લાગ્યાં છે. તેને બને તેટલાં વિશેષ ટૂંકાવીને મેં ઉતારી લીધાં છે, અને તેમાંથી 200 પાનાંનો સંચય થઈ શકે તેવું લાગે છે. તેમાં પચાસેક લેખકો-અનુવાદકોના લેખ છે અને 28 કવિઓનાં 38 કાવ્યોના અંશો છે. 'મિલાપ'માં દર મહિને 'નવાં પુસ્તકો' વિભાગમાં નવાં ગુજરાતી પ્રકાશનો ને પુનર્મુદ્રણોનો પરિચય આપવામાં આવતો, તેમાંથી આજના વાચકોને પણ રસ પડે તેવાં 75 જેટલાંનો [illegible] પરિચય પણ ઉતારી લીધો છે.

'મિલાપ'ના ઘણાખરા અંકોમાં વાચકો તરફથી આવેલા પત્રોના અંશો પ્રગટ થતા. 'મિલાપ'માં પોતાને જે ગમે છે


(૨)

જણાવતા અને 'મિલાપ' વધુ સમૃદ્ધ બને તે માટે સૂચનો કરતા એવું મૂલ્ય ધરાવતું હતું. 1978ના અંકોમાંથી વીણેલા 75 જેટલા વાચક-પત્રકોના અંશો પણ આ સંકલનમાં શામેલ કરેલા છે. એવા વાચકો પૈકી કેટલાક હવે આપણી વચ્ચે નહીં રહ્યા હોય. બીજા કેટલાકનાં સરનામાં અમારી પાસે નહીં રહ્યાં હોય. પણ જે પચાસેક પત્રલેખકોનાં સરનામાં વિશે અમને ખાતરી છે તેમને, લોકમિલાપને 50 વરસ પૂરાં થયાં તેની નાનકડી યાદગીરી ~~[illegible]~~ રૂપે થોડાં પુસ્તકો ભેટ મોકલીએ છીએ. ⊗

પુસ્તકોના પ્રકાશનની અને પ્રસારની જુદી જુદી યોજનાઓ લોકમિલાપ ટ્રસ્ટને સૂઝતી ગઈ તેમ તેમ 'મિલાપ'ના વાચકો સમક્ષ એ રજૂ થતી ગઈ. તેમાં એ ~~[illegible]~~ સતત રસ લેતા રહ્યા, તેને બિરદાવતા રહ્યા, તેને ટેકો આપતા રહ્યા. એ યોજનાઓ પાર પડી તેનો યશ એ વિચારશીલ અને ક્રિયાશીલ વાચકોને જાય છે. 'મિલાપ'ના ગ્રાહકોની સંખ્યા થોડી હતી, પણ એમાંના ઘણા માત્ર ગ્રાહકો મટીને લોક-મિલાપ-પરિવારના સક્રિય સાથીઓ બની ગયા હતા. આવા વાચકો 'મિલાપ'ને સાંપડ્યા, તે એનું મોટું સદ્ભાગ્ય હતું. આપને જન્મ ફરી કોઈ 'મિલાપ' સામયિકનું આવે, તો એવું સદ્ભાગ્ય ફરી મળજો, એવી મારી પ્રાર્થના છે.

મહેન્દ્ર મેઘાણી

⊗ પુસ્તકો કદાચ ગેરવલ્લે જાય નહીં એટલા માટે અત્યારે આ પરિપત્ર જ મોકલીને વિનંતી કરીએ છીએ કે આપનું આ સરનામું બરાબર છે કે કેમ તે જણાવશો? તે પછી તરત પુસ્તક-ભેટ રવાના કરશું.




વડનગર
તા. ૭/૮/'૭૪

પ્રિય શ્રી સોમભાઈ,

પત્ર મળ્યો. પત્ર લખવાની તો મારી પણ ઈચ્છા હતી પણ તમારું પાકું સરનામું મારી પાસે ન હતું. મુકુન્દ ઉપર તમારા પત્રના સમાચાર મળ્યા હતા, વિચાર હતો ત્યાંથી સરનામું મેળવીશ. હમેશાં મારા અનુભવમાં એવું બન્યું છે કે જ્યારે કોઈ મિત્રના પત્રની અતિતીવ્રતાથી હું રાહ જોઉં છું ત્યારે ઠંડુગાર તે મિત્રનો પત્ર આવવા સમાચાર પણ મળે છે તમારા પત્ર માટે પણ લખવાનું એવું જ બન્યું છે.


વડનગરમાં તમારો સહવાસ ખૂબ યાદ આવે છે વિશેષ કરીને અત્યારની પરિસ્થિતિમાં. નિરુભાઈ, બાબુભાઈ અને છેવટે તમારા ગયા પછી હું કોઈ એવો સહવાસી પામી શક્યો નથી કે જે તમને અથવા તમારા સહવાસને ભૂલવી શકે. બાકી તો સર્વે આનંદમાં છે. મિત્ર મંડળ ક્ષેમ છે. વાતાવરણ સરસ છે.



શાખા ચાલે છે. ઈશ્વરનવિન ના ગયા પછી મારે ઠીક ધ્યાનમાં રાખવું પડે છે. રમેશ શાખાનું કામ સાવધાની પૂર્વક સંભાળે છે. બધાની ઈચ્છા છે કે થોડા દિવસમાં એક ટ્રીપ યોજીએ જેમાં તમારી ઉપસ્થિતિની અપેક્ષા રખાય છે. ક્યારે બની શકશે! લખશો. ગુરુપૂર્ણિમાનો અને દક્ષિણાનો કાર્યક્રમ પતી ગયો છે. તમારી નવિન પ્રવૃત્તિ કઈ દિશા તરફ છે? વિદ્યાર્થીઓના ઘડતર અંગેની તમારી રીત ચાલુ જ છે તે આનંદની વાત છે.




પ્રો. સોમભાઈ સી. પટેલ,
ગુજરાતી વિભાગ,
આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ,
પાટણ
જિ. મહેસાણા ઉ. ગુજરાત



લસુંદ્રા
૩।૮।૬૫

પૂજ્યશ્રી સોમાભાઈ


આપનો સૌજન્ય શીલ પત્ર મળ્યો.
આપની જોર બુક મારા પાસે નથી.
હજુ વધુ તપાસ વડનગર વાળાને
કરીશ. મને ખાત્રી છે મેં તે પરત
કરેલી. હું ઇચ્છું છું દિવાળી વેકેશન
માં આપણે આબુની પણ યાત્રા
પ્રવાસ કરીએ. હવે કામ ઠીક
પ્રગતિ કરતી જાય છે. મારી જીવન
નૈયા પાર કરે એમાં આપ જેવ



શાખા ચાલે છે. ઈશ્વર નવિન ના
જન્મ પછી મારે હોદ્દો ઉમાલનમાં રાજીનામું
રાખવું પડે છે. રમેશ શબ્દાનું કામ
સાવધાની પૂર્વક સંભાળે છે. ઘણી
ઈચ્છા છે કે થોડા દિવસ માં એક
શિબિર યોજીએ જેમાં તમારી ઉપસ્થિતિ
ની અપેક્ષા રખાય છે. ક્યારે આવી
શકશો ! જણાવશો. ગુરુપૂર્ણિમા તો અને
દશેરાનો આનંદ તો કાંઈ એમ પતી ગયો છે.
તમારી નવીન પ્રવૃત્તિ કઈ દિશા તરફ
છે? વિદ્યાર્થીઓના ઘડતર અંગેની તમારી
રીત ચાલુ જ છે તે આનંદની વાત છે.
સારું કંઈ મનમાં છે. વિસનગર આવો ત્યારે
આ તરફ આવજો. મિત્રોને પ્રણામ.
— [illegible]



પ્રો. સોમાભાઈ સી. પટેલ,
ગુજરાતી વિભાગ,
આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ,
પાટણ
જિ. મહેસાણા ઉ. ગુજરાત



શ્રી કીર્તિભાઈને મારા યાદ આપશો

A/14, L.D. College of Engg. Hostel
Navrangpura, Ahmedabad-9
Dt. 28/10/67

પરમ પૂજ્ય સોમભાઈ,

વિ.માં આપની સુરતની યાદ મને પત્ર લખવા પ્રેરી રહી છે. વડનગરમાં આપની સાથે ગાળેલા દિવસો સ્વર્ગની યાદ આપે છે, જેથી પૃથ્વીલોક સમું છું અને અહીં અમદાવાદ નરકલોકમાં આવી ન વસ્યા હોય તેમ લાગે છે.

વિ. માં મને અહીં એન્જીનીયરીંગમાં બી.ઇ. સેકન્ડ (ઇલેક્ટ્રિકલ)માં એડમિશન મળ્યું છે. હું અને ઇશ્વરભાઈ ભાવસાર એક જ હોસ્ટેલમાં રહીએ છીએ.

તમને પ.પૂ. ગુરુજીના કાર્યક્રમનો લાભ મળ્યો હશે. અહીં તેમના કાર્યક્રમ સંબંધી પૂર્વતૈયારીઓ ચાલી રહી છે. પૂ. ચંદ્રકાન્તભાઈ કોઈ કોઈ વખત મળે છે.

લી. મુકુંદના પ્રણામ



લખેલું જાણશો અને યોજના
આગળ ધપાવવા પ્રેરણા આપશો
એજ મૈત્રી ભાવના સાથે
વિરમું છું.
લી. આપનો આશ્રિત
સોમભાઈના જય હિંદ



પાટણ

પ્રો. શ્રી સોમાભાઈ સી. પટેલ (વીસનગરવાળા)
પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ
પાટણ
તા. પાટણ. જી. મહેસાણા

તા. ૧૩-૧-૬૫.
[illegible]

શ્રી સોમ,

ઘણા દિવસથી પત્ર લખવાની ઇચ્છા હતી પણ
પત્ર લખી શક્યો નથી. [illegible] કારણ [illegible] એટલું જ હતું કે
[illegible] । અને [illegible] પત્ર લખવા
પ્રેરી રહી છે.

આપણા સંબંધોને [illegible] કારણો [illegible]
પત્ર ન લખાય કે પ્રત્યક્ષ દર્શન ન થાય તોપણ તે નિત્ય-
નવીન રહે છે. મનુષ્યજીવનમાં ઘણું મહત્ત્વ છે અને પ્રત્યેક
વ્યક્તિ પોતાના [illegible] વ્યક્તિને [illegible] તેને
અનુસરે છે. મારી જીવનયાત્રામાં આવા સંપર્કમાં આવેલ વ્યક્તિઓનાં
[illegible] છે. આવા બે મિત્રો આપ શ્રી [illegible]

જે [illegible] તેના -
પ્રત્યક્ષ [illegible] હું
[illegible]
[illegible] યાત્રા [illegible]
[illegible] રહ્યા છો. આપના [illegible]
માં [illegible] છે અને [illegible] ગુજરાતી
સાહિત્યને આપના પ્રતિભાયુક્ત [illegible]
[illegible] છે.

આવા [illegible] સમાચારોને [illegible]
[illegible] ત્યારે હું
[illegible] પરીક્ષાની તૈયારી કરી રહ્યો
છું. આપના [illegible] મારા [illegible]
[illegible].

લિ. [illegible]
[illegible]




[illegible]
[illegible]
પટેલ સોમાભાઈ [illegible]
ગુજરાતી)
ગુજરાતી [illegible].
[illegible]. જિ. મહેસાણા.



વિસનગરની એમ. એન. કૉલેજમાં અભ્યાસકાળ દરમિયાન
શ્રી કે. કા. શાસ્ત્રી, પ્રિ. જિતેન્દ્ર દવે ઈ. સાથે





પાટણની કોટાવાળા આર્ટ્સ કૉલેજમાં પીએચ.ડી. સન્માન



વિસનગરની એમ. એન. કૉલેજમાં અભ્યાસકાળ દરમિયાન ''સાહિત્ય મંડળ''ના
મંત્રી તરીકે. સાથે છે પ્રિ. કે. બી. વ્યાસ, ડૉ. મહેન્દ્ર અ. દવે,
પ્રો. નારાયણ કંસારા, સહપાઠી મિત્ર શ્રી જયંત મોદી વગેરે...



મહેમદાવાદમાં યોજાયેલ 'યુવક નેતા તાલીમ શિબિર'માં
કુલપતિ શ્રી ઈશ્વરભાઈ પટેલ તથા ઉપકુલપતિ શ્રી દાઉદભાઈ ઘાંચી ઈ. સાથે



શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગુરુવંદના - સન્માન




શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અપાયેલ ગુરુવંદના માનપત્ર



'કર્મચૂડામણિ માણેકલાલ' ગ્રંથ વિમોચન પ્રસંગે સભાસંચાલન



વર્ગ વ્યાખ્યાન - પ્રિય પ્રવૃત્તિ




ઉમા... કૉલેજના વહીવટી કામકાજમાં રસપૂર્વક વ્યસ્ત



સરકારી આર્ટ્સ કૉલેજ, ગાંધીનગરમાં ઍન.સી.સી. ડે. માં સ્વાગત



... કાર્યક્રમ પ્રસંગે સભાસંચાલન



મમતા આઈ.એ.એસ. ટ્રેઈનિંગ સૅન્ટરમાં નવા વિદ્યાર્થીઓનું કાઉન્સેલીંગ



જી.પી.એસ.સી. ના મૉક ઈન્ટરવ્યૂમાં



નિવૃત્તિ સન્માન ... સંસ્થાના ચૅરમૅન શ્રી માણેકલાલ પટેલના હસ્તે




નિવૃત્તિ પ્રસંગે વિદ્યાર્થિનીઓ દ્વારા સન્માન



ઉમા... કૉલેજના એક કાર્યક્રમમાં



ગુજરાત પોલીસ દ્વારા હથિયાર નિદર્શન પ્રસંગે



સી. એમ. પટેલ નર્સિંગ કૉલેજના દાતા શ્રી મફતલાલ પટેલ સાથે



ગાંધીનગરમાં 'ગાંધીકથા' પ્રસંગે શ્રી નારાયણ દેસાઈ,
શ્રી માણેકલાલ પટેલ તથા શ્રી કૃષ્ણકાંત જ્હા સાથે



સ્વામીશ્રી સચ્ચિદાનંદજીના હસ્તે સ્વાગત - સન્માન.
સાથે છે શ્રી શંકરલાલ ગુરુ



હરદ્વારમાં ગંગા નદી કિનારે સાંધ્ય આરતી સમયે



ચારધામ યાત્રાએથી પરત... આરામની મુદ્રામાં




પ્રદર્શનનું ઉદ્‌ઘાટન અને નિરીક્ષણ



શ્રી નરેન્દ્રભાઈ મોદીને નૂતન વર્ષાભિનંદન



થાઈલેન્ડ, મલેશિયા અને સિંગાપોરનો પ્રવાસ. તા.૨૧ મે થી ૬ જૂન ૨૦૧૧ સુધી

વિદેશ પ્રવાસની સ્મૃતિઓ...



શ્રી નરેન્દ્રભાઈ મોદીને નૂતન વર્ષાભિનંદન પૌત્ર નિસર્ગ સાથે



શ્રી નરેન્દ્રભાઈ મોદીને નૂતન વર્ષાભિનંદન પૌત્રી સૃષ્ટિ સાથે



શ્રી નરેન્દ્રભાઈ મોદીને નૂતન વર્ષાભિનંદન પરિવાર સાથે



ઉમા... કૉલેજમાં 'યુનિ. વ્યાખ્યાન' પ્રસંગે ડૉ. રઘુવીર ચૌધરીનું સ્વાગત-સન્માન



તત્કાલીન શિક્ષણ મંત્રી ડૉ. કરસનદાસ સોનેરી ઉમા... કૉલેજની મુલાકાતે



ગાંધીનગરના 'મેયર' ગણાતા શ્રી અરુણભાઈ બૂચ તથા
રાજકીય નેતા શ્રી વાડીભાઈ પટેલ સાથે



મમતા આઈ.એ.ઍસ. ટ્રેઈનિંગ સૅન્ટરમાં
ભૂ.પૂ. વિદ્યાર્થિની ભૂમિકા પટેલ (આઈ.એ.ઍસ.)નું
સ્વાગત-સન્માન. સાથે છે પ્રિ. કૌશલ્યાબૅન તથા ડૉ. વીણાબૅન



ઉમા... કૉલેજમાંથી નિવૃત્તિ પ્રસંગે ડૉ. હિનાબૅનની શુભેચ્છાઓ.
સાથે છે પ્રો. ભીખુભાઈ તથા અનુગામી પ્રિન્સિપાલ શ્રી નટુભાઈ પટેલ




ઉમા... કૉલેજમાંથી નિવૃત્તિ પ્રસંગે પ્રો. ભીખુભાઈની શુભેચ્છાઓ.
સાથે છે ડૉ. હિનાબૅન તથા અનુગામી પ્રિન્સિપાલ શ્રી નટુભાઈ પટેલ



પાટણની કોટાવાળા આર્ટ્સ કૉલેજમાં વિદ્યાર્થી સમુદાય
તથા પ્રિ. કાનજીભાઈ પટેલની સાથે



મમતા આઈ.એ.એસ. ટ્રેઈનિંગ સૅન્ટરમાં ડાયરૅક્ટર પદે કાર્યરત.


ડૉ. સોમાભાઈ સી. પટેલ
પરિવાર
માતુશ્રી
સૂરજબા
પિતાજી
છગનદાસ

## કારકિર્દી પરિચય

# ડૉ. સોમભાઈ સી. પટેલ



**જન્મતારીખ** : ૨૩-૭-૧૯૩૮
**ડીગ્રી** : એમ. એ., પીએચ.ડી.
**વિષય** : ગુજરાતી
**વતન** : વિસનગર (જિ. મહેસાણા)
**સરનામું** : ૨૮૪/૮, ગણેશ ફલૅટ, આરાધના સ્કૂલ પાસે, સૅક્ટર-૨૮
ગાંધીનગર. (રહે.) ૦૭૯-૨૩૨૧૦૩૪૭ (મો.) ૯૪૨૭૩૩૧૦૧૨

**કારકિર્દી :**

૧. શિક્ષક તરીકે દોઢ વર્ષ કાર્ય કર્યું : ઈ.સ. ૧૯૬૧-૬૨
શ્રી બી. ઍન. હાઈસ્કૂલ, વડનગર, તા. વડનગર, જિ. મહેસાણા

૨. શિક્ષક તરીકે ૧ વર્ષ કાર્ય કર્યું : ઈ.સ. ૧૯૬૩ નૂતન સર્વ વિદ્યાલય, વિસનગર

૩. પ્રૉફેસર તરીકે ૨૭ વર્ષ કાર્ય કર્યું.
ઈ.સ. ૧૯૬૪ થી ૧૯૯૧ કોટાવાળા આર્ટ્સ કૉલેજ, પાટણ

૪. પ્રિન્સિપાલ તરીકે સાડા સાત વર્ષ કાર્ય કર્યું : ઈ.સ. ૧૯૯૧ થી ૧૯૯૮
ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર

૫. હાલ કેમ્પસ ડાયરેક્ટર, ઈ.સ. ૧૯૯૮ થી ..... સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી), ગાંધીનગર શાખા.

◆ વિસનગરમાં ઈ.સ. ૧૯૪૮માં આર.ઍસ.ઍસ.ની શાખામાં સ્વયંસેવક તરીકે જોડાઈ, ૧૯૫૫થી મુખ્યશિક્ષક તરીકે કાર્ય કરી, ૧૯૬૧માં વડનગરમાં આર.ઍસ.એસ.ની શાખા શરૂ કરી... પાટણમાં 'અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ'નું ને ગાંધીનગરમાં 'ભારતીય શિક્ષણ મંડળ'નું કાર્ય કર્યું.

**પુસ્તકો :**

૧. મધ્યકાલીન ગુજરાતી કવિતામાં પ્રેમલક્ષણા ભક્તિ (સંશોધન ગ્રંથ) ઈ.સ.૧૯૭૬
૨. થોડાં આંસુ, થોડાં ફૂલ : જયશંકર 'સુંદરી' ની આત્મકથાનું સંકલન ઈ.સ. ૧૯૮૭
૩. શિક્ષણસુધા (શિક્ષણના પ્રયોગો અને અનુભવો)
૪. ક્યાં છે નાગરિક ? અપ્રગટ
૫. રહસ્ય તર્ક : આધ્યાત્મિક રહસ્યોના તાર્કિક ખુલાસા. અપ્રગટ
૬. સંસ્મરણો (બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા, યુવાવસ્થા સુધીનાં સંસ્મરણો) અપ્રગટ



## આ પુસ્તક વિશે...

એક શિક્ષક ધારે તો કેટલું - કેવું ઉત્તમકાર્ય કરી શકે તેનું ઉજળું ઉદાહરણ એટલે **'સૌમ્ય પ્રતિભા : ડૉ. સોમભાઈ સી. પટેલનું વ્યક્તિત્વ દર્શન'** આ ગ્રંથમાં તેઓશ્રીના હાથે ઘડાયેલા વિદ્યાર્થીઓના તથા તેમના સહકાર્યકરોના લેખો છે. તેમાંથી પસાર થતાં સ્નેહ, લાગણી, સરળતા, સ્વચ્છતા, શિસ્ત, સંસ્કાર, સેવા, સજ્જતા, સામર્થ્ય, સંપર્ક, સૌજન્ય, સંપ, સહિષ્ણુતા, વત્સલતા, માનવીય સંસ્પર્શ  જેવા તેમના ગુણોનો આપણને સ્પર્શ થાય છે. અને તેનું કલ્યાણકારી પરિણામ પણ જોવા મળે છે. અહીં નાનકડી વિદ્યાર્થિની 'તોત્તોચાન' અને તેના આચાર્ય કોબાયાશીનું પણ સ્મરણ થાય છે. 'શિક્ષક કભી સાધારણ નહીં હોતા' એ ચાણક્ય વિધાન આ પુસ્તક વાંચતાં સાચું પડતું જણાય છે.

**– ડૉ. મહેન્દ્ર કે. નાયી**